ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર ‘ગુજરાત ટુડે’ દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં ‘ગુજરાત ટુડે’ દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૮૪ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### દસ રાજ્યોમાં અનેક ચાવીરૂપ બેઠકો પર ખરાખરીનો ખેલ

# આજે લોકસભાની ચોથા તબક્કાની ચૂંટણી માટે મતદાન

## ચોથા તબક્કામાં ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ બેઠકો પર કુલ ૧,૭૧૭ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે

(એજન્સી) તા.૧૨

૧૯ અને ૨૬ એપ્રિલ અને ૭ મેના રોજ મતદાનના ત્રણ તબક્કામાં ભારતના ૫૪૩ લોકસભા મતવિસ્તારોમાંથી ૨૮૪નું ભાવિ નક્કી થઈ ચૂક્યું છે. આવતીકાલે ૧૩ મેના અંત સુધીમાં ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અન્ય ૯૬ બેઠકો પર મતદાન પૂર્ણ થઈ જશે, જ્યાં ૧૭૧૭ ઉમેદવારો તેમનું નસીબ અજમાવી રહ્યા છે. ૧૯ લાખથી વધુ મતદાન અધિકારીઓ ૧.૯૨ લાખ મતદાન મથકો પર ૧૭.૭ કરોડથી વધુ મતદારોને સેવા આપશે.

૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં આ ૯૬ બેઠકોમાંથી ભાજપે ૪૧ બેઠકો જીતી હતી. ચોથા તબક્કાનો પ્રચાર શનિવારે સમાપ્ત થયો હતો. આવતીકાલે આ મતદાન આંધ્રપ્રદેશ (૨૫ બેઠકો), બિહાર (૫), જમ્મુ અને કાશ્મીર (૧), ઝારખંડ (૪), મધ્યપ્રદેશ (૮), મહારાષ્ટ્ર (૧૧), ઓડિશા (૪), તેલંગાણા (૧૭), ઉત્તરપ્રદેશ (૧૩) અને પશ્ચિમ બંગાળ (૮) પર છે. આંધ્રપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજાશે. મધ્યપ્રદેશમાં રાજ્યની ૨૯ લોકસભા બેઠકોમાંથી છેલ્લી આઠ પર આવતીકાલે ચૂંટણી થવા જઈ રહી છે. આંધ્રપ્રદેશની તમામ ૨૫ અને તેલંગાણાની ૧૭ બેઠકો પર એક જ તબક્કામાં મતદાન પૂર્ણ થશે. ચાર તબક્કાના અંત સુધીમાં ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાન પૂર્ણ થઈ ગયું હશે. ભારતના ચૂંટણી પંચ (ECI)ના ડેટા



મુજબ તે તબક્કાઓમાં અનુક્રમે ૬૬.૧, ૬૬.૭ અને ૬૫.૬૮ ટકા મતદાન થયું હતું.

આદર્શ આચારસંહિતા (MCC) લાગુ થયા પછી આ ચૂંટણીમાં શાસક ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંપ્રદાયિક ભાષણો અને વિભાજનકારી રાજકારણ પર વધુને વધુ ધ્યાન આપી રહ્યા છે. મુખ્ય વિરોધ પક્ષ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, તેની પાંચ મુખ્ય ગેરંટી અને બંધારણ બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ચોથા તબક્કામાં એક પીઢ અભિનેતા, એક ક્રિકેટર, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને રાજ્યભરમાં ચૂંટણી લડતા બે પક્ષોના વડાઓ વચ્ચે મુકાબલો છે. આ તબક્કા માટે તેલંગાણામાં ૧૭ સંસદીય મતવિસ્તારોમાંથી મહત્તમ ૧૪૮૮ નોમિનેશન હતા, ત્યારબાદ આંધ્રપ્રદેશમાં ૨૫ માટે ૧૧૦૩ નોમિનેશન હતા.

સમાજવાદી પાર્ટી (SP)ના પ્રમુખ અખિલેશ યાદવ ઉત્તરપ્રદેશના કન્નૌજથી ચૂંટણી લડી રહ્યા છે. ચાર વખત સાંસદ રહી ચૂકેલા અખિલેશ હાલમાં કરહાલ વિધાનસભા ક્ષેત્રમાંથી ધારાસભ્ય છે, આ વખતે તેઓ ભાજપના સુબ્રત પાઠક સામે લડી રહ્યા છે.

યુપીના ઉન્નાવમાં બીજેપી સાંસદ સાક્ષી મહારાજ સપાના અન્નુ ટંડન સામે છે. લખીમપુર ખીરીમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા ‘ટેની’ સપાના ઉત્કર્ષ વર્મા સામે ફરીથી ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે બહુજન સમાજ પાર્ટી (BSP)એ અંશય કાલરાને મેદાનમાં ઉતાર્યા છે. ટેનીના પુત્ર આશિષ મિશ્રા ઉર્ફે મોનુએ કથિત રૂપે ૨૦૨૧માં કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા પત્રકાર અને ખેડૂતો પર તેની કાર ચલાવી દીધી હતી, જેના પરિણામે પાંચ લોકોના મૃત્યુ થયા હતા, આશિષ હાલ જામીન પર બહાર છે. બિહારમાં જનતા દળ (યુનાઈટેડ)ના રાજીવ રંજન ઉર્ફે લાલનસિંહ મુંગેરમાં રાષ્ટ્રીય જનતા દળની કુમારી અનીતા સામે છે. કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહ બિહારના બેગુસરાયથી બછવારા વિધાનસભા ક્ષેત્રમાંથી ત્રણ વખતના પૂર્વ સીપીઆઈ (ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી)ના ધારાસભ્ય અવધેશકુમાર રાય સામે ચૂંટણી લડશે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા અધીરરંજન ચૌધરી પશ્ચિમ બંગાળના બહરમપુરમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ઉમેદવાર અને પૂર્વ રાષ્ટ્રીય ક્રિકેટર યુસુફ પઠાણ સામે લડશે, જે ચૌધરીની જાગીર તરીકે ઓળખાય છે.

TMC નેતા મહુઆ મોઈત્રા બંગાળના કૃષ્ણનગરમાંથી ભાજપની અમૃતા રોય સામે ચૂંટણી લડશે, ટીએમસીના ઉમેદવાર અને અભિનેતા-રાજકારણી શત્રુઘ્ન સિંહા પશ્ચિમ બંગાળના આસનસોલથી ભાજપના પૂર્વ કેન્દ્રીય પ્રધાન એસએસ અહલુવાલિયા સામે ચૂંટણી લડશે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં, બાબુલ સુપ્રિયોએ ૧ લાખથી વધુ મતોથી આ બેઠક જીતી હતી, પરંતુ ૨૦૨૧માં તેઓ ટીએમસીમાં જોડાયા હતા. બંગાળમાં ટીએમસીના પૂર્વ ક્રિકેટર કીર્તિ આઝાદ દુર્ગાપુરમાં પશ્ચિમ બંગાળ ભાજપના પૂર્વ અધ્યક્ષ દિલીપ ઘોષ સામે ટકરાશે. બિહારના પૂર્વ મુખ્યપ્રધાન ભગવત ઝા આઝાદના પુત્ર, કીર્તિ ૨૦૧૪માં બિહારના દરભંગાથી ભાજપના સાંસદ હતા, ત્યારબાદ ટીએમસીમાં જતા પહેલા કોંગ્રેસમાં જોડાયા હતા. તેલંગાણામાં ડાન્સરમાંથી રાજકારણી બનેલા માધવી લથા હૈદરાબાદમાં AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી સાથે ટકરાશે. સિકંદરાબાદમાં ભાજપના વર્તમાન સાંસદ જી. કિશન રેડ્ડી કોંગ્રેસના દાનમ નાગેન્દ્ર અને ભારત રાષ્ટ્ર સમિતિના ટી. પદ્મ રાવ ગૌડ સામે લડી રહ્યા છે. પૂર્વ તેલંગાણા ભાજપના રાજ્ય પ્રમુખ અને વર્તમાન સાંસદ બંડી સંજયકુમાર ફરી કરીમનગરમાં BRSના બી. વિનોદકુમાર અને કોંગ્રેસના વેલીચલા રાજેન્દ્ર રાવ સામે ચૂંટણી લડી રહ્યા છે. આ કોંગ્રેસની પરંપરાગત બેઠક રહી છે, ૨૦૧૯માં ભાજપે BRS ઉમેદવારને ૯૦,૦૦૦થી વધુ મતોથી હરાવીને આ બેઠક જીતી હતી. આંધ્રપ્રદેશમાં YSR કોંગ્રેસ પાર્ટી (YSRCP)ના પ્રમુખ અને સીએમ જગન મોહન રેડ્ડી (પુલિવેન્દુલા), TDP સુપ્રીમો એન. ચંદ્રબાબુ નાયડુ (કુપ્પમ) અને જનસેનાના વડા અને અભિનેતા પવન કલ્યાણ (પીઠાપુરમ) વિધાનસભા ચૂંટણીની રેસમાં છે. જ્યારે જગનની બહેન અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ વાય.એસ. શર્મિલા કડપા લોકસભા સીટ માટે તેના પિતરાઈ ભાઈ અને વર્તમાન YSRCP સાંસદ વાય.એસ. અવિનાશ રેડ્ડી સામે મેદાનમાં છે.

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં નેશનલ કોન્ફરન્સે આગા સૈયદ રૂહુલ્લાહ મેહદીને મેદાનમાં ઉતાર્યા છે, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર વાહીદ પારા છે અને જમ્મુ અને કાશ્મીર અપની પાર્ટીના મોહમ્મદ અશરફ મીર નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના ઉમેદવાર તરીકે મેદાનમાં છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બમ રેસમાંથી ખસી ગયા અને બાદમાં ભાજપમાં જોડાઈ ગયા છે. કોંગ્રેસ અન્ય ઉમેદવારને ઊભા કરી શકી ન હોવાથી પક્ષ મતદારોને NOTA (ઉપરોક્તમાંથી કોઈ નહીં) પસંદ કરવા માટે કહી રહ્યો છે. ભાજપના ઉમેદવાર અને વર્તમાન સાંસદ શંકર લાલવાણી ઉપરાંત ૧૩ અન્ય ઉમેદવારો મેદાનમાં છે.

# ૫૬ ઈંચની છાતી ધરાવનારે જાહેર ચર્ચા માટે આમંત્રણ સ્વીકારવાની હિંમત બતાવી નથી : કોંગ્રેસના જયરામ રમેશે વડાપ્રધાન પર પ્રહાર કર્યો

### પૂર્વ ન્યાયાધીશો મદન બી. લોકુર, અજીત પી. શાહ અને વરિષ્ઠ પત્રકાર એન. રામે પત્ર લખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને લોકસભા ચૂંટણી પર જાહેર ચર્ચા માટે આમંત્રણ આપ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બે પૂર્વ ન્યાયાધીશો અને એક વરિષ્ઠ પત્રકાર દ્વારા વડાપ્રધાન અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોકલેલા પત્ર દ્વારા જાહેર ચર્ચાનું આમંત્રણ ન સ્વીકારવા બદલ આકરા પ્રહારો કર્યા હતા. રમેશે કહ્યું કે, પ્રધાનમંત્રીને ચર્ચા કરવાનું આમંત્રણ સ્વીકારતા રાહુલ ગાંધીના પત્રનો પહેલો દિવસ પૂર્ણ થઈ ગયો છે. ૫૬ ઈંચની છાતીએ હજુ સુધી આમંત્રણ સ્વીકારવાની હિંમત કરી નથી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શનિવારે વડાપ્રધાન મોદી સાથે જાહેર ચર્ચાનું આમંત્રણ સ્વીકાર્યું હતું. પૂર્વ ન્યાયાધીશો મદન બી. લોકુર, અજીત પી. શાહ અને



વરિષ્ઠ પત્રકાર એન. રામે પત્ર લખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને લોકસભા ચૂંટણી પર જાહેર ચર્ચા માટે આમંત્રણ આપ્યું હતું. આ ચર્ચા બંને પક્ષોએ એકબીજા સામે મૂકેલા આક્ષેપો અને પડકારોનો યોગ્ય પ્રતિભાવ માટે હતી. આ આમંત્રણનો જવાબ આપતા રાહુલે કહ્યું કે, આવી ચર્ચા મુખ્ય પક્ષો માટે સ્વસ્થ લોકશાહી માટે એક મંચ પરથી દેશ સમક્ષ તેમનું વિઝન રજૂ કરવા માટે એક સકારાત્મક પહેલ હશે. કોંગ્રેસ આ પહેલને આવકારે છે અને ચર્ચા માટેના આમંત્રણને સ્વીકારે છે. દેશ પણ અપેક્ષા રાખે છે કે, વડાપ્રધાન આ સંવાદમાં ભાગ લે. નેતાઓને લખેલા તેમના પત્રમાં પૂર્વ ન્યાયાધીશો અને પત્રકારોએ જણાવ્યું હતું કે, જો જનતા તેમના પ્રતિભાવો સાંભળે તો તે ખૂબ સરસ રહેશે અને આ જ કારણ છે કે, જાહેર ચર્ચા લોકોને શિક્ષિત કરશે અને સ્વસ્થ અને ગતિશીલ લોકશાહીની સાચી છબી માટે એક મહાન ઉદાહરણ સ્થાપિત કરશે. મદન બી. લોકુર સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ છે, એ.પી. શાહ દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ છે. એન. રામ વરિષ્ઠ પત્રકાર અને ધ હિન્દુના પૂર્વ એડિટર-ઈન-ચીફ છે.

### પાર્ટી પર લગાવ્યો ગંભીર આરોપ

# ભાજપને મોટો ફટકો : દિગ્ગજ મહિલા સાંસદ કૈલાશો સૈનીનું પક્ષમાંથી રાજીનામું

### તેમણે ભાજપમાંથી રાજીનામું આપી કોંગ્રેસનો ખેસ ધારણ કરી લીધો : જેને કારણે કોંગ્રેસને મોટો લાભ થયો છે

(એજન્સી) ચંદીગઢ, તા.૧૨

લોકસભાની ચૂંટણીઓના માહોલની વચ્ચે ભારતીય જનતા પાર્ટીને મોટું નુકસાન થયું છે. ભાજનને લોકસભા ચૂંટણી દરમિયાન એક મોટો ફટકો પડ્યો છે. બબ્બે ટર્મથી સાંસદ રહેલાં દિગ્ગજ મહિલા નેતાએ હાલ ભાજપમાંથી રાજીનામું આપી દીધું છે. એટલું જ નહીં વાગ્યા પર મીઠું ભભરાવતા હોય તેમ ભાજપમાંથી રાજીનામું આપીને આ



દિગ્ગજ મહિલા નેતા કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. અહીં વાત થઈ રહી છે બબ્બે ટર્મથી ભાજપના સાંસદ રહેલાં કૈલાશો સૈનીની. તેમણે ભાજપમાંથી રાજીનામું આપીને કોંગ્રેસનો ખેસ ધારણ કરી લીધો છે. જેને કારણે કોંગ્રેસને મોટો લાભ થયો છે. સૈની ભાજપમાંથી રાજીનામું ધરી દીધું છે અને તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. એટલું જ નહીં રાજીનામું આપતાની સાથે જ સૈનીએ ભાજપ પર ગંભીર આરોપો પણ મુક્યા છે.

ભાજપમાંથી રાજીનામું આપતાં અને ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા તથા ચૌધરી ઉદયભાનની હાજરીમાં કોંગ્રેસમાં જોડાયા બાદ કૈલાશો સૈનીએ કહ્યું કે લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય નક્કી છે. ભાજપ બંધારણને બદલવા માગે છે અને એટલા માટે જ હું પાર્ટી છોડી રહી છું. ભાજપ દલિતો અને પછાતોનું અનામત છીનવી લેવા માગે છે. ભાજપ પાસે ચૂંટણી લડવા માટે ઉમેદવારો પણ નથી. સેંકડો સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાતી વખતે કૈલાશો સૈનીએ કહ્યું કે આ વખતે જનતા જ નહીં પણ ખુદ ભાજપના નેતા અને કાર્યકરો પણ મોદી સરકારથી સંતુષ્ટ નથી. કૈલાશો સૈની કુરુક્ષેત્રથી પૂર્વ સાંસદ પણ રહી ચૂક્યા છે.

CELEBRATING EXCELLENCE 33 years GT

### જેલમાંથી બહાર આવી કેજરીવાલનો સંદેશ

# મને જેલમાં પૂરવા છતાં ભાજપનો પ્લાન ફેલ

### મારે ૨ જૂને ફરીવાર પરત જવાનું છે : એ પછી પાર્ટીને સંભાળવાની જવાબદારી તમારા બધા પર છે : કેજરીવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને બે દિવસ પહેલા જ સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા છે. દિલ્હીના સીએમ શુક્રવારે સાંજે જ તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. જેલમાંથી બહાર આવ્યા બાદ શનિવારે કેજરીવાલે પહેલી પ્રેશ કોન્ફરન્સ કરી હતી. ત્યારે હવે આજે ૨૧ દિવસ પછી જેલમાંથી બહાર બાદ આમ આદમી પાર્ટી (AAP)ના ધારાસભ્યો સાથે પહેલીવાર બેઠક કરી હતી. કેજરીવાલે બેઠક દરમિયાન નામ લીધા વિના ભાજપ પર નિશાન સાધીને ધારાસભ્યોને કહ્યું કે ’મને ખબર પડી છે કે તેમણે તમારામાંથી ઘણાને લલચાવીને અને ધમકીઓ આપીને તોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તમે બધા મજબૂત રહ્યા અને કોઈએ તૂટ્યું નહીં. આ માટે દેશ અને પાર્ટી તમારા પર ગર્વ કરે છે. બાકી મને એવું સાંભળવા મળ્યું છે કે ઈન્દોર અને સુરતના ઉમેદવાર તો ચૂંટણી પહેલા જ છોડીને જતા રહ્યા હતા.’ આ ઉપરાંત કેજરીવાલે બેઠકમાં કહ્યું હતું કે ’હું ૨૧ દિવસ માટે બહાર આવ્યો છું અને મારે ૨ જૂને ફરી પરત જવાનું છે. એ પછી પાર્ટીને સંભાળવાની જવાબદારી તમારા બધા પર જ છે. આ દેશને માત્ર આમ આદમી પાર્ટી જ ભવિષ્ય આપી શકે છે. દેશની જનતાએ અન્ય તમામ પાર્ટીઓને અજમાવીને જોઈ લીધી છે. આજે દેશની હાલત એવી છે કે આવનારા સમયમાં માત્ર આમ આદમી પાર્ટીએ દેશની કમાન સંભાળવાની છે. દેશને માત્ર આમ આદમી પાર્ટી જ ભવિષ્ય આપશે.

# મોદીને હરાવવા માટે કેજરીવાલની ૧૦ ગેરંટી : અગ્નિવીરને ખતમ કરવાથી માંડી મફત વીજળી સુધી તમારે જાણવા જેવું

### કેજરીવાલે કહ્યું કે, આ વચનો મોંઘવારીનો સામનો કરવામાં મદદ કરશે અને નોકરીઓનું સર્જન કરશે

(એજન્સી) તા.૧૨

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે જેમને ગયા અઠવાડિયે સુપ્રીમ કોર્ટ દ્વારા વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા, તેમણે ૧૦ ગેરંટીઓની યાદી જાહેર કરી હતી, જેમાં સત્તામાં આવે તો દેશમાં ૨૪ કલાક વીજળીનો સમાવેશ થાય છે.

૧૦ ગેરંટીની યાદી આપતી વખતે કેજરીવાલે કહ્યું કે, આ વચનો ફુગાવાને પહોંચી વળવા અને નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરશે. તેમણે 24x7 વીજળી, દર વર્ષે બે કરોડ નોકરીઓ, ખેડૂતોની આવક બમણી કરવા અને સાબરમતી અને મુંબઈ વચ્ચે સૂચિત બુલેટ ટ્રેન સહિતના વચનો ન પાળવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ ટીકા કરી હતી.

**૨૪ કલાક વીજળી :-** ‘૧૦ ગેરંટીમાંથી પ્રથમ ગેરંટી એ છે કે, અમે દેશમાં ૨૪ કલાક વીજળી પૂરી પાડીશું. દેશમાં ૩ લાખ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા છે પરંતુ વપરાશ માત્ર બે લાખ મેગાવોટ છે. આપણો દેશ વધુ વીજળીનું ઉત્પાદન કરી શકે છે. અમે જે માગણી કરી છે, તે અમે દેશમાં પણ કરીશું.’

**ઉત્તમ મફત શિક્ષણ :-** કેજરીવાલે કહ્યું કે, બીજી ગેરંટી ઉત્તમ મફત શિક્ષણ છે. ‘આજે આપણી સરકારી શાળાઓની હાલત સારી નથી. અમારી બીજી ગેરંટી એ છે કે, અમે દરેક માટે સારા અને ઉત્તમ મફત શિક્ષણની વ્યવસ્થા કરીશું. સરકારી શાળાઓ ખાનગી શાળાઓ કરતાં વધુ સારૂં શિક્ષણ આપશે. અમે દિલ્હી અને પંજાબમાં આ કર્યું છે. આ માટે પાંચ લાખ કરોડની જરૂર પડશે, રાજ્ય સરકારો ૨.૫ લાખ કરોડ રૂપિયા આપશે અને કેન્દ્ર સરકાર આ માટે ૨.૫ કરોડ રૂપિયા આપશે.’

**વધુ સારી આરોગ્યસંભાળ :-** વધુ સારી હેલ્થકેરનું વચન આપતા દિલ્હીના સીએમએ તેમની ત્રીજી ગેરંટી સમજાવી, ‘આજે આપણા દેશમાં આપણી સરકારી હોસ્પિટલની સ્થિતિ સારી નથી. અમારી ત્રીજી ગેરંટી વધુ સારી આરોગ્યસંભાળ છે. અમે દરેક માટે સારી સારવારની વ્યવસ્થા કરીશું. દરેકમાં મોહલ્લા ક્લિનિક્સ ખોલવામાં આવશે. ગામડામાં દરેક વિસ્તારને મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ફેરવવામાં આવશે હેલ્થકેર પર લાખ કરોડ રૂપિયા ખર્ચ થશે.’

**રાષ્ટ્રીય સુરક્ષા :-** તેમની ચોથી ગેરંટી ‘નેશન ફર્સ્ટ’ છે એમ કહેતા કેજરીવાલે કહ્યું, ચીને આપણી જમીન પર કબજો જમાવ્યો છે પરંતુ કેન્દ્ર સરકાર તેનો ઈનકાર કરી રહી છે. આપણી સેનામાં ઘણી તાકાત છે. દેશની તમામ જમીન કે જેના પર કબજો કરવામાં આવ્યો છે તેણે ચીનના કબ્જામાંથી મુક્ત કરવામાં આવશે, આ માટે એક તરફ રાજદ્વારી સ્તરે પ્રયાસો કરવામાં આવશે અને સેનાને આ અંગે જે પણ પગલા લેવા માંગે છે તે લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવશે.

**અગ્નિવીરનો અંત :-** એકવાર સત્તામાં આવ્યા પછી અગ્નિવીરને બંધ કરવાનો પ્રસ્તાવ મૂકતા કેજરીવાલે કહ્યું, ‘અગ્નવીર જેવી યોજના સેના માટે હાનિકારક છે અને યુવાનો પણ તેનાથી પરેશાન છે. અમે કોન્ટ્રાક્ટ સિસ્ટમને નાબૂદ કરીશું અને સેના માટે પૂરતું ભંડોળ સુનિશ્ચિત કરીશું.’

**ખેડૂતોને યોગ્ય વળતર :-** કેજરીવાલે કહ્યું કે, નવી સરકાર સ્વામીનાથન રિપોર્ટમાં ભલામણ મુજબ પાક માટે યોગ્ય વળતર આપશે, જેથી ખેડૂતો સન્માનપૂર્વક જીવન જીવી શકે. ‘અમારી છઠ્ઠી ગેરંટી ખેડૂતો માટે છે. જો તમે ખેડૂતોને તેમના પાકના પૂરા ભાવો ચૂકવતા હોવ તો તમે તેમને ગૌરવપૂર્ણ જીવન આપી શકો છો. સ્વામીનાથન રિપોર્ટના આધારે ખેડૂતોને તેમના પાકના MSPના આધારે પૂરા ભાવ આપવામાં આવશે. અમારી ૭મી ગેરંટી એ છે કે, દિલ્હીને રાજ્યનો દરજ્જો આપવામાં આવશે જે ઘણા દાયકાઓથી અમારી ૮મી ગેરંટી છે કે, ભ્રષ્ટાચારને ખતમ કરવાની અમારી ૯મી ગેરંટી છે વેપારીઓ માટે ૧૦મી અને છેલ્લી ગેરંટી...જીએસટી સરળ કરવામાં આવશે.’

**દિલ્હી માટે રાજ્યનો દરજ્જો :-** દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું કે, સરકાર દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપશે, જે તેના રહેવાસીઓની લાંબા સમયથી માગણી છે.

**નોકરીઓનું સર્જન કરવું :-** કેજરીવાલે ઉમેર્યું હતું કે નવી સરકાર બે કરોડ રોજગારીની તકો ઊભી કરશે.

**ભ્રષ્ટાચાર નાબૂદ :-** AAPના રાષ્ટ્રીય કન્વીનરે કહ્યું કે, આગામી સરકાર જવાબદારી સુનિશ્ચિત કરશે અને ભ્રષ્ટાચાર નાબૂદ કરશે.

અગાઉના દિવસે AAPના દિલ્હી ધારાસભ્યો સાથે વાત કરતી વખતે મુખ્યપ્રધાને કહ્યું હતું કે, ભાજપની યોજના તેમની ધરપકડ પછી પંજાબ અને દિલ્હીમાં AAP સરકારોને તોડી પાડવાની હતી પરંતુ તે નિષ્ફળ ગઈ.

તેમણે કહ્યું, ‘ન તો તેઓ અમારી સરકારને તોડી શક્યા, ન તો તેઓ અમારા ધારાસભ્યોને તોડી શક્યા, ન તો તેઓ અમારી પંજાબ સરકારને તોડી શક્યા. તેમની આખી યોજના નિષ્ફળ ગઈ; તેનાથી વિપરીત, સમગ્ર રાજકીય કથા તેમની વિરુદ્ધ ગઈ.’

‘મને ખબર પડી કે આ લોકોએ તમને લલચાવીને અને ધમકીઓ આપીને તોડવાનો પ્રયાસ કર્યો. પરંતુ તમે બધા મજબૂત રહ્યા, આ માટે પાર્ટી અને દેશ પણ ગર્વ અનુભવે છે.’ તેમણે ધારાસભ્યોને કહ્યું, ‘હું ૨૧ દિવસ માટે બહાર આવ્યો છું અને ત્યારબાદ ફરી પાછા જેલ જવું પડશે, તેથી તે પછી તમારે બધાએ પાર્ટીને નિયંત્રણમાં રાખવી પડશે કારણ કે, હું સમજું છું કે, હવે ફક્ત આમ આદમી પાર્ટી જ આ દેશનું ભવિષ્ય આપી શકે છે.’

### ક્યા બાત હૈ ?!

અમારા પક્ષને બે હજાર રૂપિયા ફંડમાં આપનારાઓની યાદી હું પત્રકારો સમક્ષ વાંચી સંભળાવું છું !



- જામી

# ગુનેગારોને બચાવવા માટે TMCના ગુંડાઓ સંદેશખાલીમાં મહિલાઓને ધમકાવી રહ્યા છે, બંગાળની રેલીમાં PM મોદીનો દાવો

**● PM મોદીએ મોટો દાવો કરતાં કહ્યું કે, TMCના શાસનમાં હિન્દુઓ દ્વિતીય કક્ષાના નાગરિકો બની ગયા છે, રાજ્યમાં જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી કોઈ CAAનો કાયદો હટાવી નહીં શકે ● તૃણમૂલ કોંગ્રેસ ભાજપ વિરુદ્ધ વોટ જિહાદ ચલાવી રહી છે : બેરકપોર રેલીમાં PM મોદી**

(એજન્સી) બેરકપોર, તા.૧૨



વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે પશ્ચિમ બંગાળમાં હતા. અહીં તેમણે બેરકપોર લોકસભા સીટ અને હુગલી લોકસભા સીટ પર ચૂંટણી રેલીઓને સંબોધિત કરી હતી. બેરકપોર લોકસભા સીટ પર જનસભાને સંબોધિત કરતા તેમણે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં આ લોકસભા ચૂંટણીમાં અમને ૨૦૧૯ કરતા પણ મોટી સફળતા મળશે. જ્યારે હુગલીની રેલીમાં તેમણે કહ્યું કે, આ વખતે કોંગ્રેસ પાર્ટીને પોતાના શહેઝાદાની ઉંમર કરતા પણ ઓછી સીટો મળશે. ટીએમસીએ પશ્ચિમ બંગાળમાં બોમ્બ બનાવવાને કુટિર ઉદ્યોગમાં ફેરવી દીધો. બેરકપોર લોકસભા સીટ પર યોજાયેલી જનસભામાં તેમણે ટીએમસી અને મમતા બેનરજી પર જોરદાર પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે, ટીએમસીએ પશ્ચિમ બંગાળમાં બોમ્બ બનાવવાને કુટિર ઉદ્યોગમાં ફેરવી દીધો છે. ટીએમસી સરકાર લોકોને ભગવાન રામના નામનો જાપ કરવા અને રામનવમીની ઉજવણી કરવાની મંજૂરી આપતી નથી. પશ્ચિમ બંગાળમાં ટીએમસીના શાસનમાં હિન્દુઓ બીજા વર્ગના નાગરિક બની ગયા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે, જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની અનામતને કોઈ છીનવી શકે નહીં. જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી ધર્મના આધારે અનામત આપવામાં આવશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, તૃણમૂલ કોંગ્રેસ સંદેશખાલીના ગુનેગારોને બચાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. તૃણમૂલ કોંગ્રેસના ગુંડાઓ સંદેશખાલીની મહિલા પ્રદર્શનકારીઓને ધમકી આપી રહ્યા છે. હુગલી લોકસભા બેઠક પર એક રેલીમાં પીએમ મોદીએ દાવો કર્યો હતો કે, કોંગ્રેસને તેના શહેઝાદાની ઉંમર કરતા પણ ઓછી બેઠકો મળશે. લોકસભાની ચૂંટણીના ત્રણ તબક્કામાં પ્રદર્શનના આધારે હું કહી શકું છું કે, નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) ૪૦૦ બેઠકોનો આંકડો પાર કરશે. હું આ દેશના લોકો માટે એક વિકસિત ભારત ઇચ્છું છું. તૃણમૂલ કોંગ્રેસના ભરતી માફિયાઓએ બંગાળના યુવાનોનું ભવિષ્ય બર્બાદ કરી નાખ્યું છે.

# સોનિયા ગાંધી તેમનું ૭૦ ટકા સાંસદ ભંડોળ લઘુમતીઓ પર ખર્ચે છે : અમિત શાહ

(એજન્સી) રાયબરેલી, તા.૧૨



કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ રવિવારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી પર આકરા પ્રહારો કરીને આરોપ મૂક્યો કે, સોનિયા ગાંધી તેમના સાંસદ ભંડોળમાંથી ૭૦%થી વધુ લઘુમતીઓ પર ખર્ચ કર્યો છે અને ગાંધી પરિવાર જૂઠું બોલવામાં નિષ્ણાત છે. તાજેતરમાં રાજ્યસભામાં જનારા સોનિયા ગાંધી છેલ્લા બે દાયકાથી રાયબરેલીની બેઠકના સાંસદ હતા. હાલ રાહુલ ગાંધી તેમની માતાની બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે. કેરળના વાયનાડથી પણ રાહુલ ગાંધી ઉમેદવાર છે. રાયબરેલીમાં ૨૦ મેના રોજ લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં મતદાન થશે. કોંગ્રેસ નેતા મણિશંકર ઐયરની ટિપ્પણી હતી કે, પાકિસ્તાન પાસે એટમ બોમ્બ છે, તનો ઉલ્લેખ કરી અમિત શાહે પ્રતાપગઢમાં એક ચૂંટણી રેલીને પણ સંબોધિત કરતાં કહ્યું કે, 'રાહુલ ગાંધી પાકિસ્તાનના 'એટમ બોમ્બ'થી ડરતા હશે પરંતુ ભાજપ નથી ડરતું અને પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર ભારતનું છે અને અમે તેને લઈને જ રહીશું.' રાયબરેલીમાં એક ચૂંટણી રેલીમાં શાહે કહ્યું, 'તમે ગાંધી પરિવારને વર્ષો સુધી તક આપી, પરંતુ કોઈ વિકાસનું કામ થયું નથી, કોંગ્રેસ વિકાસમાં માનતું નથી. તેઓ તમારા સુખ-દુઃખમાં પણ તમારી ખબર પૂછતા નથી.' લોકોને ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપસિંહને મત આપવાનું અપીલ કરતાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'અમે રાયબરેલીને મોદીજીની વિકાસ યાત્રામાં સાથે જોડીશું.' શાહે દાવો કર્યો કે, 'શહજાદા રાજકુમાર અહીં મત માંગવા આવ્યા છે. તમે ઘણા વર્ષોથી મતદાન કરીને તેમને જીતાડી રહ્યા છો. શું તમને એમપી ફંડમાંથી ક્યારેય કશું મળ્યું છે? જો નથી મળ્યું તો તે ફંડ ક્યાં ગયું? તે તેમની મતબેંક માટે વાપરવામાં આવ્યું છે. સોનિયા ગાંધીએ લઘુમતીઓ પર સાંસદ ભંડોળના ૭૦ ટકાથી વધુ ખર્ચ કર્યા છે.' તેમના હુમલાને વધુ તીવ્ર બનાવતા તેમણે કહ્યું, 'આ ગાંધી પરિવાર જૂઠું બોલવામાં નિષ્ણાત છે. તેઓ હવે દરેક મહિલાને ૧ લાખ રૂપિયા આપવાનું વચન આપી રહ્યા છે. તેલંગાણા વિધાનસભાની ચૂંટણીમાં તેઓએ કહ્યું હતું કે, તેઓ દરેક મહિલાને ૧૫,૦૦૦ રૂપિયા આપશે અને રાજ્યની મહિલાઓએ તેમને ચૂંટ્યા. ૧૫,૦૦૦ રૂપિયા ભૂલી જાઓ, તેમણે ૧૫૦૦ રૂપિયા પણ નથી આપ્યા.

# પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં પોલીસ અને સ્થાનિકો વચ્ચે હિંસક અથડામણો; અધિકારીઓને મારતા લોકોના વીડિયો વાયરલ

**"આઝાદી": પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK)માં મોંઘવારી, ઉચ્ચ કરવેરા અને વીજળીની અછત વિરૂદ્ધ શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો હવે અધિકારો અને સ્વતંત્રતા માટેના આંદોલનમાં ફેરવાઈ ગયા છે.**

(એજન્સી) મુઝફ્ફરાબાદ [PoJK], તા.૧૨

પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (PoJK)માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન અને સમગ્ર પ્રદેશમાં શટર ડાઉન હડતાલ દરમિયાન ફાટી નીકળેલી હિંસક અથડામણો પછી ઓછામાં ઓછા એક પોલીસ અધિકારી માર્યા ગયા છે અને ૯૦ અન્ય ઘાયલ થયા છે. મીરપુરના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) કામરાન અલી સબ-ઈન્સ્પેક્ટર અદનાન કુરેશીના અહેવાલ મુજબ ઈસ્લામગઢ શહેરમાં છાતીમાં ગોળી વાગવાથી એક અધિકારીનું મોત નીપજ્યું હતું. JAAC, જે પ્રદેશના મોટા ભાગના ભાગોમાં વેપારીઓ ધરાવે છે, તે PoJKમાં હાઈડ્રોપાવર ઉત્પાદન ખર્ચ મુજબ વીજળીની જોગવાઈ, ઘઉંના લોટની સબસિડી અને ભદ્ર વર્ગના વિશેષાધિકારોનો અંત લાવવા માંગે છે. મુઝફ્ફરાબાદ અને મીરપુર ડિવિઝનમાં લગભગ ૭૦ જેએએસી કાર્યકરોની પોલીસ દ્વારા તેમના ઘરો અને તેમના સંબંધીઓ પર દરોડા દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી, જેના કારણે ગુરુવારે દદ્યાલમાં ગંભીર અથડામણ થઈ હતી. ત્યારબાદ સમિતિએ આજે મુઝફ્ફરાબાદ તરફ આયોજિત લોંગ માર્ચના એક દિવસ પહેલા શુક્રવારે શટર-ડાઉન અને વ્હીલ-જામ હડતાળની જાહેરાત કરી હતી. આ હડતાળ દરમિયાન મુઝફ્ફરાબાદના જુદા જુદા વિસ્તારોમાં પોલીસ અને દેખાવકારો વચ્ચે ભીષણ અથડામણ જોવા મળી હતી. એસએસપી યાસીન બેગે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા એક પોલીસ અધિકારી અને એક નાનો છોકરો ઘાયલ થયો હતો. પોલીસે ટીયરગેસ શેલ અને હવાઈ ગોળીબારનો આશરો લીધો હતો. કોટલીના એસએસપી મીર મુહમ્મદ આબિદે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વિરોધની આડમાં બદમાશોના હુમલામાં જિલ્લામાં ઓછામાં ઓછા ૭૮ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. એસએસપીએ જણાવ્યું હતું કે રેહાન ગલીમાં નાયબ પોલીસ અધિક્ષક ઇલ્યાસ જંજુઆ સહિત ૫૯ પોલીસકર્મીઓ અને મહેસૂલ વિભાગના બે અધિકારીઓ ઘાયલ થયા હતા અને સેહંસા બારોઈયાનમાં અન્ય ૧૯ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. જિલ્લા મુખ્યાલય હોસ્પિટલ કોટલીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ૫૯ ઘાયલ પોલીસકર્મીઓ ઉપરાંત નવ ઘાયલ દેખાવકારોને પણ સારવાર માટે લાવવામાં આવ્યા હતા. એસએસપી આબિદે કહ્યું કે ડોલિયા જટ્ટનમાં કેટલાક પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. JAACના પ્રવક્તા હાફીઝ હમદાનીએ સ્પષ્ટ કર્યું કે એક્શન કમિટીને આ હિંસા સાથે કોઈ લેવાદેવા નથી. એવું લાગે છે કે આવા તત્વોને હેતુપૂર્વક વિરોધીઓમાં સામેલ કરવામાં આવ્યા છે જેથી લોકોના કાયદેસરના અધિકારો માટેના સંઘર્ષને બદનામ કરવામાં આવી શકે. PoJKના નાણા પ્રધાન અબ્દુલ મજીદ ખાને કહ્યું કે સરકારે મહત્તમ સંયમનો ઉપયોગ કર્યો છે અને તમામ વિવાદાસ્પદ મુદ્દાઓને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે વાતચીત માટે તૈયાર છે. સંવાદ દ્વારા દરેક મુદ્દાઓનો ઉકેલ લાવવાનો હોય છે અને વાટાઘાટો માટે અમારા દરવાજા હંમેશા ખુલ્લા છે. પરંતુ આ ઓફરને સરકારની નબળાઈ ન ગણવી જોઈએ.

# PM મોદી હજુ પણ સંદેશખાલી વિશે જૂઠું બોલે છે પણ રાજ્યપાલ સામે છેડતીના આરોપ પર મૌન સાધી રાખ્યું છે : મમતા બેનરજી

(એજન્સી) તા.૧૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રવિવારે દાવો કર્યો હતો કે, પીએમ નરેન્દ્ર મોદીએ સંદેશખાલી વિશે 'જૂઠાણું ફેલાવવાનું' હજુ ચાલુ રાખ્યું છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, વડાપ્રધાન મોદી રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ સામેના છેડતીના આરોપો પર શા માટે મૌન જાળવી રહ્યા છે અને તેઓ તેમને રાજીનામું આપવા કેમ નથી કહી રહ્યા?

ઉત્તર ૨૪ પરગણાના અમદંગામાં એક ચૂંટણી રેલીને સંબોધતા બેરકપોર લોકસભા મતવિસ્તારમાં તેઓ પહોંચ્યા હતા. મમતા બેનરજીએ કહ્યું કે, પીએમને શરમ આવવી જોઈએ કે સંદેશખાલી વિશે 'ભાજપનું કાવતરૂં' જાહેર થઈ ગયું છે તેમ છતાં તેઓ હજુ જૂઠાણું ફેલાવી રહ્યા છે. 'વડાપ્રધાન હજુ પણ સંદેશખાલી વિશે ખોટું બોલી રહ્યા છે. તેમને શરમ આવવી જોઈએ કારણ કે, ભાજપનું કાવતરૂં હવે સાર્વજનિક થઈ ગયું છે,' બેનરજીએ દેખીતી રીતે કથિત વીડિયોનો ઉલ્લેખ કરતા આ વાત કહી હતી. ટીએમસીના વરિષ્ઠ નેતા શાહજહાં શેખ વિરુદ્ધ વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા છે, જેમની પર જાતીય સતામણી અને જમીન હડપ કરવાનો આરોપ છે. અગાઉની એક ક્લિપમાં ભાજપના સંદેશખાલી મંડળના પ્રમુખ ગંગાધર કાયલને મળતો આવતો એક વ્યક્તિ એવું કહેતા સાંભળવામાં આવ્યો હતો કે, વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીના કહેવાથી 'આખું કાવતરૂં' કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન જેઓ પશ્ચિમ બંગાળમાં પણ પ્રચાર કરી રહ્યા છે, તેમણે આરોપ લગાવ્યો કે ટીએમસીના ગુંડાઓ ગુનેગારોને બચાવવા સંદેશખાલીની પીડિત મહિલાઓને ધમકાવી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો, 'અમે બધાએ જોયું છે કે TMCએ સંદેશખાલીની બહેનો અને માતાઓ સાથે શું કર્યું છે. TMCના ગુંડાઓ હવે સંદેશખાલીમાં મહિલાઓને ધમકી આપી રહ્યા છે કારણ કે, મુખ્ય ગુનેગારનું નામ શાહજહાં શેખ છે. TMC સંદેશખાલીના ગુનેગારોને સજા કરશે. બચાવવા માટે બધું જ કરી રહ્યું છે. મમતા બેનરજીએ કહ્યું કે, રાજભવનના કર્મચારી દ્વારા છેડતીનો આરોપ લગાવવામાં આવેલા રાજ્યપાલ સામે કેન્દ્રની નિષ્ક્રિયતા ભાજપનું 'સાચું મહિલા વિરોધી પાત્ર' દર્શાવે છે. તેમણે પૂછ્યું કે, 'વડાપ્રધાને રાજભવનમાં રાત્રિ રોકાણ દરમિયાન રાજ્યપાલને રાજીનામું આપવાનું કેમ ન કહ્યું?'

# અફઘાનિસ્તાન સંકટ : ભયાનક પૂરને કારણે ૩૦૦નાં મોત, ૨૦૦૦ ઘરો ધરાશાયી, દેશમાં અરાજકતા ફેલાઈ

**ઠેર-ઠેર પાણી ભરાયાના દૃશ્યોને કારણે અનેક લોકો બેઘર થયા, મોટાપાયે વિનાશના દૃશ્યો સર્જાયા**

(એજન્સી) તા.૧૨

અફઘાનિસ્તાનની બરોબરની માઠી દશા બેઠી છે. ભારે વરસાદ પછી આવેલા પૂરના લીધે ૩૦૦થી વધુ લોકોના મોત થયા છે. આ ઉપરાંત બે હજારથી વધારે મકાનો ધ્વસ્ત થઈ ગયા છે અને કેટલાય મકાનોને નુકસાન પહોંચ્યું છે. તેની સાથે કેટલાય ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. અફઘાનિસ્તાનના બગલાન, બડકખાન, ઘોર અને હેરત વિસ્તારમા ભારે વરસાદ બાદ પૂરથી સૌથી વધુ ખાનાખરાબી થઈ છે. તાલિબાન સરકારના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે આ પૂરના લીધે મોટાપાયા પર લોકોના મોત થયા છે અને કેટલાયને ઈજા થઈ છે. કેટલાયના મકાનો નાશ પામતા તેઓ વિસ્થાપિત થઈ ગયા છે. તેણે જણાવ્યું હતું કે બડકશાન, બગલાન, હેરત અને ઘોરમાં સૌથી વધારે નાણાકીય નુકસાન અને જાનહાનિ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે સરકારે લોકોને બચાવવા બધા સંસાધનો કામે લગાડી દીધા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ મોકલાઈ રહ્યા છે અને મૃતદેહોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે દેશની એરફોર્સે બચાવવાનું શરુ કર્યુ છે. કેટલાય લોકો પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા છે. તેઓને એરલિફ્ટ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલા અધિકારીઓએ ભાર વરસાદ અને પૂરના લીધે ૭૦થી વધુ લોકો મરી ગયા હોવાનો દાવો કર્યો હતો. તાલિબાન સંરક્ષણ મંત્રાલયે એક નિવેદન આપતાં કહ્યું કે, વાયુસેનાએ પહેલાથી જ બગલાનમાં મૃત્યુ પામેલા લોકોને બહાર કાઢવાનું શરૂ કરી દીધું છે અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જેમાં ૧૦૦ ઘાયલ લોકોને મિલિટરી હોસ્પિટલમાં પહોચાડવામાં આવ્યા છે. એપ્રિલમાં દેશમાં ભારે વરસાદ અને પૂરના કારણે ઓછામાં ઓછા ૭૦ લોકોના મોત થયા હતા. લગભગ ૨,૦૦૦ ઘરો, ત્રણ મસ્જિદો અને ચાર શાળાઓને પણ નુકસાન થયું છે. બગલાનની જોડે આવેલા તખર પ્રાંતની સરકારી હોસ્પિટલોમાં જ ૨૦થી વધુ મૃતદેહો પડેલા છે. અફઘાનિસ્તાનમાં તકલીફોનો અંત નથી. લોકો આમ પણ અનેક પરેશાનીઓ અને તકલીફોનો સામનો કરી રહ્યા હતા અને હવે પૂરે તેમની સ્થિતિ અત્યંત વિપરીત કરી નાખી છે. તેમના માટે જીવન દોહ્યલુ બની ગયું છે. યુએનના ફૂડ રાહત કાર્યક્રમ હેઠળ અફઘાનીઓ બિસ્કીટ ખાઈને જીવન ગુજારવાનો દિવસ આવ્યો છે.

# 'આ ચોંકાવનારૂં છે...' : ખડગેએ મતદાર મતદાન ડેટા વિવાદ પર ECI પત્રનો જવાબ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારના રોજ ભારતના ચૂંટણી પંચ (ECI)ને પત્ર લખ્યો હતો, જ્યારે ચૂંટણી મંડળે મતદાન પ્રક્રિયાની ન્યાયીતાને પડકારતા તેમના તાજેતરના નિવેદન અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, કમિશને અન્ય ફરિયાદોને અવગણતા ખડગેના પત્રનો જવાબ કેવી રીતે આપ્યો તે આશ્ચર્યજનક છે. ખડગેએ કહ્યું, આ પત્ર સ્પષ્ટપણે અમારા ગઠબંધન ભાગીદારોને સંબોધવામાં આવ્યો હતો, આયોગને નહીં. તે આશ્ચર્યજનક છે કે, ભારતનું ચૂંટણી પંચ તેને સીધી રીતે આપવામાં આવેલી અન્ય ઘણી ફરિયાદોને અવગણી આ પત્રનો જવાબ આપવા માંગતું હતું. મને પત્રની ભાષા વિશે ચોક્કસ ગેરસમજ છે, પરંતુ હું તે મુદ્દા વિશે દબાણ નહીં કરૂં કારણ કે, તેઓ જે દબાણ હેઠળ કામ કરી રહ્યા છે તે હું સમજું છું. EC દ્વારા મંગળવારે વિવિધ ઈન્ડિયા જૂથ પાર્ટીઓના નેતાઓને તેમના દ્વારા લખવામાં આવેલા અન્ય પત્ર અંગે ખડગેને સખત શબ્દોમાં લખાયેલ પત્ર પછી આ આવ્યું છે. પત્રમાં ખડગેએ ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી મતદાનની માહિતીમાં કથિત તફાવતો પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ઈન્ડિયા જૂથના નેતાઓને આ માનવામાં આવતા મતભેદો સામે બોલવા માટે પણ કહ્યું, અમારો એકમાત્ર ઉદ્દેશ જીવંત લોકશાહી અને બંધારણની સંસ્કૃતિનું રક્ષણ કરવાનો છે. તેના જવાબમાં ECએ કહ્યું, કમિશન સંપૂર્ણ રીતે વાણી સ્વાતંત્ર્યના અધિકારનું સન્માન કરે છે અને તેને રાજકીય પક્ષો અને તેમના નેતાઓનો એક બીજા સાથે પત્રવ્યવહાર અને વાતચીત કરવાનો વિશેષાધિકાર માને છે. જો કે, કમિશનની એવી ઘટનાઓ સામે કાર્યવાહી કરવાની જવાબદારી છે જે પરિણામોની જાહેરાત સુધી સંપૂર્ણ રીતે ચૂંટણીના સંચાલનના તેના મુખ્ય આદેશ પર સીધી અસર કરે છે. તેના જવાબમાં ખડગેએ ECને પ્રશ્ન કરતા કહ્યું કે, એક તરફ, તે નાગરિકોના પ્રશ્નો પૂછવાના અધિકારનું સન્માન કરવાની વાત કરે છે અને બીજી તરફ, તે નાગરિકોને સાવધાની રાખવાની સલાહના રૂપમાં ધમકી આપી રહી છે. તેમણે ઉમેર્યું, હું એ લખવાની જરૂરિયાતથી પણ મૂંઝવણમાં છું કે કમિશન કાયદેસર રીતે મતદારક્ષેત્ર અથવા રાજ્યના એકંદર સ્તરે કોઈપણ મતદાર મતદાન ડેટા પ્રકાશિત કરવા માટે બંધાયેલ નથી, જો કે, તે વાસ્તવિક છે. મને ખાતરી છે કે, આપણા દેશના ઘણાં મતદારો પણ આશ્ચર્યચકિત થશે. ખડગેએ કહ્યું કે, જે મતદારો ચૂંટણીમાં રસ ધરાવતા હોય તેઓ મતદાનની સંખ્યા જોવા માંગે છે અને તે જાહેર ક્ષેત્રમાં મૂકવામાં આવે તેવું ઈચ્છે છે. તેમણે કહ્યું, અંતમાં હું કહેવા માંગુ છું કે, હું નિરાશ છું કે, કમિશને પત્રમાંથી બીજી વાત નોંધી નથી જેમાં કહેવામાં આવ્યું હતું કે, લોકશાહીની રક્ષા કરવા અને ECIની સ્વતંત્ર કામગીરીને સુરક્ષિત રાખવાનો અમારો સામૂહિક પ્રયાસ હોવો જોઈએ. તેને વધુ સ્પષ્ટ કરવા માટે કોંગ્રેસ પક્ષ પંચની પડખે છે અને કમિશનની તાકાત અને સ્વતંત્રતા માટે ઊભો છે. કમિશનના અધિકારીઓએ હવે નક્કી કરવું જોઈએ કે તેઓ કયા સ્થાને છે.

# માધવી બાદ ભાજપના નવનીત રાણા દ્વારા પણ મહારાષ્ટ્રની મસ્જિદમાં તીરના ઈશારાનું પુનરાવર્તન

**અન્ય વીડિયોમાં રાણા ચૂંટણી રેલીમાં 'હિન્દુ રાષ્ટ્ર' લખેલું પ્લેકાર્ડ દર્શાવતા જોવા મળે છે**

(એજન્સી) તા.૧૨

હૈદરાબાદની એક મસ્જિદ તરફ માધવી લથાના વિવાદાસ્પદ તીર છોડવાના હાવભાવ બાદ, ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા અને અમરાવતીના સાંસદ નવનીત રાણાએ મહારાષ્ટ્રના જલગાંવમાં એક મસ્જિદમાંથી પસાર થતી વખતે સમાન ક્રિયાનું પુનરાવર્તન કર્યું. એક વીડિયો, જે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયો છે, જેમાં રાણા એક ચૂંટણી રેલી દરમિયાન કેસરિયો ખેસ પહેરતા દેખાય છે. એક મસ્જિદની નજીક પહોંચીને તે તેના સમર્થકોના ઉલ્લાસ વચ્ચે તે તરફ તીરનો ઈશારો કરતી જોવા મળે છે. મસ્જિદ બતાવવા માટે કેમેરા તે તરફ ફેરવે છે. વીડિયોને એક મ્યુઝિક ટ્રેક સાથે શેર કરવામાં આવ્યો છે જેમાં 'હવે હાથ પકડો કે રણશિંગુ ફૂંકાયું છે'. ગીત વાગતું જણાય છે, અન્ય વીડિયોમાં, રાણા રેલીમાં એક પ્લેકાર્ડ દર્શાવતા જોવા મળે છે જેમાં લખ્યું હતું "હિન્દુ રાષ્ટ્ર", જે કટ્ટરપંથી હિંદુત્વ સંગઠનો દ્વારા પ્રમોટ કરવામાં આવેલ એજન્ડા છે જે હિંદુ સર્વોપરિતા સ્થાપિત કરવા અને ભારતને હિંદુ રાષ્ટ્રમાં પરિવર્તિત કરવા માંગે છે. આ ઘટનાઓએ સાંકેતિક હાવભાવના ઉપયોગ અને સાંપ્રદાયિક સૌહાર્દ પર તેમની અસર અંગે આક્રોશ ફેલાવ્યો છે, જેમાં ઘણા લોકોએ ભારતના ચૂંટણી પંચ (ECI)ને આચારસંહિતાના ઉલ્લંઘન માટે




પગલાં લેવાની માંગ કરી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પ્રચાર રેલીઓમાં ઈસ્લામોફોબિક ભાષણોની શ્રેણી જોવા મળી છે. અપ્રિય ભાષણથી લઈને સક્રિય હાવભાવ સુધી, ભાજપના ઉમેદવારો પર ચૂંટણીલક્ષી લાભો માટે સમુદાયોનું ધ્રુવીકરણ કરવાનો આરોપ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુસ્લિમોને 'ઘૂસણખોર' ગણાવતા ઉશ્કેરણીજનક ભાષણો સાથે આરોપનું નેતૃત્વ કર્યું છે. ભાજપનો તાજેતરનો વિડિયો, પાછળથી ઉતારવામાં આવ્યો, જેમાં દાવો કરવામાં આવ્યો કે જો કોંગ્રેસ સત્તામાં આવશે, તો તે બિન-મુસ્લિમો પાસેથી પૈસા અને સંપત્તિ લેશે અને મુસ્લિમોમાં ફરીથી વહેંચશે.

# શાળાઓ પછી હવે દિલ્હી હવાઈમથક અને સંખ્યાબંધ હોસ્પિટલોને બોમ્બની ધમકીના ઈ-મેઈલ મળ્યા; સર્ચ ઓપરેશન માટે પોલીસ પહોંચી

**દિલ્હીમાં મંગોલપુરીની સંજય ગાંધી હોસ્પિટલ અને બુરારી હોસ્પિટલને ગઈકાલે ઈ-મેઈલ દ્વારા બોમ્બની ધમકી મળી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીમાં મંગોલપુરીની સંજય ગાંધી હોસ્પિટલ અને બુરારી હોસ્પિટલને ગઈકાલે ઈ-મેઈલ દ્વારા બોમ્બની ધમકી મળી હતી. આના સાથે દિલ્હીના હવાઈમથકને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. અહેવાલો અનુસાર પોલીસની ટીમ તે સ્થળો પર હાજર છે અને તેમણે શોધ પ્રક્રિયા હાથ ધરી છે. ધમકીવાળા ઈ-મેઈલ મળતા ત્યાંની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. ગયા અઠવાડિયે ગુજરાતના અમદાવાદ અને દિલ્હીની રાષ્ટ્રીય શાળોમાં બોમ્બની ધમકીઓ મળી હતી, જે નકલી અફવાઓ હતી. આ ઈમેલમાં ૧૩૧ શાળોને ધમકી મળી હતી જેમાં ગુરૂગ્રામની પાંચ શાળાઓ અને ગ્રેટર નોઈડાની ૩ શાળાઓનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ, જે આઈપી સરનામાથી ઈ-મેઈલ મોકલનામાં આવ્યું હતું તેને વીપીએન દ્વારા જોડીને તેની ઓળખાણ છૂપાવી હતી. સંભવિત રીતે આ ઈ-મેઈલ રશિયાના ડોમેલ દ્વારા ઉત્પન્ન કરવામાં આવ્યું હતું. આરોપીઓએ અરબા શબ્દ સવારીઈમનો ઉપયોગ કર્યો હતો જેનો અર્થ તલવારોનું ટકરાવવું થાય છે. પરંતુ તપાસ અધિકારીઓ કહ્યું કે, આમાં આઈએસઆઈ સામેલ હોય તેવી સંભાવના નથી. કેન્દ્રીય ગૃહમંત્રીએ દિલ્હીની શાળાઓ અને હોસ્પિટલોમાં બોમ્બ મૂકવાની આફવા પર કહ્યું કે, લોકોને ચિંતિત થવાની જરૂર નથી. પોલીસ અધિકારીઓ તપાસ કરી રહ્યા છે અને જરૂરી પગલાં લઈ રહ્યા છે.

# કેનેડામાં ખાલિસ્તાની અલગતાવાદી નિજ્જરની હત્યામાં ભૂમિકા બદલ ચોથા ભારતીયની ધરપકડ

**કેનેડાના બ્રેમ્પટન સરે અને એબોટ્સફોર્ડ વિસ્તારના રહેવાસી ૨૨ વર્ષીય અમરદીપ સિંહ પર ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને હત્યાનું કાવતરૂં ઘડવાનો આરોપ છે**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨

ખાલિસ્તાની અલગતાવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાના સંબંધમાં કેનેડિયન સત્તાવાળાઓએ, ત્રણ ભારતીયોની પોલીસે ધરપકડ કર્યાના એક અઠવાડિયા પછી ચોથા ભારતીય નાગરિકની ધરપકડ કરી છે. આ હાઈ-પ્રોફાઈલ કેસને કારણે, ભારત અને કેનેડાના સંબંધોને ગંભીર રીતે વણસ્યા છે. કેનેડાના બ્રેમ્પટન, સરે અને એબોટ્સફોર્ડ વિસ્તારના રહેવાસી ૨૨ વર્ષીય અમરદીપ સિંહ પર ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને હત્યાનું કાવતરૂં ઘડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ૪૫ વર્ષીય નિજ્જરની ૧૮ જૂન, ૨૦૨૩ના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગુરુ નાનક શીખ ગુરુદ્વારાની બહાર હત્યા કરવામાં આવી હતી. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP)ની ઈન્ટિગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટિગેશન ટીમ (IHIT)એ જણાવ્યું હતું કે, નિજ્જરની હત્યામાં ભૂમિકા બદલ સિંહની ૧૧ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. સિંહ પહેલાથી જ અસંબંધિત હથિયારોના આરોપમાં પીલ પ્રાદેશિક પોલીસની કસ્ટડીમાં હતો. IHITના ચાર્જ ઓફિસર સુપરિન્ટેન્ડેન્ટ મનદીપ મુખરે જણાવ્યું હતું કે, 'આ ધરપકડ હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભૂમિકા ભજવનારાઓને જવાબદાર ઠેરવવા માટે અમારી ચાલી રહેલી તપાસની પ્રકૃતિ દર્શાવે છે.' પોલીસ નિવેદનમાં જણાવાયું છે, 'IHIT એ પુરાવાના આધારે અને બ્રિટિશ કોલંબિયા પ્રોસિક્યુશન સર્વિસ માટે અમનદીપ સિંહ પર ફર્સ્ટ-ડિગ્રી હત્યા અને હત્યાના કાવતરાનો આરોપ લગાવવા માટે પૂરતી માહિતી મેળવી હતી.' તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે, ચાલી રહેલી તપાસ અને કોર્ટ પ્રક્રિયાઓને કારણે ધરપકડની વધુ વિગતો જાહેર કરી શકાતી નથી. ૩ મેના રોજ, IHIT તપાસકર્તાઓએ હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ત્રણ ભારતીય નાગરિકો-કરણ બ્રાર (૨૨), કમલપ્રીત સિંહ (૨૨) અને કરણપ્રીત સિંહ (૨૮)ની ધરપકડ કરી હતી. આ ત્રણેય વ્યક્તિઓ એડમોન્ટનમાં રહેતા ભારતીય નાગરિકો છે અને તેમની સામે ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને હત્યાના કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની 'સંભવિત' સંડોવણીના આરોપોને પગલે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ગંભીર તણાવમાં આવ્યા હતા. ભારતે ટ્રુડોના આરોપોને 'વાહિયાત' અને 'પ્રેરિત' ગણાવીને ફગાવી દીધા હતાં. નિજ્જર ખાલિસ્તાની અલગતાવાદી હતો અને તે ભારતમાં વિવિધ આતંકવાદી આરોપોમાં વોન્ટેડ હતો.

# 'મરના તો થા હી...' : ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગેંગસ્ટર મુખ્તાર અન્સારીના મૃત્યુ અંગે ખુલાસો કર્યો; વીડિયો વાયરલ થયો

**ગેંગસ્ટરનું મૃત્યુ સત્તાવાર રીતે હાર્ટએટેકથી થયું હતું, પરંતુ વિપક્ષી પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે તેમનું મૃત્યુ ઝેર આપવાથી થયું છે**

(એજન્સી) તા. ૧૨

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશની બાંદા જેલમાં ૨૮ માર્ચે થયેલ માફિયા ડોન મુખ્તાર અંસારીના મોત અંગે ખુલાસો કર્યો હતો. આ વિશે ઈન્ડિયા ટીવીના 'આપ કી અદાલત' શોમાં આદિત્યનાથએ ટિપ્પણી કરી હતી. ગેંગસ્ટરનું મૃત્યુ સત્તાવાર રીતે હાર્ટએટેકથી થયો હતો. જોકે વિપક્ષી પક્ષો દ્વારા તેમને ઝેર આપ્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યુ હતું. આ આરોપો અંગેના પ્રશ્નોના જવાબમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાને કહ્યું, 'મરના તો થા હી (તેણે કોઈપણ રીતે મરવું તો હતું જ)... તમે મને જણાવો કે, સેંકડો લોકોની હત્યા કરનાર વ્યક્તિ ક્યાં સુધી બચી શકે છે?' અંસારીના મૃત્યુ પર સવાલો ઉઠાવનારા વિપક્ષી પક્ષોને નિશાન બનાવતા આદિત્યનાથે જણાવ્યું કે, 'કોંગ્રેસના લોકોએ તેમને(અંસારી) બચાવવાના તમામ પ્રયાસ કર્યા હતા. સમાજવાદી પાર્ટીના લોકો તેમના રક્ષક છે. તમે વિપક્ષ પાસેથી શું અપેક્ષા રાખો છો?' ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ, રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહ અને અન્સારીના મૃત્યુ અંગે બંને પક્ષોની પ્રતિક્રિયાઓ વચ્ચે સમાનતા દર્શાવતા કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર વધુ પ્રહારો કર્યા હતા. આદિત્યનાથે કહ્યું, '(વિપક્ષ અને ભાજપ વચ્ચે) આ જ ફરક છે કે જ્યારે ભગવાન રામના ભક્ત અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહનું અવસાન થયું ત્યારે ન તો સમાજવાદી પાર્ટી કે ન તો કોંગ્રેસના નેતાઓએ શોક વ્યક્ત કર્યો હતો. પરંતુ, તેઓએ માફિયા અંસારીના મૃત્યુ પર મગરના આંસુ વહાવ્યા છે.' ઉત્તરપ્રદેશમાં પાંચ વખત ધારાસભ્ય તરીકે ફરજ બજાવનાર અંસારી, ૨૮ માર્ચે બાંદા જેલમાં હાર્ટ એટેકથી મૃત્યુ પામ્યા હતા. તેમના મૃત્યુ બાદ, અસદુદ્દીન ઓવૈસીની આગેવાની હેઠળની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદ-ઉલ-મુસ્લિમીન (AIMIM) પાર્ટી અને સમાજવાદી પાર્ટીના નેતાઓ સહિત ઘણા લોકોએ તેમના પરિવારને સંવેદના આપવા માટે યુસુફપુરની મુલાકાત લીધી હતી.

# કેરળમાં લોકસભાની ચૂંટણીઓ વચ્ચે ભાજપ મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વચ્ચે આગ લગાડવાની ખતરનાક રમત રમી રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી,તા. ૧૨

કેન્દ્રમાં તેના ૧૦ વર્ષના લાંબા શાસન દરમિયાન લઘુમતી સમુદાયોના કલ્યાણ માટે કોઈ પગલાં લેવામાં નિષ્ફળ રહી હોવાના કારણે ચાલી રહેલી લોકસભા ચૂંટણી દરમિયાન ફાયદો મેળવવા સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી કેરળમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વચ્ચે રાજકીય પાક લેવા માટે ખતરનાક રમત રમી રહી છે. ભગવા પક્ષે ખ્રિસ્તીઓને લલચાવવાનો સર્વશ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે, જેઓ દક્ષિણ રાજ્યની ૧૮.૩૮% વસ્તી ધરાવે છે. ભાજપની વ્યૂહરચનાનો ઉદ્દેશ્ય મુસ્લિમોના સંદર્ભમાં તેમની સહિયારી અસલામતીનું શોષણ કરવાના આધારે ખ્રિસ્તીઓ અને હિન્દુઓનું ગઠબંધન બનાવવાનું છે. ભૂતકાળમાં, કેરળના મતદારોએ સામાજિક વાસ્તવિકતાઓને આધારે રાજકીય પસંદગીઓ બદલી છે. કેરળની તમામ ૨૦ લોકસભા બેઠકો પર ૨૬ એપ્રિલે બીજા તબક્કામાં મતદાન થઈ રહ્યું છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન દાવો કર્યો હતો કે ખ્રિસ્તી સમુદાયનો ભાજપમાં વિશ્વાસ વધુ મજબૂત થયો છે અને ભાજપ તેમના કલ્યાણમાટે શક્ય તેટલું બધું કરશે. છેલ્લા ત્રણ દાયકામાં કેરળમાં ભાજપનો વોટ શેર લોકસભા ચૂંટણીમાં લગભગ ૫%થી વધીને ૧૫% અને વિધાનસભા ચૂંટણીમાં ૫%થી વધીને ૧૧% થયો છે. તેમ છતાં, રાજ્યના ૬૮-વર્ષના ઈતિહાસમાં, ભાજપ અથવા તેના પુરોગામી, ભારતીય જનસંઘ, ૧૪૦ સભ્યોની વિધાનસભામાં ૨૦૧૬માં તિરુવનંતપુરમ જિલ્લામાં માત્ર એક જ બેઠક, નેમોમ જીતી શક્યું છે. આગામી ચૂંટણીમાં ભાજપે તે બેઠક ગુમાવી હતી. બીજેપીનો વૈચારિક ફાઉન્ટહેડ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, કેરળમાં ૧૯૪૦ના દાયકાની શરૂઆતથી સક્રિય છે, તેના રાષ્ટ્રીય નેતાઓ જેમ કે સરસંઘચાલક એમ.એસ. ગોલવલકર આ પ્રદેશની ઘણી વખત મુલાકાત લે છે. આરએસએસના જણાવ્યા અનુસાર, સ્વતંત્રતા સમયે કેરળમાં તેની ૯૫ 'શાખા' અને ૧,૨૦૦ સભ્યો હતા. આજે, તે ૫,૦૦૦થી વધુ દૈનિક 'શાખા' ધરાવે છે, જે ઉત્તરપ્રદેશ પછી સૌથી મોટી સંખ્યા છે અને રાજ્યમાં ૧.૭૫ લાખ સભ્યો છે. ગુજરાતમાં પણ માત્ર ૧,૦૦૦ જેટલી 'શાખા' છે. બીજેપીના રાષ્ટ્રીય નેતૃત્વએ કેરળમાં પગ જમાવવામાં કોઈ કસર છોડી નથી. મોદી અને ગૃહમંત્રી અમિત શાહે રાજ્યને કબજે કરવાનો પોતાનો ઈરાદો વારંવાર જાહેર કર્યો છે. માર્ચ ૨૦૨૩માં નાગાલેન્ડ અને મેઘાલયની ચૂંટણીઓ પછીના તેમના વિજય ભાષણમાં પણ, મોદીએ દક્ષિણ રાજ્ય પર નિશાન સાધ્યું અને કહ્યું કે તેમને વિશ્વાસ છે કે નજીકના ભવિષ્યમાં કેરળમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર આવશે. આ રાજ્યોમાં સામાન્ય પરિબળ તેમની મોટી ખ્રિસ્તી વસ્તી છે. કેરળમાં હિંદુ અને ઈસ્લામ પછી ખ્રિસ્તી ધર્મ ત્રીજો સૌથી મોટો પ્રચલિત ધર્મ છે. કેરળમાં ખ્રિસ્તી વસ્તીની ટકાવારી સમગ્ર ભારતમાં તેમની વસ્તી કરતાં મોટી છે, જે ભાજપ માટે બે લઘુમતી સમુદાયોને એકબીજાની વિરૂદ્ધમાં લાવવા અને રાજ્યમાં પોતાની હાજરીને વધુ મજબૂત બનાવવા માટે આકર્ષક બનાવે છે. શાસક સીપીઆઈ(એમ)ની આગેવાની હેઠળના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)એ પોતાને મુસ્લિમો માટે સૌથી અધિકૃત ભાજપ વિરોધી મોરચા તરીકે અને કોંગ્રેસથી નાખુશ અને ભાજપ પ્રત્યે અચોક્કસ ખ્રિસ્તીઓ માટે એક એસ્કેપ પ્લેટફોર્મ તરીકે રજૂ કર્યું છે. ભાજપની ગણતરી હિંદુઓ અને ખ્રિસ્તીઓ વચ્ચે વહેંચાયેલ વસ્તી વિષયક જોખમની ધારણા સૂચવવા પર આધારિત છે.

# જો મોદી સરકાર ચૂંટણી નહીં હારે તો 'કાળા દિવસો' આવશે : ઉદ્ધવ ઠાકરે

(એજન્સી) તા.૧૨

શિવસેના (UBT)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ દાવો કર્યો છે કે, જો મોદી સરકારની હાર નહીં થાય તો દેશ "કાળા દિવસો" જોશે.

ચાલી રહેલી લોકસભા ચૂંટણી વિશે બોલતા ઠાકરેએ તેમના પક્ષના મુખપત્ર 'સામના'ની રવિવારની આવૃત્તિમાં પ્રકાશિત એક મુલાકાતમાં જણાવ્યું કે, ભારતના લોકો તેમના નેતાઓનું ભવિષ્ય નક્કી કરશે.

તેમણે દાવો કર્યો કે, "જો વર્તમાન સરકારની હાર થશે તો દેશનું ભવિષ્ય શાંતિપૂર્ણ રહેશે અને લોકશાહી ખીલશે નહીં તો દેશને કાળો દિવસો જોવા પડશે. સારા દિવસો ક્યારેય આવ્યા નથી. પરંતુ કાળા દિવસો આવશે." મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યપ્રધાને એવો પણ આક્ષેપ કર્યો કે, ભ્રષ્ટાચારીઓને રક્ષણ આપવું એ 'મોદી ગેરંટી' છે. શિવસેના (યુબીટી) નેતાએ દાવો કર્યો કે, અન્ય તમામ રાજકીય પક્ષો અને ભ્રષ્ટાચારીઓને દેશમાંથી બરબાદ કરવામાં આવી રહ્યા છે. કારણ કે, ભાજપે તેમનો સમાવેશ કર્યો છે અને તેમને સુરક્ષાની ખાતરી આપી છે. તેમણે કહ્યું કે, "ભાજપ તમામ ભ્રષ્ટ લોકોને વેક્યૂમ ક્લીનરની જેમ સામેલ કરી રહી છે, જે તમામ ધૂળ અને ગંદકીને ચૂસી લે છે. કોંગ્રેસ, શિવસેના અને સમગ્ર દેશ ભ્રષ્ટાચારીઓથી મુક્ત થઈ ગઈ છે." ચૂંટણી પ્રચાર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણો વિશે પૂછવામાં આવતા ઠાકરેએ જણાવ્યું કે, "તેમના (વડાપ્રધાન) ભાષણો પાકિસ્તાન વિશે વાત કરે છે, જ્યારે વિપક્ષ ભારત વિશે બોલે છે." પૂર્વ મુખ્યમંત્રીએ ભાજપ પર "ભગવાન રામ"ને ચૂંટણી ચર્ચામાં લાવવાનો આરોપ પણ મૂક્યો હતો. કારણ કે, શાસક પક્ષ પાસે વિકાસના સંદર્ભમાં પ્રોજેક્ટ કરવા માટે કંઈ નથી.

# UPSC GK કેપ્સ્યુલ : અરવિંદ કેજરીવાલના જામીનથી લઈને સુનિતા વિલિયમ્સના ત્રીજા અવકાશ મિશન સુધી, અઠવાડિયાની ટોચની ઘટનાઓ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

UPSC સિવિલ સર્વિસીસથી લઈને SSC ભરતી પરીક્ષાઓ સુધી કોલેજમાં પ્રવેશથી લઈને જૂથ ચર્ચાઓ સુધી, સામાન્ય જ્ઞાનના પ્રશ્નો લગભગ દરેક પરીક્ષાનો નોંધપાત્ર ભાગ છે. પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે અથવા જેમને તેમના સમાચાર કોમ્પેક્ટ સ્વરૂપમાં મેળવવાની જરૂર છે, ન્યૂઝ૧૮ એક સાપ્તાહિક કૉલમ ઓફર કરે છે - GK કેપ્સ્યુલ. અમે તમને સાપ્તાહિક ન્યૂઝ રેપ આપીએ છીએ, ચોક્કસ વિષય અથવા પરીક્ષા પર વધુ માહિતી મેળવવા માટે, @news18dotcom પર સંપર્ક કરો. જો તમે સરકારી નોકરીની પરીક્ષા જોઈ રહ્યા છો અને તમારી આસપાસ શું થઈ રહ્યું છે તેના વિશે અદ્યતન રહેવા માંગતા હો, તો અમે તમને આવરી લીધા છે. અરવિંદ કેજરીવાલના જામીનથી લઈને સુનીતા વિલિયમ્સના ત્રીજા અવકાશ મિશન સુધી, અહીં અઠવાડિયાની સૌથી મહત્ત્વપૂર્ણ સમાચાર વાર્તાઓ છે:

**દિલ્હીની શાળાઓમાં સઘન સુરક્ષા, વિગતવાર પ્રોટોકોલ્સ જરૂરી : કેન્દ્ર :-** દિલ્હી-એનસીઆરના વિવિધ ભાગોમાં શાળાઓને મળેલ ધમકી ભર્યા ઈમેલના પગલે કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ પરિસ્થિતિની સમીક્ષા કરી અને શાળાઓમાં સુરક્ષા, સીસીટીવી કેમેરા અને ઈમેલનું નિયમિત મોનિટરિંગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ગૃહ સચિવે ભવિષ્યમાં આવી કોઈપણ પરિસ્થિતિને સંભાળવા માટે માનક ઓપરેટિંગ પ્રક્રિયાઓ (SOP) અને વિગતવાર પ્રોટોકોલ તૈયાર કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે દિલ્હી પોલીસ અને શાળાઓને ખોટી માહિતીના કારણે કોઈપણ બિનજરૂરી ગભરાટને ટાળવા માટે અસરકારક પ્રતિભાવ મિકેનિઝમ માટે ગાઢ સંકલનમાં રહેવા જણાવ્યું હતું. દિલ્હીના મુખ્ય સચિવ અને દિલ્હી પોલીસ કમિશનરે બેઠક દરમિયાન તેમની હાજરી ચિહ્નિત કરી.

**અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન મળ્યા :-** સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વિવાદાસ્પદ દારૂની નીતિ સાથે જોડાયેલા મની-લોન્ડ્રિંગ કેસમાં ૧ જૂન સુધી વચગાળાના જામીન આપ્યા છે. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ અને શિવસેના (UBT) સહિત AAPના રાજકીય સાથીઓએ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું હતું. આમ આદમી પાર્ટી (AAP)ના નેતા વર્તમાન લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરશે, જો કે, ચૂંટણી પરિણામોના બે દિવસ પહેલા ૨ જૂને તેમણે આત્મસમર્પણ કરવું પડશે. વધુમાં સર્વોચ્ચ અદાલતે તેમને આ સમયગાળા દરમિયાન મુખ્યપ્રધાન તરીકેની કોઈપણ ફરજો ન બજાવવાનો આદેશ આપ્યો છે.

**પન્નુન કેસની ભારત-અમેરિકાના દ્વિપક્ષીય સંબંધો પર કોઈ અસર નહીં : EAM જયશંકર :-** વિદેશપ્રધાન એસ. જયશંકરે તાજેતરમાં જણાવ્યું હતું કે, ભારત-અમેરિકાના ગાઢ બની રહેલા સંબંધો પર નિષ્ફળ હત્યાના કાવતરા સાથે ભારતીય જોડાણના આરોપોથી કોઈ પ્રભાવ પાડ્યો નથી. મીડિયા સાથેની એક વિશિષ્ટ મુલાકાતમાં EAMએ દાવો કર્યો હતો કે, ભારત-યુએસ સંબંધોની મૂળ ખૂબ જ મજબૂત છે અને આરોપોથી સંબંધો પર કોઈ અસર



થઈ નથી. ઉલ્લેખનીય છે કે, યુએસ સરકારે એક ભારતીય નાગરિક પર નવેમ્બરમાં ન્યૂયોર્કમાં શીખ અલગતાવાદી ગુરપતવંતસિંહ પન્નુનની હત્યાનું કાવતરૂં ઘડવાનો આરોપ મૂક્યો હતો. વોશિંગ્ટન દ્વારા ભારત પર ષડ્યંત્રમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યાના દિવસો પછી ભારતે આ મામલે યુએસ તરફથી મળેલા ઈનપુટ્સની તપાસ કરવા માટે એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરી હતી. અહેવાલો અનુસાર, પન્નુનની ભારતમાં આતંકવાદના આરોપમાં શોધ કરવામાં આવી હતી અને તેની પાસે યુએસ અને કેનેડાની બેવડી નાગરિકતા છે.

**HCએ MCD, DDAને સલામતી ધોરણોનું ઉલ્લંઘન કરતા કોચિંગ સેન્ટરો બંધ કરવાનો નિર્દેશ આપ્યો :-** દિલ્હી હાઈકોર્ટે DDA અને MCDને ફાયર સેફટીના નિયમોના ઉલ્લંઘનમાં કાર્યરત કોચિંગ સેન્ટરોને તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો છે. ન્યાયાધીશ યશવંત વર્માની આગેવાની હેઠળની બેંચે સત્તાવાળાઓને તેમના પરિસરની બહાર સ્થિત વિદ્યુત ઉપકરણોને સ્થાળાંતરિત કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો, જે લોકોને જોખમમાં મૂકી શકે છે. આ ચુકાદો આ વિસ્તારમાં કોચિંગ સેન્ટરોની કામગીરીને પડકારતી અનેક અરજીઓના જવાબમાં આવ્યો હતો, જેમાં જૂન ૨૦૨૩માં તેમાંથી એકમાં આગની ઘટનાની નોંધ લઈને સુઓમોટો કરી હતી.

**સુનિતા વિલિયમ્સ બોઈંગના સ્ટારલાઈનર પર તેની ત્રીજી અવકાશ ફ્લાઈટ માટે તૈયાર છે :-** ભારતીય મૂળની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ મંગળવારે ત્રીજી વખત અવકાશમાં જવાની તૈયારી કરી રહી છે. આ વખતે પાઈલટ તેની પ્રથમ ક્રૂ ટેસ્ટ ફ્લાઈટમાં બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાન પર સવાર થશે. સ્ટારલાઈનર કેપ કેનાવેરલ, ફ્લોરિડાથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન માટે પ્રયાણ કરશે. બોઈંગનું સ્ટારલાઈનર વિલિયમ્સ અને બુચ વિલ્મોરને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન લઈ જશે. અવકાશયાનના વિકાસમાં અડચણોને કારણે આ અવકાશ મિશન ઘણા વર્ષોથી વિલંબિત છે, પરંતુ આખરે લિફ્ટ-ઓફ સોમવારે સ્થાનિક સમય મુજબ ૨૨:૩૪ (મંગળવારે IST સવારે ૮:૦૪) માટે નિર્ધારિત છે.

# PM મોદીની નિવૃત્તિ : સંજયસિંહે અમિત શાહનો વીડિયો શેર કર્યો, ભાજપની '૭૫ વર્ષની ઉંમર' નીતિ પર સવાલ ઊઠાવ્યા

## સંજયસિંહે કહ્યું કે, '૭૫ વર્ષની ઉંમરનો નિયમ' લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, યશવંત સિંહા, સુમિત્રા મહાજન જેવા ભાજપના વરિષ્ઠ નેતાઓ પર લાગુ કરવામાં આવ્યો હતો અને તેમને ચૂંટણી ન લડવા માટે કહેવામાં આવ્યું હતું

(એજન્સી) તા.૧૨

**PM મોદીની નિવૃત્તિ :** દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નિવૃત્તિ અને તેના પર ગૃહપ્રધાન અમિત શાહના જવાબ વિશે પૂછવામાં આવેલા પ્રશ્નને આગળ ધપાવતા આમ આદમી પાર્ટી (AAP)ના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ સંજયસિંહે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પૂછ્યું. શું મોદી ભાજપની '૭૫ વર્ષની નિવૃત્તિની ફોર્મ્યુલા' સ્પષ્ટ કરવા માટે આગળ આવશે જે પાર્ટીએ 'તેમના વરિષ્ઠ પક્ષના નેતાઓ પર લાદી હતી.'



**તેણે X પર એક વીડિયો પોસ્ટ કર્યો :** આ બંને વીડિયો બીજેપીના ઢોંગી ચરિત્રને રજૂ કરવા માટે યોગ્ય છે. અમિત શાહ પોતે કહી રહ્યા છે કે, '૭૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને ટિકિટ નહીં મળે' આનંદી બેનજીએ પણ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું. તો મોદીનું રાજીનામું કેમ નહીં ??

AAPના રાષ્ટ્રીય પ્રવક્તા ગૃહપ્રધાન અમિત શાહના એ નિવેદન પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણી પછી રાષ્ટ્રનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખશે.

કેજરીવાલે વડાપ્રધાન મોદી દ્વારા બનાવવામાં આવેલા '૭૫ વર્ષની વયના લોકોની નિવૃત્તિ'નો 'અસલી' મુદ્દો ઉઠાવ્યો હોવાની દલીલ કરતા સંજયસિંહે કહ્યું, તેઓએ (શાહ સહિત ભાજપના નેતાઓ) કહ્યું કે, પીએમ મોદીએ જે પણ નિયમ બનાવ્યો છે, તેનો અમલ કરવામાં આવશે. હાં પણ અમલ અન્ય નેતાઓ કરશે પરંતુ મોદી પર નહીં.

સિંહે કેજરીવાલના અગાઉના નિવેદનને પુનરાવર્તિત કર્યું કારણ કે, તેમણે કહ્યું હતું કે, '૭૫ વર્ષની વયનો નિયમ' ભાજપના વરિષ્ઠ નેતાઓ જેમ કે એલ.કે. અડવાણી, મુરલી મનોહર જોશી, યશવંત સિંહા, સુમિત્રા મહાજન અને કેટલાક સાંસદો પર લાગુ કરવામાં આવ્યો હતો અને તેમને ચૂંટણી ન લડવા માટે કહેવામાં આવ્યું હતું.

પીએમ મોદીએ પોતે બનાવેલા વય નિયમ અંગે સ્પષ્ટતા આપવી જોઈએ. તેમણે એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે શું તેઓ પીએમ પદ માટે લોભી છે.

અગાઉના દિવસે AAPના રાષ્ટ્રીય કન્વીનરે દાવો કર્યો હતો કે, PM મોદી ગૃહપ્રધાન અમિત શાહ માટે રસ્તો બનાવી રહ્યા છે તેમણે આરોપ મૂક્યો હતો કે, તેઓ સામાન્ય ચૂંટણીઓ પછી મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને હાંસિયામાં ધકેલી દેશે.

કેજરીવાલે કહ્યું હતું કે, આ લોકો ભારત ગઠબંધનને પૂછે છે કે, તેમનો વડાપ્રધાન કોણ હશે. હું ભાજપને પૂછું છું કે તમારો વડાપ્રધાન કોણ હશે ? પીએમ મોદી ૧૭ સપ્ટેમ્બરે ૭૫ વર્ષના થઈ રહ્યા છે. તેમણે એક નિયમ બનાવ્યો છે કે, પાર્ટીના નેતાઓ ૭૫ વર્ષ પછી નિવૃત્ત થશે. લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, સુમિત્રા મહાજન અને યશવંત સિંહા નિવૃત્ત થયા હતા અને હવે પીએમ મોદી ૧૭ સપ્ટેમ્બરે નિવૃત્ત થવા જઈ રહ્યા છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સવાલના થોડા સમય બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, પીએમ મોદી નિવૃત્ત નહીં થાય.

શાહે કહ્યું હતું કે, '(નરેન્દ્ર) મોદીજી ૭૫ વર્ષની ઉંમરે પહોંચ્યા પછી બદલાશે નહીં.' 'મોદીજી કો બદલના હી નહીં હૈ, મૈંને સ્પષ્ટ કર દિયા હૈ, (અમારે મોદીજીને બદલવાની જરૂર નથી, મેં સ્પષ્ટ કરી દીધું છે).'

પીએમ મોદીની નિવૃત્તિ પર દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના નિવેદનના જવાબમાં શાહે કહ્યું, 'તે પહેલેથી જ નક્કી છે કે, તેમની બદલી કરવામાં આવશે નહીં.' કેજરીવાલને પૂછ્યું, '૨૦૧૪માં પીએમ મોદીએ પોતે એક નિયમ બનાવ્યો હતો કે, ભાજપના નેતાઓ ૭૫ વર્ષની વય પછી નિવૃત્ત થશે. મોદીજી આવતા વર્ષે ૧૭ સપ્ટેમ્બરે ૭૫ વર્ષના થઈ રહ્યા છે. મારે મોદીજીને પૂછવું છે, શું તમે અમિત શાહ માટે વોટ માંગી રહ્યા છો ?

# UPSC પરીક્ષામાં પાંચ વખત નિષ્ફળ થઈ છઠ્ઠા પ્રયત્નમાં પાસ થઈ IRS અધિકારી બની, અખિલ ભારતીય ક્રમાંક ૧૪૫ મેળવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા લેવામાં આવતી સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરવી અત્યંત પડકારજનક છે. વર્ષોની મહેનત પછી પણ સફળતા મળતી નથી. જો કે કેટલાંક લોકો સતત નિષ્ફળતાથી નિરાશ થતા નથી, પરંતુ કેટલીકવાર તે લોકોની નિરાશાનું સ્તર વધારી દે છે. નિષ્ફળતા એ એક પડકાર છે, તેને સમજ્યા પછી તમારી જાતને તૈયાર કરી શકો છો. આ લેખમાં વાર્તાનો આવી જ એક વ્યક્તિ વિશે વાત કરવામાં આવી છે. દિલ્હીની રહેવાસી નમિતાએ પાંચ વખત UPSC પરીક્ષા આપી અને નિષ્ફળ થઈ પરંતુ તેણે હિંમત ન હારી. અંતે તેને સફળતા મળી. નમિતા શર્મા દિલ્હીની છે. અહીંથી જ તેણે શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો. અહીં તેણે ઈન્દ્રપ્રસ્થ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાંથી બી.ટેક પૂર્ણ કર્યું. બી.ટેક પછી નમિતાને એક સોફ્ટવેર કંપનીમાં નોકરી મળી ગઈ, આ સમયે નમિતાએ નોકરી છોડીને UPSC પરીક્ષા આપવાનું શરૂ કર્યું. આ રીતે



તેણે તેની સંપૂર્ણ તૈયારી શરૂ કરી દીધી. તૈયારી માટેના તેના શ્રેષ્ઠ પ્રયત્નો છતાં નમિતા શર્મા તેના પ્રથમ પ્રયત્નમાં UPSC સિવિલ સર્વિસીઝ પરીક્ષા પાસ કરી શકી નહીં. તેણે ફરીથી પ્રયત્ન કર્યો અને આ વખતે તે પ્રારંભિક તબક્કામાં પણ નિષ્ફળ રહી. નમિતાએ હાર ન માની અને ફરી એકવાર પરીક્ષા આપી.જો કે, આ વખતે તેણે એટલી તૈયારી કરી ન હતી અને ત્રીજી વખત પ્રારંભિક પરીક્ષામાં નાપાસ થઈ હતી. તે સતત નિષ્ફળતાથી પરેશાન હતી પરંતુ હાર માની નહીં. તેણે ચોથો અને પાંચમો પ્રયત્ન કર્યો પરંતુ આ વખતે પણ તે નિષ્ફળ થઈ. પરંતુ તેનું લક્ષ્ય એક જ રહ્યું. આટલી વખત પરીક્ષામાં નાપાસ થયા બાદ નમિતા શર્માએ ફરી UPSC સિવિલ સર્વિસિસની પરીક્ષાનો પ્રયત્ન કર્યો અને અંતે નમિતાની મહેનત રંગ લાવી. તેણે છઠ્ઠા પ્રયત્નમાં સિવિલ સર્વિસ પરીક્ષા પ્રિલિમ્સ, મેઈન્સ અને ઈન્ટરવ્યુ પાસ કરી. તેનો અખિલ ભારતીય ક્રમાંક ૧૪૫ વખતે હતો. આ પછી તેને IRS અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવી.

# ExcelRના CEO રામ તવ્વાએ ૨૦ કલાક કામ કરીને ૧૦૦ કરોડ રૂપિયાની કંપની બનાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

ભારતમાં IT ક્ષેત્રે તાજેતરના વર્ષોમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી છે, જેણે દેશને વૈશ્વિક ટેક્નોલોજી હબમાં પરિવર્તિત કર્યો છે. આ ક્ષેત્રમાં સફળ થવાની અપાર સંભાવનાઓને ઓળખીને ExcelRના CEO, રામ તવ્વાએ પણ IT ક્ષેત્રે પોતાની ઓળખ બનાવી અને અતૂટ પ્રતિબદ્ધતા સાથે, તેમણે તેમની કંપનીને વધુ ઊંચાઈઓ તરફ દોરી. તેમનો વ્યવસાય શરૂ કરતાં પહેલાં રામે ગ્લેક્સો ઈન્ડિયા લિમિટેડ (AFC)માં સેલ્સ મેનેજર તરીકે કામ કર્યું હતું, જેણે તેમને વ્યવસાયને સમજવા માટે માર્ગદર્શન આપ્યું. સખત મહેનત અને શીખવાની ઈચ્છા સાથે તેમણે આખરે સર્વિસ ડિલિવરી મેનેજરનું પદ મેળવ્યું.



તેમણે IT ક્ષેત્રમાં તેમના જ્ઞાનને એકીકૃત કરવા માટે કોલકાતામાં IIT ખાતે તેમનો ઉચ્ચ અભ્યાસ પણ કર્યો. વધુમાં તેમણે પીએમપી અને આઈટીઆઈએલ એક્સપર્ટ સર્ટિફિકેટ મેળવ્યો અને પોતાની જાતને એક ઉદ્યોગ નિષ્ણાંત તરીકે પ્રતિપાદિત કરી.

તેમના પ્રતિષ્ઠિત પદ પરથી રાજીનામું આપ્યા પછી ૨૦૧૩માં રામે ExcelRની સ્થાપના કરી, એક કંપની જે પ્રોજેક્ટ મેનેજમેન્ટ, IT સર્વિસ મેનેજમેન્ટ અને ક્વોલિટી એશ્યોરન્સ જગ્યાઓ પર તાલીમ પૂરી પાડે છે.

ExcelR, અન્ય ઘણી કંપનીઓની જેમ શરૂઆતમાં પડકારોનો સામનો કરવો પડ્યો. ટીમે ચોક્કસ ઓફિસ વગર કામ કર્યું અને તેને કોઈ પગાર મળ્યો ન હતો. રામે કંપનીની નોંધણી કરવાનો પ્રયત્ન કરતાં વિવિધ અવરોધોનો સામનો કરવો પડ્યો. આનાથી તેઓ સેલ્સ, માર્કેટિંગ અને માર્કેટ રિસર્ચ જેવા વિવિધ ક્ષેત્રોમાં સ્વ-શિક્ષિત થયા.

જો કે, રામે ક્યારેય હાર ન માની અને ExcelRની નોંધપાત્ર વૃદ્ધિ માટે દિવસમાં લગભગ ૨૦ કલાક કામ કર્યું.

જો કે, રામ અને તેની ટીમે આવકમાં વધઘટ અનુભવી હતી, તેમ છતાં તેની મહેનત આખરે ફળીભૂત થઈ ગઈ. ExcelRને બ્રેક-ઈવન હાંસલ કરવામાં ૧.૫ વર્ષ અને સ્થિર થવામાં ૩ વર્ષ લાગ્યા.

વૈશ્વિક કોવિડ-૧૯ રોગચાળા વચ્ચે ExcelRના અસાધારણ વિસ્તરણમાં રામે મુખ્ય ભૂમિકા ભજવી હતી.તેમણે કોમ્બો કોર્સ, રેફરલ બિઝનેસ અને અન્ય નવીન યુક્તિઓ રજૂ કરી જેણે કંપનીની વૃદ્ધિને આશ્ચર્યજનક ૧૨૦૦% સુધી પહોંચાડી.

ફાઈનાન્શિયલ એક્સપ્રેસના જણાવ્યા અનુસાર ExcelRએ ૧૦૦ કરોડ રૂપિયાનો વાર્ષિક રન રેટ મેળવ્યો હતો જ્યારે તેનું મૂલ્યાંકન ૨૨% હતું, જે ઉદ્યોગના ધોરણોથી પણ ઉપર હતો.

# IIT દિલ્હીના પૂર્વ વિદ્યાર્થીઓ જેમણે ઉચ્ચ પગારવાળી નોકરી છોડી ૪૦,૦૦૦ કરોડની કંપની બનાવી

## આ બંને IITiansએ રિસેલર-કેન્દ્રિત પ્લેટફોર્મ Meeshoની સ્થાપના કરી અને સામાજિક વાણિજ્યની પહેલ કરી છે

(એજન્સી) તા.૧૨

વિદિત આત્રે અને સંજીવ બરનવાલ બંને મિત્રો છે જેમણે સખત મહેનત, દૃઢતા અને સમર્પણ દ્વારા મોટી સફળતા મેળવી છે. વિદિત આત્રે અને સંજીવ બરનવાલે, IIT દિલ્હીના સહપાઠીઓ Meeshoની સ્થાપના કરી છે. તે એક સામાજિક વાણિજ્ય પ્લેટફોર્મ છે જે ઈ-કોમર્સ ઉદ્યોગમાં ગેમ-ચેન્જર બની ગયું છે. IITમાંથી સ્નાતક થયા પછી મીશોના સહ-સ્થાપક અને સીટીઓ સંજીવ બરનવાલ એક અદ્ભૂત સાહસ પર નીકળ્યા હતા. તેમણે જાપાનનો પ્રવાસ કર્યો, જ્યાં તે Sonyની કોર ટેક ટીમમાં જોડાયો જ્યાં તેઓ અમૂલ્ય પાઠ શીખ્યા. તેમ છતાં તેની પોતાની કંપની શરૂ કરવાની અંતર્ગત ઝંખના હતી. તેમણે તેમના મિત્ર વિદિત આત્રેનો સંપર્ક કર્યો, જેઓ તે સમયે બેંગ્લોર સ્થિત InMobi ફર્મમાં નોકરી કરતા હતા. સંજીવ અને વિદિતએ જૂન ૨૦૧૫માં પોતપોતાની નોકરી છોડી દીધી હતી, જ્યારે સ્ટાર્ટઅપ માટેના વિચાર પર કામ ચાલી રહ્યું હતું. જ્યારે તેઓએ સૌપ્રથમ ફેશન માર્કેટપ્લેસની કલ્પના કરી હતી, ત્યારે તેમનો ધ્યેય એક પ્લેટફોર્મ વિકસાવવાનો હતો જે વ્યવસાયોની સફળતાને સર્વોચ્ચ અગ્રતા આપે. ૨૦૧૫ના અંતમાં બેંગ્લુરૂના પડોશમાં આવેલા કોરમંગલામાં બે બેડરૂમના નાના ફ્લેટમાંથી Meeshoની કામગીરી શરૂ થઈ હતી. તેમનું પ્રથમ કાર્યક્ષેત્ર ડાઈનિંગ ટેબલ હતું. અહેવાલો અનુસાર સંજીવ બરનવાલની કિંમત $૨.૧ બિલિયન કે તેથી વધુ છે, જે એક ઉદ્યોગસાહસિક તરીકેનો તેમનો ટ્રેક રેકોર્ડ જોતાં પ્રભાવશાળી છે. વેચાણ માટે સોશિયલ મીડિયાનો વધુ અસરકારક ઉપયોગ કરવામાં વેપારીઓને મદદ કરવા માટે, આત્રે અને બરનવાલે વાણિજ્ય માટે ફેસબુક અને વોટ્સએપની મર્યાદાઓને સમજ્યા પછી ૨૦૧૫માં Meeshoની શરૂઆત કરી. Meesho એક અનોખી વ્યાપાર વ્યૂહરચના લાગુ કરે છે જેમાં "પુનઃવિક્રેતાઓ," મુખ્યત્વે ગૃહિણીઓ તેમના સોશિયલ નેટવર્કમાં માલનું માર્કેટિંગ અને વેચાણ કરે છે અને "વિક્રેતાઓ" એપ પર બજાર બનાવે છે. સોદો પૂર્ણ કરવા માટે તેઓ ગ્રાહકો સાથે વાતચીત કરવા, તેમની Facebook સાઈટ્સને Meesho સાથે જોડવા અને મેસેજિંગ એપ દ્વારા પેમેન્ટ લિંક્સ પહોંચાડવા માટે WhatsAppનો ઉપયોગ કરે છે. Meesho ડિલિવરી સંભાળે છે અને વિક્રેતાઓ પાસેથી કમિશન વસૂલ કરીને પૈસા કમાય છે. સંજીવ બરનવાલ અને વિદિત આત્રે દ્વારા ૨૦૧૫ના અંતમાં બનાવવામાં આવેલી કંપની Meeshoમાં એપ્રિલમાં



તેની વેલ્યુએશનમાં નોંધપાત્ર વધારો થયો હતો, જે $૨.૧ બિલિયનની નજીક આવ્યો હતો. પરંતુ સપ્ટેમ્બરના અંત સુધીમાં, કંપનીની કિંમત બમણી થઈને આશ્ચર્યજનક રીતે $૪.૯ બિલિયન થઈ ગઈ હતી, જે સંકેત આપે છે કે આ વિસ્તરણ માત્ર શરૂઆત હતી. Meeshoએ પોતાના માટે મહત્ત્વાકાંક્ષી ધ્યેયો નક્કી કર્યા છે, ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં ૧૦ કરોડ માસિક વપરાશકર્તાઓ કે જેઓ વ્યવહાર કરે છે તેને વટાવી જવાની આશા રાખે છે. અત્યારે ૧.૫ કરોડ વપરાશકર્તાઓ સાથે આ ધ્યેય સાત ગણો વૃદ્ધિ પર છે. આની શરૂઆત ખાસ કરીને મહિલા ઉદ્યોગસાહસિકો માટે બનાવવામાં આવેલ રિસેલિંગ પ્લેટફોર્મ તરીકે થઈ હતી, જેનાથી તેઓ તેમની કંપનીઓ શરૂ કરી અને પૈસા કમાઈ શકે. સ્થાપક અને CEO, વિદિત આત્રેએ સ્પષ્ટતા કરી કે "Meesho"નો અર્થ "મેરી શોપ" અથવા "અપની દુકાન" થાય છે. કોઈ પ્રારંભિક રોકાણની આવશ્યકતા વિના સામાજિક વાણિજ્ય પ્લેટફોર્મે ૧.૩ કરોડથી વધુ સાહસિકોને તેમની પોતાની ઈન્ટરનેટ કંપનીઓ શરૂ કરવામાં Meeshoએ મદદ કરી છે જેમાંથી મોટાભાગની મહિલાઓ છે. Meesho ભારતમાં મહિલા સશક્તિકરણ માટે એક શક્તિશાળી સાધન તરીકે વિકસિત થયું છે, જેનાથી તેઓ આર્થિક રીતે સ્વતંત્ર બની શકે છે અને દેશની અર્થવ્યવસ્થાને વેગ આપે છે. Meeshoની સફળતાની વાર્તા વિશ્વભરના લાખો સાહસિકો માટે પ્રેરણારૂપ છે.

# જાણો આ વ્યક્તિ વિશે કે જેની કંપનીને IRDAIએ રૂા. ૯,૬૫૦ કરોડમાં અનિલ અંબાણીની દેવાગ્રસ્ત કંપની ખરીદવાની મંજૂરી આપી

(એજનસી) નવી દિલ્હી, તા.૧૨

અનિલ અંબાણીની દેવામાં ડૂબેલી રિલાયન્સ કેપિટલને હિન્દુજા ગ્રુપની ઈન્ડસઈન્ડ ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ (IIHL) દ્વારા હસ્તગત કરવામાં આવશે. મોરેશિયસ સ્થિત IIHLનું નેતૃત્વ અશોક હિન્દુજા કરે છે. કંપનીને દેવાથી ડૂબી ગયેલી રિલાયન્સ કેપિટાના ટેકઓવર માટે IRDAIની શરતી મંજૂરી મળી છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલે રિલાયન્સ કેપિટલ માટે હિન્દુજા ગ્રુપ ફર્મના ૯૬૫૦ કરોડ રૂપિયાના ઠરાવ યોજનાની મંજૂરી આપી હતી.

અશોક પી. હિન્દુજા, હિન્દુજા ગ્રુપ અને હિન્દુજા ફાઉન્ડેશનના સ્થાપક પી.ડી. હિન્દુજાના સૌથી નાના પુત્ર છે. તેઓ અને તેમના બે ભાઈઓ ૩૮ દેશોમાં વૈશ્વિક પદચિહ્ન સાથે વૈવિધ્યસભર વૈશ્વિક વૃદ્ધિને માર્ગદર્શન આપી રહ્યા છે. તેઓ નાની ઉંમરે પારિવારિક વ્યવસાયમાં જોડાયા હતા. તેઓ ભારતમાં હિન્દુજા ગ્રુપ ઓફ કંપનીઓને સંભાળે છે.

તેઓ મુંબઈ યુનિવર્સિટીમાંથી કોમર્સમાં સ્નાતક છે. અશોકને વેસ્ટમિન્સ્ટર યુનિવર્સિટી, યુકે અને રિચમન્ડ કોલેજ, યુકે દ્વારા અનુક્રમે કાયદા અને અર્થશાસ્ત્રમાં માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે. તેમની પાસે યુરોપિયન યુનિવર્સિટી, જીનીવા તરફથી માનદ ડોક્ટરેટ પણ છે. અશોકે હર્ષા સાથે લગ્ન કર્યા છે અને બંનેને બે પુત્રીઓ, અંબિકા અને સત્યા અને એક પુત્ર, શોમ છે.

જૂન ૨૦૨૩માં હિન્દુજા ગ્રુપ ફર્મની ૯૬૬૧ કરોડ રૂપિયાની રોકડ બોલી માટે પસંદ કરવામાં આવી હતી. રિલાયન્સ કેપિટલની



વધારાની ૫૦૦ કરોડ રૂપિયાની રોકડ રકમ પણ ધિરાણકર્તાઓને જશે. નવેમ્બર ૨૦૨૧માં રિઝર્વ બેંક (RBI)એ અનિલ ધીરૂભાઈ અંબાણી ગ્રુપની કંપની દ્વારા ગવર્નન્સના મુદ્દાઓ અને બાકી ચૂકવણી પર રિલાયન્સ કેપિટલના બોર્ડને હટાવી દીધું. સેન્ટ્રલ બેંકે નાગેશ્વર રાવ વાયને એડમિનિસ્ટ્રેટર તરીકે નિયુક્ત કર્યા હતા, જેમણે ફેબ્રુઆરી ૨૦૨૨માં કંપનીને હસ્તગત કરવા માટે બોલી લગાવનારોને આમંત્રિત કર્યા હતા.

રિલાયન્સ કેપિટલના વીમા વ્યવસાયો એટલે કે રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ અને રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યોરન્સને IIHLમાં ટ્રાન્સફર કરવા માટે IRDAIની મંજૂરી મહત્ત્વની છે. રિલાયન્સ કેપિટલ એ રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ અને રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યોરન્સના પ્રમોટર્સમાંની એક છે. રિલાયન્સ કેપિટલ પર ૪૦,૦૦૦ કરોડનું દેવું હતું.

# સુરતથી અમદાવાદ શ્રીમંત પ્રસંગમાં જતી મીની લકઝરી બસમાં નડિયાદ નજીક આગ લાગી

**ચાલકની સમયસૂચકતાથી ૧૫ મુસાફરોનો આબાદ બચાવ : અન્ય બનાવમાં કઠલાલના અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ટ્રકમાં આગ લાગતા માલસામાન બળીને ખાખ**

નડિયાદ, તા.૧૨

ખેડા જિલ્લામાં વિતેલા કલાકો દરમિયાન રોડ પર દોડતા વાહનોમાં આગ લાગવાના બે બનાવો બનવા પામ્યા છે. જેમાં ગતરાત્રે કઠલાલના અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ટ્રકમાં આગ લાગી હતી. જ્યારે આજે રવિવારે સવારે નડિયાદ નજીકના વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર મીની બસમાં આગ લાગી હતી. આ બંને ઘટનાઓમાં મોટી જાનહાનિ ટળી છે. મીની બસમાં લાગેલી આગની ઘટનામાં ચાલકની સમય સૂચકતાથી ૧૫ મુસાફરોનો અબાદ બચાવ થઈ ગયો છે. બંને ઘટનાઓમાં નડિયાદ ફાયરની ટીમે પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લીધી હતી.

મળતી માહિતી મુજબ શનિવાર રાત્રે કઠલાલ પાસેથી પસાર થતાં અમદાવાદ ઈન્દોર હાઈવે ટોલ નાકા નજીક પસાર થતી એક ટ્રકમાં એકાએક આગ લાગતાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. જોકે ટ્રક ચાલકે પોતાનું વાહન થોભાવે તે પહેલા જ શરીરે સામાન્ય દાઝી ગયા હતા. કોઈ અગમ્યકારણોસર આગ લાગતા રોડ પર ભારે દોડધામ મચી ગઈ હતી. તો બીજી તરફ નડિયાદ ફાયરને કોલ મળતા નડિયાદ ફાયરનો સ્ટાફ બનાવ સ્થળે દોડી આવ્યો હતો. કઠલાલ પોલીસ પણ દોડી આવી હતી. તો વળી આગ એટલી ભયંકર હતી કે, ટ્રકમાં ભરેલો માલસામન બળીને ખાખ થઈ ગયો હતો. જોકે પહોંચેલી ફાયરની ટીમે પાણીનો છંટકાવ કરી વાહન પર લાગેલ આગને કાબુમાં લીધી હતી.

જયારે વાહનમાં આગ લાગવાનો અન્ય એક બનાવ આજે સવારે નડિયાદ પાસેથી પસાર થતા વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર બન્યો છે. જેમાં સુરતથી અમદાવાદ તરફ જતી મીની બસમાં એકાએક આગ લાગી હતી. નડિયાદ નજીક હાઈવે પર આ ઘટના બની હતી. જેથી વાહન ચાલકે આ વાહન તુરંત અટકાવી મીની બસમાં સવાર તમામ મુસાફરોને બહાર ઉતાર્યા હતા. ઘટનાની જાણ નડિયાદ ફાયરની ટીમને થતાં ફાયરના કર્મીઓ દોડી આવ્યા હતા. અને પાણીનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવ્યો હતો.

બસના ચાલકે જણાવ્યું હતું કે, સુરતથી અમદાવાદ શ્રીમંત પ્રસંગમાં જતા હતા ત્યારે નડિયાદ નજીક આ હાઈવે પર વાહનમાં અચાનક ધૂમાડા દેખાતા મે તુરંત ઈમરજન્સી લેન પર વાહન પાર્ક કરી દીધું હતું અને એ બાદ બસમાં સવાર અંદાજીત ૧૫ જેટલા મુસાફરોને બહાર કાઢી દેવાયા હતા. માટે મોટી જાનહાનિ થતાં અટકી છે. આ ઘટનામાં મીની બસ બળીને ખાખ થઈ ગઈ છે. તો મીની બસમાં શોર્ટ સર્કિટથી આગ લાગ્યા હોવાનું પ્રાથમિક અનુમાન ફાયર વિભાગના કર્મચારીઓએ જણાવ્યું છે.

# હાંસોટ મહાલ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓમાં ધો. ૧૦-૧૨નું ઝળહળતું પરિણામ

અંકલેશ્વર, તા.૧૨

હાંસોટ મહાલ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સંચાલીત શાળાઓમાં ધો. ૧૨ એચએસસી તથા ધો.૧૦ એસએસસીનું ઝળહળતું પરિણામ આવ્યું હતું. જેમાં એમ.એ.માકુવાલા હાઈસ્કૂલ, હાંસોટ એચ એસ સીનું ૮૬.૩૭% પરિણામ આવ્યો હતો જેમાં પ્રથમ ક્રમે શેખ આદિલા મોહંમદ ઈમરાન (કોમર્સ) ૮૫.૮૫ % બીજા ક્રમે દશુ સાયમા શબ્બીર ઈસ્માઈલ (આર્ટ્સ) ૭૮% ત્રીજા ક્રમે પટેલ ખદીજા શૌકત ઈબ્રાહિમ ૭૭.૭૮% સાથે સ્થાન મેળવ્યું હતું. જયારે હલીમાબીબી એ.વાડીવાલા ગર્લ્સ હાઈસ્કૂલનો ધો.૧૦ એસએસસીનો ૯૫.૮૩% પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે મલેક ઉનૈસા મહમદ યુનુસ ૯૮.૮૨ પીઆર બીજા ક્રમે માલ્જી સાદીયાહ મહમદ તૈયબ ૯૮.૪૬ પીઆર ત્રીજા ક્રમે શેખ નબીહા સફી અહમદ ૯૬.૫૧ પીઆર સાથે સ્થાન મળવ્યું હતું, જ્યારે એમ.એ માકુવાલા હાઈસ્કૂલ હાંસોટનો ધો. ૧૦ એસએસસીનો ૮૪.૨૧ % પરિણામ આવ્યું હતું જેમાં પ્રથમ ક્રમે પટેલ ઝૈદ મોહમ્મદજાકીર અબ્દુલ ૯૮.૬૫ પીઆર બીજા ક્રમે કયામ અબ્દુલ્લાહ મોહમદઈરફાન ૮૯.૭૫ પીઆર ત્રીજા ક્રમે પટેલ મોહમ્મદ સૈફ મોહમ્મદ સઈદ ૮૨.૧૨ પીઆર સાથે સ્થાન મેળવ્યું હતું જ્યારે ધી એંગ્લો ઉર્દુ ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ, હાંસોટનો ધો. ૧૦ એસએસસીનો ૧૦૦% પરિણામ આવ્યું હતું જેમાં પ્રથમ ક્રમે કાનુગા અબુ ઝર ઝાકીર ૮૫.૦૯ પીઆર બીજા ક્રમે ટેલર અલ ઉમર સાજીદ ૭૯.૨૫ પીઆર ત્રીજા ક્રમે સંચાવાલા ફાતેમા ગુલામહુસૈન ૫૯.૭૯ પીઆર સાથે સ્થાને મેળવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળ, શાળાના આચાર્ય, શિક્ષકો દ્વારા સફળ થનાર તમામ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ઉમ્માહ ફિઝિયોથેરાપિસ્ટ્સ એસોસિયેશન (UPTA) દ્વારા ચાર સ્થળોએ ફ્રી પ્રિ હજ ફિટનેસ કાર્યક્રમ યોજાયો




અમદાવાદ, તા.૧૨

ઉમ્માહ ફિઝિયોથેરાપિસ્ટ્સ એસોસિયેશન (UPTA) દ્વારા આયોજિત મેગા ફ્રી પ્રિ હજ ફિટનેસ પ્રોગ્રામનું આયોજન ૪ જગ્યાએ કરવામાં આવ્યું હતું, જામનગરમા ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા મેમણ જમાત ખાના, પાંચ હાટડી ખાતે અને જુમ્મા મસ્જિદ, નરીમાન પૂરા કમિટી દ્વારા ધર્મ એસ્ટેટ ખાતે, અલ અમીન મસ્જિદ કમિટી, ન્યુ રાંદેર રોડ દ્વારા અલ. અમીન મસ્જિદ અને ઈસ્લામી બહેનો માટે અલ નૂર રેસીડેન્સી, સુરત ખાતે અને દાહોદમા ઉમર ફાઉન્ડેશન કાર્યાલય, જુમ્મા મસ્જિદ પાસે ઉમર ફાઉન્ડેશન ખાતે એમ ૪ અલગ અલગ જગ્યાએ ૩૦થી વધુ ફિઝિયોથેરાપિસ્ટ્સ્ ડોકટરો મળીને જેમા ૨૬૦થી વધુ હાજીઓએ ભાગ લીધો હતો. હજ દરમ્યાન પડતી શારીરિક તકલીફો અને અડચણો અને હાજીઓની કાર્યક્ષમતા વધારવાના હેતુથી અલગ-અલગ સ્ટ્રેચિંગ, આઈસોટોમેટ્રીક, આઈસોટોનિક, એક્ટિવ રેન્જ ઓફ મોશન એક્સરસાઇઝ, ચાલવાની રીત, બ્રીથિંગ એક્સરસાઇઝ, એર્ગોનોમિક્સ, ફૂટવેર મોડીફિકેશન, ડાયેટ અને વોટર મેનેજમેન્ટ જેવી બધા જ પાસાઓને આવરી લઈ હાજીઓને માહિતગાર કર્યા હતા. જામનગરમાં ડૉ. અબ્બાસ અલી સૈયદ અને ડૉ. અમીન સફિયા નરીમાન પૂરામા ડો. સોહેલ કાદરી (પ્રમુખ UPTA) અને ડૉ. આયેશા મન્સૂરી, સુરતમા ડૉ. કુલ્સુમ વાહેદકલામ અને ડૉ. શહેઝાદ ખુશાલજીવાલા, દાહોદમા ડૉ. સોહેલ કાદરી (પ્રેસિડેન્ટ UPTA) અને ડૉ. અસ્મા વોરા (એક્સેક્યૂટિવ મેમ્બર)એ પ્રોગ્રામને આગળ વધાર્યું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે UPTA સાથે જોડાયેલ સંસ્થાઓના તમામ જિમ્મેદારોએ અથાગ પ્રયત્નો કરી પ્રોગ્રામ સફળ બનાવ્યું હતુ. UPTA સલગ્ન ક્લિનિકમા કેમ્પથી લઈ હજમાં જાય ત્યાં સુધી આ પ્રોગ્રામ નિઃશુલ્ક રહેશે એવુ UPTAના પ્રેસિડેન્ટ ડૉ. સોહેલ કાદરીએ એક અખબાર યાદીમાં જણાવ્યું હતું.

# તિલકવાડાના ઉતાવળી પાટિયા પાસે બાઈક પરથી રોડ ઉપર પટકાતાં મહિલાનું મોત

## ૭ માસના બાળકનો ચમત્કારિક બચાવ

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૨

નર્મદા જિલ્લાના તિલકવાણા તાલુકાના ઉતાવળી પાટિયા પાસે અકસ્માતમાં મોટરસાયકલની પાછળ બેસેલી ૩૫ વર્ષીય મહિલા મોટરસાયકલ ઉપર ફંગોળાઈને રોડ ઉપર પટકાતા તેને શરીર ઉપર ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. રામસિંગ માલજીભાઈ ભીલ (ઉ.વ.૩૯)ની પત્ની રીનાબેન ભીલ અને ૭ માસના બાળકને લઈ તેમની મોટરસાયકલ પર કવાંતથી કરજણ જઈ રહ્યા હતા. ત્યારે તિલકવાડા તાલુકાના ઉતાવળી પાટિયા પાસે મોટરસાયકલ ઉપરથી ખોળા બેસેલ સાત માસનો બાળક રાજેશ સહિત રોડ ઉપર પટકાતા તેમના માથા તેમજ શરીર ઉપર ગંભીર ઈજા થઈ હતી. આ અકસ્માતમાં રીનાબેન ભિલનું ઘટનાસ્થળ ઉપર કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું જ્યારે તેમના બે માસના દીકરાને સામાન્ય ઈજા થતાં તેનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. આ ઘટના અંગે તિલકવાડા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર-લીંબડીના જજ બદલાયા

## સુરેન્દ્રનગરમાં બે સેશન્સ જજની બદલી

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૨

લીંબડી કોર્ટના એડી. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સાગર પ્રેમ શંકર (એસ .પી. સંકર)ની છોટાઉદેપુર બડોલી ખાતે બદલી થઈ છે. તેઓની જગ્યાએ ભચાઉથી પ્રતાપ તેજાભાઈ પટેલ (પી.ટી.પટેલ)ની લીંબડી સેશન્સ જજ તરીકે લીંબડી ખાતે તથા સુરેન્દ્રનગરના સેકન્ડ એડીશનલ સેશન્સ જજ આરતીબેન રાજેન્દ્રભાઈ દેસાઈ (એ.આર.દેસાઈ મેડમ, પોકસો કોર્ટ)ની ગાંધીનગર ફેમિલી કોર્ટમાં બદલી થયેલ છે. હિંમતનગર ફેમિલી કોર્ટમાંથી મહંમદઅક્રમ અલીભાઈ(એમ.એ. કડીવલા)ની સુરેન્દ્રનગર એડી. સેશન્સ જજ તરીકે નિમણૂક થયેલ છે તથા સેકન્ડ એડિશનલ સિવિલ જજ એન્ડ જ્યું.મેજી.વડોદરા કોર્ટ ખાતેથી નીતિનકુમાર કસ્તુરલાલ મકવાણા (એન.કે.મકવાણા)ની એડિશનલ સિવિલ એન્ડ જ્યું.મીજી.કોર્ટ ચોટીલા તરીકે નિમણૂંક થયેલ છે.

# નડિયાદની ખુશ્બુ હાઈસ્કૂલનું ધો.૧૦નું ૯૪.૫૯ ટકા, ધો.૧૨નું ૯૩.૫૧ ટકા પરિણામ

નડિયાદ, તા.૧૨

ખુશ્બુ હાઈસ્કૂલ, મરીડા રોડ, નડિયાદ ધોરણ ૧૦ માર્ચ ૨૦૨૪ શાળાનું પરિણામ ૯૪.૫૯% તેમજ ધોરણ ૧૨ માર્ચ ૨૦૨૪ શાળાનું પરિણામ ૯૩.૫૧% આવેલ આવ્યું છે. આ શાળામાં ધોરણ ૧૦માં પ્રથમ ત્રણ આવનારમાં બાવદીન આયશા ઈકબાલભાઈ ૫૫૯/૬૦૦ મેળવ્યા છે એટલે કે ૯૮.૫૫ પી.આર. છે. ટકાવારીની દૃષ્ટિએ જોવા જઈએ તો ૯૩.૧૬% થાય છે. A-1માં આવે છે શાળામાં બીજા નંબરે મલેક આયશા ઈલિયાસભાઈ ૫૫૦/૬૦૦ મળ્યા છે ૯૭.૬૩ પી.આર છે. ટકાવારી જોઈએ તો ૯૧.૬૭% છે, ત્રીજા નંબરે અલાદ ઈસ્મત હારૂનભાઈ ૫૪૯/૬૦૦ મેળવ્યા છે ૯૭.૫૧ પી.આર. છે ટકા ૯૧.૫૦% છે. ચારે ધોરણ ૧૨માં શાળામાં પ્રથમ ત્રણ નંબરમાં મોટાના હાજરા ઈશાકભાઈ ૬૩૩/૭૦૦ મળ્યા છે. ૯૮.૮૪ પી.આર. છે અને ૯૦.૪૩% છે, બીજા નંબરે સાજીના અતિક ઈમરાનભાઈ ૬૨૮/૭૦૦ મળ્યા છે. ૯૮.૫૦ પી.આર છે ૮૯.૭૧% છે અને ત્રીજા નંબરે ડભોઈવાલા ઈકરા મોહસીનભાઈ ૬૨૪/૭૦૦ મળ્યા છે. ૯૮.૧૮ પી.આર. છે અને ૮૯.૧૪% છે. શાળાના વિદ્યાર્થીઓની આ સિદ્ધિને શાળા પરિવારએ બિરદાવી હતી.

# કોસંબાની હાજી એ.એમ. મોતાલા સાર્વજનિક હાઈસ્કૂલનું ધો. ૧૦નું ૮૬.૭૯ ટકા પરિણામ



વહોરા મન્તશાબેન



મુલ્લા ફાઈઝા સુલેમાન



મુલ્લા મારીયા ફીરોઝ



વસાવા રેણુકા કેતનભાઈ

કોસંબા, તા.૧૨

કોસંબા એજયુકેશન સોસાયટી સંચાલિત હાજી એ.એમ. મોતાલા સાર્વજનિક ઉ.મા. શાળા, કોસંબાનું ધોરણ-૧૦નું બોર્ડનું પરિણામ ૮૬.૭૯% આવ્યું છે. ધોરણ-૧૦માં વહોરા મન્તશાબેન મુશ્તાકભાઈ અને મુલ્લા ફાઈઝા સુલેમાન ૯૨.૬૭% ટકા સાથે પ્રથમ ક્રમ, મુલ્લા મારીયા ફીરોઝ અને વસાવા રેણુકા કેતનભાઈ ૯૧.૫૦% ટકા સાથે બીજો ક્રમ તથા ભગત એંજલ અજયભાઈ ૮૯.૧૭ % ટકા સાથે ત્રીજો ક્રમ પ્રાપ્ત કરેલ છે. કોસંબા એજયુકેશન સોસાયટીનાં પ્રમુખ, સેક્રેટરી અને તમામ ટ્રસ્ટીગણ તેમજ શાળાના આચાર્ય તથા સમગ્ર શાળા-પરિવાર ઉતીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓ અને ઉત્કૃષ્ટ પરિણામ લાવવા બદલ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# નરસંડાની મુસ્કાન શાળામાં પ્રથમ આવી જીપીએસસી પાસ કરવાની ઈચ્છા

**પોતાની સફળતાનો શ્રેય પ્રથમ અલ્લાહને ત્યારબાદ માતા-પિતા અને શિક્ષકોને આપ્યો**



નડિયાદ, તા.૧૨

નડિયાદ તાલુકાના નરસંડામાં આવેલી બી.એમ. પટેલ હાઈસ્કુલમાં અભ્યાસ કરતી અને નરસંડામાં રહેતી મલેક મુસ્કાનબાનું મો. હનીફએ ૯૪.૮૩ પી આર મેળવી શાળામાં ફર્સ્ટ આવી છે. મુસ્કાનએ પોતાની આ સફળતા પાછળ પ્રથમ અલ્લાહ ત્યારબાદ માતા-પિતા અને સ્કૂલના શિક્ષકોનો ફાળો ગણાવ્યો હતો. નાના ગામડામાં રહેતી મુસ્કાને ધોરણ ૧૨માં સફળતા મેળવ્યા બાદ આગળ અભ્યાસ કરી જીપીએસસી પરીક્ષા પાસ કરવાની ઈચ્છા છે. હવે તે કોલેજમાં એડમિશન લેશે અને સાથે-સાથે સ્પર્ધામાં પરીક્ષાની તૈયારી પણ હાલથીજ શરૂ કરી દેશે. શાળામાં અભ્યાસની સાથે સાથે ઘરે પદ્ધતિ સરની તૈયારી કરવામાં આવે તો અવશ્ય સફળતા મળે છે ગામડાની વિદ્યાર્થીનીઓ ધોરણ ૧૨ પછી અભ્યાસ છોડે છે આવા વિદ્યાર્થીઓના માવતરને મુસ્કાન એટલું જ કહે છે કે પોતાના બાળકોને એમાય મળી છોકરીઓને જેટલું ભણવું હોય તેટલું ભણાવવું જોઈએ. તે કુટુંબ સમાજ ગામ અને દેશનો વિકાસ કરી શકે છે ધોરણ ૧૦માં પણ મુસ્કાન શાળામાં ફર્સ્ટ આવી હતી.

**અંકલેશ્વરના જૂના દીવા સ્થિત**

# મદ્રેસા પ્રાયમરી એન્ડ સેકન્ડરી સ્કૂલનું ધો. ૧૦નું ૧૦૦ ટકા પરિણામ



પટેલ અનસ મહમદ હનીફ-૮૭.૩૯%



પટેલ અમ્માર રસીદ-૯૩.૨૮%

અંકલેશ્વર, તા.૧૨

અંકલેશ્વર તાલુકાનાં જૂના દીવા ગામે આવેલ મદ્રેસા પ્રાયમરી એન્ડ સેકન્ડરી સ્કૂલમાં ધો.૧૦ એસએસસીમાં પટેલ અમ્માર રસીદ ૯૩.૨૮% તથા પટેલ અનસ મહમદહનીફ ૮૭.૩૯% સાથે પાસ થયા હતા તથા ઉપરોક્ત શાળા વિદ્યાર્થીનીઓ પણ મોટી સંખ્યામાં પાસ થઈ હતી જે અંગે શાળાના ટ્રસ્ટી મંડળ દ્વારા પ્રિન્સિપાલ શિક્ષકો વિદ્યાથીઓ, વિદ્યાર્થિનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# કોંઢની એસ.એમ.બદાત રેસી. સ્કૂલનું એસએસસીનું ૮૫ ટકા પરિણામ



લીંબાડા તંઝીલા ઈકબાલ-૮૯.૭%



તરકી સાયમા મહમદઈમરાન-૮૧.૩૩%



ભૈયાત રેહાન આસીફ-૭૩%

અંકલેશ્વર, તા.૧૨

ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન, સુરત સંચાલિત એસ.એમ. બદાત રેસી. સ્કૂલ, કોંઢ, તા. વાલીયા સ્થિત વર્ષ ૨૦૨૪ની ધો.૧૦ એસએસસીની પરીક્ષામાં શાળાનું ૮૫% પરિણામ નોંધાયું હતું. જેમાં પ્રથમ ક્રમે લીંબાડા તંઝીલા ઈકબાલ ૮૯.૭%, બીજા ક્રમે તરકી સાયમા મહમદઈમરાન ૮૧.૩૩%, ત્રીજા ક્રમે ભૈયાત રેહાન આસીફ ૭૩% સાથે સ્થાન મેળવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મંડળ, આચાર્ય તથા શિક્ષકોએ સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સુરત શહેરમાં ૩ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપનાર યુ.પી.ના યુવકની ધરપકડ કરાઈ




સુરત, તા.૧૨

સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપનાર શખ્સને ઉધના પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

થોડા દિવસ પહેલાં અમદાવાદની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ પહેલાં સુરતના એક મોલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનો ઈ-મેઈલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે ફરી એક વખત સુરત પોલીસ કંટ્રોલરૂમમાં ૧૧ મેના રોજ મોડી સાંજે શહેરની ત્રણ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરવાનો મેસેજ મળતા ક્રાઈમ બ્રાન્ચ, SOG અને પોલીસ સહિતની ટીમ દોડતી થઈ હતી. જેમાં પોલીસે આખી રાત કોમ્બિંગ કરી એક યુવકને ઝડપી પાડ્યો હતો. આ યુવક યુપીનો રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. હાલ આ મામલે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ઉધના વિસ્તારમાં રહેતા અશોકસિંગ નામના યુવકે ગઈકાલે સાડા સાત વાગ્યાની આસપાસ પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કર્યો હતો. જેમાં તેણે ધમકી આપી હતી કે, શહેરની અલગ-અલગ જગ્યાએ ૧૧:૫૫ મિનિટે બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવશે. નનામો ફોન આવતાની સાથે જ પોલીસ કંટ્રોલરૂમ દ્વારા સંબંધિત અધિકારીઓને તમામ વિગતો પહોંચતી કરવામાં આવી હતી અને ત્યારબાદ તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. ફોન કરનારે બ્લાસ્ટનો સમય આપ્યો તે પહેલાં તેને ઝડપી પાડવા માટેનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં હતાં. જેમાં સુરત ક્રાઈમ બ્રાન્ચ, એસોજી તેમજ સ્થાનિક પોલીસને કામે લગાડી દેવામાં આવી હતી. ફોન કરનારનું લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું હતું. સાથે-સાથે સ્થાનિક બાતમીદારોની પણ મદદ લેવામાં આવી હતી. જેના આધારે પોલીસે અશોકસિંગ નામના શખ્સની અટકાયત કરી હતી. અશોકસિંગ મૂળ યુપીનો રહેવાસી છે અને સુરતમાં રહી છૂટક મજૂરી કરે છે. આ યુવક દ્વારા જ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

તેની વધુ પુછપરછ કરતા જણાવેલ કે, "સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી કલાક ૨૩/૫૫ વાગે સુરત શહેરમે તીન બોમ્બ બ્લાસ્ટ કરેગે રોક સકો તો રોક લો." તેવો ફોન કરેલ પરંતુ પૂછપરછ કરતા આરોપીએ જણાવેલ કે, "મારા દ્વારા સુરત શહેર વિસ્તારમાં કોઈપણ જગ્યાએ બોમ્બ મૂકવામા આવેલ નથી, પરંતુ મે લોકોને ડરાવવા અને ભય ફેલાવવા માટે આ ફેક કોલ કર્યો હોવાનું જણાવ્યું હતું. આ સમગ્ર બનાવમાં ઉધના પોલીસ મથકના પો.ઈન્સ. એન.દેસાઈના માર્ગદર્શન અને સર્વેલન્સ પો.સ.ઈ. એચ.જે.મચ્છરના નેતૃત્વ હેઠળ સર્વેલન્સની ટીમ દ્વારા બોમ્બ બ્લાસ્ટની ધમકી આપનાર ઈસમને પકડી પાડવામાં આવ્યો છે. સુરત ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, કંટ્રોલરૂમમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનારા ફોનને ટ્રેસ કરવામાં આવ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચ, એસોજી અને ઉધના પોલીસની ટીમ કામે લાગી ગઈ હતી. ઊંડાણપૂર્વકની તપાસ કરતા જણાવા મળ્યું હતું કે, ઉધના વિસ્તારમાંથી કોલ કરવામાં આવ્યો હતો. ઉધના પોલીસ પણ આખી રાત કોમ્બિંગમાં જોડાઈ હતી. ફોન કરનાર અશોકસિંગની ઓળખ કરી લેવામાં આવી છે. તે મૂળ યુપીનો છે. આ ફોન કરવા પાછળ અન્ય લોકો પણ જોડાયેલા છે કે કેમ? તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. અશોકસિંગની હાલ ધરપકડ કરી લેવામાં આવી છે અને આઈપીસીની કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

# પાકિસ્તાની જાસૂસને સાથે રાખી સીઆઈડી ક્રાઈમે અંકલેશ્વર-ઝઘડિયા કંપનીમાં તપાસ કરી

**ઝઘડિયાની હિન્દુસ્તાન સ્પેશિયાલિસ્ટ કેમિકલ્સ લિ.માંથી કોમ્પ્યુટર સીપીયુ જપ્ત કર્યું : અંકલેશ્વરના ભડકોદ્રા ગામે આવેલ મકાનમાં પણ તપાસ કરાઈ**



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૨

ઝઘડીયા ખાતેથી ઝડપાયેલ પાકિસ્તાનની આઈ.એસ.આઈ. હેન્ડલર માટે જાસૂસી કરનાર પ્રવિણ કુમાર મિશ્રાને લઈ સી.આઈ.ડી ક્રાઈમની ટીમે ઝઘડિયડની હિન્દુસ્તાન સ્પેશ્યાલિસ્ટ કેમિકલ્સ લિમિટેડમાંથી કોમ્પ્યુટર સીપીયુ જપ્ત કર્યું હતું. અંકલેશ્વર ભડકોદ્રા ગામ ખાતે ઘરમાં પણ તપાસ કરી પુનઃ અમદાવાદ જવા રવાના થઈ હતી. પાકિસ્તાનની આઈ.એસ.આઈ.ના હેન્ડલર માટે જાસૂસી કરી કરતા મૂળ બિહારનો ઈસમ અંકલેશ્વર રહી ઝઘડીયા જીઆઈડીસીમાં આવેલ હિન્દુસ્તાન સ્પેશ્યાલિસ્ટ કેમિકલ્સ લિમિટેડમાં જનરલ મેનેજર તરીકે નોકરી રહ્યો હતો. જે પ્રવિણ કુમાર મિશ્રાને પાકિસ્તાની ઈન્ટેલિજન્સ એજન્સીના ઓપરેટીવ દ્વારા દોરી સંચાર કરી ભારતની આંતરિક સુરક્ષાને તોડવા તેમજ ભારતીય સુરક્ષા દળો સાથે સંકળાયેલ ભારતની મિસાઈલ સિસ્ટમ અને તેના પાર્ટસના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપનીની અંત્યત ગોપનીય માહિતી પહોંચાડી હતી. જે પ્રવીણ કુમાર મિશ્રાને ૩ દિવસ પૂર્વે એક મહિનાની વોચ બાદ સી.આઈ.ડી. ક્રાઈમ ટીમે ઝઘડીયા ખાતેથી ઝડપી પાડ્યો હતો અને કોર્ટમાં રજૂ કરતા ૧૪ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા જે રિમાન્ડ દરમિયાન પોલીસે પ્રથમ આજરોજ ઝઘડીયા ખાતે આવેલ હિન્દુસ્તાન સ્પેશ્યાલિસ્ટ કેમિકલ્સ લિમિટેડમાં સર્ચ કર્યું હતું જ્યાં કંપનીનું જે કોમ્પ્યુટર ઉપયોગ કરતો હતો તેના સીપીયુને કબજે કર્યું હતું. સાથે જ અંકલેશ્વરના ભડકોદ્રા ખાતે આવેલ પટેલ પાર્કમાં તેના રૂમ પર પણ તપાસ કરી હતી. જ્યાં અર્ધા કલાક સુધી સર્ચ કર્યા બાદ ટીમ પ્રવિણ કુમાર મિશ્રાને લઈ અમદાવાદ રવાના થઈ હતી જ્યારે તેના ઘરમાં સર્ચમાંથી પોલીસે કોઈ સામાન જપ્ત કર્યો ન હતો અને કોના સંર્પકમાં હતો તેની હવે તપાસ શરૂ કરી છે.

# હિંમતનગરની ભક્તિએ રાજ્ય કક્ષાની ફેન્સિંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની ભક્તિએ ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની ફેન્સીગ સ્પર્ધામાં મેદાન માર્યું અને સિલ્વર મેડલ મેળવી પરિવાર અને હિંમતનગરનું નામ રોશન કર્યું છે. આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગરની ભક્તિ જયેશભાઈ પટેલ જે પંજાબમાં જલંધર ખાતે આવેલ લવલી પ્રોફેશન યુનીવર્સીટીમાં બીબીએના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે અને ગુજરાત સ્પોર્ટ એકડેમી દ્વારા સંસ્કાર ધામ અમદાવાદ ખાતે ફેન્સીગની તાલીમ લે છે. ત્યારે શનિવારે ખેલ મહાકુંભ-૨૦૨૪ અંતર્ગત રાજ્ય કક્ષાની સિનિયર ગર્લ્સ ફેન્સિંગ (તલવારબાજી) ઈપી સ્પર્ધા ગાંધીનગરમાં સેક્ટર ૭ ખાતે આવેલ પી.કે.ચૌધરી મહિલા કોલેજ ખાતે યોજાઈ જેમાં ૧૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ફાઈનલ ભક્તિ પટેલ અને રીતુ ચૌધરી વચ્ચે રમાઈ હતી જેમાં રીતુ ચૌધરીને ગોલ્ડમેડલ મળ્યો હતો, ભક્તિ પટેલને બીજા ક્રમે સિલ્વર મેડલ, પ્રિયલ દાવડાને બ્રોન્ઝ અને અર્ચિતા પટેલને પણ બ્રોન્ઝ મેડલ મેળવ્યું હતું.

### કોંગ્રેસના ગેનીબેને ચૂંટણી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો

# તમે જે પાઘડી બાંધી છે તેની લાજ નહીં જવા દઉ

## દીકરીઓને ભણાવવા પર ભાર મૂકી સમાજને સ્વનિર્ભર બનાવવાની વાત કરી

અમદાવાદ, તા.૧૨

વાવના ધારાસભ્ય અને બનાસકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ફરી એકવાર ચૂંટણીમાં જીતનો વિશ્વાસ વ્યકત કર્યો છે. અવસર હતો ઠાકોર સમાજના સમૂહલગ્નોત્સવનો. જ્યાં ગેનીબેન ઠાકોરે સમાજનો આભાર વ્યકત કરતા કહ્યું કે સમાજે રૂપિયા અને વોટ બંને આપ્યા, મારા કરવા કરતા સમાજે મારા માટે ઘણું કર્યું છે. ત્યારે વિશ્વાસ વ્યકત કર્યો કે તમે જે પાઘડી બંધાવી તેની લાજ નહીં જવા દઉ. તો સમાજનું પોતાના પર ઋણ હોવાનો સ્વીકાર કરતા કહ્યું કે ચૂંટણી દરમિયાન ૪૦૦ સભા થઈ પરંતું હજુ તાકાત છે અને પાવર પણ છે તે પોતાની નહીં પણ સમાજની તાકાત છે. આ તકે ગેનીબેન ઠાકોરે ઠાકોર સમાજને સ્વનિર્ભર બનાવવા હાંકલ કરી હતી. આટલું જ નહીં દીકરીઓના શિક્ષણ પર પણ ભાર મૂક્યો છે. ઠાકોર સમાજના સમૂહલગ્નોત્સવમાં વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે એક વિચાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, મારી જિંદગી હવે પછી શિક્ષણ પાછળ સમર્પિત કરી દઈશ. ઠાકોર સમાજમાં છેલ્લા ૩૦ વર્ષથી ભેગું કરીએ છીએ અને ફરી પાછું વેરાઈ જાય છે. છતાં હજુ એને હાર નહીં સ્વીકારીએ. ઠાકોર સમાજમાં હવે હજાર બે હજાર ના વાપરી શકે તેવું કોઈ કુટુંબ નહિ હોય. ઠાકોર સમાજના સમુહ લગ્નમાં અમારે કોઈની સામે ભીખ માગવાની નથી. ગેનીબેન ઠાકોરે અપીલ કરતાં જણાવ્યું કે, તમામ સમાજો સાથે રાખીને સમાજના પ્રસંગો કરવા જોઈએ. વાલ્મિકી સમાજના સમુહ લગ્નમાં હું ને શંકરભાઈ હતા પરંતુ અમે બંને મહેમાન હતાં. મહેમાનો ગમે ત્યાં જઈ શકે બોલાવે ત્યાં જઈ શકીએ. સમાજને સ્વનિર્ભર બનાવવો જોઈએ. તમારી દીકરીઓને સારી રીતે ભણાવવી જોઈએ. વાલીઓ દ્વારા બાળકીને ભણવા માટે મોકલો છો ત્યારે ભાડાની વ્યવસ્થા કે પછી સાધનની વ્યવસ્થા કરાવો.

### નિકોલના પીઆઈ સામે ફરિયાદ બાદ તપાસનો ધમધમાટ

# PI ત્રાસ આપતા હોવાના આક્ષેપના કેસની તપાસ ACPને સોંપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

શનિવારે અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનના PI સામે તેમના જ પોલીસ સ્ટેશનના પીએસઆઈએ ત્રાસ આપવાનો આક્ષેપ કર્યો છે. હવે આ સમગ્ર મામલાની તપાસ એચ ડીવીઝનના એસીપી આર ડી ઓઝાને સોંપવામાં આવી છે. આર ડી ઓઝાએ આ કેસની તપાસ શરૂ કરી દીધી છે. ત્યારે હવે આ આક્ષેપ અંગે ACP આર ડી ઓઝાનું નિવેદન સામે આવ્યું

## નિવેદન લઈને આગળની કાર્યવાહી કરાશે : ACP

છે. ACP આર ડી ઓઝાએ આ અંગે જણાવ્યું હતું કે PSI જયંતિ શિયાળે પોલીસ કમિશનરને અરજી કરી છે. તેમણે અરજીમાં PI કે.ડી.જાટ સામે આક્ષેપ કર્યા છે કે તેમની પાસેથી જ વધુ ફરજ લેવામાં આવે છે, બીજા પાસેથી નથી લેતા. માનસિક રીતે હેરાન કરવામાં આવે છે. જેથી તેમને આત્મહત્યાના વિચારો આવે છે. આર ડી ઓઝાએ જણાવ્યું કે આ સિવાય બીજા પીએસઆઈ રાજેશ યાદવે પણ કંટ્રોલ રૂમમાં ફોન કરીને આક્ષેપ કર્યા છે. આક્ષેપ કરનારા બંને PSIના ડિવિઝનમાં નિવેદન લેવાશે. PI કે.ડી.જાટનું પણ નિવેદન લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે. અન્ય વિગતોની પણ તપાસ કરવામાં આવશે અને જે કંઈ તથ્ય બહાર આવશે એનો ઉપરી અધિકારીને રીપોર્ટ કરવામાં આવશે. તપાસ બાદ આક્ષેપ સાચા છે કે ખોટા તે તપાસ બાદ જ માલુમ પડશે.

મહત્ત્વનું છે કે PSI જયંતિ શિયાળે PI કે.ડી.જાટ સામે આક્ષેપ કર્યા બાદ પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. ત્યારે રાજેશ યાદવે નિકોલ પોલીસ સ્ટેશનના વોટસએપ ગ્રૂપમાં પોતાની નોકરીની ફાળવીને લઈને સવાલો કર્યા હતાં. જેમાં તેમને લખ્યું હતું કે બીજા પીએસઆઈ ઓ શું આરામ કરવા માટે રાખ્યા છે ? આ પ્રકારનું નિકોલ પોલીસ સ્ટેશનના વોટસ એપ ગ્રૂપના સ્ક્રીન શોટ પણ વાયરલ થઈ રહ્યા છે ત્યારે શું પોલીસ વિભાગમાં વધુ કામના ભારણ ના કારણે આ બનાવ સામે આવ્યો છે કે પછી સાચે જ નિકોલ પીઆઈ કે.ડી જાટ દ્વારા ભેદભાવ રાખવામાં આવે છે.

પીએસઆઈ જયંતિભાઈ શિયાળે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગને લખેલા પત્રમાં કહ્યું છે કે તેઓ પીઆઈ કે.ડી.જાટના ત્રાસથી કંટાળીને રાજીનામું આપવા માંગે છે. એટલે સુધી કે તેમણે પીઆઈના ત્રાસથી આપઘાત કરવો પડે તેવી સ્થિતિ હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ કર્યો છે. છેલ્લા ઘણા સમયથી પીઆઈ આ રીતે ત્રાસ આપી રહ્યો હોવાનું પીએસઆઈ જયંતિ શિયાળે પોતાના પત્રમાં જણાવ્યું છે. પીએસઆઈ દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ મંત્રાલયને લખવામાં આવેલા પત્રથી પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું. આ મામલે પીઆઈ કે.ડી. જાટ સામે ખાતાકીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

### શહેરના જોધપુર ચાર રસ્તા નજીકનો બનાવ

# AMTS બસચાલકે ૮ વાહનોને અડફેટે લીધા પાંચ લોકો ઈજાગ્રસ્ત : એકની હાલત ગંભીર

## પોલીસે સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરમાં બેફામ ચાલતી AMTSની બસને લઈને અવાર-નવાર ફરિયાદો ઊઠે છે. ગત મહિને જ એક બેફામ બસચાલકે એક આધેડને અડફેટે લઈ મોતને ઘાટ ઉતાર્યા હતા. ત્યારે શહેરમાં AMTS બસે વધુ એક અકસ્માત સર્જ્યો છે. બસે એક સાથે આઠ જેટલા વાહનોને ટક્કર મારી છે જેથી વાહનો એકબીજા સાથે એક બાદ અથડાયા છે. અકસ્માતમાં ચારથી પાંચ લોકોને ઈજા પણ પહોંચી છે. આ બનાવની જાણ થતાં ટ્રાફિક પોલીસ ઘટના સ્થળે પહોંચી છે.

જેમાં ઈજાગ્રસ્તો પૈકી એક વ્યક્તિની હાલત ગંભીર હોવાની વિગતો સાંપડી છે. જો કે, તે હાલ સારવાર હેઠળ છે. આ ઘટનામાં ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે જેમાં એક વ્યક્તિની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે. AMTSની ૧૫૧ નંબરની બસે જોધપુર ચાર રસ્તા પાસે ટ્રાફિક સિગ્નલ પર ઉભેલા વાહનોને ટક્કર મારી હતી. આઠ વાહનોને ટક્કર મારતાં વાહનો એકબીજા સાથે અથડાયા હતા. આ અકસ્માતમાં ચારથી પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માત અંગેની જાણ થતાં એમબ્યુલેન્સ અને પોલીસની ટીમ સ્થળ પર પહોંચી છે. ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે જ્યારે પોલીસે સ્થળ પર પહોંચી




તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડાક દિવસો અગાઉ પણ શહેરના ભુલાભાઈ ચાર રસ્તા નજીક એક એએમટીએસના ડ્રાઈવરે પૂરઝડપે બેદરકારીથી બસ હંકારી એક્ટિવા ચાલકને કચડી નાખી મોતને ઘાટ ઉતાર્યો હતો. જેને લઈને અનેક લોકોએ એએમટીએસની ઘોર બેદરકારીની નિંદા કરી હતી.

## ગુજરાતથી પ્રવાસે ગયેલા વિદ્યાર્થીઓ મનાલીમાં ફસાયા : બે કલાક વરસાદમાં પલળ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૨

રાજકોટથી મનાલી પ્રવાસમાં ગયેલા શાળાના વિદ્યાર્થીઓને મુશ્કેલીમાં મૂકાયા હતા. મનાલીમાં ચાલુ વરસાદે યુનિવર્સલ ક્લબના મેનેજર ૪૫ વિદ્યાર્થીઓને મૂકીને અન્ય બસમાં ચાલ્યા ગયા હતા. બે કલાક સુધી વિદ્યાર્થીઓ સામાન સાથે વરસાદમાં પલળ્યા જેના કારણે કેટલાક વિદ્યાર્થીઓ માંદા પડ્યા ને બાદમાં બસ આવી તેમાંથી પણ પાણી ટપકતું રહ્યું, જેના કારણે વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા.

મહાત્મા ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓને સ્કૂલમાંથી ગત તા. ૪ના રાત્રે ટ્રેન મારફત કુલુ મનાલી પ્રવાસ માટે રાજકોટથી લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન મનાલીમાંથી વૈષ્ણોવદેવી મંદિરે જવા માટે ૨ બસમાં નીકળ્યા હતા. જેમાં પ્રથમ બસમાં ટુર્સ એજન્સીના મેનેજર નીકળી ગયા હતા. બાદમાં વરસાદ શરૂ થઈ ગયો તેમછતાં બસ ન આવી. જેથી ૪૫ વિદ્યાર્થીઓ વરસાદમાં ભીંજાઈ ગયા અને સામાન પણ પલળી ગયો હતો.બસ થોડી વારમાં આવી જશે તેમ મેનેજરે જણાવ્યું હતું.

અમુક વિદ્યાર્થીઓને ચક્કર આવવા લાગ્યા તો કેટલાકને ઉલ્ટી થઈ હતી. વરસાદને કારણે વિદ્યાર્થીઓની તબિયત બગડી ગઈ. જોકે, બાદમાં ૨ કલાક બાદ બસ આવી હતી.

## સુરતમાં રમત-રમતમાં દોઢ વર્ષના બાળકે ઓઈલ પી લેતા સારવાર બાદ મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૨

ગોડાદરા વિસ્તારમાં રહેતા અનિલ રોય પોતાની કંપનીમાં કામ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમની પત્ની શિવકુમારી ઘરેથી બાળકો સાથે બપોરનું ભોજન લઈને કંપનીમાં પહોંચી હતી. રાબેતા મુજબ જ્યારે પણ કંપનીમાં જતી ત્યારે પતિના કામમાં થોડી મદદરૂપ થતી હતી. ઘટના બની તે દિવસે માતા પોતાના બાળકને લઈને ત્યાં પહોંચી હતી. બે ભાઈઓ એકસાથે ત્યાં રમી રહ્યા હતા. એક બોટલમાં પાણી ભરેલું હતું અને બીજીમાં ઓઈલ ભરેલું હતું. બાળકે રમતાં રમતાં પાણીને બદલે ઓઈલની બોટલ ખોલીને પી લીધું હતું. જેને કારણે તેની તબિયત લથડી હતી. ત્યારબાદ તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. જ્યાં ૧૫ દિવસ સારવાર બાદ ડોક્ટરે જણાવ્યું હતું કે, એનાં ફેફસાંમાં પાણી જતું રહ્યું હોવાથી ન્યૂમોનિયાની અસર થઈ ગઈ છે. તેના કારણે તમારા બાળકનું મોત થઈ ગયું છે.

### સંગેમરમરનો પથ્થર એક ઐતિહાસિક ખનીજ સમાન

# ગુજરાતના સંગેમરમરને મળ્યો GI ટેગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

સંગેમરમરનો પથ્થર એક ઐતિહાસિક ખનીજ સમાન જ માનવામાં આવે છે આ સંગેમરમરથી દેશ વિદેશમાં મોટા સ્મારકો બન્યા છે. ગુજરાતભરમાં આ સંગેમરમર એટલે કે માર્બલ ખાણો માત્ર અંબાજીમાં આવેલી છે. ત્યારે આ કિંમતી સંગેમરમરને જીઆઈ ટેગ મળ્યું છે. અંબાજીમાં

## ટેગ મળતા અંબાજીના માર્બલની વેલ્યુ વધી

૩૦ ઉપરાંત ખાણોમાંથી સફેદ સંગેમરમરનો પથ્થર નીકળે છે. અંબાજીની ખાણોમાંથી નીકળતા આ સફેદ માર્બલના પથ્થરની મોટી વિશેષતાઓ છે. આ પથ્થર મજબૂતીમાં હાર્ડ અને કેલ્શિયમ માત્રામાં ભરપૂર છે. અંબાજી પંથકમાં એવું મનાય છે કે, આ માર્બલની ખાણો ૧૦૦૦થી ૧૨૦૦ વર્ષ પુરાણી છે, ને આજે પણ ધરતીના પેટાળમાં સંગેમરમરનો પથ્થર એટલે કે માર્બલનો પથ્થરનો ખજાનો ધરબાયેલો પડ્યો છે. ઉદ્યોગકારો આ પથ્થરને જાણે બરફીના ચોસલા પાડીને નીકાળતા હોય તેમ આધુનિક મશીનથી આ માર્બલના બ્લોક નીકાળતા હોય છે. ગુજરાત કે દેશ જ નહિ પણ વિદેશોમાં પણ અંબાજીના આ માર્બલની ભારે બોલબાલા છે. અંબાજીના આ પથ્થરથી અનેક મંદિરોના પણ નિર્માણ થયા છે. તાજેતરમાં અંબાજીના સફેદ આરસપહાણમાં જે સિલિકોન ઓક્સસાઈડ કેલિશ્યમ ઓક્સસાઈડ જેવા તત્વો હોવાને કારણે અંબાજી માર્બલને GI ટેગ ભારત સરકાર દ્વારા પ્રાપ્ત થયો છે. જેમ ઉચ્ચ ક્વોલિટીવાળા સોનાના દાગીનામાં હોલમાર્ક હોય છે તેમ અંબાજીના માર્બલને હજારો વર્ષ બાદ GI ટેગ એટલે કે જીઓ ગ્રાફિકલ ઈન્ડીકેશન સર્ટિફિકેટ મળ્યું છે. આ ટેગ સાચા માર્બલની ખરાઈના પુરાવાઓ આપે છે. આ GI (જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન) ટેગ મળતા અંબાજીના માર્બલની વેલ્યૂ મોટા માર્કેટમાં ઘણી ઉંચી થઈ છે. સાથે અંબાજીનો માર્બલ ઉચ્ચ ગુણવત્તાસભર હોવાનું પણ આ GI ટેગ સાબિત કરી બતાવે છે.

# મચ્છુ-૨ ડેમનાં પાંચ દરવાજાના રિપેરિંગને લઈ ૩૪ ગામોને એલર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

મોરબીનાં મચ્છુ-૨ ડેમમાં પાંચ દરવાજા રિપેર કરવાના હોવાથી ડેમનું પાણી નદીમાં છોડવાનો સિંચાઈ વિભાગ તરફથી નિર્ણય કરાયો છે. આજથી બે દિવસ મચ્છુ-૨ ડેમના બે- બે દરવાજા ખોલવામાં આવશે. ડેમમાંથી નદીમાં પાણી છોડવાનું હોવાથી મોરબી

## ૧૫ મે સુધી બેઠા પુલ પર અવરજવર બંધ

તાલુકાના જોધપર, લીલાપર, ભડિયાદ, ટીંબડી, ધરમપુર, રવાપર, અમરેલી, વનાળીયા, ગોર ખીજડીયા, માનસર, નવા સાદુળકા, જુના સાદુળકા, રવાપર, ગુંગણ, નારણકા, બહાદુરગઢ, નવા નાગડાવાસ, જૂના નાગડાવાસ, સોખડા, અમરનગર, મોરબી, રવાપર નદી, વજેપર તો માળિયા મિંયાણા તાલુકાના વીરવિદરકા, દેરાલા, નવાગામ, મેઘપર, હરીપર, મહેન્દ્રગઢ, ફતેપર, સોનગઢ, માળિયા (મી.) રાસંગપર અને ફાટસર મળી બંને તાલુકાના કુલ ૩૪ ગામને એલર્ટ કરાયા છે. આ ૩૪ ગામના કાંઠા વિસ્તારને સંપૂર્ણ ખાલી કરી દેવાયો છે અને નદીના પટ વિસ્તારમાં રહેતા લોકોને પ્રશાસને સલામત સ્થળે ખસેડી દીધા છે. આ તરફ મોરબીના બેઠા પુલ પરથી વાહન વ્યવહાર બંધ કરી દેવાયો છે. વાહનચાલકોએ ત્રણ દિવસ અવર-જવર માટે મયુરપુલનો ઉપયોગ કરવાનો રહેશે. નટરાજ ફાટક, કેસરબાગથી બેઠા પુલ કોઝવે તરફ અને શક્તિચોકથી બેઠા પુલ કોઝવે તરફ પ્રવેશ બંધ રહેશે. મોરબીની જીવાદોરી સમાન મચ્છુ-૨ ડેમના પાંચ દરવાજા રીપેરીંગ અને ગેટ બદલવાની કામગીરી કરવાની હોવાથી તા.૧૨ને રવિવારે સવારે ૧૧ કલાકે ડેમના બે દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા હતા. ત્યારે મોરબીના બેઠા પુલ પર અવરજવર પર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા તા. ૧૨થી ૧૫ સુધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

### સેલ્ફી લેવા ગયા અને જીવ ગુમાવ્યો

# કડી નજીક નર્મદા કેનાલ પાસે સેલ્ફી લેવા જતાં ડૂબી જવાથી બે મિત્રોનાં મોત

## ફાયર અને સ્થાનિક તરવૈયાઓની મદદથી શોધખોળ હાથ ધરાઈ

અમદાવાદ, તા.૧૨

કડી તાલુકાના બોરીસણા ગામની સીમમાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલમાં અમદાવાદથી પરિવાર સાથે ગાડી લઈને કડી મંદિરે દર્શન કરી પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે, કેનાલ પર સેલ્ફી ફોટો લેવા જતાં પગ લપસતા પાણીમાં ગરકાવ થયેલાા યુવકને તેનો મિત્ર બચાવવા જતાં તે પણ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ઘટનાને લઈ ફાયર ફાઈટરના કર્મચારીઓ તેમજ સ્થાનિક તરવૈયાઓ દોડી આવ્યા હતા, તેમજ પોલીસ પણ આવી પહોંચી હતી અને શોધખોળ હાથ ધરી હતી.

અમદાવાદના ચેનપુર ખાતે રહેતા કૌશિક રાવત પરિવાર સાથે રવિવારે કડી મંદિરે દર્શન કરવા પરિવાર સાથે ઈકો ગાડી લઈને આવ્યા હતા. દર્શન કરી કૌશિક તેમજ તેમના પત્ની હીનાબેન તથા તેમના બે બાળકો તેમજ તેમના મિત્રો સાથે તેઓ દર્શન કરીને પોતાના ઘરે અમદાવાદ ખાતે જઈ રહ્યા હતા. ત્યારે કડીના થોળ રોડ ઉપર આવેલી બોરીસણા ગામની સીમમાં પસાર થતી નર્મદા કેનાલ પર આવેલા પાવર સ્ટેશન ખાતે ગાડી લઈને ઉભા રહ્યા હતા. કૌશિકભાઈ કેનાલમાં ઉતરી સેલ્ફી ફોટો પાડી રહ્યા હતા ત્યારે, તેમનો પગ લપસતા તેઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ અંગે કૌશિકભાઈને પત્ની અને મિત્રોને જાણ થતાં તેઓ કેનાલને કિનારે પહોંચ્યા હતા પરંતુ બંનેની કોઈ ભાવ ન મળતા તેઓએ પરિવારજનોને તેમજ કડી પોલીસને જાણ કરી હતી આ અંગેની જાણ થતાં જ કડી પીઆઇ, પી.એસ.આઇ તેમજ પોલીસ સ્ટાફનો કાફલો દોડી આવ્યો હતો. પોલીસે મહેસાણા ફાયર તેમજ સ્થાનિક તરવૈયાઓને જાણ કરી હતી. જેથી ફાયર તેમજ સ્થાનિક તરવૈયાઓએ તેઓની શોધખોળ હાથ ધરી હતી પરંતુ મોડી સાંજે અંધારું થઈ જતાં બંનેની લાશનો પત્તો મળ્યો ન હતો. બે મિત્રો પાણીમાં ગરકાવ થઈ જતા પરિવારમાં શોક પ્રસરી ગયો હતો.

### રજાની મજા બગાડતા શ્વાનો

# દાદાના ઘરે વેકેશન ગાળવા આવેલા ૯ વર્ષના બાળક પર ૩ શ્વાને હુમલો કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

આણંદ જિલ્લાના ઉમરેઠમાં રખડતા શ્વાનએ ૯ વર્ષના બાળક પર હુમલો કરવાની ઘટના સામે આવી છે.

ઉમરેઠ પંથકમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાન કરડવાના બનાવો વધી રહ્યા છે. ઉમરેઠમાં કાકાની પોળ વિસ્તારમાં દાદાના ઘરે આવેલા અમદાવાદનો ૯ વર્ષનો બાળક શેરીમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે અચાનક ત્રણ શ્વાનએ બાળક પર હુમલો કર્યો હતો.

મળતી માહિતી પ્રમાણે આણંદના ઉમરેઠ નગરમાં રખડતા શ્વાનનો આંતકથી લોકોમાં ડરનો માહોલ છે. કાકા નીપોળમાં ૯ વર્ષના બાળક પર બે શ્વાનને હુમલો કર્યો. આઠ વર્ષનો બાળક પોતાના દાદાના ઘરે વેકેશન મનાવવા આવ્યો હતો, પણ બાળક રખડતા શ્વાનના હુમલાનો ભોગ બન્યો હતો.

લોકો પર શ્વાનના હુમલાની ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં શ્વાનનો આતંક ડામવામાં પાલિકાના શાસકો નિષ્ફળ નીવડ્યા છે. રખડતા ઢોર અને શ્વાનને પકડવામાં ઉદાસીનતા સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન બાળકની બુમો સાંભળી આસપાસનાં લોકો દોડી આવ્યા હતા અને બાળકની પાછળ પડેલા શ્વાનને ભગાડ્યા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. શ્વાનએ હુમલો કરવાના કારણે બાળક જમીન પર પટકાતા ચામડી છોલાઈ જતા ઘાયલ થયો હતો. ઉમરેઠમાં રખડતા શ્વાન અવાર નવાર રાહદારીઓ પર હુમલા કરતા હોય છે, ત્યારે પાલિકા દ્વારા શ્વાન નિયંત્રણ માટે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.

# પાકિસ્તાની જાસૂસને સાથે રાખી સીઆઈડી ક્રાઈમે અંકલેશ્વર-ઝઘડિયા કંપનીમાં તપાસ કરી

## ઝઘડિયાની હિન્દુસ્તાન સ્પેશિયાલિસ્ટ કેમિકલ્સ લિ.માંથી કોમ્પ્યુટર સીપીયુ જપ્ત કર્યું : અંકલેશ્વરના ભડકોદ્રા ગામે આવેલ મકાનમાં પણ તપાસ કરાઈ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૨

ઝઘડીયા ખાતેથી ઝડપાયેલ પાકિસ્તાની આઈ.એસ.આઈ. હેન્ડલર માટે જાસૂસી કરનાર પ્રવિણ કુમાર મિશ્રાને લઈ સી.આઈ.ડી ક્રાઈમની ટીમે ઝઘડિયડની હિન્દુસ્તાન સ્પેશ્યાલિસ્ટ કેમિકલ્સ લિમિટેડમાંથી કોમ્પ્યુટર સીપીયુ જપ્ત કર્યું હતું. અંકલેશ્વર ભડકોદ્રા ગામ ખાતે ઘરમાં પણ તપાસ કરી પુનઃ અમદાવાદ જવા રવાના થઈ હતી. પાકિસ્તાની આઈ.એસ.આઈ.ના હેન્ડલર માટે જાસૂસી કરી કરતા મૂળ બિહારનો ઈસમ અંકલેશ્વર રહી ઝઘડીયા જીઆઈડીસીમાં આવેલ હિન્દુસ્તાન સ્પેશ્યાલિસ્ટ કેમિકલ્સ લિમિટેડમાં જનરલ મેનેજર તરીકે નોકરી રહ્યો હતો. જે પ્રવિણ કુમાર મિશ્રાને પાકિસ્તાની ઈન્ટેલિજન્સ એજન્સીના ઓપરેટીવ દ્વારા દોરી સંચાર કરી ભારતની આંતરિક સુરક્ષાને તોડવા તેમજ ભારતીય સુરક્ષા દળો સાથે સંકળાયેલ ભારતની મિસાઈલ સિસ્ટમ અને તેના પાર્ટસના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપનીની અંત્યત ગોપનીય માહિતી પહોંચાડી હતી. જે પ્રવીણ કુમાર મિશ્રાને ૩ દિવસ પૂર્વે એક મહિનાની વોચ બાદ સી.આઈ.ડી. ક્રાઈમ ટીમે ઝઘડીયા ખાતેથી ઝડપી પાડ્યો હતો અને કોર્ટમાં રજૂ કરતા ૧૪ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા જે રિમાન્ડ દરમિયાન પોલીસે પ્રથમ આજરોજ ઝઘડીયા ખાતે આવેલ હિન્દુસ્તાન સ્પેશ્યાલિસ્ટ કેમિકલ્સ લિમિટેડમાં સર્ચ કર્યું હતું જ્યાં કંપનીનું જે કોમ્પ્યુટર ઉપયોગ કરતો હતો તેના સીપીયુને કબજે કર્યુ હતું. સાથે જ અંકલેશ્વરના ભડકોદ્રા ખાતે આવેલ પટેલ પાર્કમાં તેના રૂમ પર પણ તપાસ કરી હતી. જ્યાં અર્ધા કલાક સુધી સર્ચ કર્યા બાદ ટીમ પ્રવિણ કુમાર મિશ્રાને લઈ અમદાવાદ રવાના થઈ હતી જ્યારે તેના ઘરમાં સર્ચમાંથી પોલીસે કોઈ સામાન જપ્ત કર્યો ન હતો અને કોના સંર્પકમાં હતો તેની હવે તપાસ શરૂ કરી છે.

# અમદાવાદના પાનકોરનાકા ખાતે અમદાવાદ મનીઆર જમાતનો કલ્ચરર પ્રોગ્રામ યોજાયો

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરના પાનકોરનાકા ખાતે તા.૧૨ મેના રોજ અહેમદાબાદ મનીઆર જમાતના એજ્યુકેશન અંગે કલ્ચરર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૮થી ૧૨ના જે વિદ્યાર્થીઓ ફર્સ્ટ અને સેકન્ડ ક્લાસ પાસ થયા છે, તે વિદ્યાર્થીઓને ચાંદીના સિક્કા, મોમેન્ટો અને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દરિયાપુર વોર્ડ કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર સમીરા મોહંમદ, આરીફ મનીઆર (માર્ટિન મો.યુસુફ), એફડી સ્કૂલના પ્રિન્સિપાલ



ફરજાના મો. ઈમરાન મનીઆર અને સુપરવાઈઝર એફડી સ્કૂલ મરિયમ મલિક, સરોવર એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હિદાયતુલ્લાહ સૈયદ અને ઝહીર પરવેઝ વોરા તેમજ કૌસરઅલી સૈયદ, ઈન્ચાર્જ, ઓલ ઈન્ડિયા મુસ્લિમ ડેવલપમેન્ટ કાઉન્સિલ (એઆઈએમડીસી) ઉપસ્થિત રહ્યા હતા. આવેલા મહેમાનોના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. અહેમદાબાદ મનીઆર જમાત રજિ.૫૪૧ કમિટીના સભ્ય તરફથી આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ સફળ થયું હતું.

# નઈમબેગ મિર્ઝાએ ગુજરાત શોટગન શૂટિંગ સ્પર્ધામાં ગોલ્ડમેડલ મેળવ્યો

અમદાવાદ, તા.૧૨

નઈમબેગ મિર્ઝાએ ગુજરાત રાજ્ય શોટગન શૂટિંગ સ્પર્ધામાં ડબલ ટ્રેપ માસ્ટર કેટેગરીમાં ફરી એકવાર "સુવર્ણ પદક" જીતી તેમના પદકોમાં વધુ એક ઉમેરો કર્યો છે. મિર્ઝા આ જ વર્ષમાં યોજાયેલ અમદાવાદ જિલ્લા શોટગન શૂટિંગ સ્પર્ધામાં પણ સુવર્ણ પદક જીતી ચૂકયા છે. ગત વર્ષે તેઓ રાયફલ શૂટિંગમાં પણ કાંસ્ય પદક જીતી ચૂકયા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી પદની જવાબદારી અને ચૂંટણીની ભારે વ્યસ્તતા વચ્ચે અમદાવાદ જિલ્લા અને ગુજરાત રાજ્ય એમ બે સુવર્ણ પદક જીતવા એ એક મોટી




ઉપલબ્ધિ છે. તેઓ પૂર્વ સાંસદ ઈર્શાદબેગ મિર્ઝાના પુત્ર નઈમ મિર્ઝા તેમના પિતા દ્વારા બનાવેલ પગદંડી પર ચાલી, રાજકીય અને સામાજિક કાર્યોમાં સતત અગ્રેસર રહે છે. આવી પ્રતિભા એ મુસ્લિમ સમાજના તમામ યુવાઓ માટે પ્રેરણાસ્ત્રોત છે.

# તણાવ વચ્ચે ઈરાને ઈઝરાયેલને મોટા પરમાણુ બોમ્બની ચેતવણી આપી

## સલાહકાર કમાલ ખર્રાઝીએ સંકેત આપતા કહ્યું કે, જો ઈરાનનું અસ્તિત્વ ઈઝરાયેલ દ્વારા જોખમમાં હોવાનું જણાશે તો તેઓ તેના પરમાણુ સિદ્ધાંતોમાં ફેરફાર કરી શકે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ સૈયદ અલી ખામેનઈના સલાહકારે ઈઝરાયેલ સાથે વધતા તણાવના કારણે તેમના દેશની પરમાણુ સિદ્ધાંતો પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમના સલાહકાર કમાલ ખર્રાઝીએ ઈરાનના પરમાણુ સિદ્ધાંતમાં ફેરફાર કરવાનો સંકેત આપ્યો અને કહ્યું કે, જો ઈરાનનું અસ્તિત્વ ઈઝરાયેલ દ્વારા જોખમમાં હોવાનું જણાશે તો તેમના પરમાણુ સિદ્ધાંતમાં ફેરફાર થઈ શકે છે.

ખર્રાઝીએ કહ્યું, 'અમે પરમાણુ બોમ્બ બનાવવાનો કોઈ નિર્ણય લીધો નથી, પરંતુ જો ઈરાનના અસ્તિત્વને ખતરો હશે તો, અમારી સૈન્ય પાસે સિદ્ધાંતને બદલવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં.'

જયારે એપ્રિલની શરૂઆતમાં સીરિયાની રાજધાની દમાસ્કસમાં ઈરાનના દૂતાવાસ પર બોમ્બ હુમલાના જવાબમાં ઈરાને ઈઝરાયેલના પ્રદેશને સીધા જ નિશાન બનાવતા વિસ્ફોટક ડ્રોન અને મિસાઈલોનો હુમલો શરૂ કરતા ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો તણાવ એક નિર્ણાયક બિંદુ પર પહોંચ્યો હતો.

પરમાણુ શસ્ત્રોના વિકાસ સામે આયતુલ્લાહ ખામેનઈના અગાઉના ફતવા છતાં ઈરાનના તત્કાલીન ગુપ્તચર મંત્રીએ ૨૦૨૧માં સંકેત આપ્યો હતો કે, બાહ્ય દબાણ, ખાસ કરીને પશ્ચિમી દેશોના દબાણ પર તેઓ ઈરાનની પરમાણુની સ્થિતિનું પુનઃ મૂલ્યાંકન કરી શકે છે.

ખર્રાઝીએ ઉમેર્યું કે, 'યહૂદી શાસન (ઈઝરાયેલ) દ્વારા અમારી પરમાણુ સુવિધાઓ પરના હુમલાના કિસ્સામાં અમારી પ્રતિરોધકતા બદલી શકે છે.'

આ દરમિયાન ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) સાથે જોડાણ કરવાના પ્રયાસોના મિશ્ર પરિણામો મળ્યા



હતા. જયારે ઈરાનના પરમાણુ અધિકારીઓ અને IAEA પ્રતિનિધિઓ વચ્ચેની ચર્ચાઓને હકારાત્મક અને ફળદાયી તરીકે વર્ણવવામાં આવી છે, ત્યારે મુક ચર્ચાઓ નિષ્ફળ ગઈ હતી. IAEAના વડા રાફેલ ગ્રોસીએ ઈરાનની પરમાણુ પ્રવૃત્તિઓ અંગે નક્કર પગલાં લેવાની તાકીદને હાઈલાઈટ કરીને ઈરાનના સહકારના અભાવ અંગે હતાશા વ્યક્ત કરી હતી.

ગયા વર્ષે ઈરાને અઘોષિત સ્થળોએ મળી આવેલા યુરેનિયમ કણોની તપાસમાં મદદ કરવા અને મોનિટરિંગ સાધનોને ફરીથી દાખલ કરવા માટે પ્રતિબદ્ધતાઓ આપી હતી. જો કે, IAEA અહેવાલો સૂચવે છે કે, આ ખાતરીઓ નોંધપાત્ર પ્રગતિમાં પરિણમી નથી. ગ્રોસીએ કહ્યું કે, 'હાલની સ્થિતિ મારા માટે સંપૂર્ણપણે અસંતોષકારક છે. અમે હમણાં લગભગ વિકટ પરિસ્થિતિમાં છીએ અને જેને બદલવાની જરૂર છે.'

ગ્રોસી અને ઈરાની અધિકારીઓ વચ્ચેની ચર્ચા દરમિયાન બંને પક્ષોએ ૨૦૨૩ કરારને સહકાર માટે સંભવિત માળખા તરીકે સ્વીકાર્યો હતો, પરંતુ તેનુ અમલીકરણ ધીમે-ધીમે થઈ રહ્યું છે.

# ગાઝામાં ઈઝરાયેલના નવા સ્થળાંતરના આદેશથી ૩,૦૦,૦૦૦ નાગરિકોને અસર થશે : UNRWA

## UNRWAએ નોંધ્યું હતું કે, 'તમામ નિર્ણયોની લોકો અને ખાસ કરીને બાળકો પર વાસ્તવિક અસર થાય છે'

(એજન્સી) તા.૧૨

પેલેસ્ટીની શરણાર્થીઓ માટેની યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી (UNRWA)એ જણાવ્યું હતું કે, ઈઝરાયેલની સેના દ્વારા સ્થળાંતરના નવા આદેશથી ગાઝા પટ્ટીમાં લગભગ ૩,૦૦,૦૦૦ લોકોને અસર થઈ છે.

એજન્સીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે, 'અમે અત્યંત ચિંતિત છીએ કારણ કે, ઉત્તર ગાઝાના મધ્ય રફાહ અને જબાલિયા બંને વિસ્તારને ખાલી કરાવવાના આદેશો આવ્યા છે.' સલામતીની શોધમાં સોમવારથી અત્યાર સુધીમાં લગભગ ૧,૫૦,૦૦૦ લોકો રફાહ છોડીને જતા રહ્યા છે પણ એન્ક્લેવમાં કોઈ સુરક્ષિત જગ્યા રહી નથી.

હમાસના ત્રાસવાદીઓને નિશાન બનાવતી ઈઝરાયેલી સૈન્યની આગામી કાર્યવાહીને ટાંકીને સિન્હુઆ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે, શનિવારની સવારે ઈઝરાયેલી સેનાએ રફાહ શહેરને પૂરાપૂરો ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

UNRWAએ નોંધ્યું હતું કે, 'તમામ નિર્ણયો ગાઝાના લોકો પર અને ખાસ કરીને બાળકો પર વાસ્તવિક અસર કરે છે.' તેણે ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો



હતો. આ દરમિયાન, હમાસ દ્વારા સંચાલિત આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગાઝા પર ચાલુ ઈઝરાયેલી હુમલાથી પેલેસ્ટીની મૃત્યુઆંક વધીને ૩૪,૯૭૧ પર પહોંચી ગયો છે. એક નિવેદન મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન, ઈઝરાયેલી સેનાએ દરિયાકાંઠાના વિસ્તારમાં ૨૮ પેલેસ્ટીનીઓને માર્યા છે અને ૬૯ અન્યને ઘાયલ થયા હતા. ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજથી શરૂ થયેલા સંઘર્ષમાં કુલ ૩૪,૯૭૧ લોકોના મૃત્યુ થયા છે અને ઈજાગ્રસ્તોની સંખ્યા ૭૮,૬૪૧ પર પહોંચી છે.

# પેલેસ્ટીનના UN સભ્યપદની માગણી પર વિશ્વનું સમર્થન ઈઝરાયેલની સંપૂર્ણ અલગતા દર્શાવે છે : ઈરાન

## ઈરાને પેલેસ્ટીનની UN સભ્યપદની માગણી માટે આંતરરાષ્ટ્રીય સમુદાયના સમર્થનની પ્રશંસા કરી હતી અને કહ્યું કે, આ પગલું સૂચવે છે કે ઈઝરાયેલી શાસન તેના સમગ્ર બનાવટી ઈતિહાસમાં હવે પહેલા કરતાં વધુ અલગ પડી ગયું છે

(એજન્સી) તા.૧૨

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ એસેમ્બલીના કટોકટી સત્ર દરમિયાન એક ઠરાવ પસાર કર્યાના એક દિવસ પછી, નાસેર કાનાનીએ એક પોસ્ટમાં આ ટિપ્પણી કરીને, સુરક્ષા પરિષદને પેલેસ્ટાઈનની સંપૂર્ણ યુએન સભ્ય બનવાની માંગણી પર પુનર્વિચાર કરવા વિનંતી કરવા કહ્યું હતું.

કાનાનીએ કહ્યું કે, "યહુદી શાસન એવી પરિસ્થિતિમાં જીવી રહ્યું છે જેમાં તે તેના સમગ્ર બનાવટી ઈતિહાસમાં પહેલા કરતા વધુ અલગ છે. અમેરિકન સત્તાવાળાઓ તેને આંધળો સમર્થન કરવામાં તેમના પોતાના લોકો વચ્ચે પણ એકલા પડી ગયા છે."

તેમણે ઉમેર્યું, "સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટીનના સંપૂર્ણ સભ્યપદના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય સમુદાયનો નિર્ણાયક મત સ્પષ્ટપણે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ઝિઓનિસ્ટ શાસન અને યુએસ રાષ્ટ્રની અલગતા દર્શાવે છે."

યુએન જનરલ એસેમ્બલીએ એક ઠરાવ પસાર કર્યો હતો, જેમાં પેલેસ્ટીનની યુએનના સંપૂર્ણ સભ્યપદ માટેની માંગણી પર વિશ્વ સંસ્થાના સુરક્ષા પરિષદને પુનર્વિચાર કરવા વિનંતી કરી હતી. કાનાનીએ આગળ કહ્યું કે, ગાઝા પટ્ટીમાં ઈઝરાયલી ગુનાઓ માટે યુએસ અધિકારીઓનું ખુલ્લું અને અપ્રગટ સમર્થન "એવા સમયે આવે છે જયારે પહેલાં કરતાં વધુ આંતરરાષ્ટ્રીય સર્વસંમતિઓ પીડિત પેલેસ્ટીની લોકોના સમર્થનમાં રચવામાં આવી છે."

તેમણે ઉમેર્યું કે, આંતરરાષ્ટ્રીય સમુદાયે ઈઝરાયેલી શાસન દ્વારા નરસંહાર, બળજબરીથી વિસ્થાપન, વ્યવસાય અને બાળકોની હત્યા સામે અવાજ ઉઠાવ્યો છે.

શુક્રવારે યુએન જનરલ એસેમ્બલીએ સંયુક્ત આરબ અમીરાત (આરબ જૂથ વતી) દ્વારા આગેવાની હેઠળના ઠરાવને સમર્થન આપ્યું હતું, જેમાં પેલેસ્ટીનની યુએન સભ્યપદની માગણી પર પુનર્વિચાર કરવાની હાકલ કરવામાં આવી હતી.

કુલ ૧૪૩ દેશોએ વિશ્વ સંસ્થામાં પેલેસ્ટીનના દરજ્જાને સુધારવાની તરફેણમાં મતદાન કર્યું, જયારે નવ દેશોએ તેની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું અને ૨૫ દેશો ગેરહાજર રહ્યા હતા.

ઠરાવમાં પેલેસ્ટીનને નવા "અધિકારો અને વિશેષાધિકારો" પણ આપવામાં આવ્યા છે, આમ તેને યુએનમાં સંપૂર્ણ સભ્ય તરીકે જોડાવા માટે લાયક તરીકે માન્યતા આપવામાં આવી છે.

યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયેલી શાસનના સૌથી મોટા સાથી રહ્યા છે. અત્યાર સુધીમાં સંબંધિત ઠરાવો સામે તેનો વીટો આપીને સંપૂર્ણ સભ્ય તરીકે માન્યતા મેળવવાના પેલેસ્ટીનીઓના દરેક પ્રયાસને અવરોધે છે.

એક વરિષ્ઠ ઈરાની રાજદ્વારીએ કહ્યું કે, યુએનના સંપૂર્ણ સભ્ય તરીકે પેલેસ્ટીનનો પ્રવેશ એ પેલેસ્ટીની લોકો દ્વારા સહન કરવામાં આવેલા ઐતિહાસિક અન્યાયને સંબોધવા માટેનું પ્રથમ પગલું




અને મુખ્ય ક્ષણ છે. ૨૦૧૨માં આપવામાં આવેલ એક દરજ્જાથી પેલેસ્ટીન હાલમાં યુએનનો એક નિરીક્ષક રાજય છે.

ઈઝરાયેલ દ્વારા ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ પેલેસ્ટીની પ્રદેશની પ્રતિકાર ચળવળોનો બદલો લેવાની કાર્યવાહી બાદ શરૂ કર્યા બાદ, ઓછામાં ઓછા ૩૪,૯૪૩ લોકો પેલેસ્ટીની માર્યા ગયા છે, જેમાં મોટે ભાગે બાળકો અને સ્ત્રીઓ હતા, અને ૭૮,૫૭૨ લોકો ઘાયલ થયા છે.

# ગાઝા યુદ્ધ : ઈઝરાયેલની નાકાબંધીને લીધે સહાય સમાપ્ત થતાં હમાસ તેના હુમલાઓ વધારી રહ્યું છે

## યુએન એજન્સીઓની માનવતાવાદી કામગીરી ઈંધણની અછતને કારણે અટકી ગઈ છે

(એજન્સી) તા.૧૨

પેલેસ્ટીની જૂથ હમાસની સશસ્ત્ર પાંખે રફાહમાં આક્રમણ કરી રહેલા ઈઝરાયેલી સૈનિકો સાથે તીવ્ર લડાઈ શરૂ કરી છે. યુદ્ધક્ષેત્રના અપડેટ્સમાં અલ-કાસમ બ્રિગેડસે જણાવ્યું હતું કે તેણે ઈઝરાયેલી સૈનિકો પર હુમલો કર્યો, અને તેમના પર બખ્તર-વિરોધી મિસાઈલો અને ટૂંકા અંતરના રોકેટથી હુમલો કર્યો હતો. ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી આર્ટિલરી બોમ્બમારો અને હવાઈ હુમલાઓ વચ્ચે ભારે લડાઈ ચાલુ છે.

પેલેસ્ટીની અહેવાલો અનુસાર, આ બોમ્બમારો ઉત્તરમાં બીત લાહિયા, ગાઝા સિટી, મગાઝી શરણાર્થી કેમ્પ અને મધ્ય જિલ્લાના અલ-મુઘરાકા નગર, ખાન યુનિસના અબાસન અને રફાહમાં થયો છે. તેમાં ઘણા લોકો માર્યા ગયા છે અને ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જો કે ગાઝાના આરોગ્ય મંત્રાલયે હજુ સુધી મૃત્યુઆંકની અપડેટ પ્રદાન કરી નથી. કાસમ બ્રિગેડે કહ્યું કે તેણે પૂર્વ રફાહમાં ઓપરેશનમાં ઘણા ઈઝરાયેલી સૈનિકોને માર્યા છે અને ઘાયલ કર્યા છે. કાસમ બ્રિગેડના જણાવ્યા અનુસાર, ગાઝા સિટીની દક્ષિણે તીવ્ર લડાઈ ચાલુ છે. જયાં ઈઝરાયેલી સૈન્યએ ત્રીજા ગ્રાઉન્ડના હુમલાની જાહેરાત કરી હતી. હિબ્રુ મીડિયાએ જણાવ્યું હતું કે સૈન્ય હેલિકોપ્ટર આ લડાઈમાં સામેલ છે. ઈઝરાયેલી સૈન્યએ કહ્યું હતું કે સૈનિકોએ રફાહમાં કેટલાક બંદૂકધારીઓને મારી નાખ્યા હતા. પેલેસ્ટીની જૂથો અને ઈઝરાયેલી સૈન્યએ જાનહાનિના અહેવાલો પર કોઈ ટિપ્પણી કરી ન હતી.

ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે દક્ષિણ ગાઝા પટ્ટીમાં ૧૨ ઈઝરાયેલી સૈનિકોને સારવાર માટે હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. ગાઝામાં પેલેસ્ટીની બોર્ડર અને ક્રોસિંગ ઓથોરિટીએ યુએસના એવા દાવાને નકારી કાઢ્યા છે કે કેરેમ શાલોમ ક્રોસિંગ, જે એન્ક્લેવ અને ઈઝરાયેલ વચ્ચે આવેલું છે, તે સહાય માટે ખુલ્લું છે. ગાઝા અને ઈજિપ્ત વચ્ચેના કેરેમ શાલોમ અને રફાહ ક્રોસિંગ, જે આ અઠવાડિયાની શરૂઆતમાં પેલેસ્ટીની બાજુથી ઈઝરાયેલી દળો દ્વારા કબજે કરવામાં આવ્યું હતું તે બંધ છે. મંગળવારથી ગાઝા પટ્ટીમાં મહત્વપૂર્ણ બળતણ પુરવઠો અને દવા સહિત કોઈ સહાય પ્રવેશી નથી.

યુનાઈટેડ નેશન્સ સહાય એજન્સીઓએ જણાવ્યું હતું કે ખોરાક અને ઈંધણના ઘટતા જથ્થાને કારણે સહાય કામગીરી બંધ થઈ શકે છે. માનવતાવાદી બાબતોના સંકલન માટે યુએન ઑફિસના ગાઝા સબ-



ઑફિસના વડા જ્યોર્જિયોસ પેટ્રોપોલોસે જણાવ્યું હતું કે આ પરિસ્થિતિ કટોકટીના અભૂતપૂર્વ સ્તર પર પહોંચી ગઈ છે. યુએનની ચિલ્ડ્રન એજન્સી માટે ગાઝા સ્ટ્રીપમાં વરિષ્ઠ કટોકટી સંયોજક હેમિશ યંગે વર્ચ્યુઅલ બ્રીફિંગમાં કહ્યું કે, પાંચ દિવસથી, કોઈ બળતણ અને વર્ચ્યુઅલ રીતે કોઈ માનવતાવાદી સહાય ગાઝા પટ્ટીમાં પ્રવેશી નથી. તમામ માનવતાવાદી કામદારો માટે આ એક મોટી સમસ્યા છે. બળતણની અછત માનવતાવાદી કામગીરીને અટકાવી શકે છે. અલ-અક્સા શહીદ હોસ્પિટલના વહીવટીતંત્રે કહ્યું કે જો તેને વધુ ઈંધણ નહીં મળે તો તે ૪૮ કલાકની અંદર કામગીરી બંધ કરી દેશે. ઈઝરાયેલ દ્વારા અલ-શિફા અને નાસેર હોસ્પિટલોને નષ્ટ કર્યા પછી મધ્ય ગાઝાની દેર અલ-બાલાહની હોસ્પિટલ ગાઝા પટ્ટીમાં છેલ્લી બાકી રહેલી મોટી તબીબી સુવિધા છે. હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે યુએન સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને અલ-અક્સા શહીદ હોસ્પિટલને વહેલામાં વહેલી તકે બળતણ સપ્લાય કરવા વિનંતી કરીએ છીએ. અમે તમામ હોસ્પિટલોને બળતણ સપ્લાય કરવા અને હજારો લોકોને માનવતાવાદી સહાય અને તેમના પુનર્વસન માટે તાત્કાલિક હસ્તક્ષેપની હાકલ કરીએ છીએ. યુએન માનવતાવાદી વડા માર્ટિન ગ્રિફિથ્સે જણાવ્યું હતું કે ગાઝામાં નાગરિકો ભૂખ્યા છે અને તેઓની હત્યા કરવામાં આવી રહી છે અને સહાય એજન્સીઓને કામગીરી કરવાથી અટકાવવામાં આવે છે. અમારો પુરવઠો ખતમ થઈ ગયો છે અને અમારી ટીમો ફસાઈ ગઈ છે.

# અમે ઈઝરાયેલ સાથેના સંબંધો સ્થગિત કરવા તૈયાર છીએ : સ્પેન યુનિવર્સિટીઓ

## સ્પેનિશ યુનિવર્સિટીઓએ ગુરૂવારે ગાઝા યુદ્ધને કારણે કોઈપણ ઈઝરાયેલી શૈક્ષણિક સંસ્થા સાથેના સંબંધોને સ્થગિત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી

(એજન્સી) તા.૧૨

સ્પેનિશ યુનિવર્સિટીઓએ ગુરૂવારે ગાઝા પર ઈઝરાઈલના યુદ્ધને કારણે 'શાંતિ પ્રત્યે સ્પષ્ટ પ્રતિબદ્ધતા' વ્યક્ત કરવામાં નિષ્ફળ ગયેલી કોઈપણ ઈઝરાયેલી શૈક્ષણિક સંસ્થા સાથેના સંબંધો સ્થગિત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તાજેતરના સપ્તાહોમાં સમગ્ર પશ્ચિમ યુરોપમાં વિદ્યાર્થીઓ વિરોધ માટે ભેગા થયા હતા અને યુએસ કેમ્પસમાંના દેખાવોમાંથી સંકેત લઈને તેમણે ગાઝા રક્તપાતનો અંત લાવવાની અને ઈઝરાયેલ સાથેના સંબંધોને તોડવાની માંગણી કરી હતી, એક નિવેદનમાં યુનિવર્સિટીના ચાન્સેલર્સ ગવર્નિંગ બોર્ડ (CRUE)એ હિંસાની નિંદા કરી અને તાજેતરમાં સ્પેનિશ કેમ્પસમાં થયેલા વિરોધ પ્રદર્શનોને સમર્થનને કર્યું હતું. ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધનો તાત્કાલિક અંત લાવવાની માંગણી કરીને તેઓએ શાંતિ અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા માટે આદરની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી નથી, તેથી તેમની વચ્ચેના સંબંધોની સમીક્ષા કરવાની અને જો જરૂર પડે તો ઈઝરાયેલની યુનિવર્સિટીઓ અને સંશોધન કેન્દ્રો સાથેનો સહયોગ સ્થગિત કરવાનું વચન આપ્યું હતું પરંતુ રાજદ્વારી રીતે શાબદિક નિવેદન સ્પેનમાં અત્યાર સુધી શાંતિપૂર્ણ રહેલા ઘણા વિરોધ કેમ્પમાં વિદ્યાર્થીઓને ખુશ કરવા માટે પૂરતું ન હતું. કેટલાક વિરોધીઓ મંગળવારે તંબુ લગાવી રહ્યાં હતા ત્યારે ૨૮ વર્ષીય કાયદા અને રાજકીય વિજ્ઞાનના વિદ્યાર્થીએ અને વિરોધીઓના પ્રવક્તા, સેબેસ્ટિયન ગોન્ઝાલેઝે મેડ્રિડની કોમ્પ્લુટેન્સ યુનિવર્સિટીમાં એએફપીને જણાવ્યું હતું કે, "અમે ખરેખર ઈચ્છીએ છીએ કે, સરકાર અને યુનિવર્સિટીના રેક્ટર અમારી માંગણીઓ સ્વીકારે અને ઈઝરાયેલ સાથેના સંબંધો કાપી નાખે. જ્યારે અમારી માંગણીઓ સંતોષવામાં આવશે, ત્યારે અમે શિબિરને હટાવી નાખીશું. ત્યાં સુધી અમે અહીં અને સમગ્ર સ્પેનમાં પ્રતિકાર કરવાનું ચાલુ રાખીશું." સ્પેનમાં પ્રથમ વિરોધ ૨૯ એપ્રિલના રોજ પૂર્વમાં વેલેન્સિયા યુનિવર્સિટી ખાતે શરૂ થયો હતો, જેમાં વિદ્યાર્થીઓ ગાઝામાં નરસંહારનો અંતની માંગણી




કરવા માટે લગભગ બે ડઝન જેટલા તંબુ લગાવી રહ્યા હતા. તે પછી બાર્સેલોના યુનિવર્સિટીમાં પણ તંબુ બાંધીને વિરોધ કરવામાં આવ્યો હતો અને આ અઠવાડિયે છાવણીઓ મેડ્રિડ, ઉત્તરીય બાસ્ક દેશ પૂર્વમાં એલિકેન્ટે અને દક્ષિણ આંદાલુસિયા પ્રદેશમાં ફેલાઈ ગઈ હતી. સત્તાવાર ઈઝરાયેલી આંકડાઓ પર આધારિત AFP ટેલી અનુસાર, ગાઝા યુદ્ધ ૭ ઓકટોબરના રોજ શરૂ થયું જયારે હમાસે દક્ષિણ ઈઝરાયેલમાં હુમલો કર્યો, જેમાં ૧,૧૭૦થી વધુ લોકો માર્યા ગયા હતા. હમાસનું કહેવું છે કે, પેલેસ્ટીન પર ઈઝરાયેલના કબજા અને પેલેસ્ટીની લોકો વિરૂદ્ધ આક્રમણના જવાબમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. ગાઝા પટ્ટીના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલે ત્યારબાદ એક પછી એક ધમાકેદાર હવાઈ અને જમીની આક્રમણ શરૂ કર્યા જેમાં, લગભગ ૩૫,૦૦૦ લોકો માર્યા ગયા, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા. યુદ્ધને કારણે પેલેસ્ટીની તરફી વિરોધની લહેર ઉભી થઈ છે, જેણે યુએસ કેમ્પસને અઠવાડિયા સુધી હચમચાવી નાખ્યું હતું, આવું દાયકાઓ સુધી જોવામાં આવ્યું નથી, આ ચળવળ પછી યુરોપ અને ઓસ્ટ્રેલિયાના શહેરોમાં પણ ફેલાઈ ગઈ હતી.

# ગાઝા યુદ્ધવિરામની વાટાઘાટો વિના નિષ્કર્ષ સમાપ્ત થતાં ઈઝરાયેલે રફાહ પર હુમલા વધાર્યા

## UNRWA અધિકારીએ ૧,૧૦,૦૦૦ પેલેસ્ટીનીઓ રફાહમાંથી ભાગી ગયા અને સહાય સમાપ્ત થઈ ગઈ હોવાને કારણે ઈઝરાયેલ પર ગાઝાને 'મધ્યયુગીન ઘેરાબંધી'ને આધીન કરવાનો આરોપ મૂક્યો છે

(એજન્સી) તા.૧૨

ઈઝરાયેલી સૈન્યએ રફાહ દક્ષિણ ગાઝામાં તેના હુમલાઓને વેગ આપીને ગાઝા સિટી પર હુમલો કર્યો છે. યુદ્ધવિરામની વાટાઘાટો કોઈ નિષ્કર્ષ વિના સમાપ્ત થતાં સમગ્ર પેલેસ્ટીની પ્રદેશમાં માનવતાવાદી સહાય કામગીરીને પાંગળી બની ગઈ છે. પૂર્વમાં પેલેસ્ટીની શરણાર્થીઓ માટેની સંયુક્ત રાષ્ટ્રની રાહત અને કાર્ય એજન્સી (UNRWA)એ શુક્રવારે જણાવ્યું હતું કે ૧,૧૦,૦૦૦ પેલેસ્ટીનીઓ રફાહ છોડીને ભાગી ગયા છે. ઈઝરાયેલી સૈનિકો લડાઈ કામગીરીમાં અને હવાઈ હુમલાઓ કરીને શહેરની પૂર્વ તરફ આગળ વધી રહ્યા છે. UNRWAના પ્લાનિંગ ડિરેક્ટર સેમ રોઝે રફાહથી અલ જઝીરાને કહ્યું, "લોકો ભયભીત છે. લોકો જેને લીધે લાંબા સમયથી ડરતા હતા તે હવે થઈ રહ્યું છે. ત્યાં સતત બોમ્બમારો થઈ રહ્યો છે. ક્ષિતિજ પર ધુમાડો છે. લોકો આગળ વધી રહ્યા છે." તેમણે કહ્યું કે, ઈઝરાયેલ 'સળગતી પૃથ્વી' યુદ્ધમાં ગાઝાને 'મધ્યયુગીન ઘેરાબંધી'ને આધિન છે. ઈઝરાયેલી દળોએ આ અઠવાડિયાની શરૂઆતમાં રફાહ સરહદ ક્રોસિંગ પર નિયંત્રણ મેળવીને માનવતાવાદી સહાય માટેના નિર્ણાયક પ્રવેશ બિંદુને સીલ કરી દીધું હતું.

**શા માટે રફાહ સરહદ ક્રોસિંગ મહત્ત્વપૂર્ણ છે**

રોઝે કહ્યું, "રવિવારથી ગાઝામાં કોઈ સહાય આવી નથી. અહીં કશુ નથી, કોઈ સહાય નથી, કોઈ બળતણ નથી, કોઈ પુરવઠો નથી, કશું જ નથી. અમે ખરેખર હવે અમારા છેલ્લું બચ્યું છે તેના પર નિર્ભર છીએ. અમારી પાસે થોડા વધુ દિવસ ચાલે તેટલો લોટ છે, જે અમે આપી શકીએ છીએ પરંતુ બળતણ અને પાણી વિના બહુ જલદી આ બધુ બંધ થશે. તેથી પરિસ્થિતિ ખરેખર ભયાવહ છે." ભારે હુમલા હેઠળ દર્દીઓ અને કર્મચારીઓને રફાહની હોસ્પિટલોમાંથી બહાર કાઢવામાં આવી રહ્યાં છે, ઘણા બીમાર અને ઘાયલ પેલેસ્ટીનીઓને સારવારનો કોઈ બીજો રસ્તો નથી. પેલેસ્ટીની ડૉક્ટર મોહમ્મદ ઝકૌતે જણાવ્યું હતું કે, "અલ-નજ્જર હોસ્પિટલ બંધ છે અને રફાહમાં માત્ર કુવૈતી હોસ્પિટલ, આઘાત અને કટોકટી માટે ખુલ્લી છે. અમારી પાસે કોઈ પથારી નથી, ઘાયલ અને ગંભીર દર્દીઓની સારવાર માટે કોઈ હોસ્પિટલ નથી." વફા ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, ગાઝાની ઉત્તરમાં ઝેઈટૌન, સાબ્રા, નસ્ર, તાલ અલ-હવા અને શાતીમાં શરણાર્થી શિબિરને નિશાન બનાવીને હવાઈ હુમલા અને લડાઈની થઈ રહી છે. મધ્ય ગાઝા સિટીમાં એક પરિવારના ઘર પર ઈઝરાયેલી હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા અને પાંચ ઘાયલ થયા છે. કતાર, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈજિપ્ત દ્વારા મધ્યસ્થી કરાયેલી યુદ્ધવિરામ વાટાઘાટોના તાજેતરના રાઉન્ડ પછી ઈઝરાયેલ અને હમાસના પ્રતિનિધિમંડળે ઈજિપ્તની રાજધાની કૈરો છોડી દીધું હતું. હમાસે શુક્રવારે કહ્યું હતું કે, "બાજી હવે સંપૂર્ણ રીતે ઈઝરાયેલના હાથમાં છે." ઈજિપ્તના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ગાઝામાં પેલેસ્ટીની કેદીઓ માટે યુદ્ધવિરામ અને બંદીવાનોની આપલે માટેનો સોદો કરવા માટે બંને પક્ષોએ સુગમતા બતાવવી જોઈએ. હમાસે જણાવ્યું હતું કે, "કાયમી યુદ્ધવિરામ"ના ઉદ્દેશ્ય સાથે ગાઝામાંથી ઈઝરાયલી દળોને પાછા ખેંચવા, યુદ્ધ દ્વારા વિસ્થાપિત પેલેસ્ટીનીઓની પરત અને બંદીવાનો-કેદીઓની અદલાબદલીનો સમાવેશ થાય છે. જૂથે કહ્યું કે, "ઈઝરાયેલે કેટલાક કેન્દ્રીય મુદ્દાઓની કેટલીક શરતો પર વાંધો ઉઠાવ્યો છે." આ સપ્તાહની યુદ્ધવિરામ વાટાઘાટો દરમિયાન હમાસની લડાઈમાં પ્રારંભિક ૧૨-અઠવાડિયાના વિરામની માંગ એ



ઈઝરાયેલ માટે મુખ્ય વળાંક હતો, પ્રસારણકર્તા સીએનએનએ વાટાઘાટોથી પરિચિત ત્રણ સ્ત્રોતોને ટાંકીને અહેવાલ આપ્યો હતો. ઈઝરાયેલ તેના મુખ્ય સૈન્ય અને રાજકીય સમર્થક, યુ.એસ. સહિત યુએન અને તેના સાથી દેશોની ચેતવણીઓને અવગણતા રફાહ પર તેના આક્રમણને આગળ વધારવા માટે કટિબદ્ધ છે, જ્યાં ૧.૪ કરોડ વિસ્થાપિત પેલેસ્ટીનીઓને આશ્રય આપવામાં આવ્યો હતો. જ્યારે યુએસ પ્રમુખ જો બાઈડેને ચેતવણી આપી હતી કે, જો ઈઝરાયેલ જમીની હુમલાં કરશે તો તે તેના અમેરિકી શસ્ત્રોનો પુરવઠોને અટકાવશે, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તેની અવગણના કરી હતી. તેમણે ગુરૂવારે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, "જો અમારે એકલા ઊભા રહેવું પડશે, તો અમે એકલા ઊભા રહીશું અને જો જરૂર પડશે, તો અમે અમારા નખથી પણ લડીશું. પરંતુ અમારી પાસે આંગળીના નખ કરતાં ઘણું વધારે છે." યુએસ મીડિયા આઉટલેટ એક્સિઓસે અહેવાલ આપ્યો છે કે, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન ગાઝામાં ઈઝરાયલના આચરણ અંગે શુક્રવારે કોંગ્રેસને અહેવાલ સુપરત કરે તેવી અપેક્ષા છે, જેમાં દેશે તેના યુએસ શસ્ત્રોના ઉપયોગ માટેની શરતોનું ઉલ્લંઘન કર્યું છે. શુક્રવારે, યુએન જનરલ એસેમ્બલી પેલેસ્ટાઈનને નવા 'અધિકારો અને વિશેષાધિકારો' પ્રદાન કરશે તેવા ઠરાવ પર મતદાન કરવાની છે અને યુએન સુરક્ષા પરિષદને સંપૂર્ણ સભ્યપદ માટે પેલેસ્ટાઈનની વિનંતી પર તરફેણમાં પુનર્વિચાર કરવા હાકલ કરશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# દૂધાળા-પાલતુ પ્રાણીઓ સાથે ક્રૂરતા જીવદયાવાળાઓને કેમ દેખાતી નથી ??

ભારત ખેતીપ્રધાન દેશ રહ્યો છે પરંતુ વર્તમાન સમયમાં કૃષિ વ્યવસ્થા મશીન આધારિત બની ગઈ હોવાથી પશુપાલનનો હેતુ માત્ર વ્યાપારી બની ગયો છે. દૂધ ઉત્પાદન એક મોટો વ્યવસાય બની ગયો છે. દૂધ અને દૂધના ઉત્પાદનોની સતત વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને શહેરોમાં, દૂધાળા પ્રાણીઓના ઉછેર અને દૂધ ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવે છે. દેશના મોટાભાગના રાજ્યોએ સહકારી દૂધ મંડળીઓની રચના કરી હોવા છતાં ઘણી કંપનીઓ પ્લાસ્ટિક થેલીમાં પેકિંગવાળા દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ પણ કરે છે. જો કે, શુદ્ધતાને લીધે, ઘણા લોકો તેમની સ્થાનિક ડેરી અથવા દૂધવાળા પાસેથી દૂધ લેવાનું વધુ યોગ્ય માને છે.

આ પ્રકારના દૂધનો ધંધો કરતા લોકો દ્વારા ભેળસેળ કરવામાં આવે છે તે હકીકત ઘણા સમયથી જાણીતી છે. નકલી દૂધનો ધંધો પણ બેરોકટોક ચાલે છે. પરંતુ વધુ દૂધ ઉત્પાદનની લાલસામાં જે રીતે ગાય, ભેંસ અને અન્ય દૂધાળા પશુઓને દવાઓ આપીને તેમના હોર્મોન્સ વધારીને તેમનું દૂધ કાઢવામાં આવે છે તે એક અલગ અને કરૂણ પાસું છે. દવાઓ આપીને હોર્મોન્સ વધારવાથી પશુઓમાં દૂધનું પ્રમાણ વધે છે, પરંતુ તેમના સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરો તેમના માટે ભયજનક છે. જ્યારે આવા પ્રાણીઓ દૂધ આપવાનું બંધ કરે છે, ત્યારે તેઓ ઘણી પીડાદાયક બીમારીઓનો ભોગ બને છે. પાલતુ પશુઓ સાથેનો અત્યંત ક્રૂર વ્યવહાર છે.

પશુઓને તેમના હોર્મોન્સ વધારવા માટે દવાઓ આપવી અને વધુમાં વધુ દૂધ કાઢવાને દિલ્હી હાઈકોર્ટે પણ પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા ગણાવી છે. કોર્ટે અધિકારીઓને આદેશ આપ્યો છે કે તેઓ રાજધાનીની ડેરીઓમાં હોર્મોન ઉત્પન્ન કરવા માટે ઓક્સિટોસિન નામની દવાનો ઉપયોગ ક્યાં થાય છે તે શોધી કાઢે અને આવા લોકો સામે કાર્યવાહી કરે. કોર્ટે ગુપ્તચર વિભાગને ઓક્સીટોસીનના ઉત્પાદન અને વિતરણના સ્ત્રોતોની ઓળખ કરવા પણ કહ્યું છે. શહેરોમાં ચાલતી ડેરીઓ દૂધાળા પશુઓને સંસાધન તરીકે રાખે છે.

ઘણી ડેરીઓમાં પશુઓને બેસવા કે ફરવા માટે પૂરતી જગ્યા હોતી નથી. તેમની સ્વચ્છતા પર પણ યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી. તેથી, કોર્ટે એમ પણ કહ્યું છે કે ડેરીઓમાં યોગ્ય ડ્રેનેજ, પ્રાણીઓના રહેવા માટે પૂરતી ખુલ્લી જગ્યા, બાયોગેસ પ્લાન્ટ વગેરે ઉપલબ્ધ છે તેની ખાતરી કરવી જોઈએ. ડેરીઓને ગોચર વિસ્તારમાં લઈ જવી જોઈએ. પરંતુ ગામડાઓમાં આવી ગૌચરની જગ્યાઓ નથી બચી તો શહેરોમાં આવી જગ્યાઓ ક્યાં ઉપલબ્ધ થશે તે એક પ્રશ્ન છે. મોટાભાગના ડેરી વિસ્તારો હવે ગીચ રહેણાંક મકાનોમાં ફેરવાઈ ગયા છે. પ્રાણીઓના કુદરતી જીવનને છીનવી લેવું અને પછી તેમને દવાઓ આપીને વધુ દૂધ ઉત્પન્ન કરવા ઉત્તેજિત કરવું એ નિઃશંકપણે પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ હેઠળ સજાપાત્ર ગુનો છે. આ રીતે લોકોના આરોગ્ય સાથે પણ રમત રમાઈ રહી છે. લોકો તેમના બાળકોને યોગ્ય પોષણ મળે તેવા આશયથી દૂધ અને દૂધની બનાવટો આપે છે, પરંતુ દવાઓ આપીને કાઢવામાં આવેલ દૂધ રોગો અને વિકૃતિઓનું જોખમ વધારે છે.

આપણે ત્યાં દૂધમાં ભેળસેળ કરનારાઓ સામે પણ પૂરતી કાર્યવાહી કરવામાં નથી આવતી ત્યાં પશુઓને હાનિકારક દવાઓ આપીને દૂધમાં ઝેર ભેળવવામાં આવી રહ્યું છે તેના પર આજદિન સુધી ગંભીરતાથી ધ્યાન આપવામાં આવ્યું નથી. દિલ્હી હાઈકોર્ટે આ મામલે કડકાઈ દાખવી છે અને સંબંધિત વિભાગોને સતર્ક રહેવા કહ્યું છે. આનાથી સંભવતઃ ખોટી રીતે દૂધનું ઉત્પાદન કરવાના દૂધ ઉત્પાદકોના ક્રૂર પ્રયાસો પર થોડો અંકુશ આવશે. માત્ર દિલ્હી જ નહીં સમગ્ર દેશમાં પશુઓ પર આ અત્યાચાર બંધ થવો જોઈએ. ગૌરક્ષકો કે 'પેટા' જેવી પ્રાણીવાદી સંસ્થાઓ કેમ આ મામલે ચૂપ છે ? મૂંગા પ્રાણીઓ સાથે કરાતો આવો ભયંકર ખિલવાડ શું જીવદયાવાળી સંસ્થાઓને દેખાતો નથી ?

# શું ભાજપ બંગાળમાં વેગ ગુમાવી રહ્યું છે ?

## સંદેશખાલી, ગવર્નર બોઝની આસપાસના તાજેતરના વિકાસ અને ભરતી કૌભાંડે ભાજપને બેકફૂટ પર મૂક્યું હોય તેવું લાગે છે

પશ્ચિમ બંગાળના કૃષ્ણનગર લોકસભામાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવારના સમર્થનમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના રોડ-શો દરમિયાન, એક પત્રકારે શાહને ચૂંટણી પ્રચાર દરમિયાન બોમ્બની જેમ ફેંકાયેલા સ્ટિંગ ઓપરેશન વીડિયો વિશે બે દિવસ પેહલાં પૂછ્યું.

વીડિયોમાં, સંદેશખાલીના બીજેપી નેતા ગંગાધર કોયલ કથિત રીતે સ્વીકારતા જોવા મળે છે કે કેવી રીતે પાર્ટીએ રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા, ભાજપના સુવેન્દુ અધિકારીની સૂચના અને માર્ગદર્શન હેઠળ તૃણમૂલ કોંગ્રેસના (TMC) નેતાઓ સામે બળાત્કારની ખોટી ફરિયાદો દાખલ કરવા માટે સ્થાનિક મહિલાઓને ગેરમાર્ગે દોરી હતી.

કાયલે સ્વીકાર્યું કે દેખાતી વ્યક્તિ તે જ હતી અને અવાજ તેનો જ હતો, પરંતુ આરોપ મૂક્યો હતો કે વીડિયો એડિટ કરવામાં આવ્યો હતો અને શબ્દોના સંદર્ભો બદલાઈ ગયા હતા. અધિકારીએ આરોપ લગાવ્યો હતો કે આ વીડિયો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો હતો અને તે "ડીપ ફેક" ટેક્નોલોજીનું ઉત્પાદન પણ હોઈ શકે છે. બંનેએ 'સ્ટિંગ ઓપરેશન' અંગે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) તપાસની માંગ કરી હતી.

જો કે, શાહે આ વીડિયો પર કોઈ ટિપ્પણી કરી નથી. તેમણે પત્રકારને કહ્યું, "મમતા બેનરજીએ એક વાત સ્પષ્ટ કરવી જોઈએ - શું તેઓ શાજહાં શેખને નિર્દોષ માને છે ? તેમણે પહેલા આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ."

થોડા કલાકો પછી, શાહે બર્ધમાન જિલ્લામાં જાહેર રેલીને સંબોધિત કરી. તેમણે શેખનો ઉધડો લીધો પરંતુ વીડિયો પર સંપૂર્ણ મૌન જાળવ્યું. આના કારણે ટીએમસી દ્વારા પૂછવામાં આવ્યું કે શું ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ જાણતું હતું કે તેના સ્થાનિક નેતાઓએ કાવતરૂં ઘડ્યું હતું. શેખ સંદેશખાલીના વિવાદાસ્પદ ટીએમસી નેતા છે જે હાલમાં તેમના બે નજીકના સહયોગીઓ - ઉત્તમ સરદાર અને શિબાપ્રસાદ હઝરા સાથે - એક કૌભાંડમાં કથિત સંડોવણી અને તેમના નિવાસસ્થાને દરોડો પાડવા જઈ રહેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની ટીમ પર હુમલાનું આયોજન કરવા બદલ સીબીઆઈની કસ્ટડીમાં છે.

ED અધિકારીઓ પરના હુમલા પછી શેખ છુપાઈ ગયો હોવાથી, વિરોધ પક્ષના સમર્થકો અને અસંતુષ્ટ TMC કાર્યકરો સહિત સ્થાનિક રહેવાસીઓએ તેની ધરપકડની માગણી સાથે આંદોલન કરવાનું શરૂ કર્યું. સેંકડો લોકો, ખાસ કરીને મહિલાઓએ આરોપ લગાવ્યો કે તેઓ શેખ અને તેના સાથીઓની ઉચાપત, આતંક અને ભ્રષ્ટાચારનો ભોગ બન્યા છે. પરંતુ આંદોલને નવો વળાંક લીધો જ્યારે કેટલીક મહિલાઓએ જાતીય સતામણીનો આરોપ લગાવવાનું શરૂ કર્યું. ત્યારથી, ભાજપે ટીએમસી પર મુસ્લિમોને બળાત્કાર કરવા અને હિંદુ મહિલાઓ સાથે સામૂહિક છેડતી કરવાની મંજૂરી આપવાનો આરોપ લગાવતા ભારે ઝુંબેશ હાથ ધરી છે.

જો સ્ટિંગ વિડિયો બોમ્બની જેમ પડ્યો છે, તે પછી વધુ આવ્યું. એક વિડિયોમાં, રેખા પાત્રા, બસીરહાટના બીજેપી ઉમેદવાર – જેનો સંદેશખાલીનો એક ભાગ છે - રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ફરિયાદ કરવા માટે ભાજપ પર "નકલી પીડિતો"ને રાષ્ટ્રપતિ ભવન લઈ જવાનો આરોપ લગાવતી જોવા મળે છે. પાત્રા પોતે પીડિત હોવાનો દાવો કરે છે.

આ વીડિયોમાં તે સ્થાનિક બીજેપી નેતા પિયાલી ઉર્ફે મમ્પી દાસની બાજુમાં ઉભેલી જોવા મળી રહી છે અને બંને એક જ આરોપ લગાવે છે. આ વિડિયો સંભવતઃ બીજેપીએ પોતાના ઉમેદવાર તરીકે પાત્રાનું નામ આપ્યું તે પહેલા શૂટ કરવામાં આવ્યો હતો. "તેની (અનુપ દાસ, સ્થાનિક બીજેપી નેતા)ની હિંમત કેવી રીતે થઈ કે રાષ્ટ્રપતિ મેડમ પાસે અજાણ્યા લોકોને સંદેશખાલીના પીડિતો તરીકે લઈ જાય ?" પાત્રા વીડિયોમાં પૂછે છે.

તે પછી, અન્ય એક વિડિયોમાં ત્રણ મહિલાઓ આરોપ લગાવતી જોવા મળે છે કે બીજેપીના પિયાલી દાસે સંદેશખાલીની મુલાકાતે આવેલા રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)ના અધ્યક્ષ રેખા શર્મા સમક્ષ ફરિયાદો કરવા માટે તેમની કોરા કાગળો પર સહી કરાવી હતી.

"અમને પોલીસ તરફથી નોટિસ મળ્યા પછી જ અમને ખબર પડી કે અમે બળાત્કારની ફરિયાદ કરી છે. આ ખોટું છે. અમારી સાથે આવું કંઈ બન્યું નથી," એક મહિલાએ કહ્યું.

અન્ય એક મહિલાએ જણાવ્યું હતું કે તેમની પાસે મનરેગાના કામના લેણાંની ચૂકવણી અને સ્થાનિક ટીએમસી નેતાઓ માટે રસોઈ માટે ચૂકવણી જેવી અન્ય ફરિયાદો છે. પરંતુ પિયાલી દાસે કથિત રીતે તેઓની કોરા કાગળો પર સહી કરાવી અને ફરિયાદી વતી પોલીસ અને દ્વઝઉને આપેલી ફરિયાદમાં બળાત્કારના આરોપોનો સમાવેશ કર્યો.

સંદેશખાલી, ગવર્નર બોઝની આસપાસના તાજેતરના વિકાસ અને ભરતી કૌભાંડે ભાજપને બેકફૂટ પર મૂક્યું હોય તેવું લાગે છે.

નોંધનીય રીતે, મૂળ સ્ટિંગ વિડિયોમાં સમાન આરોપો છે - જે મહિલાઓ શેખ અને તેના સહયોગીઓ વિરૂદ્ધ અન્ય ફરિયાદો સાથે ભાજપ પાસે આવી હતી તેમને કાં તો કોરા કાગળો અથવા અંગ્રેજીમાં લખેલી ફરિયાદો પર સહી કરવાનું કહેવામાં આવ્યું હતું, જે ફરિયાદકર્તાઓને સમજાયું ન હતું.

"અમે ઈચ્છીએ છીએ કે દાસને અમને તેના કાવતરામાં ખેંચવા અને અમને હેરાન કરવા અને બદનામ કરવા બદલ સજા કરે," એક વૃદ્ધ મહિલાના સંબંધીએ કહ્યું, તેના વૃદ્ધ સાસરિયાઓ ક્યારેય જાતીય સતામણીનો ભોગ બન્યા નથી.


પશ્ચિમ બંગાળના બીરભૂમમાં રેલીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ.

રાજકારણ

- સ્નિગ્ધેન્દુ ભટ્ટાચાર્ય

આ બંને મહિલાઓએ ત્યારબાદ પોલીસને અરજી કરી બળાત્કારના આરોપો પાછા ખેંચવા અને દાસ સામે કાર્યવાહીની માગણી કરી.

વીડિયોની આ શ્રેણીએ ભાજપને દેખીતી રીતે શરમમાં મુકી દીધી છે. તાજેતરમાં, જ્યારે મીડિયાએ પાત્રાને આરોપો વિશે પૂછ્યું, ત્યારે તેના સુરક્ષા ગાર્ડે તરત જ ઈન્ટરવ્યુ અટકાવી દીધો.

૯ મેના રોજ તેણીના નોમિનેશનની રજૂઆત દરમિયાન પણ, તેણીએ વિડીયોટેપ પર પત્રકારોના તમામ પ્રશ્નોના જવાબ ન આપ્યા. પિયાલી દાસ તેની સાથે હતા પરંતુ તેમણે મોઢું બંધ રાખ્યું.

પણ સંદેશખાલી એ જ શરમજનક નથી કે જેણે ચૂંટણી પ્રચારની વચ્ચે ભાજપને પરેશાન કર્યું હોય. રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ, જેમણે રાજ્ય સરકારના ટીકાકાર તરીકે કામ કરવાની તેમના પુરોગામી જગદીપ ધનખરની પરંપરાને અનુસરી છે, તેઓ છેડતીના આરોપનો સામનો કરી રહ્યા છે.

રાજભવનના એક છૂટક કામદારે બોઝ પર છેડતીનો આરોપ લગાવતા પોલીસમાં ફરિયાદ કરી છે. બોસે આક્ષેપ કર્યો હતો કે તે તેમને બદનામ કરવા અને રાજ્ય સરકારની ટીકા કરતા અટકાવવાનું એક રાજકીય કાવતરું હતું. રાજ્ય પોલીસને આરોપોની તપાસ કરતા અટકાવવા માટે, તેમણે રાષ્ટ્રપતિ અને રાજ્યના ગવર્નરોને મળતી ફોજદારી પ્રક્રિયાઓથી પ્રતિરક્ષા મેળવવાની વિનંતી કરી.

આ બે મુદ્દાઓએ આ ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં ભાજપની મુખ્ય પ્રચાર થીમમાંથી એકને બરબાદ કરી દીધી છે – જેમ કે મુખ્ય પ્રધાન મમતા બેનરજીના શાસને બંગાળને મહિલાઓ માટે દુઃસ્વપ્ન બનાવી દીધું છે.

TMC દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરવામાં આવેલા એક વિડિયોમાં અધિકારી પોતાનો ગુસ્સો ગુમાવતા અને મહિલાઓના એક જૂથ પર અપશબ્દો બોલતા જોવા મળે છે જેઓ આંદોલન સ્થળ પરથી માઈક્રોફોનનો ઉપયોગ કરીને "સંદેશખાલી કાવતરા" માટે ભાજપને દોષી ઠેરવતા હતા.

અધિકારીએ વીડિયો પર ટિપ્પણી કરવાનું બંધ કરી દીધું છે. જ્યારે પણ પત્રકારો પૂછે છે, ત્યારે તે માત્ર એટલું જ કહે છે કે TMC અખિલ ભારતીય મહાસચિવ, મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજીએ રાજકીય સલાહકાર ફર્મ ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી (I-PAC)ની મદદથી આ બધું ગોઠવ્યું છે, જે ૨૦૧૯થી TMC હેઠળ કાર્યરત છે.

જ્યારે ફેબ્રુઆરીમાં સંદેશખાલી આંદોલન તેની ચરમસીમા પર હતું, ત્યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ભાજપના કાર્યકરોએ એક પછી એક વીડિયો ક્લિપ શેર કરી હતી જેમાં મહિલાઓ TMC પર આતંક અને ત્રાસનો આરોપ લગાવતી હતી. મે મહિનામાં, TMC કાર્યકરો સંદેશખાલીની વિડિયો ક્લિપ્સ સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર છલકાઈ રહ્યા છે.

**બદલાવ :** રાજકીય વિજ્ઞાની શિબાજી પ્રતિમ બસુએ ધ વાયરને જણાવ્યું હતું કે, "એવું લાગે છે કે રાજ્યના શાસક પક્ષનો તેમની ચૂંટણીની સંભાવનાઓ પર વિશ્વાસ પ્રચાર શરૂ થયો ત્યારથી નોંધપાત્ર રીતે વધ્યો છે." "ભાજપે પ્રચાર શરૂ થયો ત્યારથી પીછેહઠ કરી છે."

તેમણે ધ્યાન દોર્યું હતું કે ટીએમસીને બે મુદ્દાઓમાંથી રાહત મળી છે જે તેમના માટે ભારે અસ્વસ્થતાનું કારણ બન્યું હતું - સંદેશખાલીમાં સામૂહિક જાતીય સતામણી અને શાળા ભરતી કૌભાંડના આરોપો, જો કે શાળા ભરતી કૌભાંડના કિસ્સામાં કામચલાઉ રાહત મળી છે.

તેમણે ઉમેર્યું હતું કે જાતીય સતામણીના આરોપોની તપાસને રોકવા માટે રાજ્યપાલ બોઝે જે રીતે પ્રતિરક્ષા માંગી હતી તેનાથી પણ તેમની છબી ખરાબ થઈ છે. પશ્ચિમ મિદનાપુર જિલ્લાની વિદ્યાસાગર યુનિવર્સિટીના પ્રોફેસર બાસુએ જણાવ્યું હતું કે, "તેઓ કોઈપણ રાજકીય પક્ષનો ભાગ ન હોવા છતાં, જાહેર ધારણામાં તેઓ કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરે છે."

શાળા ભરતી કૌભાંડ, જે સપ્ટેમ્બર ૨૦૨૧થી ટીએમસીને પરેશાન કરી રહ્યું છે, તે ચૂંટણી પ્રચારની મધ્યમાં રાજ્ય સરકાર માટે મોટો ફટકો હતો. ૨૩ એપ્રિલના રોજ, કલકત્તા હાઈકોર્ટે ૨૫,૭૫૩ શિક્ષકોને તેમની સેવાઓમાંથી બરતરફ કર્યા હતા, અદાલતે કહ્યું હતું કે પાત્રને અયોગ્યમાંથી યોગ્યને અલગ કરવું શક્ય નથી.

સંદેશખાલી, ગવર્નર બોઝની આસપાસના તાજેતરના વિકાસ અને ભરતી કૌભાંડે ભાજપને બેકફૂટ પર મૂક્યું હોય તેવું લાગે છે.

કોર્ટે સીબીઆઈને રાજ્ય કેબિનેટની ભૂમિકાની તપાસ કરવા અને તેમને યોગ્ય લાગે તે પ્રમાણે પગલાં લેવા જણાવ્યું હતું.

જોકે, રાજ્ય સરકારને સુપ્રીમ કોર્ટમાંથી કામચલાઉ રાહત મળી છે, જેણે સીબીઆઈને ચૂંટણી દરમિયાન કેબિનેટ વિરૂદ્ધ કાર્યવાહી કરવા પર રોક લગાવી છે અને જુલાઈમાં આગામી સુનાવણી સુધી લાયક ઉમેદવારોની નોકરી ગુમાવવા પર રોક લગાવી છે.

જ્યારે આ કૌભાંડને લઈને નોંધપાત્ર લોકોમાં નારાજગી જોવા મળી રહી છે, ત્યારે હાઈકોર્ટના આદેશથી લોકો વિભાજિત થઈ ગયા છે. ૫,૦૦૦ અયોગ્ય અને ગેરકાયદેસર લાભાર્થીઓ માટે ૨૦,૦૦૦ જેટલી યોગ્ય નોકરીઓ છીનવી લેવાના કોર્ટના પ્રસ્તાવ સાથે ઘણા લોકો સહમત થઈ શક્યા નથી. માતા-પિતા પણ તેમના બાળકોના ભાવિ વિશે ચિંતિત હતા જે ધોરણ X અને XII ધોરણની પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા હતા જો એક જ વારમાં ઘણા શિક્ષકોએ નોકરીઓ ગુમાવવી પડે ત્યારે. ટીએમસીએ વધુમાં, બીજેપીના નેતાઓની બે ટીપ્પણીઓનો ઉપયોગ કરીને ભાજપ વિરૂદ્ધ મોરચો ફેરવ્યો હતો. અધિકારીએ થોડા દિવસો પહેલા કહ્યું હતું કે વિસ્ફોટ થવાની રાહ જોઈ રહેલો બોમ્બ આવતા અઠવાડિયે ટીએમસીને તોડી પાડશે. હાઈકોર્ટના ચુકાદાની પૂર્વસંધ્યાએ, બીજેપી નેતા સનમોય બેનરજીએ ફેસબુક પર લખ્યું કે તેમને ૨૫,૭૫૩ શિક્ષકો માટે ખરાબ લાગ્યું જેઓ બીજા દિવસે તેમની નોકરી ગુમાવી રહ્યા હતા.

ચુકાદા પછી, મુખ્ય પ્રધાન બેનરજી તેમના ભત્રીજા અભિષેક અને પક્ષના અન્ય ટોચના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે ભાજપને અગાઉથી જ આ આદેશની જાણ હતી કારણ કે તેઓએ તે નક્કી કર્યું હતું. ટીએમસીએ બીજેપીને એક એવી પાર્ટી તરીકે દર્શાવી જે લોકોની નોકરીની પાછળ પડી ગઈ છે.

આ હેતુ માટે, પક્ષે ટાંક્યું કે કેવી રીતે કલકત્તા હાઈકોર્ટના ન્યાયાધીશ અભિજિત ગંગોપાધ્યાયે રાજ્ય સરકાર વિરૂદ્ધ શ્રેણીબદ્ધ આદેશો આપ્યા અને તેમની ખુરશી પરથી રાજકીય ટિપ્પણીઓને શ્રેણીબદ્ધ કરી, માત્ર ત્યારે જ જ્યારે ચૂંટણીઓ આવી ત્યારે તેઓ ઔપચારિક રીતે ભાજપમાં જોડાઈ ગયા.

ગંગોપાધ્યાય, જેમની બેંચ સમક્ષ ભરતી કૌભાંડની સુનાવણી સપ્ટેમ્બર ૨૦૨૧માં શરૂ થઈ હતી, તેમણે માર્ચમાં હાઈકોર્ટમાંથી રાજીનામું આપ્યું, ભાજપમાં જોડાયા અને તમલુક લોકસભામાંથી ચૂંટણી લડી રહ્યા છે.

બસુએ ધ્યાન દોર્યું કે ભાજપના નેતાઓના કેટલાંક કૃત્યો ઉંધા પડ્યા છે. અધિકારીએ વિસ્ફોટની આગાહી કર્યા પછી જ નોકરી ગુમાવવી પડી. "આનાથી લોકોમાં એવી ધારણા ઊભી થઈ રહી છે કે ભાજપ લોકોની નોકરી છીનવવાનો પ્રયાસ કરી રહી છે," તેમણે કહ્યું.

તેવી જ રીતે, કેન્દ્ર દ્વારા મનરેગાના કામની ચૂકવણી અટકાવવા અને નાગરિકતા સુધારા નિયમો (CAA)માં જટિલતાઓ જેવા મુદ્દાઓ ફરી બીજેપી વિરૂદ્ધ આગળ વધી રહ્યા છે. તેમને લાગ્યું.

રાજનીતિ વિજ્ઞાની વિશ્વનાથ ચક્રવર્તીના મતે, પશ્ચિમ બંગાળમાં ભાજપની સ્થિતિ થોડા સમય પહેલા જેવી દેખાતી હતી તેના સાપેક્ષ પ્રતિકૂળ થઈ ગઈ છે.

"TMC સંદેશખાલીને લઈને બેક ફૂટ પર હતી પરંતુ હવે તેઓ આગળના પગ પર છે. તેઓ લોકોમાં એવી ધારણા બનાવી રહ્યા છે કે ભાજપ લોકોના કામ પાછળ પડી ગઈ છે. કોલકાતાની રવીન્દ્ર ભારતી યુનિવર્સિટીના પ્રોફેસર ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, ભાજપનું સ્થાનિક નેતૃત્વ ધારણાની લડાઈને યોગ્ય રીતે લડવામાં સક્ષમ નથી.

તેમણે ધ્યાન દોર્યું કે આ વખતે રાષ્ટ્રીય ચૂંટણીમાં કોઈ કેન્દ્રીય મુદ્દો નથી અને રામ મંદિર ઉદ્ઘાટન જેવા ભાજપના પાળેલા મુદ્દાઓની અસર ઓછી થઈ ગઈ છે. "ભાજપને આશા હતી કે લાંબી ચૂંટણી તેમને મદદ કરશે, કારણ કે મોદીને દરેક રાજ્ય પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવા માટે સમય મળશે. જો કે, તે વાસ્તવમાં વિપક્ષને ફાયદો કરે તેવું લાગે છે, કારણ કે પ્રાદેશિક દળોનો પ્રતિકાર સમયની સાથે સખત બની રહ્યો છે. પશ્ચિમ બંગાળની જેમ અન્ય રાજ્યોમાં પણ આવું થઈ રહ્યું છે, "તેમણે કહ્યું. પશ્ચિમ બંગાળની ૪૨ લોકસભા સીટો માટે સાત તબક્કામાં ચૂંટણી યોજાઈ રહી છે. ૨૦૧૯માં ચાર ખૂણાની હરીફાઈમાં, TMCએ ૨૨ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપને ૧૮ બેઠકો અને કોંગ્રેસને બે બેઠકો મળી હતી. આ વખતે હરીફાઈ ત્રિકોણીય છે, કારણ કે ડાબેરીઓ અને કોંગ્રેસે ગઠબંધન કર્યું છે.

**સ્વતંત્ર પત્રકાર છે.**

**(સૌ. : ધ વાયર. ઈન)**

# નડિયાદમાં બાર કોશિયા રોડ પર આવેલી સોસાયટીઓમાં રોગચાળાએ માથું ઊંચક્યું

નડિયાદ, તા.૧૨

નડિયાદના બાર કોશિયા રોડ પર આવેલ વિવિધ સોસાયટીમાં છેલ્લા બે ત્રણ દિવસથી ઝાડા ઉલટીના કારણે પ્રજામાં ફફડાટ વ્યાપી ગયો છે. હાલમાં ૧૫ વ્યક્તિઓ ઝાડા ઉલટીમાં સપડાયા હોવાનું જાણવા મળ્યું છે. જોકે આરોગ્ય તંત્ર આ બાબતે અજાણ હોવાના આક્ષેપો જોવા મળ્યા છે. વહેલી તકે આ વિસ્તારમાં સર્વે થાય તેવી પ્રજાની માંગ છે.

નડિયાદમાં લઘુમતી વિસ્તાર તરીકે જાણીતા બાર કોશિયા રોડ પર વિવિધ સોસાયટીઓ આવેલી છે જે પૈકી સુહાના સોસાયટી, ગીનપાર્ક, રાહીન પાર્ક વગેરેમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઝાડા ઉલટીનો વાવડ જોવા મળી રહ્યો છે જેના કારણે આ વિસ્તારની પ્રજા મુશ્કેલીમાં મુકાય છે. પ્રદૂષિત પાણી પીવાથી અથવા તો અન્ય કોઈ કારણ લીધે આ વાવડે આ વિસ્તારમાં ઝાડા ઉલટીમાં ૧૫ જેટલા વ્યક્તિઓ સપડાયા છે. આ લોકો હાલમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

આ વિસ્તારની પ્રજા એવો આક્ષેપ કરે છે કે નજીકમાં અર્બન સેન્ટર આવેલું હોવા છતાં તેનું સ્ટાફ આ બાબતે અજાણ છે. આ વિસ્તારમાં વહેલી તકે સર્વે કરવામાં આવે તો ઘણા કેસો બહાર આવી શકે તેમ વહેલી તકે આ વિસ્તારમાં જે કારણથી ઝાડા ઉલટીના વાવડે માથું ઉચક્યું છે તે કારણો દૂર કરવામાં આવે તેમ જ દવાનું વિતરણ થાય તેવી માંગ ઊભી છે.

# ગોધરા ખાતે દાહોદ જિલ્લાના હજયાત્રીઓ માટે હજ ટ્રેનિંગ કેમ્પ યોજાયો

ગોધરા, તા.૧૨

ગોધરા ખાતે ગુજરાત રાજ્ય હજ કમિટીના પ્રમુખ ઈકબાલ સૈયદ દાહોદ જિલ્લાના માસ્ટર હનીફ ભાઈ પટેલ પંચમહાલ/દાહોદ જીલ્લા ફિલ્ડ ટ્રેનરોની હાજરીમાં હજ ટ્રેનીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં પંચમહાલ દાહોદ જિલ્લાના ૯૦૦ જેટલા હાજી, હજીયાણીઓએ ભાગ લીધો હતો ગુજરાત રાજ્ય હજ કમિટી ચેરમેન ઈકબાલ સૈયદ દ્વારા હાજીઓને હજને લગતી માહિતી તેમજ મીના અરફાત સહિતની માહિતી આપી હતી. સાથે-સાથે તેઓ દ્વારા ગુજરાતના હાજીઓ જે મુંબઈ અમબાઈકેશન પસંદ કરેલ તેઓએ ફરીથી ગુજરાતમાંથી જવા માંગતા હોવાની રજૂઆત કરેલ છે તે રજૂઆત દયાને લઈ હજ કમિટીના સી.ઈ.ઓને રજૂઆત કરેલ છે અને ફરીથી રજૂઆત માટે દીલ્હી જવાના હોવાનું જણાવ્યું હતું અને સ્પેશ્યલ ટ્રેન ચલાવવા તેમજ મુંબઈના હાજીઓને પાસપોર્ટ અમદાવાદ હજ હાઉસ ખાતે મળી રહે તેની વ્યવસ્થા કરવાની રજૂઆત કરવામા આવી હોવાનું જણાવ્યું હતું અને સાથે સાથે જણાવ્યું હતું કે કોઈ પણ હાજીને કોઈ પણ તકલીફ હોય તો બેધડક અમારો કોન્ટેક્ટ કરી શકે છો અમો તત્કાલીન નિરાકરણ લાવવાનાં પ્રયાસો કરીશું ગુજરાત રાજ્યનાં માસ્ટર ટ્રેનર હનીફભાઈ પટેલ દ્વારા હજ્જેબ્તુલ્લાહ વિશે જાણકારી આપી હતી જયારે મૌલાના અબદુલરઝઝાક ભાગલીયા દ્વારા દીની તથા દુન્યવી તાલીમ અને હજના અરકાન વિશે હાજી, હજીયાણીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે-સાથે મૌલાના ઈકબાલ બોકડા દ્વારા એહરામ તેમજ અરાફત વિષે સમજ આપી હતી આ પ્રોગ્રામને શેખ અ.સિરાજ કમરુભાઈ (દીલું હાજી) હાજી સુલેમાન દુલલી, સલમાન રલીયા આ કેમ્પને સફળ બનાવવામાં પંચમહાલ/દાહોદ જિલ્લા ફિલ્ડ ટ્રેનરો ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડના સભ્ય સોફીયા અનવર જમાલ તેમજ હજ કમિટી સભ્ય રૂકૈયાબેન ગુલામહુસેનવાલા સહિત સામાજિક કાર્યકરો હાજર રહ્યા હતા અને પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.



૯૦૦ જેટલા હાજીઓ, હજીયાણીઓએ કેમ્પમાં ભાગ લીધો

# ભરૂચના નંદેલાવ ગામે આવેલા મકાનમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું : માતા-પુત્રની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૨

ભરૂચ શહેરના નંદેલાવ વિસ્તારમાં અંજુમન પાર્ક નામની સોસાયટીમાં રહેતી મહિલા પોતાના મકાનમાં બહારથી મહિલાઓ બોલાવી કુટણખાનું ચલાવતી હતી. આ અંગેની ભરૂચ એ-ડિવીઝન પોલીસ મથકના પીઆઈ વી.યુ.ગડરિયાને માહિતી મળી હતી. જેથી તેઓએ શહેર ડીવાયએસપી સી.કે.પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એ.ઝાલા અને સ્ટાફના માણસોએ કામગીરી કરવા સૂચનાઓ આપી હતી. જેમાં ડમી ગ્રાહક બનીને પોલીસ કર્મીને મોકલી તપાસ કરવા જણાવ્યું હતું. ડમી ગ્રાહકે અંજુમન પાર્ક સોસાયટીમાં મહિલાના ઘરમાં તે હાજર હોય શરીરસુખ માણવા મહિલાને ૧૦૦૦ રૂપિયા આપ્યા હતાં. ત્યારબાદ તેને રૂમમાં જવાનું કહેતા ખાતરી થતા જ ડમી ગ્રાહકે પોલીસ અધિકારીને મિસકોલ મારતા એ-ડિવીઝન પોલીસે તેના મકાનમાં પંચોની હાજરીમાં રેઈડ કરી હતી. જેમાં ઘરમાંથી કુટણખાનું ચલાવનાર મહિલા મળી આવી હતી.પોલીસે તેના ઘરની તલાસી લેતા નીચેના રૂમમાં એક મહિલા અને ઉપરના માળે જોતા અંદરના રૂમમાંથી એક મહિલા તથા એક પુરૂષ કઢંગી હાલતમાં મળી આવ્યા હતા. તે બંનેને નામ થામ પૂછતાં તે મહિલાનો પુત્ર હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે સ્થળ પરથી બંને માતા અને પુત્રની ધરપકડ કરી તેમની પાસેથી ત્રણ નંગ મોબાઈલ અને રોકડા રૂપિયા મળી કુલ રૂા.૧૭૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે બંને સામે ધી ઈમોરલ ટ્રાફિક પ્રીવેન્સન એક્ટ ૧૯૫૬ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# દૂધાળા-પાલતુ પ્રાણીઓ સાથે ક્રૂરતા જીવદયાવાળાઓને કેમ દેખાતી નથી ??

ભારત ખેતીપ્રધાન દેશ રહ્યો છે પરંતુ વર્તમાન સમયમાં કૃષિ વ્યવસ્થા મશીન આધારિત બની ગઈ હોવાથી પશુપાલનનો હેતુ માત્ર વ્યાપારી બની ગયો છે. દૂધ ઉત્પાદન એક મોટો વ્યવસાય બની ગયો છે. દૂધ અને દૂધના ઉત્પાદનોની સતત વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને શહેરોમાં, દુધાળા પ્રાણીઓના ઉછેર અને દૂધ ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવે છે. દેશના મોટાભાગના રાજ્યોએ સહકારી દૂધ મંડળીઓની રચના કરી હોવા છતાં ઘણી કંપનીઓ પ્લાસ્ટિક થેલીમાં પેકિંગવાળા દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ પણ કરે છે. જો કે, શુદ્ધતાને લીધે, ઘણા લોકો તેમની સ્થાનિક ડેરી અથવા દૂધવાળા પાસેથી દૂધ લેવાનું વધુ યોગ્ય માને છે.

આ પ્રકારના દૂધનો ધંધો કરતા લોકો દ્વારા ભેળસેળ કરવામાં આવે છે તે હકીકત ઘણા સમયથી જાણીતી છે. નકલી દૂધનો ધંધો પણ બેરોકટોક ચાલે છે. પરંતુ વધુ દૂધ ઉત્પાદનની લાલસામાં જે રીતે ગાય, ભેંસ અને અન્ય દુધાળા પશુઓને દવાઓ આપીને તેમના હોર્મોન્સ વધારીને તેમનું દૂધ કાઢવામાં આવે છે તે એક અલગ અને કરૂણ પાસું છે. દવાઓ આપીને હોર્મોન્સ વધારવાથી પશુઓમાં દૂધનું પ્રમાણ વધે છે, પરંતુ તેમના સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરો તેમના માટે ભયજનક છે. જ્યારે આવા પ્રાણીઓ દૂધ આપવાનું બંધ કરે છે, ત્યારે તેઓ ઘણી પીડાદાયક બીમારીઓનો ભોગ બને છે. પાલતુ પશુઓ સાથેનો અત્યંત ક્રૂર વ્યવહાર છે.

પશુઓને તેમના હોર્મોન્સ વધારવા માટે દવાઓ આપવી અને વધુમાં વધુ દૂધ કાઢવાને દિલ્હી હાઈકોર્ટે પણ પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા ગણાવી છે. કોર્ટે અધિકારીઓને આદેશ આપ્યો છે કે તેઓ રાજધાનીની ડેરીઓમાં હોર્મોન્સ ઉત્પન્ન કરવા માટે ઓક્સિટોસિન નામની દવાનો ઉપયોગ ક્યાં થાય છે તે શોધી કાઢે અને આવા લોકો સામે કાર્યવાહી કરે. કોર્ટે ગુપ્તચર વિભાગને ઓક્સીટોસીનના ઉત્પાદન અને વિતરણના સ્ત્રોતોની ઓળખ કરવા પણ કહ્યું છે. શહેરોમાં ચાલતી ડેરીઓ દુધાળા પશુઓને સંસાધન તરીકે રાખે છે.

ઘણી ડેરીઓમાં પશુઓને બેસવા કે ફરવા માટે પૂરતી જગ્યા હોતી નથી. તેમની સ્વચ્છતા પર પણ યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી. તેથી, કોર્ટે એમ પણ કહ્યું છે કે ડેરીઓમાં યોગ્ય ડ્રેનેજ, પ્રાણીઓના રહેવા માટે પૂરતી ખુલ્લી જગ્યા, બાયોગેસ પ્લાન્ટ વગેરે ઉપલબ્ધ છે તેની ખાતરી કરવી જોઈએ. ડેરીઓને ગોચર વિસ્તારમાં લઈ જવી જોઈએ. પરંતુ ગામડાઓમાં આવી ગૌચરની જગ્યાઓ નથી બચી તો શહેરોમાં આવી જગ્યાઓ ક્યાં ઉપલબ્ધ થશે તે એક પ્રશ્ન છે. મોટાભાગના ડેરી વિસ્તારો હવે ગીચ રહેણાંક મકાનોમાં ફેરવાઈ ગયા છે. પ્રાણીઓના કુદરતી જીવનને છીનવી લેવું અને પછી તેમને દવાઓ આપીને વધુ દૂધ ઉત્પન્ન કરવા ઉત્તેજિત કરવું એ નિઃશંકપણે પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ હેઠળ સજાપાત્ર ગુનો છે. આ રીતે લોકોના આરોગ્ય સાથે પણ રમત રમાઈ રહી છે. લોકો તેમના બાળકોને યોગ્ય પોષણ મળે તેવા આશયથી દૂધ અને દૂધની બનાવટો આપે છે, પરંતુ દવાઓ આપીને કાઢવામાં આવેલ દૂધ રોગો અને વિકૃતિઓનું જોખમ વધારે છે.

આપણે ત્યાં દૂધમાં ભેળસેળ કરનારાઓ સામે પણ પૂરતી કાર્યવાહી કરવામાં નથી આવતી ત્યાં પશુઓને હાનિકારક દવાઓ આપીને દૂધમાં ઝેર ભેળવવામાં આવી રહ્યું છે તેના પર આજદિન સુધી ગંભીરતાથી ધ્યાન આપવામાં આવ્યું નથી. દિલ્હી હાઈકોર્ટે આ મામલે કડકાઈ દાખવી છે અને સંબંધિત વિભાગોને સતર્ક રહેવા કહ્યું છે. આનાથી સંભવતઃ ખોટી રીતે દૂધનું ઉત્પાદન કરવાના દૂધ ઉત્પાદકોના ક્રૂર પ્રયાસો પર થોડો અંકુશ આવશે. માત્ર દિલ્હી જ નહીં સમગ્ર દેશમાં પશુઓ પર આ અત્યાચાર બંધ થવો જોઈએ. ગૌરક્ષકો કે 'પેટા' જેવી પ્રાણીવાદી સંસ્થાઓ કેમ આ મામલે ચૂપ છે ? મૂંગા પ્રાણીઓ સાથે કરાતો આવો ભયંકર ખિલવાડ શું જીવદયાવાળી સંસ્થાઓને દેખાતો નથી ?

# શું ભાજપ બંગાળમાં વેગ ગુમાવી રહ્યું છે ?

## સંદેશખાલી, ગવર્નર બોઝની આસપાસના તાજેતરના વિકાસ અને ભરતી કૌભાંડે ભાજપને બેકફૂટ પર મૂક્યું હોય તેવું લાગે છે

પશ્ચિમ બંગાળના કૃષ્ણનગર લોકસભામાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવારના સમર્થનમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના રોડ-શો દરમિયાન, એક પત્રકારે શાહને ચૂંટણી પ્રચાર દરમિયાન બોમ્બની જેમ ફેંકાયેલા સ્ટિંગ ઓપરેશન વીડિયો વિશે બે દિવસ પેહલાં પૂછ્યું.

વીડિયોમાં, સંદેશખાલીના બીજેપી નેતા ગંગાધર કોયલ કથિત રીતે સ્વીકારતા જોવા મળે છે કે કેવી રીતે પાર્ટીએ રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા, ભાજપના સુવેન્દુ અધિકારીની સૂચના અને માર્ગદર્શન હેઠળ તૃણમૂલ કોંગ્રેસના (TMC) નેતાઓ સામે બળાત્કારની ખોટી ફરિયાદો દાખલ કરવા માટે સ્થાનિક મહિલાઓને ગેરમાર્ગે દોરી હતી.

કાયલે સ્વીકાર્યું કે દેખાતી વ્યક્તિ તે જ હતી અને અવાજ તેનો જ હતો, પરંતુ આરોપ મૂક્યો હતો કે વીડિયો એડિટ કરવામાં આવ્યો હતો અને શબ્દોના સંદર્ભો બદલાઈ ગયા હતા. અધિકારીએ આરોપ લગાવ્યો હતો કે આ વીડિયો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો હતો અને તે "ડીપ ફેક" ટેક્નોલોજીનું ઉત્પાદન પણ હોઈ શકે છે. બંનેએ 'સ્ટિંગ ઓપરેશન' અંગે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) તપાસની માંગ કરી હતી.

જો કે, શાહે આ વીડિયો પર કોઈ ટિપ્પણી કરી નથી. તેમણે પત્રકારને કહ્યું, ''મમતા બેનરજીએ એક વાત સ્પષ્ટ કરવી જોઈએ - શું તેઓ શાજહાં શેખને નિર્દોષ માને છે ? તેમણે પહેલા આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.''

થોડા કલાકો પછી, શાહે બર્ધમાન જિલ્લામાં જાહેર રેલીને સંબોધિત કરી. તેમણે શેખનો ઉધડો લીધો પરંતુ વીડિયો પર સંપૂર્ણ મૌન જાળવ્યું. આના કારણે ટીએમસી દ્વારા પૂછવામાં આવ્યું કે શું ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ જાણતું હતું કે તેના સ્થાનિક નેતાઓએ કાવતરૂં ઘડ્યું હતું. શેખ સંદેશખાલીના વિવાદાસ્પદ ટીએમસી નેતા છે જે હાલમાં તેમના બે નજીકના સહયોગીઓ - ઉત્તમ સરદાર અને શિબાપ્રસાદ હઝરા સાથે - એક કૌભાંડમાં કથિત સંડોવણી અને તેમના નિવાસસ્થાને દરોડો પાડવા જઈ રહેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની ટીમ પર હુમલાનું આયોજન કરવા બદલ સીબીઆઈની કસ્ટડીમાં છે.

ED અધિકારીઓ પરના હુમલા પછી શેખ છુપાઈ ગયો હોવાથી, વિરોધ પક્ષના સમર્થકો અને અસંતુષ્ટ TMC કાર્યકરો સહિત સ્થાનિક રહેવાસીઓએ તેની ધરપકડની માગણી સાથે આંદોલન કરવાનું શરૂ કર્યું. સેંકડો લોકો, ખાસ કરીને મહિલાઓએ આરોપ લગાવ્યો કે તેઓ શેખ અને તેના સાથીઓની ઉચાપત, આતંક અને ભ્રષ્ટાચારનો ભોગ બન્યા છે. પરંતુ આંદોલને નવો વળાંક લીધો જ્યારે કેટલીક મહિલાઓએ જાતીય સતામણીનો આરોપ લગાવવાનું શરૂ કર્યું. ત્યારથી, ભાજપે ટીએમસી પર મુસ્લિમોને બળાત્કાર કરવા અને હિંદુ મહિલાઓ સાથે સામૂહિક છેડતી કરવાની મંજૂરી આપવાનો આરોપ લગાવતા ભારે ઝુંબેશ હાથ ધરી છે.

જો સ્ટિંગ વિડિયો બોમ્બની જેમ પડ્યો છે, તે પછી વધુ આવ્યું. એક વિડિયોમાં, રેખા પાત્રા, બસીરહાટના બીજેપી ઉમેદવાર – જેનો સંદેશખાલીનો એક ભાગ છે - રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ફરિયાદ કરવા માટે ભાજપ પર "નકલી પીડિતો"ને રાષ્ટ્રપતિ ભવન લઈ જવાનો આરોપ લગાવતી જોવા મળે છે. પાત્રા પોતે પીડિત હોવાનો દાવો કરે છે.

આ વીડિયોમાં તે સ્થાનિક બીજેપી નેતા પિયાલી ઉર્ફે મમ્પી દાસની બાજુમાં ઉભેલી જોવા મળી રહી છે અને બંને એક જ આરોપ લગાવે છે. આ વિડિયો સંભવતઃ બીજેપીએ પોતાના ઉમેદવાર તરીકે પાત્રાનું નામ આપ્યું તે પહેલા શૂટ કરવામાં આવ્યો હતો. "તેની (અનુપ દાસ, સ્થાનિક બીજેપી નેતા)ની હિંમત કેવી રીતે થઈ કે રાષ્ટ્રપતિ મેડમ પાસે અજાણ્યા લોકોને સંદેશખાલીના પીડિતો તરીકે લઈ જાય ?" પાત્રા વીડિયોમાં પૂછે છે.

તે પછી, અન્ય એક વિડિયોમાં ત્રણ મહિલાઓ આરોપ લગાવતી જોવા મળે છે કે બીજેપીના પિયાલી દાસે સંદેશખાલીની મુલાકાતે આવેલા રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)ના અધ્યક્ષ રેખા શર્મા સમક્ષ ફરિયાદો કરવા માટે તેમની કોરા કાગળો પર સહી કરાવી હતી.

''અમને પોલીસ તરફથી નોટિસ મળ્યા પછી જ અમને ખબર પડી કે અમે બળાત્કારની ફરિયાદ કરી છે. આ ખોટું છે. અમારી સાથે આવું કંઈ બન્યું નથી,'' એક મહિલાએ કહ્યું.

અન્ય એક મહિલાએ જણાવ્યું હતું કે તેમની પાસે મનરેગાના કામના લેણાંની ચૂકવણી અને સ્થાનિક ટીએમસી નેતાઓ માટે રસોઈ માટે ચૂકવણી જેવી અન્ય ફરિયાદો છે. પરંતુ પિયાલી દાસે કથિત રીતે તેઓની કોરા કાગળો પર સહી કરાવી અને ફરિયાદી વતી પોલીસ અને દ્વઝઉને આપેલી ફરિયાદમાં બળાત્કારના આરોપોનો સમાવેશ કર્યો.

સંદેશખાલી, ગવર્નર બોઝની આસપાસના તાજેતરના વિકાસ અને ભરતી કૌભાંડે ભાજપને બેકફૂટ પર મૂક્યું હોય તેવું લાગે છે.

નોંધનીય રીતે, મૂળ સ્ટિંગ વિડિયોમાં સમાન આરોપો છે - જે મહિલાઓ શેખ અને તેના સહયોગીઓ વિરૂદ્ધ અન્ય ફરિયાદો સાથે ભાજપ પાસે આવી હતી તેમને કાં તો કોરા કાગળો અથવા અંગ્રેજીમાં લખેલી ફરિયાદો પર સહી કરવાનું કહેવામાં આવ્યું હતું, જે ફરિયાદકર્તાઓને સમજાયું ન હતું.

"અમે ઈચ્છીએ છીએ કે દાસને અમને તેના કાવતરામાં ખેંચવા અને અમને હેરાન કરવા અને બદનામ કરવા બદલ સજા કરે," એક વૃદ્ધ મહિલાના સંબંધીએ કહ્યું, તેના વૃદ્ધ સાસરિયાઓ ક્યારેય જાતીય સતામણીનો ભોગ બન્યા નથી.

આ બંને મહિલાઓએ ત્યારબાદ પોલીસને અરજી કરી બળાત્કારના આરોપો પાછા ખેંચવા અને દાસ સામે કાર્યવાહીની માગણી કરી.



પશ્ચિમ બંગાળના બીરભૂમમાં રેલીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ.

વીડિયોની આ શ્રેણીએ ભાજપને દેખીતી રીતે શરમમાં મુકી દીધી છે. તાજેતરમાં, જ્યારે મીડિયાએ પાત્રાને આરોપો વિશે પૂછ્યું, ત્યારે તેના સુરક્ષા ગાર્ડે તરત જ ઈન્ટરવ્યુ અટકાવી દીધો.

**રાજકારણ**

**- સ્નિગ્ધેન્દુ ભટ્ટાચાર્ય**

૯ મેના રોજ તેણીના નોમિનેશનની રજૂઆત દરમિયાન પણ, તેણીએ વિડીયોટેપ પર પત્રકારોના તમામ પ્રશ્નોના જવાબ ન આપ્યા. પિયાલી દાસ તેની સાથે હતા પરંતુ તેમણે મોઢું બંધ રાખ્યું.

પણ સંદેશખાલી એ જ શરમજનક નથી કે જેણે ચૂંટણી પ્રચારની વચ્ચે ભાજપને પરેશાન કર્યું હોય. રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ, જેમણે રાજ્ય સરકારના ટીકાકાર તરીકે કામ કરવાની તેમના પુરોગામી જગદીપ ધનખરની પરંપરાને અનુસરી છે, તેઓ છેડતીના આરોપનો સામનો કરી રહ્યા છે.

રાજભવનના એક છૂટક કામદારે બોઝ પર છેડતીનો આરોપ લગાવતા પોલીસમાં ફરિયાદ કરી છે. બોસે આક્ષેપ કર્યો હતો કે તે તેમને બદનામ કરવા અને રાજ્ય સરકારની ટીકા કરતા અટકાવવાનું એક રાજકીય કાવતરું હતું. રાજ્ય પોલીસને આરોપોની તપાસ કરતા અટકાવવા માટે, તેમણે રાષ્ટ્રપતિ અને રાજ્યના ગવર્નરોને મળતી ફોજદારી પ્રક્રિયાઓથી પ્રતિરક્ષા મેળવવાની વિનંતી કરી.

આ બે મુદ્દાઓએ આ ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં ભાજપની મુખ્ય પ્રચાર થીમમાંથી એકને બરબાદ કરી દીધી છે – જેમ કે મુખ્ય પ્રધાન મમતા બેનરજીના શાસને બંગાળને મહિલાઓ માટે દુ:સ્વપ્ન બનાવી દીધું છે.

TMC દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરવામાં આવેલા એક વિડિયોમાં અધિકારી પોતાનો ગુસ્સો ગુમાવતા અને મહિલાઓના એક જૂથ પર અપશબ્દો બોલતા જોવા મળે છે જેઓ આંદોલન સ્થળ પરથી માઈક્રોફોનનો ઉપયોગ કરીને "સંદેશખાલી કાવતરા" માટે ભાજપને દોષી ઠેરવતા હતા.

અધિકારીએ વીડિયો પર ટિપ્પણી કરવાનું બંધ કરી દીધું છે. જ્યારે પણ પત્રકારો પૂછે છે, ત્યારે તે માત્ર એટલું જ કહે છે કે TMC અખિલ ભારતીય મહાસચિવ, મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજીએ રાજકીય સલાહકાર ફર્મ ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી (I-PAC)ની મદદથી આ બધું ગોઠવ્યું છે, જે ૨૦૧૯થી TMC હેઠળ કાર્યરત છે.

જ્યારે ફેબ્રુઆરીમાં સંદેશખાલી આંદોલન તેની ચરમસીમા પર હતું, ત્યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ભાજપના કાર્યકરોએ એક પછી એક વીડિયો ક્લિપ શેર કરી હતી જેમાં મહિલાઓ TMC પર આતંક અને ત્રાસનો આરોપ લગાવતી હતી. મે મહિનામાં, TMC કાર્યકરો સંદેશખાલીની વિડિયો ક્લિપ્સ સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર છલકાઈ રહ્યા છે.

**બદલાવ :** રાજકીય વિજ્ઞાની શિબાજી પ્રતિમ બસુએ ધ વાયરને જણાવ્યું હતું કે, "એવું લાગે છે કે રાજ્યના શાસક પક્ષનો તેમની ચૂંટણીની સંભાવનાઓ પર વિશ્વાસ પ્રચાર શરૂ થયો ત્યારથી નોંધપાત્ર રીતે વધ્યો છે." "ભાજપે પ્રચાર શરૂ થયો ત્યારથી પીછેહઠ કરી છે."

તેમણે ધ્યાન દોર્યું હતું કે ટીએમસીને બે મુદ્દાઓમાંથી રાહત મળી છે જે તેમના માટે ભારે અસ્વસ્થતાનું કારણ બન્યું હતું - સંદેશખાલીમાં સામૂહિક જાતીય સતામણી અને શાળા ભરતી કૌભાંડના આરોપો, જો કે શાળા ભરતી કૌભાંડના કિસ્સામાં કામચલાઉ રાહત મળી છે.

તેમણે ઉમેર્યું હતું કે જાતીય સતામણીના આરોપોની તપાસને રોકવા માટે રાજ્યપાલ બોઝે જે રીતે પ્રતિરક્ષા માંગી હતી તેનાથી પણ તેમની છબી ખરાબ થઈ છે. પશ્ચિમ મિદનાપુર જિલ્લાની વિદ્યાસાગર યુનિવર્સિટીના પ્રોફેસર બાસુએ જણાવ્યું હતું કે, "તેઓ કોઈપણ રાજકીય પક્ષનો ભાગ ન હોવા છતાં, જાહેર ધારણામાં તેઓ કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરે છે."

શાળા ભરતી કૌભાંડ, જે સપ્ટેમ્બર ૨૦૨૧થી ટીએમસીને પરેશાન કરી રહ્યું છે, તે ચૂંટણી પ્રચારની મધ્યમાં રાજ્ય સરકાર માટે મોટો ફટકો હતો. ૨૩ એપ્રિલના રોજ, કલકત્તા હાઈકોર્ટે ૨૫,૭૫૩ શિક્ષકોને તેમની સેવાઓમાંથી બરતરફ કર્યા હતા, અદાલતે કહ્યું હતું કે પાત્રને અયોગ્યમાંથી યોગ્યને અલગ કરવું શક્ય નથી.

સંદેશખાલી, ગવર્નર બોઝની આસપાસના તાજેતરના વિકાસ અને ભરતી કૌભાંડે ભાજપને બેકફૂટ પર મૂક્યું હોય તેવું લાગે છે.

કોર્ટે સીબીઆઈને રાજ્ય કેબિનેટની ભૂમિકાની તપાસ કરવા અને તેમને યોગ્ય લાગે તે પ્રમાણે પગલાં લેવા જણાવ્યું હતું.

જોકે, રાજ્ય સરકારને સુપ્રીમ કોર્ટમાંથી કામચલાઉ રાહત મળી છે, જેણે સીબીઆઈને ચૂંટણી દરમિયાન કેબિનેટ વિરૂદ્ધ કાર્યવાહી કરવા પર રોક લગાવી છે અને જુલાઈમાં આગામી સુનાવણી સુધી લાયક ઉમેદવારોની નોકરી ગુમાવવા પર રોક લગાવી છે.

જ્યારે આ કૌભાંડને લઈને નોંધપાત્ર લોકોમાં નારાજગી જોવા મળી રહી છે, ત્યારે હાઈકોર્ટના આદેશથી લોકો વિભાજિત થઈ ગયા છે. ૫,૦૦૦ અયોગ્ય અને ગેરકાયદેસર લાભાર્થીઓ માટે ૨૦,૦૦૦ જેટલી યોગ્ય નોકરીઓ છીનવી લેવાના કોર્ટના પ્રસ્તાવ સાથે ઘણા લોકો સહમત થઈ શક્યા નથી. માતા-પિતા પણ તેમના બાળકોના ભાવિ વિશે ચિંતિત હતા જે ધોરણ X અને XII ધોરણની પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા હતા જો એક જ વારમાં ઘણા શિક્ષકોએ નોકરીઓ ગુમાવવી પડે ત્યારે. ટીએમસીએ વધુમાં, બીજેપીના નેતાઓની બે ટીપ્પણીઓનો ઉપયોગ કરીને ભાજપ વિરૂદ્ધ મોરચો ફેરવ્યો હતો. અધિકારીએ થોડા દિવસો પહેલા કહ્યું હતું કે વિસ્ફોટ થવાની રાહ જોઈ રહેલો બોમ્બ આવતા અઠવાડિયે ટીએમસીને તોડી પાડશે. હાઈકોર્ટના ચુકાદાની પૂર્વસંધ્યાએ, બીજેપી નેતા સનમોય બેનરજીએ ફેસબુક પર લખ્યું કે તેમને ૨૫,૭૫૩ શિક્ષકો માટે ખરાબ લાગ્યું જેઓ બીજા દિવસે તેમની નોકરી ગુમાવી રહ્યા હતા.

ચુકાદા પછી, મુખ્ય પ્રધાન બેનરજી તેમના ભત્રીજા અભિષેક અને પક્ષના અન્ય ટોચના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે ભાજપને અગાઉથી જ આ આદેશની જાણ હતી કારણ કે તેઓએ તે નક્કી કર્યું હતું. ટીએમસીએ બીજેપીને એક એવી પાર્ટી તરીકે દર્શાવી જે લોકોની નોકરીની પાછળ પડી ગઈ છે.

આ હેતુ માટે, પક્ષે ટાંક્યું કે કેવી રીતે કલકત્તા હાઈકોર્ટના ન્યાયાધીશ અભિજિત ગંગોપાધ્યાયે રાજ્ય સરકાર વિરૂદ્ધ શ્રેણીબદ્ધ આદેશો આપ્યા અને તેમની ખુરશી પરથી રાજકીય ટિપ્પણીઓને શ્રેણીબદ્ધ કરી, માત્ર ત્યારે જ જ્યારે ચૂંટણીઓ આવી ત્યારે તેઓ ઔપચારિક રીતે ભાજપમાં જોડાઈ ગયા.

ગંગોપાધ્યાય, જેમની બેંચ સમક્ષ ભરતી કૌભાંડની સુનાવણી સપ્ટેમ્બર ૨૦૨૧માં શરૂ થઈ હતી, તેમણે માર્ચમાં હાઈકોર્ટમાંથી રાજીનામું આપ્યું, ભાજપમાં જોડાયા અને તમલુક લોકસભામાંથી ચૂંટણી લડી રહ્યા છે.

બસુએ ધ્યાન દોર્યું કે ભાજપના નેતાઓના કેટલાંક કૃત્યો ઉંધા પડ્યા છે. અધિકારીએ વિસ્ફોટની આગાહી કર્યા પછી જ નોકરી ગુમાવવી પડી. "આનાથી લોકોમાં એવી ધારણા ઊભી થઈ રહી છે કે ભાજપ લોકોની નોકરી છીનવવાનો પ્રયાસ કરી રહી છે," તેમણે કહ્યું.

તેવી જ રીતે, કેન્દ્ર દ્વારા મનરેગાના કામની ચૂકવણી અટકાવવા અને નાગરિકતા સુધારા નિયમો (CAA)માં જટિલતાઓ જેવા મુદ્દાઓ ફરી બીજેપી વિરૂદ્ધ આગળ વધી રહ્યા છે. તેમને લાગ્યું.

રાજનીતિ વિજ્ઞાની વિશ્વનાથ ચક્રવર્તીના મતે, પશ્ચિમ બંગાળમાં ભાજપની સ્થિતિ થોડા સમય પહેલા જેવી દેખાતી હતી તેના સાપેક્ષ પ્રતિકૂળ થઈ ગઈ છે.

''TMC સંદેશખાલીને લઈને બેક ફૂટ પર હતી પરંતુ હવે તેઓ આગળના પગ પર છે. તેઓ લોકોમાં એવી ધારણા બનાવી રહ્યા છે કે ભાજપ લોકોના કામ પાછળ પડી ગઈ છે. કોલકાતાની રવીન્દ્ર ભારતી યુનિવર્સિટીના પ્રોફેસર ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, ભાજપનું સ્થાનિક નેતૃત્વ ધારણાની લડાઈને યોગ્ય રીતે લડવામાં સક્ષમ નથી.

તેમણે ધ્યાન દોર્યું કે આ વખતે રાષ્ટ્રીય ચૂંટણીમાં કોઈ કેન્દ્રીય મુદ્દો નથી અને રામ મંદિર ઉદ્ઘાટન જેવા ભાજપના પાળેલા મુદ્દાઓની અસર ઓછી થઈ ગઈ છે. ''ભાજપને આશા હતી કે લાંબી ચૂંટણી તેમને મદદ કરશે, કારણ કે મોદીને દરેક રાજ્ય પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવા માટે સમય મળશે. જો કે, તે વાસ્તવમાં વિપક્ષને ફાયદો કરે તેવું લાગે છે, કારણ કે પ્રાદેશિક દળોનો પ્રતિકાર સમયની સાથે સખત બની રહ્યો છે. પશ્ચિમ બંગાળની જેમ અન્ય રાજ્યોમાં પણ આવું થઈ રહ્યું છે, ''તેમણે કહ્યું. પશ્ચિમ બંગાળની ૪૨ લોકસભા સીટો માટે સાત તબક્કામાં ચૂંટણી યોજાઈ રહી છે. ૨૦૧૯માં ચાર ખૂણાની હરીફાઈમાં, TMCએ ૨૨ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપને ૧૮ બેઠકો અને કોંગ્રેસને બે બેઠકો મળી હતી. આ વખતે હરીફાઈ ત્રિકોણીય છે, કારણ કે ડાબેરીઓ અને કોંગ્રેસે ગઠબંધન કર્યું છે.

**સ્વતંત્ર પત્રકાર છે.**

**(સૌ. : ધ વાયર. ઈન)**

# આ ચૂંટણી એ ભારતના આત્માને બચાવવાનો સંઘર્ષ છે : શશી થરૂર

(એજન્સી) તા.૧૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરૂરે જણાવ્યું કે, આ લોકસભા ચૂંટણી કોઈ સામાન્ય ચૂંટણી નથી પરંતુ ભારતની આત્માની રક્ષા કરવાનો સંઘર્ષ છે. ભારતીય જનતા પાર્ટી (BJP)એ લોકશાહી અને બંધારણને જોખમમાં મૂક્યું છે અને દેશની વિવિધતાને ખુલ્લેઆમ નબળી બનાવી છે. થરૂરે દાવો કર્યો છે કે, ૪ જૂને કેન્દ્રમાંથી ભાજપની સરકાર જશે અને ભારતમાં ગઠબંધન સરકાર આવશે. પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરૂર રવિવારે મુંબઈમાં કોંગ્રેસ કાર્યાલયમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે, ત્રણ તબક્કામાં મતદાન થયું છે અને માત્ર દક્ષિણ ભારતમાં જ નહીં પરંતુ તમામ રાજ્યોમાં વાતાવરણ બદલાયું હોય તેવું લાગે છે. થરૂરે જણાવ્યું કે, બંધારણે સ્પષ્ટ કર્યું છે કે, જાતિ, ધર્મ, ભાષા, પ્રદેશને ધ્યાનમાં લીધા વિના આપણે સૌ પ્રથમ ભારતના નાગરિક છીએ, પરંતુ ભાજપ એવું નથી વિચારતું. ભાજપે ધર્મને નાગરિકતામાં લાવ્યો છે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે શબ્દોનો ઉપયોગ કરી રહ્યા છે તેનો ઉપયોગ બંધ દરવાજા પાછળ પણ જાહેરમાં થઈ શકે નહીં. આ ખૂબ જ અપમાનજનક છે અને દેશ અને રાજકારણ માટે યોગ્ય નથી. પૂર્વ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, આ લોકસભા ચૂંટણી સામાન્ય ચૂંટણી નથી પરંતુ ભારતની આત્માની રક્ષા માટેનો સંઘર્ષ છે. ભાજપે લોકશાહી અને બંધારણને જોખમમાં મૂક્યું છે. ભાજપની રાજનીતિ જોઈને તમામ સમાન વિચારધારા ધરાવતા પક્ષો એકસાથે આવીને લડતમાં જોડાયા છે. તેમણે દાવો કર્યો હતો કે, ૪ જૂન પછી એક એવી સરકાર આવશે જે તમામ જાતિ અને ધર્મનો સાચા અર્થમાં વિકાસ કરશે અને બધાને સાથે લઈને ચાલશે. શશી થરૂરે જણાવ્યું કે, ભાજપ ચૂંટણી પ્રચાર દરમિયાન બેરોજગારી, મોંઘવારી અને ખેડૂતોના મુદ્દાઓ પર વાત નથી કરતી. ભાજપ અને નરેન્દ્ર મોદી પ્રજાના સળગતા પ્રશ્નોને ટાળીને બિનમહત્ત્વના મુદ્દાઓ પર વાત કરી રહ્યા છે. યુપીએ સરકાર દરમિયાન ડૉ.મનમોહનસિંહ પ્રેસ કોન્ફરન્સમાં પોતાના વિચારો રજૂ કરતા હતા, જ્યારે નરેન્દ્ર મોદી હવે સ્ક્રિપ્ટેડ ઈન્ટરવ્યુ આપી રહ્યા છે. તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, શિવસેના, ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે અને શરદચંદ્ર પવારની પાર્ટી એનસીપી સાથે સંપૂર્ણ સંકલન છે અને તમામ પક્ષો સાથે મળીને પ્રચાર કરી રહ્યા છે. જો કે, ભાજપે શિવસેના અને એનસીપીને તોડી નાખી છે, પરંતુ કાર્યકરો હજુ પણ પિતૃ પક્ષ સાથે છે.

# મોદીએ રાહુલની ઉંમર અંગે કહ્યું તેના જવાબમાં થરૂરે કહ્યું કે, ભાજપને મોદીની ઉંમર જેટલી બેઠકો પણ નહીં મળે

(એજન્સી) તા.૧૨

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ઉંમર ચર્ચામાં છે જ્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી ૭૫ વર્ષના થયા પછી આવતા વર્ષે નિવૃત્ત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજી તરફ કોંગ્રેસને તેના શાહજાદા રાહુલ ગાંધીની ઉંમર કરતા ઓછી બેઠકો મળશે તેવું કહી રહ્યા છે. જેના જવાબમાં શશી થરૂરે કહ્યું હતું કે, ભાજપ વડાપ્રધાનની ઉંમર કરતાં વધુ બેઠકો મેળવશે નહીં, કોંગ્રેસના નેતા શશી થરૂરે ઉમેર્યું હતું કે, નરેન્દ્ર મોદીની ઉંમર અન્ય કારણોસર રસપ્રદ છે જે અમિત શાહ વધુ સારી રીતે સમજાવી શકે છે. તિહારમાંથી બહાર આવ્યા પછી તેમની પ્રથમ રેલીમાં દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, આ ચૂંટણીમાં પીએમ મોદીને મત આપવાનો અર્થ ખરેખર અમિત શાહને વડાપ્રધાન તરીકે મત આપવાનો છે કારણ કે, નરેન્દ્ર મોદી ૨૦૨૫માં ૭૫ વર્ષના થશે અને પક્ષના નિયમો અનુસાર રાજકારણમાંથી નિવૃત્તિ લેશે. અમિત શાહ સહિતના ભાજપના નેતાઓએ કેજરીવાલની અટકળોને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી તેમનો કાર્યકાળ પૂર્ણ કરશે કારણ કે, ભાજપના બંધારણમાં ક્યાંય એવું લખેલું નથી કે તેઓ ૭૫ વર્ષના થયા પછી વડાપ્રધાન બની શકે નહીં. શશી થરૂરે કહ્યું કે, નવા વડાપ્રધાન મેળવવા માટે દેશને સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી રાહ જોવી પડશે નહીં. થરૂરે કહ્યું, 'કેન્દ્રમાં જૂનમાં નવી સરકાર સત્તામાં આવશે. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી રાહ જોવાની જરૂર નથી.'

# ચૂંટણી અધિકારીઓ વિપક્ષી નેતાઓ પર નિશાન બનાવી રહ્યા છે : કોંગ્રેસનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

ચૂંટણી અધિકારીઓ દ્વારા વિપક્ષના નેતાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, કોંગ્રેસે ૧૨ મે રવિવારના રોજ આરોપ લગાવ્યો હતો કે, બિહારના સમસ્તીપુરમાં જ્યારે તેના વડા મલ્લિકાર્જુન ખડગેના હેલિકોપ્ટરની તપાસ કરવામાં આવી હતી, ત્યારે ભાજપની આગેવાની હેઠળના NDAના નેતાઓને મુક્તપણે ફરવા દેવાયા હતા. ખડગેએ શનિવારના રોજ રાજ્યના સમસ્તીપુર અને મુઝફ્ફરપુરમાં એક પછી એક લોકસભા ચૂંટણી રેલીઓને સંબોધી હતી. કોંગ્રેસના નેતા રાજેશ રાઠોરે ટ્વિટર પર એક વીડિયો સંદેશમાં દાવો કર્યો હતો, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના હેલિકોપ્ટરની કેરળમાં તપાસ કરવામાં આવી હતી અને હવે બિહારના સમસ્તીપુરમાં પાર્ટી અધ્યક્ષ ખડગેની તપાસ કરવામાં આવી છે. બિહારના મુખ્ય ચૂંટણી અધિકારી પોતે સમસ્તીપુરમાં ખડગેના હેલિકોપ્ટરની તપાસનું નિરીક્ષણ કરી રહ્યા છે. વીડિયોમાં પોલીસ સહિત અધિકારીઓ સાથે હેલિકોપ્ટર દેખાઈ રહ્યું છે. રાઠોરે તેમના વીડિયો સંદેશમાં જણાવ્યું હતું, ચૂંટણી પંચ (EC)એ સ્પષ્ટ કરવું જોઈએ કે, શું કોંગ્રેસના નેતાઓના હેલિકોપ્ટરની આ પ્રકારની તપાસ નિયમિત છે અને શું NDAના ટોચના નેતાઓ પર પણ આવી જ તપાસ કરવામાં આવી હતી. તેમણે કહ્યું, ECએ આવા તમામ રેકોર્ડ્સ સાર્વજનિક કરવા જોઈએ, અન્યથા એવું માનવામાં આવશે કે તે માત્ર વિપક્ષી નેતાઓને રોકવા માટે લક્ષ્ય બનાવી રહ્યું છે અને NDA નેતાઓને મુક્તપણે જવા દે છે. કોંગ્રેસના પ્રવક્તાએ કહ્યું કે, ચૂંટણી પંચે એવા તમામ નેતાઓના વીડિયો મૂકવા જોઈએ જેમની તપાસ કરવામાં આવી છે.

# ચૂંટણી પંચે મતદાન કરનારા લોકોની સંખ્યાની વિગતો જાણી જોઈને કાઢી નાંખી છે : તૃણમૂલ કોંગ્રેસ

## તૃણમૂલ કોંગ્રેસે ચૂંટણી પંચ પર લોકસભાની ચૂંટણીના આયોજનમાં 'પ્રચંડ અવગણના' અને 'અણધાર્યું વલણ' દર્શાવવાનો આરોપ મૂક્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

તૃણમૂલ કોંગ્રેસે વિપક્ષના સમૂહમાં જોડાઈને માગણી કરી કે ભારતનું ચૂંટણી પંચ, મતદાનની ટકાવારીને બદલે મત આપનારા મતદારોની સંપૂર્ણ સંખ્યા પ્રકાશિત કરે. ECને લખેલા પત્રમાં પક્ષે કૂચબિહાર અને રાયગંજ લોકસભા મતવિસ્તારના બે બૂથમાં તેના મતદાન એજન્ટોને આપવામાં આવેલા ફોર્મ 17Cને ટાંક્યો હતો, જેમાં 'મતદાતાઓની સંખ્યા'ની માહિતીની ઈરાદાપૂર્વક અવગણવામાં આવી હતી. પ્રથમ તબક્કાના ૧૧ દિવસ પછી અને બીજા તબક્કાના ચાર દિવસ પછી ૩૦ એપ્રિલના રોજ આવેલા અંતિમ મતદાર મતદાનના આંકડા પ્રકાશિત કરવામાં વિલંબની ટીકા કરતા પક્ષે જણાવ્યું હતું કે, 'રિપોર્ટમાં કુલ લાયક મતદારોની સંખ્યા અને વાસ્તવિક મતો વિશે કોઈ માહિતી નથી.' પાર્ટીએ તેને અગાઉના મતદાનના અહેવાલો પછી બદલાયેલા દાખલા ગણાવ્યા હતા. જેમાં ૫.૭૫ ટકા પોઈન્ટનો ઉછાળો સમજાવવામાં આવ્યો નથી. તૃણમૂલે આ અંગે જણાવ્યું હતું કે, 'આ ગંભીર ચિંતા અને શંકાઓ ઊભી કરે છે.' ચૂંટણી આચાર નિયમો ૧૯૬૧ના નિયમ 49-S મુજબ, ફોર્મ 17Cમાં મતોનો હિસાબ દરેક મતદાન એજન્ટને આપવાનો રહેશે. આમાં મતદારોની વાસ્તવિક સંખ્યા, મતદાન કરનારા મતદારોની સંખ્યા અને કુલ કેટલા મતોની પડ્યા છે તેની વિગતો સામેલ હોવી જોઈએ. પાર્ટીએ તેના મેમોરેન્ડમમાં રાયગંજ અને કૂચબિહારના ઉદાહરણો આપ્યા છે, જ્યાં ફોર્મ 17Cમાં મતદાન કરનારા મતદારોની સંખ્યા વિશે માહિતી આપવામાં આવી નથી. તૃણમૂલનો આરોપ છે કે, 'આને ઈરાદાપૂર્વક અવગણવામાં આવ્યું છે.' પાર્ટીએ કહ્યું કે, તે જરૂરી છે કે, રજિસ્ટર મુજબ સદેહે મત આપવા આવેલા મતદારોનું અને વોટિંગ મશીનમાં નોંધાયેલા મતો ક્રોસચેક કરવામાં આવે તો બંને એકસરખા હોવા જોઈએ. પાર્ટીએ ECને વિનંતી કરી છે કે, 'મતદાતા માટેના રજિસ્ટર મુજબ સદેહ આવેલા મતદારોની કુલ સંખ્યા અને પહેલા બે તબક્કામાં પહેલાથી જ મતદાનમાં ગયેલા તમામ મતવિસ્તારો માટે EVM મુજબ મતોની સંખ્યા પ્રકાશિત કરે.'

# જો અમારી પાર્ટી જીતશે તો ૨૦ દિવસ પછી મારે જેલમાં પાછા જવું પડશે નહીં : કેજરીવાલ

(એજન્સી) તા.૧૨

નવી દિલ્હીમાં તેમના રોડ-શોના બીજા દિવસે મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે રવિવારે કહ્યું હતું કે, જો તેમની પાર્ટી માટે જીતશે તો તેમને ૨૦ દિવસ પછી જેલમાં પાછા જવું પડશે નહીં. કેજરીવાલે કહ્યું કે, દિલ્હીના લોકો તેમને મીસ કરતા હતા અને તેઓ પણ તેમને મીસ કરતા હતા પણ આખરે તેમને 'જામીન' મળતા ભગવાને તેમને મળાવી દીધા. કેજરીવાલે કહ્યું, 'આ લોકો કહી રહ્યા છે કે, મારે ૨૦ દિવસ પછી જેલમાં પાછા જવું પડશે.' ત્યારે બૂમો પાડીને મેદનીએ કહ્યું, 'નહી જાયેંગે, નહીં જાયેંગે'. તે સાંભળીને કેજરીવાલે કહ્યું, 'જો તમે બધા ઝાડુ બટનને દબાવશો, તો મારે પાછા જેલમાં જવું પડશે નહીં. તમારી પાસે આ શક્તિ છે.' લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ૧૦ મેના રોજ સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા હતા. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, જામીન ૧ જૂન સુધી રહેશે. કારણ કે, ત્યાં સુધીમાં ચૂંટણીના બાકીના તમામ તબક્કાઓ પૂરા થઈ જશે. ૨ જૂને કેજરીવાલને શરણાગતિ કરવી પડશે અને તિહાર પાછા જવું પડશે. મની લોન્ડ્રિંગ કેસના સંબંધમાં ૨૧ માર્ચે તેમની એક્સાઈઝ પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે નિર્ધારિત કર્યું છે કે, વચગાળાના જામીનના સમયગાળા દરમિયાન કેજરીવાલને પ્રચારમાં કોઈ પ્રતિબંધ રહેશે નહીં પરંતુ તેમને દિલ્હીના મુખ્યમંત્રી કાર્યાલય, દિલ્હી સચિવાલયની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવતી નથી. કેજરીવાલે શરૂઆતના બે દિવસ પ્રચારમાં વિતાવ્યા નવી દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી. તેમણે કહ્યું કે, જેલમાંથી બહાર આવ્યા પછી તરત જ તેમણે મનોવિજ્ઞાનીઓ અને ચૂંટણી વિશ્લેષકો સાથે વાત કરી હતી જેમણે તેમને કહ્યું હતું કે, ભાજપને બહુમતી નહીં મળે. શનિવારે તેમણે પ્રચારમાંથી થોડો સમય કાઢીને અભિષેક મનુ સિંઘવીના ઘરની મુલાકાત લીધી હતી. સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં તેમનું વકીલ તરીકે પ્રતિનિધિત્વ કરે છે. આગામી સપ્તાહમાં કેજરીવાલ લખનૌ, જમશેદપુર અને મુંબઈમાં ઈન્ડિયા બ્લોક માટે પ્રચાર કરશે. કેજરીવાલ ૧૫ મેના રોજ લખનૌમાં ૧૬ મેના રોજ જમશેદપુરમાં અને ૧૭ મેના રોજ મુંબઈમાં પ્રચાર કરશે. શનિવારે કેજરીવાલે ચૂંટણી માટે ૧૦ ગેરંટી જાહેર કરી, જેમાં મફત શિક્ષણ, સારી આરોગ્યસંભાળ અને રાષ્ટ્રીય રાજધાની માટે સંપૂર્ણ રાજ્યનો દરજ્જો સામેલ છે.

# ઈન્ડોનેશિયાના સુમાત્રા દ્વીપ પર અચાનક પૂર અને ઠંડા લાવાના પ્રવાહને કારણે મૃત્યુઆંક વધીને ૩૪ થયો

(એજન્સી) તા.૧૨

ઈન્ડોનેશિયાના પશ્ચિમ સુમાત્રા રાજ્યમાં ભારે વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનને કારણે કેટલાક બાળકો સહિત ઓછામાં ઓછા ૩૪ લોકો મૃત્યુ પામ્યા છે અને એક ડઝનથી વધુ ઘાયલ થયા છે. પશ્ચિમ સુમાત્રા રાજ્યના બે જિલ્લાઓ, અગમ અને તનાહ દાતાર, શનિવારે ભારે વરસાદ પછી લગભગ ૧૦:૩૦ વાગ્યે (સ્થાનિક સમય) માઉન્ટ મરાપી પરથી અચાનક પૂર અને ઠંડા લાવાથી પ્રભાવિત થયા હતા.

વરસાદના કારણે દ્વીપસમૂહના સુમાત્રા ટાપુ પર સૌથી સક્રિય જ્વાળામુખી માઉન્ટ મરાપી પર રાખ અને મોટા ખડકો પણ પડ્યા હતા.

પશ્ચિમ સુમાત્રા ડિઝાસ્ટર એજન્સીના પ્રવક્તા ઈલ્હામ વહાબે એએફપીને જણાવ્યું કે, 'અત્યાર સુધી અમારો ડેટા દર્શાવે છે કે, ૩૪ લોકો મૃત્યુ પામ્યા: આગમમાં ૧૬ અને તનાહ દાતારમાં ૧૮. ઓછામાં ઓછા ૧૮ અન્ય ઘાયલ છે. અમે હજુ પણ ૧૬ અન્ય લોકોની શોધ કરી રહ્યા છીએ.'

તેમણે એમ પણ જણાવ્યું કે, સ્થાનિક બચાવ કાર્યકરો, પોલીસ, સૈનિકો અને સ્વયંસેવકો શોધ અને બચાવના પ્રયાસોમાં સામેલ છે.

કૂલ્ડ લાવા, જેને લહર તરીકે પણ ઓળખવામાં આવે છે, તે જ્વાળામુખીની સામગ્રી અને કાંકરાનું મિશ્રણ છે જે વરસાદમાં જ્વાળામુખીના ઢોળાવ પરથી નીચે વહે છે. સ્થાનિક બચાવ એજન્સીના પ્રમુખ અબ્દુલ મલિકે એક નિવેદનમાં જણાવ્યું કે, અગાઉ રવિવારે નવ મૃતદેહોની ઓળખ કરવામાં આવી હતી, જેમાં ત્રણ વર્ષના અને આઠ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે, આજે અમે બંને જિલ્લામાં શોધ ચાલુ રાખીશું. સોશિયલ મીડિયા પરની તસવીરો અને વીડિયોમાં પશ્ચિમ સુમાત્રામાં મોટા ખડકો અને જાડા કાદવના રસ્તાઓ આવરી લેવામાં આવ્યા છે.

દરમિયાન, સ્થાનિક સરકારે બંને જિલ્લાના વિસ્તારોમાં ઈવેક્યુએશન સેન્ટર્સ અને ઈમરજન્સી ચેકપોઈન્ટ સ્થાપ્યા છે. સ્થાનિક સત્તાવાળાઓએ ગુમ થયેલા લોકોને શોધવા તેમજ લોકોને આશ્રયસ્થાનોમાં લઈ જવા માટે બચાવ ટુકડીઓ અને રબર બોટની એક ટીમ પણ રવાના કરી છે.

**હદીસ બોધ**

દાન આપવું એટલે ખરેખર કંઈક પ્રાપ્ત કરવું. (હદીસ બોધ)

**બોધ વચન**

તે વ્યક્તિ જે કોઈપણ જાતની પ્રશંસા કે ઈનામની ભાવના વિના સાચી દાનત સાથે સત્કાર્યો કરે છે તેને અંતે પ્રશંસા તથા ઈનામ બંને પ્રાપ્ત થાય છે. - વિલિયમ પેન

**આજની આરસી**

| | |
|---|---|
| ૧૩ મે સોમવાર | ૨૦૨૪ |
| ૪ ઝિલકદ હિજરી | ૧૪૪૫ |
| વૈશાખ સુદ છઠ્ઠ સંવત | ૨૦૮૦ |
| સુબ્હ સાદિક | ૪-૩૨ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૬ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૦૦ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૧૨ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# IPL ૨૦૨૪ : કિંગ કોહલીએ પૂરા કર્યા ૬૦૦ રન, હર્ષલ પટેલે બુમરાહ પાસેથી છિનવી પર્પલ કેપ

### પંજાબ કિંગ્સ સામે વિરાટ કોહલીએ ૪૭ બોલમાં ૯૨ રનની તોફાની ઈનિંગ રમી હતી, તેણે પોતાની ઈનિંગમાં ૭ ફોર અને ૬ સિક્સર ફટકારી હતી

તા. ૧૨

IPL Orange Cap & Purple Cap Race : આઈપીએલ ૨૦૨૪માં આજે પંજાબ કિંગ્સ સામે વિરાટ કોહલીએ ૪૭ બોલમાં ૯૨ રનની તોફાની ઈનિંગ રમી હતી. તેણે પોતાની ઈનિંગમાં ૭ ફોર અને ૬ સિક્સર ફટકારી હતી. આ પછી, વિરાટ કોહલી ફરીથી ઓરેન્જ કેપની રેસમાં ટોચ પર પહોંચી ગયો છે. હવે વિરાટ કોહલીના નામે ૧૨ મેચમાં ૭૦.૪૪ની એવરેજથી ૬૩૪ રન છે. વિરાટ કોહલીએ રુતુરાજ ગાયકવાડને પાછળ છોડી દીધો છે. ઋતુરાજ ગાયકવાડે ૧૧ મેચમાં ૬૦.૧૧ની એવરેજથી ૫૪૧ રન બનાવ્યા છે. આ રીતે વિરાટ કોહલી અને ઋતુરાજ ગાયકવાડ વચ્ચેનું અંતર ૯૩ રનનું થઈ ગયું છે. વિરાટ કોહલી હાલ રન બનાવવામાં નંબર વન પર છે.

વિરાટ કોહલી અને રુતુરાજ ગાયકવાડ બાદ સનરાઈઝર્સ હૈદરાબાદનો ટ્રેવિસ હેડ ત્રીજા સ્થાને છે. ટ્રેવિસ હેડે ૧૧ મેચમાં ૫૩.૩૦ની એવરેજથી ૫૩૩ રન બનાવ્યા છે. જ્યારે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનના નામે ૧૧ મેચમાં ૬૭.૨૯ની એવરેજથી ૪૭૧ રન છે. આ યાદીમાં પાંચમા સ્થાને રહેલા સુનીલ નારાયણે ૧૧ મેચમાં ૪૧.૯૧ની એવરેજથી ૪૬૧ રન બનાવ્યા છે. આ સાથે જ હર્ષલ પટેલે પર્પલ કેપની રેસમાં જસપ્રીત બુમરાહને પાછળ છોડી દીધો છે. હર્ષલ પટેલ ૧૨ મેચમાં ૨૦ વિકેટ લઈને ટોપ પર પહોંચી ગયો છે. આ રીતે જસપ્રીત બુમરાહ બીજા સ્થાને સરકી ગયો છે. જસપ્રિત બુમરાહના નામે ૧૨ મેચમાં ૧૬.૫૦ની એવરેજથી ૧૮ વિકેટ છે. આ પછી ત્રીજા અને ચોથા સ્થાને વરૂણ ચક્રવર્તી અને અર્શદીપ સિંહની ૧૬-૧૬ વિકેટો લઈ બરાબરી પર છે. ટી નટરાજન પાંચમા અને મુકેશ કુમાર છઠ્ઠા સ્થાને છે. આ બંને બોલરોના નામે ૧૫-૧૫ વિકેટ સમાન છે. જો કે હાલમાં વિરાટ કોહલી ઓરેન્જ કેપ રેસમાં ટોપ પર છે અને હર્ષલ પટેલ પર્પલ કેપ રેસમાં ટોપ પર છે.

આઈપીએલ ૨૦૨૪માં ૧૬ પોઈન્ટ સાથે કોલકાતા નાઈટ રાઈડર્સ નંબર વન પર છે. જ્યારે બીજા નંબર પર રાજસ્થાન રોયલ્સ છે. રાજસ્થાનના પણ ૧૬ પોઈન્ટ છે. કોલકાતાની ટીમની નેટ રન રેટ રાજસ્થાન કરતા સારી છે જેના કારણે તે નંબર વન પર છે. સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ ૧૪ પોઈન્ટ સાથે ત્રીજા નંબર પર છે.

# પુથલાપટ્ટુના ઉમેદવારે કહ્યું કે, દલિતો અને લઘુમતીઓ કોંગ્રેસમાં પાછા આવી રહ્યા છે

### ચિત્તુરમાં પાર્ટીના ઉમેદવાર એમ.એસ. બાબુની હાજરીમાં ઈરાલા અને યાદમરી મંડળોના લગભગ ૨૦૦ પરિવારો કોંગ્રેસમાં જોડાયા

(એજન્સી) તા.૧૨

પુથલાપટ્ટુ વિધાનસભા મતવિસ્તાર (SC)ના કોંગ્રેસના ઉમેદવાર એમ.એસ. બાબુ જેમણે તાજેતરમાં YSRCP પક્ષ પ્રત્યેની વફાદારી બદલી છે તેમણે કહ્યું કે, 'ભાજપનું શાસન' તેમની સલામતી માટે હાનિકારક હશે તે સમજીને, દલિતો અને લઘુમતીઓ કોંગ્રેસના પક્ષમાં પાછા આવી રહ્યા છે. ૧૦ મેના રોજ ઈરારલા મંડલના મુખ્યાલયમાં ડોર-ટુ-ડોર ઝુંબેશ દરમિયાન બાબુએ જણાવ્યું હતું કે, YSRCP શાસન દરમિયાન દલિતો અને લઘુમતીઓ રોજગાર અને સશક્તિકરણની તકો વિના ગરીબ હતા. તેમણે આરોપ લગાવ્યો કે, 'દલિતો માટે સ્થપાયેલા કલ્યાણ નિગમો TDP અને YSRCP શાસન હેઠળ નિષ્ક્રિય થઈ ગયા હતા.' ૧૦ મે (શુક્રવાર)ના રોજ ચિત્તૂરમાં બાબુની હાજરીમાં ઈરાલા અને યાદમરી મંડળોના લગભગ ૨૦૦ પરિવારો કોંગ્રેસમાં જોડાયા હતા. તેમણે કહ્યું કે, YSRCP અને ટીડીપી તેમની જાતિ આધારિત રાજનીતિ માટે જાણીતા છે તેમણે એસસી અને એસટીના કલ્યાણની કિંમતે ઉચ્ચ જાતિઓને દલિતોનું કાર્યક્ષેત્ર આપ્યો હતો. તેમણે કહ્યું કે, "વાય.એસ. શર્મિલાના કોંગ્રેસમાં પ્રવેશ પછી, પાર્ટીને તેનું જીવન પાછું મળ્યું છે. દલિતો અને લઘુમતીઓ કોંગ્રેસના વારસાની રાહ જોઈ રહ્યા છે. રાહુલ ગાંધીની કડપાની મુલાકાત ચોક્કસપણે પાર્ટી કેડરનું મનોબળ વધારશે."

# રોહિતની દલિત ઓળખને સ્વીકારો, તેના મૃત્યુ માટે જવાબદારોને સજા કરો

### એક ખુલ્લા પત્રમાં નાગરિક અધિકાર જૂથ ઓલ-ઈન્ડિયા ફેમિનિસ્ટ એલાયન્સે હૈદરાબાદ યુનિવર્સિટીના દલિત પીએચડી વિદ્યાર્થી રોહિત વેમુલાની માતા રાધિકા વેમુલાના સંઘર્ષ સાથે એકતા વ્યક્ત કરી છે, જેની શિષ્યવૃત્તિ અટકાવી દેવાયા બાદ સત્તાવાળાઓની તેમની દુર્દશા તરફ ઉદાસીનતાને કારણે ૨૦૧૬માં આત્મહત્યા કરવાની ફરજ પડી હતી

(એજન્સી) તા.૧૨

**કાઉન્ટરવ્યુ ડેસ્ક :-** આ પત્રમાં તેલંગાણા પોલીસના 'ક્લોઝર રિપોર્ટ' દાખલ કરવાના તાજેતરના નિર્ણય બદલ ખેદ વ્યક્ત કરવામાં આવ્યો છે, જેમાં ખોટી રીતે જણાવ્યું હતું કે રોહિત દલિત નથી, તેને 'તેમના જીવનનું અપમાન, એક તેજસ્વી વિદ્વાન તરીકેનો તેમનો સંઘર્ષ, જુલમ અને દુખદ સંજોગો કે તેમના આંબેડકરવાદી સિદ્ધાંતો, બ્રાહ્મણવાદ સામેના તેમના પ્રતિકારનો અપમાન છે કે જેમાં તેની સંસ્થાકીય હત્યા થઈ હતી.

**પ્રિય રાધિકા ગરૂ :-** જય ભીમ. અમે, ઓલ-ઈન્ડિયા ફેમિનિસ્ટ એલાયન્સ (ALIFA)ના નીચે સહી કરનાર સભ્યો તમારી સાથે અમારૂં અતૂટ સમર્થન અને એકતા વ્યક્ત કરવા માટે લખીએ છીએ કારણ કે, તમને રોહિતની ઓળખને ભૂંસી નાખવાને પડકારવા માટે વધુ એક સંઘર્ષ હાથ ધરવાની ફરજ પડી છે. અમે તમારૂં દર્દ અને વેદના શેર કરીએ છીએ, જ્યારે અમે ન્યાય અને ગૌરવ માટે, રોહિત માટે, તમારા માટે, દેશના તમામ દલિતો માટે આગળ વધવાની તમારી ભાવનાને સલામ કરીએ છીએ. રોહિત દલિત નથી એવું ખોટું કહીને 'ક્લોઝર રિપોર્ટ' દાખલ કરવાનો તાજેતરનો ઘટનાક્રમ એ તેના જીવન, એક તેજસ્વી વિદ્વાન તરીકેનો તેમનો સંઘર્ષ, તેમના આંબેડકરવાદી સિદ્ધાંતો, બ્રાહ્મણવાદી જુલમ સામેનો તેમનો પ્રતિકાર અને કપરા સંજોગો છે. તેની સંસ્થાકીય હત્યા થઈ હતી. આ રીગ્રેસીવ રિપોર્ટ તેની સ્મૃતિને ક્ષીણ કરે છે અને રોહિત માટે ન્યાય અને પ્રતિષ્ઠા મેળવવા માટે તેની બહાદુર માતા, તેના પરિવાર, વિદ્યાર્થીઓ અને મિત્રો તરીકે તમે કરેલા અથાક પ્રયાસોનું અપમાન કરે છે.

રોહિતનું 'મૃત્યુ'એ પ્રણાલીગત અન્યાય અને ઊંડા બેઠેલા ભેદભાવ અને હિંસાનું સ્પષ્ટ રીમાઈન્ડર છે જે બંધારણીય સુરક્ષા હોવા છતાં દલિતો સતત સહન કરે છે અને આ પોલીસ રિપોર્ટ તે જુલમની બીજી એક અભિવ્યક્તિ છે. રોહિતની દલિત ઓળખને ભૂંસી નાખવાનો પ્રયાસ માત્ર તેના જીવન અને અનુભવોનો ઈન્કાર નથી; તે તમારા અને આપણા દેશભરના લાખો દલિતો દ્વારા સામનો કરવામાં આવેલ સંઘર્ષનો ઈન્કાર છે. તે તેમની ગરિમા, તેમની આકાંક્ષાઓ અને તેમના ન્યાયના અધિકારનું અપમાન કરે છે. રાધિકા ગરૂ, રોહિતનું જીવન, સંઘર્ષ અને યાદશક્તિ કલંકિત ન થાય અને તેનો પ્રતિકારનો વારસો ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટેનો તમારો દૃઢ નિશ્ચય, તમારી શક્તિ અને સ્થિતિસ્થાપકતાનો પુરાવો છે. રોહિતનું મૃત્યુ એ પ્રણાલીગત અન્યાય અને ઊંડે બેઠેલા ભેદભાવ અને હિંસાની યાદ અપાવે છે જે દલિતો સતત સહન કરે છે. વિદ્યાર્થીઓ અને લોકોના વ્યાપક આક્રોશ અને થોડા દિવસો પહેલા મુખ્યમંત્રી સાથેની તમારી મુલાકાતને કારણે, રાજ્ય પોલીસે કોર્ટની પરવાનગી સાથે કેસની વધુ તપાસ કરવાનો નિર્ણય સ્પષ્ટ કર્યો છે. આ સ્થિતિમાં, અમે અધિકારીઓને આહવાન કરીએ છીએ કે તેઓ સંપૂર્ણ અને ન્યાયી તપાસ કરે. અમે માંગ કરીએ છીએ કે રોહિતની દલિત ઓળખને સ્વીકારવામાં આવે અને તેનું સન્માન કરવામાં આવે અને તેના 'મૃત્યુ' માટે જવાબદાર તમામ લોકો, જેમાં હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટી (HCU)ના પૂર્વ વીસી અને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારમાં સત્તાના ઉચ્ચ હોદ્દા પર હોય તેવા લોકોને સજા આપવામાં આવે. કોંગ્રેસ સરકાર દ્વારા વારંવાર અને તાજેતરમાં પણ વચન આપવામાં આવ્યું છે તેમ, અમે દલિત, આદિવાસી, OBC પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓના શિક્ષણના અધિકાર, બિન-ભેદભાવ, સલામતી અને ગૌરવની સુરક્ષા માટે ધાર્મિક લઘુમતીઓ અને લિંગ હાંસિયાના વિદ્યાર્થીઓ તરીકે રોહિત વેમુલા એક્ટ પસાર કરવાની માંગ કરીએ છીએ. આ તમામ વિદ્યાર્થીઓ સામેના ગુનેગારોને રોહિત એક્ટ મુજબ સજા થવી જોઈએ.

પ્રિય રાધિકા ગરૂ : જેમ તમે ન્યાય માટે તમારી લડાઈ ચાલુ રાખો છો, કૃપા કરીને જાણો કે તમે એકલા નથી. તમે સમગ્ર ભારતમાં લાખો યુવાનો માટે લડી રહ્યા છો. અને સમગ્ર ભારતમાં લાખો લોકો તમારી સાથે છે. નારીવાદી તરીકે, અમે રોહિતની પુષ્ટિ કરવાના તમારા સતત પ્રયત્નો અને જાતિ-આધારિત ભેદભાવ સામેના તમારા સંઘર્ષમાં, ન્યાય અને જવાબદારી પ્રત્યે નિષ્પક્ષ તપાસ અને પગલાં લેવા માટે તમારી સાથે ઊભા છીએ. અમે તમારી સાથે છીએ, ખભે ખભા મિલાવી, એકતા દર્શાવીને અને બહેનગણીને સાથે મળીને આપણે વિજય મેળવીશું.

# PM મોદી ભારતીય મુસ્લિમો વિરુદ્ધ દ્વેષપૂર્ણ ભાષણમાં મોખરે : UKMC રિપોર્ટ

### આ ઘટનાઓ લઘુમતી સમુદાયો ખાસ કરીને મુસ્લિમોને લક્ષ્ય બનાવવા માટે ભડકાઉ ભાષણના વ્યાપક ઉપયોગના ખતરનાક વલણને છતી કરે છે, આ અહેવાલ ભારતીય રાજકારણમાં દ્વેષપૂર્ણ ભાષણના વ્યાપક લેન્ડસ્કેપનું આબેહૂબ ચિત્ર દર્શાવે છે

(એજન્સી) તા.૧૨

યુનાઈટેડ કિંગડમ ઈન્ડિયન મુસ્લિમ કાઉન્સિલ (યુકે-આઈએમસી)એ એક અહેવાલ બહાર પાડ્યો છે જે ભારતમાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના નેતાઓ દ્વારા મુસ્લિમો વિરુદ્ધ દ્વેષપૂર્ણ ભાષણ અને વિભાજનકારી ભાષાનોના ચિંતાજનક સમર્થનને પ્રકાશિત કરે છે.



૨૧ એપ્રિલના રોજ બહાર પાડવામાં આવેલા અહેવાલમાં દ્વેષપૂર્ણ ભાષણના વલણને દર્શાવવામાં આવ્યું હતું જે ૨૦૧૯થી ૨૦૨૪ સુધીના બીજેપીના નેતૃત્વવાળી સરકારના બીજા કાર્યકાળ દરમિયાન બમણું થયું હતું.

**'દ્વેષના પોર્ટફોલિયો'નું અનાવરણ :-** 'પોર્ટફોલિયોઝ ઓફ હેટ' શીર્ષક હેઠળનો યુકેનો અહેવાલ, સમગ્ર ભારતમાં વિવિધ પ્રદેશોમાં રાષ્ટ્રીય મીડિયા દ્વારા દસ્તાવેજીકૃત ઘટનાઓ દ્વારા ભારતીય મુસ્લિમો વિરુદ્ધ અપ્રિય ભાષણની ક્યુરેટેડ પસંદગીનું સંકલન કરે છે.

આ સંશોધન મુખ્યત્વે વર્તમાન સામાન્ય ચૂંટણીઓમાં ભાજપની આગેવાની હેઠળના NDA ગઠબંધનના ઉમેદવારો પર કેન્દ્રિત છે, જેઓ તેમના પ્રચારમાં નરેન્દ્ર મોદીના દસ વર્ષના કાર્યકાળ દરમિયાનની સિદ્ધિઓને સતત પ્રકાશિત કરે છે. જો કે, તે એ હકીકતને ઉજાગર કરે છે કે, ૨૦૧૪થી ૨૦૧૯ સુધી મોદીના પ્રથમ કાર્યકાળ દરમિયાન, ઉપરોક્ત ઉમેદવારોના નામ અપ્રિય ભાષણની ૨૩ ઘટનાઓમાં લેવામાં આવ્યા હતા. કુલ મળીને આમાંથી ૭૦ કેસ રિપોર્ટમાં સૂચિબદ્ધ છે.

આ ઘટનાઓ લઘુમતી સમુદાયો, ખાસ કરીને મુસ્લિમોને લક્ષ્ય બનાવવા માટે ભડકાઉ ભાષણના વ્યાપક ઉપયોગના ખતરનાક વલણને છતી કરે છે. રિપોર્ટમાં ભારતીય રાજકારણમાં પણ નફરતના ભાષણના વ્યાપક લેન્ડસ્કેપનું ચિત્ર છતું કરવામાં આવ્યું છે.

**અપ્રિય ભાષણોની વધતી સંખ્યા :-** પ્રાસંગિક રીતે ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ઈન્ડિયા હેટ લેબે પણ એક રિપોર્ટ બહાર પાડ્યો જેમાં તેણે ૨૦૨૩માં મુસ્લિમોને નિશાન બનાવતી ૬૬૮ અપ્રિય ભાષણની ઘટનાઓનું દસ્તાવેજીકરણ કર્યું. અહેવાલમાં જણાવાયું છે કે, તેમાંથી ૨૫૫ ૨૦૨૩ ના વર્ષના પ્રથમ છ મહિનામાં બની હતી, જ્યારે ૪૧૩ છેલ્લા ૬ મહિનામાં બની હતી.

સંશોધન મુજબ, તે ૪૯૮ ઘટનાઓમાંથી ૭૫% ઘટનાઓ એવા રાજ્યોમાં બની છે જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટી (BJP) સત્તામાં છે. મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી મુસ્લિમો વિરુદ્ધ મોટાભાગના ધિક્કાર ભરેલા ભાષણો નોંધાયા હતા.

UK-IMC રિપોર્ટ એ હકીકતને પણ હાઈલાઈટ કરે છે કે, દ્વેષયુક્ત ભાષણનો હવે બહુમતી મત મેળવવા માટે ચૂંટણીમાં યુક્તિ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. વિભાજનકારી રેટરિકના પરિણામે ભારતના રાજકીય પ્રવચનમાં મુસ્લિમો પ્રત્યે દ્વેષપૂર્ણ ભાષણ સામાન્ય બની ગયું છે.

**પીએમ મોદી સૌથી આગળ :-** વધુ મહત્ત્વની વાત એછે કે, રિપોર્ટમાં પીએમ નરેન્દ્ર મોદી કેન્દ્રીય વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે, અપ્રિય ભાષણની ઘટનાઓ તેમને યાદીમાં ટોચ પર બનાવે છે. ભૂતકાળની મુસ્લિમ વિરોધી હિંસાને વાજબી ઠેરવવાથી લઈને મુસ્લિમોને 'ઘૂસણખોર', 'લૂંટેરા' તરીકે ઉલ્લેખ કરતી ભડકાઉ કથાઓનો પ્રચાર કરવા અને તેમના પર 'હિંદુ લાગણીઓનો અનાદર' કરવાનો આરોપ લગાવવા સુધી.

રિપોર્ટમાં ગૃહપ્રધાન અમિત શાહ, જે.પી. નડ્ડા અને ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયા સહિત ભાજપના અગ્રણી વ્યક્તિઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ભાષાનું વિચલિત કરનારૂં ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે.

**સામાજિક તાંતણા પર તેની અસરો :-** UKMC રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ભારતની ૧૪.૨% વસ્તી ધરાવતા મુસ્લિમો પ્રત્યે વિભાજનકારી કથાઓને વિસ્તૃત કરીને અને દુશ્મનાવટને ઉત્તેજન આપીને રાજકારણીઓ હાલની ફોલ્ટ લાઈનને વધુ ઊંડી બનાવવા અને બહુમતીવાદી સમાજના પાયાને ખતમ કરવાનું જોખમ ધરાવે છે. યુકે-આઈએમસી સંશોધન સહિત દ્વેષપૂર્ણ ભાષણના વલણોને છતી કરતા વિવિધ અહેવાલો જાગૃતિ માટે કામ કરે છે.

# આઠ વર્ષમાં અત્યાચારનો ભોગ બનેલા દલિતો અને આદિવાસીઓ પાસેથી ૧૧૪૦ કરોડ રૂપિયા લેવામાં આવ્યા

### CVMCના અભ્યાસમાં એ પણ બહાર આવ્યું છે કે, ઓછામાં ઓછા ૪૪ હજાર પીડિતોને ૧૧૪૦ કરોડ રૂપિયાની તાત્કાલિક સહાયથી વંચિત રાખવામાં આવ્યા છે, જો કે આ અંદાજ વાસ્તવિક આંકડાઓ કરતા ઓછો હોઈ શકે છે કારણ કે, NCRBના વાર્ષિક અહેવાલમાં કાયમી અપંગતાના કિસ્સાઓ પર આવો કોઈ ડેટા ઉપલબ્ધ નથી

(એજન્સી) તા.૧૨

નાગરિક તકેદારી અને દેખરેખ સમિતિ (CVMC), ચેન્નાઈ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ૨૦૧૫થી ૨૦૨૨ના સમયગાળા દરમિયાન અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ એક્ટ) હેઠળ પીડિતોને ચૂકવવાપાત્ર તાત્કાલિક સહાયની રકમના રૂા.૧૧૪૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા ન હતા. જ્યારે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના વાર્ષિક અહેવાલો અનુસાર છેલ્લા આઠ વર્ષમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ હત્યા, બળાત્કાર અને આગ લગાડવાના ૪૪ હજાર ૩૭૭ કેસ નોંધાયા છે. તમને જણાવી દઈએ કે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) કાયદા હેઠળ, આંબેડકર રાષ્ટ્રીય રાહત યોજના (ડેનવાસ) હેઠળ પીડિતોને સહાયની રકમ આપવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે, આ સ્કીમ નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ની કેન્દ્ર સરકારની પ્રથમ ઈનિંગના શરૂઆતના મહિનાઓમાં શરૂ કરવામાં આવી હતી. અત્રે એ નોંધનીય છે કે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ, પીડિતો/તેમના આશ્રિતોને તાત્કાલિક સહાયની જોગવાઈ પહેલેથી જ કરવામાં આવી હતી. પરંતુ આંબેડકર રાષ્ટ્રીય રાહત યોજના (DENWAS) નામની આ યોજના સરકારે અગાઉની જોગવાઈની સમીક્ષા કર્યા પછી શરૂ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે તાત્કાલિક સહાયની રકમમાં કેન્દ્ર અને સંબંધિત રાજ્ય સરકારનો ફાળો અડધો છે. સમીક્ષામાં જાણવા મળ્યું છે કે સહાય ભંડોળ પીડિતો સુધી પહોંચતું નથી કારણ કે, રાજ્યોએ દાવો કર્યો હતો કે તેમની પાસે ભંડોળ ઉપલબ્ધ નથી. આ નવી યોજના હેઠળ કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળ ડૉ. આંબેડકર ફાઉન્ડેશન નામની સ્વાયત્ત સંસ્થાને પીડિતોને ઝડપી સહાય મંજૂર કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. ૨૦૧૫માં હરિયાણાના ફરીદાબાદ જિલ્લાના બલ્લભગઢના એક દલિત પરિવાર, જેનું ઘર ઉચ્ચ જાતિઓએ સળગાવી દીધું હતું. આ ઘટનામાં બે બાળકોના મોત થયા હતા. ઉદાહરણ તરીકે હત્યાના કિસ્સામાં જો મૃતક પરિવારનો કમાઉ સભ્ય હોય, તો રૂા.૫ લાખ અને જો મૃતક બિન-કમાઉ સભ્ય હોય, તો રૂા.૨ લાખ તેવી જ રીતે બળાત્કાર અને અગ્નિદાહના કેસમાં આ રકમ અનુક્રમે રૂા.૨ લાખ અને રૂા.૩ લાખ હતી. જ્યારે કાયમી વિકલાંગતાના કિસ્સામાં જો પીડિત પરિવારનો કમાઉ સભ્ય હોય તો ૩ લાખ રૂપિયા અને જો તે ન હોય તો ૧.૫ લાખ રૂપિયાની જોગવાઈ હતી. જો કે, શરત એવી હતી કે આ તમામ કેસો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ નોંધાયેલા હોવા જોઈએ અને સહાય મેળવવા માટેની અરજી સાથે પોસ્ટ મોર્ટમ રિપોર્ટ/મેડિકલ સર્ટિફિકેટની નકલો સાથે એફઆઈઆરની નકલ હોવી જોઈએ. અને સંબંધિત બાબતો. જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મોકલવામાં આવે તે જરૂરી હતું.

પરંતુ NCRB અને ડૉ. આંબેડકર ફાઉન્ડેશનના વાર્ષિક અહેવાલો અને સંસદમાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબોનો અભ્યાસ કરતા, CVMCના દીપ્તિ સુકુમાર અને ગીતા વાણીએ શોધી કાઢ્યું કે, ૨૦૧૫ અને ૨૦૨૦ની વચ્ચે માત્ર બે ટકા લાયક પીડિતોને સહાય મળી હતી. ૨૦૨૧ અને ૨૦૨૨માં લાભાર્થીઓની સંખ્યા અનુપલબ્ધ હોવાથી તેઓએ દર વર્ષે ૫૦ પીડિતોને ધારીને અગાઉના વર્ષોની સરેરાશના આધારે આ સંખ્યાની ગણતરી કરી. સુકુમાર અને વાણીના અભ્યાસમાં એ પણ બહાર આવ્યું છે કે ઓછામાં ઓછા ૪૪ હજાર પીડિતો ૧૧૪૦ કરોડ રૂપિયાની તાત્કાલિક સહાયથી વંચિત હતા. જો કે, આ અંદાજ વાસ્તવિક આંકડાઓ કરતા ઓછો હોઈ શકે છે, કારણ કે NCRBના વાર્ષિક અહેવાલમાં કાયમી અપંગતાના કિસ્સાઓ પર આવો કોઈ ડેટા ઉપલબ્ધ નથી. ડૉ. આંબેડકર ફાઉન્ડેશન દ્વારા હત્યા, બળાત્કાર, આગ લગાડવાના કેસોમાં તાત્કાલિક આર્થિક સહાય (રૂા.માં) આ સમાચારની એક કાળી બાજુ પણ છે કે ૧૩ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ડૉ. આંબેડકર ફાઉન્ડેશને તેની સત્તાવાર વેબસાઈટ પર એક સૂચના (DAF/1/2023–Admin-DAF 1/25058/2023 EO–64933) પ્રકાશિત કરી કે ૧ એપ્રિલ, ૨૦૨૩થી 'ડેનવાસ' અને આંતર-જ્ઞાતિ લગ્ન યોજનાને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ અને નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ના અમલીકરણ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા સંચાલિત કેન્દ્રીય પ્રાયોજિત યોજનાનો એક ભાગ બનાવવામાં આવી રહી છે. આ નિર્ણયને ધ્યાનમાં રાખીને પીડિતો માટે રાહતની રકમ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ નક્કી કરવામાં આવી છે અને ફાઉન્ડેશને કહ્યું છે કે તે ૩૧ માર્ચ ૨૦૨૩ સુધીમાં પડતર અરજીઓ (જો કોઈ હોય તો)નો નિકાલ કરવામાં આવશે. જ્યારે દીપ્તિ સુકુમાર અને ગીતા વાણી લખે છે, "૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે એક પરિપત્ર ૧૧૦૧૧/૧૪/૨૦૨૩-PCR (ડેસ્ક.) બહાર પાડ્યો હતો, જેમાં કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ હેઠળ અરજી કરવા માટેના ફોર્મેટ જોડાયેલા હતા. પરંતુ આ ફોર્મેટમાં 'ડેનવાસ'નો કોઈ ઉલ્લેખ નથી." 'ડેનવાસ' હેઠળ નાણાકીય સહાય આપવામાં આટલી કંજૂસાઈ કેમ હતી અને હજારો લોકોને નિયત સહાય કેમ આપવામાં આવી ન હતી ?

દલિતો અને આદિવાસીઓ કે જેઓ અત્યાચારનો ભોગ બન્યા હતા તે એક રહસ્ય છે. તે જ સમયે, પીડિતોને રાહત રકમ માટે અરજી કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટની છે, પીડિતોની નહીં. દીપ્તિ સુકુમાર અને ગીતા વાણી લખે છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં એટલી કાળજી લેવામાં આવે છે કે 'ડેનવાસ' હેઠળ પાત્રતા સાબિત કરવા માટે પૂરતા દસ્તાવેજો જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે ઉપલબ્ધ છે. જેમ કે - "અત્યાચાર સંબંધિત કોઈપણ માહિતી નિયમ ૫ હેઠળ સંજ્ઞાનમાં લેવામાં આવે છે અને પછી નિયમ ૬ હેઠળ, વિભાગીય મેજિસ્ટ્રેટ અથવા નાયબ પોલીસ અધિક્ષક અથવા ઉચ્ચ કક્ષાના અધિકારી તેમની તપાસ કરે છે. 'માહિતીની ચકાસણી પછી, નિયમ ૧૨(૧) હેઠળ, પોલીસ અધિક્ષક અને જિલ્લા મેજિસ્ટ્રેટ બંને ગુનાના સ્થળનું નિરીક્ષણ કરે છે અને પોલીસ અધિક્ષક ખાતરી કરે છે કે FIR યોગ્ય કલમો હેઠળ નોંધાયેલ છે.'

# ભાજપ ત્રીજી વખત સત્તામાં આવશે તો દલિતો, આદિવાસીઓને ગુલામ બનાવી લેવાશે : ખડગે

(એજન્સી) તા.૧૨

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે લોકોને તેમની પાર્ટીને મત આપવા અપીલ કરી હતી અને દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ માટે ત્રીજી ટર્મનો અર્થ એ થશે કે ગરીબો, દલિતો અને આદિવાસીઓ સાથે "ગુલામ જેવું વર્તન" થશે.

મહારાષ્ટ્રના ધુલે મતવિસ્તારમાં ખડગેએ એક રેલીને સંબોધી હતી. અહીં કોંગ્રેસે ભૂતપૂર્વ ધારાસભ્ય શોભા બચ્છવને મેદાનમાં ઉતાર્યા છે. ત્યારે ખડગેએ મતદારોને લોકશાહી અને બંધારણને બચાવવા માટે તેમનો પક્ષ પસંદ કરવા અપીલ કરી.



ખડગેએ કહ્યું કે આઝાદી પહેલા ગરીબો, દલિતો અને આદિવાસીઓ સાથે ગુલામો જેવું વર્તન કરવામાં આવતું હતું. મોદી અને શાહને ત્રીજી ટર્મ આપશો તો એ જ સ્થિતિનું પુનરાવર્તન થશે. અમે ફરીથી ગુલામ બનીશું.

ઉત્તર મહારાષ્ટ્રના ધુલેમાં ૨૦ મેના રોજ સામાન્ય ચૂંટણીના પાંચમા તબક્કામાં મતદાન થશે. અહીં ભાજપે પૂર્વ કેન્દ્રીય મંત્રી સુભાષ ભામરેને ઉમેદવાર બનાવ્યા છે. "તમારે તમારા પોતાના અને તમારા પોતાના લોકો માટે મત આપવો પડશે. આપણે બંધારણને બચાવવાની જરૂર છે. આ ચૂંટણી દેશના ભાવિને ઘડશે, તેથી આ એક મહત્વપૂર્ણ ચૂંટણી છે.

ખડગેએ કહ્યું કે જો ત્યાં કોઈ બંધારણ નથી, તો "તમને બચાવવા માટે કોઈ નહીં હોય", તેમણે દાવો કર્યો હતો કે "RSS વડા મોહન ભાગવતે ૨૦૧૫માં કહ્યું હતું કે બંધારણ બદલવું જોઈએ. બાદમાં બીજેપીના ઘણા સાંસદો અને ભગવા પાર્ટીના નેતાઓએ પણ સમાન નિવેદનો આપ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

### મેટ્રો સ્ટેશન પર પોલીસ દોડતી થઈ

# દિલ્હીમાં મેટ્રો સ્ટેશન પર ખાલિસ્તાન ઝિંદાબાદના સૂત્રો લખેલા મળતાં ખળભળાટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

દેશમાં હાલ લોકસભા ચૂંટણીનો ધમધોકાટ જોવા મળી રહ્યો છે. ત્રણ તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ આવતીકાલે ૧૩મીએ ચોથા તબક્કાનું મતદાન થવાનું છે, ત્યારે દિલ્હીમાં મેટ્રો સ્ટેશન પર 'ખાલિસ્તાન ઝિંદાબાદ'ના સૂત્રો લખેલા મળતાં ખળભળાટ

### પોલીસે સૂત્રો લખનાર વ્યક્તિની શોધખોળ શરૂ કરી

મચ્યો છે. આ સૂત્રો લખારનું નામ હજુ સુધી સામે આવ્યું નથી, પરંતુ આ મામલે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે.

મળતા અહેવાલો મુજબ દિલ્હીમાં મેટ્રો સ્ટેશન પર 'ખાલિસ્તાન ઝિંદાબાદ'ના સૂત્રો લખેલા હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે મેટ્રો સ્ટેશન પહોંચી કાર્યવાહી શરૂ કરી દીધી છે.

આ ઉપરાંત ત્યાં લખેલા દેશ વિરોધી સૂત્રોને પણ દૂર કરી દેવાયા છે. પોલીસે સ્ટેશન પર સૂત્રો લખનાર વ્યક્તિની શોધખોળ શરૂ કરી દીધી છે તેમજ સીસીટીવી ફુટેજ પર તપાસવામાં શરૂ કરી દીધા છે.

મીડિયા રિપોર્ટ મુજબ 'ખાલિસ્તાન ઝિંદાબાદ' સૂત્રકાંડમાં અમેરિકાના બેઠેલા કુખ્યાત ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંતસિંહ પન્નુનનું નામ આવ્યું છે. તેણે સોશિયલ મીડિયા




પર કહ્યું છે, દિલ્હી મેટ્રો સ્ટેશન પર આ સૂત્રો મારા ઈશારે લખાયા છે. હાલ દિલ્હી પોલીસ અને મેટ્રો પોલીસે આ મામલે કેસ નોંધ્યો છે અને વધુ તપાસ શરૂ કરી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ માર્ચ મહિનામાં દિલ્હીના પંજાબી બાગ મેટ્રો સ્ટેશન પર એક થાંભળા પર ખાલિસ્તાનના સમર્થનમાં સૂત્રો લખાયા હતા.

જ્યારે આ પહેલા ૨૬ જાન્યુઆરીએના થોડા દિવસો પહેલા ઉત્તર નગર વિસ્તારમાં એક સરકારી સ્કૂલની દીવાલો પર ખાલિસ્તાનના સમર્થનમાં વાતો લખાઈ હતી.

# મેઘાલયનાં આદિવાસી મહિલા રાજ્યના પ્રથમ મહિલા DGP બન્યાં

## ડીજીપી ઈદશિષા નોંગરંગ ૧૯ મે, ૨૦૨૬ સુધી આ પદ પર રહેશે

(એજન્સી) ગુવાહાટી, તા.૧૨

મેઘાલયમાં એક ઐતિહાસિક નિર્ણયમાં રાજ્ય સરકારે ઈદશિશા નોંગરંગને પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) તરીકે નિયુક્ત કર્યા છે. ૧૯૯૨ બેચના ભારતીય પોલીસ સેવા અધિકારી નોંગરાંગ ખાસી સમુદાયના છે, જે રાજ્યની ત્રણ મુખ્ય જાતિઓ પૈકી એક છે. તે એલઆર બિશ્નોઈનું સ્થાન લેશે. નોંગરાંગ હાલમાં મેઘાલય સિવિલ ડિફેન્સના ડાયરેક્ટર જનરલ તરીકે ફરજ બજાવે છે, અને તેણી રાજ્યની પ્રથમ મહિલા છે જેણે ડીજીપીનું પદ સંભાળ્યું છે. ૨૦૨૧માં તેણીએ કાર્યકારી ડીજીપી તરીકે સેવા આપી હતી. એક અધિકૃત નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે, મેઘાલયના ગવર્નર ૨૦ મે, ૨૦૨૪થી અમલમાં આવતા પોલીસ મહાનિર્દેશક તરીકે સ્મૃતિ ઈદશિષા નોંગરાંગની નિમણૂક કરતા આનંદ અનુભવે છે. તે ૧૯ મે, ૨૦૨૬ સુધી આ પદ પર સેવા આપશે.



મુખ્યમંત્રી કોનરાડ કે સંગમાએ આ વરિષ્ઠ પોલીસ અધિકારીને અભિનંદન પાઠવતા કહ્યું કે, નવા ડીજીપી તરીકેની તેમની નિમણૂક બદલ IPS, સ્મૃતિ ઈદશિષા નોંગરાંગને ખૂબ ખૂબ અભિનંદન. અનેક અવરોધો વચ્ચે ઈતિહાસ રચીને તે આ પદ સંભાળનાર આપણા રાજ્યની પ્રથમ આદિવાસી મહિલા બની છે, જે આપણા બધા માટે ખૂબ જ ગૌરવની ક્ષણ છે. તેણીને ખૂબ જ શુભેચ્છાઓ.

યુનિયન પબ્લિક સર્વિસ કમિશને નોંગરંગ ઉપરાંત રામ પ્રસાદ મીના, એડીજી, બોર્ડર સિક્યુરિટી ફોર્સના નામોની ભલામણ કરી હતી; નોંગરાંગ સૌથી આગળ હતા. ત્રણ મુખ્ય રાજકીય પક્ષોએ આ પદ પર તેમની નિમણૂકની માગણી કરી હતી અને જણાવ્યું હતું કે તેણી સ્થાનિક હોવાના કારણે, ડીજીપી તરીકે ફરજો નિભાવતી વખતે તે રાજ્યની વિવિધ જટિલતાઓને વધુ સારી રીતે સમજી શકશે. યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટી, જે નેશનલ પીપલ્સ પાર્ટીની આગેવાની હેઠળની ગઠબંધન સરકારનો એક ઘટક છે, તેણે કહ્યું કે જો અન્ય સ્થાનિક, ડોનાલ્ડ ફિલિપ્સ વાહલાંગ રાજ્યના મુખ્ય સચિવ તરીકે સેવા આપી રહ્યા છે તે ધ્યાનમાં રાખીને જો તેણીને આ પદ પર નિયુક્ત કરવામાં આવે તો તે ઐતિહાસિક નિર્ણય હશે.

ભાજપે જણાવ્યું હતું કે નોંગરાંગ એક પ્રામાણિક અધિકારી છે અને તેણીને રાજ્યમાં કામ કરવાનો બહોળો અનુભવ છે. વિપક્ષી પાર્ટી 'વોઈસ ઓફ ધ પીપલ્સ પાર્ટી'એ કહ્યું કે તેમાં કોઈ શંકા નથી કે નોંગરાંગ પોલીસ અને જાહેર સંબંધોને મજબૂત કરશે કારણ કે તે સ્થાનિક છે.

# કોલકાતા : મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ છેડતીના આરોપને પગલે રાજ્યપાલ સી.વી. આનંદ બોઝના રાજીનામાની માંગ કરી

## પાર્ટીના ઉમેદવાર રચના બેનરજી માટે હુગલી જિલ્લાના સપ્તગ્રામમાં ચૂંટણી પ્રચારમાં મમતાએ કહ્યું કે રાજ્યપાલે સ્પષ્ટતા કરવી જોઈએ કે તેમણે તેમના પદ પરથી કેમ રાજીનામું ન આપવું જોઈએ

(એજન્સી) કોલકાતા, તા.૧૨

કથિત 'છેડતી'ના આરોપ બાદ, મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ શનિવારે રાજ્યપાલ સીવી આનંદ બોઝના રાજીનામાની માંગ કરી હતી અને ઉલ્લેખ કર્યો હતો કે તેઓ રાજ્યપાલને મળવા માટે ક્યારેય રાજભવનમાં જશે નહીં કારણ કે તેઓ માને છે કે તેમની બાજુમાં બેસવું એ પણ 'પાપ' છે. પાર્ટીના ઉમેદવાર રચના બેનરજી માટે હુગલી જિલ્લાના સપ્તગ્રામમાં ચૂંટણી પ્રચારમાં મમતાએ કહ્યું કે રાજ્યપાલે સ્પષ્ટતા કરવી જોઈએ કે તેમણે તેમના પદ પરથી કેમ રાજીનામું ન આપવું જોઈએ. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું કે તેમણે કહ્યું હતું કે તે દીદીગીરી સહન કરશે નહીં. દાદાગીરી અને દીદીગીરી બંને સહન નહીં થાય તે સાચું છે. તેમણે એક સંપાદિત વિડિયો બહાર પાડ્યો છે અને મેં સમગ્ર ફૂટેજ અને તેની સામગ્રી જોઈ છે. તે આઘાતજનક છે. મને બીજો વિડિયો મળ્યો છે. જો હું રાજ્યપાલને મળીશ તો હું તેમને રસ્તા પર મળીશ પરંતુ રાજભવનની અંદર જઈશ નહીં.



ઉલ્લેખનીય છે કે ૨ મેના રોજ રાજભવનની એક મહિલા કર્મચારીએ આરોપ લગાવ્યો હતો કે રાજ્યપાલે તેણીને 'અયોગ્ય રીતે' સ્પર્શ કર્યો હતો, જેના પગલે તેણીએ હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં તેમની વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. ૯ મેના રોજ, રાજ્યપાલે તેમના પર લાગેલા આરોપોને દૂર કરવા માટે રાજભવનના કેટલાક સીસીટીવી ફૂટેજ બતાવ્યા હતા.

૬ મેના રોજ, બોઝ વિરૂદ્ધ કથિત છેડતીના આરોપોને લઈને ગવર્નર સીવી આનંદ બોઝ અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) વચ્ચેના ઝઘડામાં મીડિયા સાથે વાત કરતા બોસે કહ્યું કે તે મમતા બેનર્જીની "દીદીગીરી" સહન કરશે નહીં અને એવો પણ દાવો કર્યો કે આ મમતા બેનર્જીની 'દીદીગીરી' છે. તે "ગંદું રાજકારણ" રમે છે. ભારતીય જનતા પાર્ટી (BJP) પર પ્રહાર કરતાં મમતા બેનરજીએ આરોપ લગાવ્યો કે સંદેશખાલીની ઘટના ભગવા શિબિરનું 'ષડયંત્ર' હતું. મમતા બેનરજીએ આરોપ લગાવ્યો છે કે, લોકોએ જોયું છે કે કેવી રીતે ભાજપે સંદેશખાલીનું કાવતરું ઘડ્યું હતું. મોદી બાબુ આ મુદ્દાને ઉશ્કેરશે. સ્ત્રી માટે પૈસા કરતાં તેની ગરિમા વધુ મહત્વની છે. તેઓએ જે કર્યું છે તે સૌથી વધુ ભ્રષ્ટ ગુનો છે. ફરિયાદીને એ પણ ખબર ન હતી કે બળાત્કારની નકલી ફરિયાદો લખવા તેઓને સહી કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. આ પહેલાના દિવસોમાં બનતું હતું અને આ સદીમાં ન થવું જોઈએ. મહિલાઓ હવે સામે આવી રહી છે અને સત્ય કહી રહી છે.

# કેજરીવાલે શા માટે એવું કહ્યું કે મોદી વડાપ્રધાન બનશે નહીં? : શું ભાજપના નેતાઓ ૭૫ વર્ષની વયે નિવૃત્ત થાય છે?

(એજન્સી) તા.૧૨

AAPના વડા અરવિંદ કેજરીવાલે જેલમાંથી બહાર આવીને લોકસભા ચૂંટણી માટે પ્રચાર શરૂ કર્યો છે અને તેમણે ભાજપને '૭૫ વર્ષથી વધુ વયના લોકોને ટિકિટ નહીં' ની પોતાની અલિખિત નીતિ યાદ કરાવતા કહ્યું કે, નરેન્દ્ર મોદી ૭૫ વર્ષ વટાવ્યા પછી વડાપ્રધાન તરીકે ચાલુ રહેશે નહીં. મોદી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ૭૫ વર્ષના થશે.



ગૃહ પ્રધાન અમિત શાહ સહિત ભાજપના કેટલાક મુખ્ય નેતાઓએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭૫ વર્ષની ઉંમરે પહોંચવા પર સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેશે નહીં. આ નીતિ ઘણા વર્ષોથી અમલમાં છે. ૨૦૧૯માં અમિત શાહે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા જણાવ્યું હતું કે ભાજપે ૭૫ વર્ષથી વધુ ઉંમરના કોઈપણ ઉમેદવારને ઉભા નહીં કરવાનો નિર્ણય લીધો છે. શાહે ૨૦૧૯ની ચૂંટણી માટે પ્રચાર કરતી વખતે કહ્યું હતું કે, ૭૫ વર્ષથી ઉપરના કોઈને ટિકિટ આપવામાં આવી નથી. આ પાર્ટીનો નિર્ણય છે.

૨૦૧૪માં સત્તા સંભાળ્યા પછી તરત જ, મોદીએ એક નિયમ રજૂ કર્યો હતો કે ૭૫ વર્ષથી વધુ વયના નેતાઓએ કેન્દ્ર અથવા રાજ્ય સરકારોમાં કોઈ પણ વહીવટી પદ ન રાખવું જોઈએ. જો કે, શનિવારે તેમણે કહ્યું કે, ભાજપના બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી, અને મોદીજી ૨૦૨૯ સુધી દેશનું નેતૃત્વ કરશે અને આગામી ચૂંટણીઓનું પણ નેતૃત્વ કરશે. ઈન્ડિયા બ્લોક માટે કોઈ સારા સમાચાર નથી. તેઓ આવા જુઠ્ઠાણા ફેલાવીને ચૂંટણી જીતી શકશે નહીં.

પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીના બંધારણમાં ક્યાંય પણ વય સંબંધિત એવી કોઈ જોગવાઈ નથી. જનતા જાણે છે કે મોદીજીની દરેક ક્ષણ ભારતની સેવા માટે સમર્પિત છે. મોદીજીના નેતૃત્વમાં 'વિકસિત ભારત'નું વિઝન સાકાર થઈ રહ્યું છે અને તેમના આગામી ૫ વર્ષના કાર્યકાળમાં મોદીજી દેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે...મોદીજી અમારા નેતા છે અને ભવિષ્યમાં પણ આપણું નેતૃત્વ કરતા રહેશે.

વિપક્ષી નેતાઓએ મોદી પર વય પ્રતિબંધ લાદવાનો ઈન્કાર કરીને ભગવા પક્ષ પર બેવડા ધોરણ અપનાવવાનો આરોપ મૂક્યો છે. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ સહિત અનેક નેતાઓએ પ્રશ્ન કર્યો હતો કે શું મોદી ૭૫ વર્ષના થવા પર નિવૃત્ત થશે. દાખલા તરીકે, ગુજરાતના મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલે ૨૦૧૬માં તેમના ટોચના હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું કારણ કે તેઓ ૭૫ વર્ષની ઉંમરની નજીક હતા. મોટાભાગે, ભાજપ તેની નીતિઓનું પાલન કરી રહ્યું હોય તેવું લાગે છે, ૭૦ના દાયકાના પ્રારંભમાં અને મધ્યમાં બહુ ઓછા પક્ષના નેતાઓને ચૂંટણી માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. ૭૬ વર્ષીય યોગેશ પટેલ ૨૦૨૨માં ગુજરાત ચૂંટણી માટે પાર્ટીના સૌથી વૃદ્ધ ઉમેદવાર હતા, જ્યારે ૭૫ વર્ષીય જગન્નાથ સિંહ રઘુવંશી ૨૦૨૩ મધ્ય પ્રદેશની ચૂંટણી માટે ઉમેદવાર બન્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શનિવારે સવાલ કર્યો હતો કે, એલ.કે. અડવાણી, મુરલી મનોહર જોશી, સુમિત્રા મહાજન અને યશવંત સિંહા નિવૃત્ત થયા હતા અને હવે મોદી ૧૭મી સપ્ટેમ્બરે નિવૃત્ત થવા જઈ રહ્યા છે. જો તેમની સરકાર બનશે તો તેઓ પહેલા યોગી આદિત્યનાથનો નિકાલ કરશે અને પછી અમિત શાહને દેશના વડાપ્રધાન બનાવશે. મોદી અમિત શાહ માટે વોટ માંગી રહ્યા છે. શું અમિત શાહ મોદીની ગેરંટી પૂરી કરશે?

# મહારાષ્ટ્ર, કર્ણાટક, બંગાળના ચૂંટણી પરિણામો પર કેજરીવાલની ભવિષ્યવાણી

(એજન્સી) તા.૧૨

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે શનિવારે રાજધાનીમાં તેમના રોડ શોમાં જણાવ્યું હતું કે - હરિયાણા, રાજસ્થાન, કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં ભાજપની બેઠકોની સંખ્યા ઘટશે. કેજરીવાલે કહ્યું કે આ તેમની આગાહી નથી પરંતુ નિષ્ણાતો, મનોવિજ્ઞાનીઓ અને વિશ્લેષકોનો અભિપ્રાય છે જેમની સાથે તેઓ જેલની બહાર આવ્યા પછી છેલ્લા ૨૦ કલાકમાં સંપર્કમાં આવ્યા હતા. કેજરીવાલે કહ્યું હતું કે, હું જેલમાંથી બહાર આવ્યો ત્યારથી છેલ્લા ૨૦ કલાકમાં મેં ઘણા નિષ્ણાતો સાથે ફોન પર વાત કરી છે. બધા કહી રહ્યા છે કે ભાજપ બહુમતી મેળવશે નહીં. દિલ્હીમાં ભાજપ તમામ સાત બેઠકો ગુમાવશે.



## કેજરીવાલે કહ્યું છે કે તેમણે છેલ્લા ૨૦ કલાકમાં ઘણા મનોવિજ્ઞાનીઓ, વિશ્લેષકો સાથે વાત કરી છે અને તે બધાએ આગાહી કરી કે ભાજપને આ ચૂંટણીમાં બહુમતી નહીં મળે

કેજરીવાલે કહ્યું કે પંજાબમાં પણ ભાજપની આવી જ દશા થશે. ૪ જૂને, મોદી સત્તામાં આવશે નહીં. ઈન્ડિયા ગઠબંધન સરકાર બનાવશે અને AAP તેનો ભાગ હશે. દિલ્હી એક સંપૂર્ણ રાજ્ય બનશે.

કેજરીવાલે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી માટે ભાજપને મત આપવાથી અમિત શાહ વડા પ્રધાન બનશે કારણ કે નરેન્દ્ર મોદી ૭૫ વર્ષના થયા પછી આવતા વર્ષે નિવૃત્ત થશે. આ નિવેદન પછી ભાજપે હતું કે નરેન્દ્ર મોદી જ વડા પ્રધાન રહેશે અને ભાજપે કેજરીવાલ પર ભ્રમ પેદા કરવાનો આરોપ લગાવ્યો. AAP એ પ્રશ્ન કર્યો કે શું મોદી પક્ષના વયના નિયમને પોતાના માટે તોડશે?

કેજરીવાલે કહ્યું કે, જ્યારે મારી ધરપકડ કરવામાં આવી, ત્યારે મને આશ્ચર્ય થયું કે મારો ગુનો શું છે. મારો ગુનો એ હતો કે મેં દિલ્હીમાં શાળાઓ, મોહલ્લા ક્લિનિક બનાવ્યા. મારી નાની પાર્ટી છે જે ફક્ત બે જગ્યાએ સત્તામાં છે અને મેં લોકો માટે મફત સારવાર શરૂ કરી. પરંતુ તિહારમાં તેઓએ મને ૧૫ દિવસ સુધી દવા ન આપી. તેઓ દિલ્હી સરકારને તોડવા માંગે છે.

# લોકસભાની ચૂંટણી સમયે ભાજપ કેરળમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વચ્ચે વિભાજનની ખતરનાક રમત રમી રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્રમાં ૧૦ વર્ષના લાંબા શાસન દરમિયાન લઘુમતી સમુદાયોના કલ્યાણ માટે કોઈ પગલાં લેવામાં નિષ્ફળ રહી હોવાના કારણે સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી લોકસભા ચૂંટણી દરમિયાન ફાયદો મેળવવા કેરળમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વચ્ચે ખતરનાક રમત રમી રહી છે. ચાલી રહેલી ભગવા પક્ષે ખ્રિસ્તીઓને લલચાવવાનો સર્વશ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે, જેઓ દક્ષિણ રાજ્યની ૧૮.૩૮% વસ્તી ધરાવે છે.

ભાજપની વ્યૂહરચનાનો ઉદ્દેશ્ય મુસ્લિમોના સંદર્ભમાં અસલામતીની ભવન ઊભી કરવાનો છે અને તેના આધારે ખ્રિસ્તીઓ અને હિન્દુઓનું ગઠબંધન બનાવવાનું છે. ભૂતકાળમાં કેરળના મતદારોએ સામાજિક વાસ્તવિકતાઓને આધારે રાજકીય પસંદગીઓ બદલી છે. કેરળની તમામ ૨૦ લોકસભા બેઠકો પર ૨૬ એપ્રિલે બીજા તબક્કામાં મતદાન થઈ રહ્યું છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન દાવો કર્યો હતો કે, ખ્રિસ્તી સમુદાયનો ભાજપમાં વિશ્વાસ વધુ મજબૂત થયો છે અને ભાજપ તેમના માટે શક્ય તેટલું બધું કરશે.

છેલ્લા ત્રણ દાયકામાં કેરળમાં ભાજપનો વોટ શેર લોકસભા ચૂંટણીમાં લગભગ પાંચ ટકાથી વધીને ૧૫% અને વિધાનસભા ચૂંટણીમાં પાંચ ટકાથી વધીને ૧૧% થયો છે. તેમ છતાં રાજ્યના ૬૮વર્ષના ઈતિહાસમાં ભાજપ ૧૪૦ સભ્યોની વિધાનસભામાં ૨૦૧૬માં તિરૂવનંતપુરમ જિલ્લામાં માત્ર એક જ બેઠક નેમોમ જીતી શક્યું છે. આગામી ચૂંટણીમાં ભાજપે તે બેઠક પણ ગુમાવી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કેરળમાં ૧૯૪૦ના દાયકાની શરૂઆતથી સક્રિય છે, આરએસએસના જણાવ્યા અનુસાર, સ્વતંત્રતા સમયે કેરળમાં તેની ૯૫ 'શાખા' અને ૧૨૦૦ સભ્યો હતા. આજે તે ૫૦૦૦થી વધુ 'શાખા' ધરાવે છે, જે ઉત્તરપ્રદેશ પછી સૌથી મોટી સંખ્યા છે અને રાજ્યમાં ૧.૭૫ લાખ સભ્યો છે. ગુજરાતમાં પણ માત્ર ૧૦૦૦ જેટલી 'શાખા' છે.

બીજેપીના રાષ્ટ્રીય નેતૃત્વએ કેરળમાં પગ જમાવવામાં કોઈ કસર છોડી નથી. મોદી અને ગૃહમંત્રી અમિત શાહે રાજ્યને કબજે કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે. માર્ચ ૨૦૨૩માં નાગાલેન્ડ અને મેઘાલયની ચૂંટણીઓ પછીના તેમના વિજય ભાષણમાં પણ મોદીએ દક્ષિણ રાજ્ય પર નિશાન સાધ્યું અને કહ્યું કે, તેમને વિશ્વાસ છે કે, નજીકના ભવિષ્યમાં કેરળમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર આવશે. આ રાજ્યોમાં સામાન્ય પરિબળ તેમની મોટી ખ્રિસ્તી વસ્તી છે.

કેરળમાં હિંદુ અને ઈસ્લામ પછી ખ્રિસ્તી ધર્મ ત્રીજો સૌથી મોટો ધર્મ છે. કેરળમાં ખ્રિસ્તી વસ્તીની ટકાવારી સમગ્ર ભારતમાં તેમની વસ્તી કરતાં મોટી છે. ભાજપની ગણતરી હિંદુઓ અને ખ્રિસ્તીઓને સાથે લાવવાની છે. કોંગ્રેસની વાત કરીએ તો કેરળમાં સત્તા પર પાછા ફરવું એ મોટાભાગે ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને તેના ગણમાં પાછા લાવવાની તેની ક્ષમતા પર આધારિત છે.

ખ્રિસ્તીઓ પ્રત્યે ભાજપનો આ અભિયામ ગયા વર્ષે ત્યારે શરૂ થયો અને મોદીએ નાતાલના અવસર પર નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયોના વડાઓ સાથે બેઠકનું આયોજન કર્યું. આ બેઠક સૌહાર્દપૂર્ણ હોવા છતાં કેરળમાં વિવાદ સર્જાયો હતો. ઘણા લોકોએ સભામાં ખ્રિસ્તીઓ ખાસ કરીને મણિપુરમાં ખ્રિસ્તીઓ સામેના અત્યાચારો અંગે અવાજ ન ઉઠાવવા અંગે પાદરીઓને પ્રશ્ન કર્યો હતો.

સુપ્રીમ કોર્ટમાં યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ દ્વારા સબમિટ કરાયેલા અહેવાલ મુજબ, ૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં ખ્રિસ્તીઓની વિરુદ્ધ ૪૦૦થી વધુ ગુનાઓ થયા છે, જે દિવસમાં સરેરાશ બેથી વધુ ઘટનાઓ છે. જો કે, કેન્દ્ર સરકારે તેને અતિશયોક્તિ ગણાવીને ફગાવી દીધી હતી. એપ્રિલ ૨૦૨૩માં મોદીએ ઈસ્ટરના દિવસે નવી દિલ્હીમાં સેક્રેડ હાર્ટ કેથેડ્રલની



મુલાકાત લીધી અને કેરળ ભાજપના નેતાઓએ ચર્ચના નેતાઓને શુભેચ્છા પાઠવી. જો કે, ખ્રિસ્તી નેતાઓએ ભાજપની તરફેણમાં કોઈ મોટો રાજકીય સંદેશ આપ્યો નથી, ખ્રિસ્તી ખેડૂતોએ અત્યાર સુધી કોંગ્રેસ અથવા કેરળ કોંગ્રેસના જૂથોની તરફેણમાં મતદાન કર્યું છે, જેના પર ચર્ચનો ખૂબ પ્રભાવ છે. કેરળના ખ્રિસ્તીઓ ગોવા અથવા ઉત્તર-પૂર્વની તુલનામાં વધુ સારી આર્થિક દબદબો અને સામાજિક પ્રભાવ ધરાવે છે. રાજ્યની ૨૦ લોકસભા બેઠકોમાંથી ઓછામાં ઓછી ૧૩ બેઠકો પર આ સમુદાય સંભવિત રીતે અસર કરી શકે છે. જાહેર પ્રસારણકર્તા, દૂરદર્શને ચૂંટણી પ્રચારની મધ્યમાં વિવાદાસ્પદ ફિલ્મ 'ધ કેરલા સ્ટોરી'નું પ્રસારણ કર્યું ત્યારે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વચ્ચે વિભાજનના પ્રયાસો દેખાઈ આવ્યા. કેરળના મુસ્લિમોની છબીને કલંકિત કરતી આ ફિલ્મને ટેલિકાસ્ટ કરવાનો કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) અને સત્તાધારી LDF દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો, પરંતુ કેટલાક ખ્રિસ્તી જૂથોએ મૂવીનું પોતાનું સ્ક્રીનિંગ ગોઠવ્યું હતું. આ બે લઘુમતી સમુદાયો વચ્ચે ઉભરી રહેલા મતભેદોનો સંકેત છે, ભાજપે તેનો ઉપયોગ કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો હતો. રાજકીય વિશ્લેષકો માને છે કે, વાયનાડથી ચૂંટણી લડી રહેલા રાહુલ ગાંધીની દેખરેખ હેઠળ UDFને ફાયદો કરાવવા માટે મુખ્ય હિંદુ મતોનું વિભાજન થઈ શકે છે. બીજી બાજુ ભાજપ, પ્રતિબદ્ધ ખ્રિસ્તી મતદારોના જૂથો પર નિર્ભર છે અને તે સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ દક્ષિણ રાજ્યમાં સાંપ્રદાયિક સંવાદિતા અને સામાજિક સંબંધોનો નાશ કરી રહ્યું છે.

# મુસ્લિમ વિરોધી નફરત અને ખોટી માહિતીઓ ફેલાવવા માટે ભાજપના શસ્ત્રાગારમાં એનિમેટેડ વીડિયોઝમાં નવું હથિયાર

(એજન્સી) તા.૧૨

દેશમાં મુસ્લિમોને વધુ ખલનાયક બતાવવાના પ્રયાસમાં ભાજપ કોંગ્રેસની સંપત્તિ પુનઃ વિતરણ યોજનાને 'પ્રદર્શિત' કરવા માટે એનિમેટેડ વીડિયો જાહેર કરી રહી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપનું અભિયાન સાંપ્રદાયિક નફરત અને જુઠ્ઠી માહિતી પર આધારિત છે. આની આગેવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીધી છે, જે તેમના કેટલાક ભાષણોમાં દાવો કરે છે કે, કોંગ્રેસ નાગરિકોની મહિલાઓની માલિકીનાં મંગળસૂત્ર અને સોના સહિતની સંપત્તિ, મુસ્લિમોમાં ફરીથી વહેંચી દેશે. ૨૧ એપ્રિલે રાજસ્થાનના બાંસવાડામાં એક જાહેર સભામાં તેમણે મુસલમાનોને 'ઘૂસણખોરો' અને વધુ બાળકો પેદા કરનારા તરીકે વર્ણવ્યા હતા. ત્યારબાદ અમિત શાહ અને અનુરાગ ઠાકુર સહિત અન્ય કેન્દ્રીય મંત્રીઓ અને બીજેપીના કેટલાક નેતાઓએ તેનું અનુકરણ કર્યું હતું. મુસ્લિમોને વધુ ખલનાયક બનાવવાના પ્રયાસમાં ભાજપ કોંગ્રેસની સંપત્તિ પુનઃ વિતરણ યોજનાને 'પ્રદર્શિત' કરવા માટે એનિમેટેડ વિડિયો જાહેર કરી રહી છે

**BJP4 ઈન્ડિયા** :- ઈન્સ્ટાગ્રામ પર બીજેપીના સત્તાવાર હેન્ડલ (@BJP4India) દ્વારા પહેલો વીડિયો રિલીઝ કરવામાં આવ્યો તેને ૧.૬ મિલિયન વ્યૂઝ મળ્યા હતા. ભાજપ એનિમેટેડ ક્લિપ દ્વારા એક હાનિકારક બિબાંઢાળ હેઠળ મુસ્લિમોને બદનામ કરે છે અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને તેમના ચૂંટણી મેનિફેસ્ટોમાં જે છે નહી તેવા જુઠ્ઠાણાં દેખાડે છે, જે ટૂંક સમયમાં અર્ધચંદ્રાકાર-અને-તારા પ્રતિમાઓ સાથેના પુસ્તકમાં પરિવર્તિત થાય છે. બીજેપીના કેમ્પેન વીડિયોમાં વધુમાં દર્શાવવામાં આવ્યું છે કે, 'ભારતમાં પ્રાચીન સમયથી મુસ્લિમોને પ્રાથમિકતા આપવામાં આવી છે. પ્રાચીન ભારત ખરેખર ઘણું સુંદર હતું. આપણે એટલા સમૃદ્ધ અને સમૃદ્ધ હતા કે દરેક સરેરાશ નાગરિક પાસે પુષ્કળ સોનું, પુષ્કળ સંપત્તિ અને પુષ્કળ મિલકત હતી. આ સમૃદ્ધિથી આકર્ષાઈને 'ઘૂસણખોરો' અને લૂંટારાઓ વારંવાર ભારત પર આક્રમણ કરતા હતા. તેમણે આપણી બધી સંપત્તિ લૂંટીને અંદરોઅંદર વહેંચી લીધી હતી. તેમણે આપણાં મંદિરોને ધરાશાયી કર્યા હોવા છતાં, કોંગ્રેસે આ સમુદાયના લોકોને સશક્ત બનાવ્યા છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં બીજું કશું નથી પણ મુસ્લિમ લીગની છુપી વિચાર ધારા છે. જો તમે બિન-મુસ્લિમ છો તો, કોંગ્રેસ તમારી સંપત્તિ છીનવી લઈને તેને મુસ્લિમોમાં વહેંચી દેશે. આ દુષ્ટ યોજનાની માહિતી નરેન્દ્ર મોદીને ખબર પડી ગઈ છે અને તમને આમાંથી બચાવવાની માત્ર તેમની પાસે જ તાકાત છે. ૩૦ એપ્રિલના રોજ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવેલ વીડિયો ક્લીપને ઘણા યુઝર્સે દ્વેષપૂર્ણ ભાષણ ગણાવતાં, તેને પ્લેટફોર્મ પરથી દૂર કરવામાં આવી હતી. Alt Newsએ પણ મેટાને ૧ મેના રોજ પત્ર લખીને જણાવ્યું હતું કે, કેવી રીતે વીડિયોએ પ્લેટફોર્મની નીતિઓનું ઉલ્લંઘન કર્યું છે. ક્લિપ વિશેની જાણ કરનારા કેટલાક વપરાશકર્તાઓને ઈન્સ્ટાગ્રામ તરફથી એક સૂચના પ્રાપ્ત થઈ છે જેમાં કહેવામાં આવ્યું છે કે વીડિયો પહેલેથી જ દૂર કરવામાં આવ્યો છે. જો કે, તે સ્પષ્ટ નથી કે આ ક્લિપને બીજેપી કે ઈન્સ્ટાગ્રામની મોડરેશન ટીમ કોણે હટાવ્યો હતો.

**BJP4 કર્ણાટક** :- BJP4Karnatakaના અધિકૃત Instagram એકાઉન્ટ પર ૪ મેના રોજ પોસ્ટ કરાયેલ એક એનિમેટેડ વીડિયોમાં ત્રણ ઈંડા સાથેનો માળો દર્શાવવામાં આવ્યો છે, દરેક ઈંડાને 'SC', 'ST' અને 'OBC' લેબલ કરેલું છે. એનિમેશન દ્વારા બનાવવામાં આવેલ રાહુલ ગાંધીની આકૃતિ વાયુ પાત્ર એક વધારાનું 'મુસ્લિમ' લેબલ કરાયેલું ઈંડું, તે માળામાં ઉમેરે છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા જેવું અન્ય પાત્ર રાહુલની સાથે હસતું દર્શાવવામાં આવ્યું છે. જેમ જેમ ઈંડાં નીકળે છે તેમ, 'મુસ્લિમ' ઈંડામાંથી નીકળતું પક્ષી મોટું દેખાય છે અને તેને ખોપરીની ટોપી અને દાઢીથી શણગારવામાં આવ્યું છે. રાહુલ ગાંધીને 'ફંડ્સ' લેબલવાળા આ મોટા પક્ષીને ખવડાવતા દર્શાવવામાં આવ્યા છે, જ્યારે તે



અન્યને ખવડાવતાં નથી. સમય જતાં, પક્ષી કદમાં વધે છે અને અન્ય લોકો પર પ્રભુત્વ મેળવે છે, પરિણામે રાહુલ અને સિદ્ધારમૈયા સાથે હસતા હોય છે. કેપ્શન ચેતવણી આપે છે, 'સાવધાન !' સાંપ્રદાયિક ધ્રુવીકરણ પર ભારપૂર્વક આધાર રાખતી ભાજપની આ વ્યૂહરચના સ્પષ્ટ કરે છે કે, વીડિયોમાં મુસ્લિમો પર દેખીતો હુમલો છે. તે એવો પણ ઈશારો કરે છે કે, જો કોંગ્રેસ સરકાર સત્તામાં આવશે તો તમામ 'ફંડ' મુસ્લિમોને ફાળવી દેશે. વીડિયોમાં મુસ્લિમ સમુદાયને બદનામ કરીને અને તેમનાથી ડરાવીને મત મેળવવા માટેનો પ્રયાસ છે. આ વીડિયોએ લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ દ્વારા નિર્ધારિત ચૂંટણી આદર્શ આચાર સંહિતાનું પણ ઉલ્લંઘન કર્યું છે, જે રાજકીય પક્ષોને ચૂંટણી પ્રચારમાં ધાર્મિક લાગણીનો ઉપયોગ કરવાથી પ્રતિબંધિત કરે છે. કોંગ્રેસના કર્ણાટક એકમે બેંગ્લુરૂમાં પોલીસને વીડિયો અંગે ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા, તેના આઈટી સેલના વડા અમિત માલવિયા અને તેના કર્ણાટક રાજ્યના વડા બી.વાય. વિજયેન્દ્ર વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. એફઆઈઆરમાં ઉપરોક્ત વ્યક્તિઓ પર ધાર્મિક જૂથો વચ્ચે 'હુલ્લડો ઉશ્કેરવા અને દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા'ના ઈરાદા સાથે વીડિયો બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વીડિયો 'એસસી/એસટી સમુદાયના સભ્યોને કોઈ ચોક્કસ ઉમેદવારને મત ન આપવા અને SC/એસટી સમુદાયના સભ્યો સામે દુશ્મનાવટ ઊભી કરવા ઉપરાંત સંવાદિતા જાળવવા માટે પ્રતિકૂળ છે'. ચૂંટણી પંચે કર્ણાટકમાં મતદાનના દિવસે, એક નિવેદન જારી કરીને Xને હાલના કાયદાકીય માળખાના ઉલ્લંઘનને ટાંકીને ભાજપના કર્ણાટક એકમ દ્વારા પોસ્ટ કરવામાં આવેલ વીડિયો દૂર કરવા જણાવ્યું હતું. ઈલેક્શન કમિશનના નિવેદન બાદ પણ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો એક્સેસ થઈ રહ્યો હતો. આ વીડિયો મેટાની દ્વેષપૂર્ણ ભાષણ નીતિનું ઉલ્લંઘન કરે છે જે સ્પષ્ટપણે જણાવે છે કે, પ્લેટફોર્મ એવી સામગ્રીને પ્રતિબંધિત કરે છે જે 'સંરક્ષિત લાક્ષણિકતાઓ સાથે સંકળાયેલી વિભાવનાઓ સંસ્થાઓ વિચારો પ્રથાઓ અથવા માન્યતાઓ પર હુમલો કરે છે, જે નિકટવર્તી શારીરિક નુકસાન, ધાકધમકી અથવા ધાકધમકી તે સંરક્ષિત લાક્ષણિકતા સાથે સંકળાયેલા લોકો સામે ભેદભાવ માટે યોગદાન આપે છે.' તેની નીતિ અનુસાર Facebookએ નિર્ધારિત કરવા માટે સંકેતોની શ્રેણી જુએ છે કે શું સામગ્રીમાં નુકસાનનો ખતરો છે કે, જે સમાવિષ્ટ છે પરંતુ તે આટલા સુધી મર્યાદિત નથી : 'સામગ્રી કે જે નિકટવર્તી હિંસા અથવા ધાકધમકી ઉશ્કેરી શકે છે; ઉચ્ચ તણાવનો સમયગાળો છે કે કેમ. જેમ કે ચૂંટણી અથવા ચાલુ સંઘર્ષ અને લક્ષિત સંરક્ષિત જૂથ સામે હિંસાનો તાજેતરનો ઈતિહાસ છે કે કેમ.' મેટાને એક ઈમેલમાં Alt ન્યૂઝે નીતિના ઉલ્લંઘનોનું દસ્તાવેજીકરણ કર્યું ત્યારપછી વીડિયો ઉતારી લેવામાં આવ્યો છે. પોલીસે સોશિયલ મીડિયાના સંબંધમાં ૯ મે, ગુરૂવારે બીજેપી કર્ણાટક સોશિયલ મીડિયા સેલના કન્વીનર પ્રશાંત મકનુરને કથિત રીતે SC અને ST સમુદાયના સભ્યો વિરૂદ્ધ પોસ્ટ અંગેની તપાસ માટે બોલાવ્યા હતા. જો કે, મકનુરને આગોતરા જામીન મળ્યા હોવાથી તેને છોડી મૂકવામાં આવ્યો હતો. **(સૌ.: ધ વાયર.ઈન)**

# નંદાસણની ડો.નાકાદાર ઈન્સ્ટિટ્યૂટ ઓફ નોલેજનું ધો.૧૦નું ૯૮ ટકા પરિણામ


ઘાંચીમોહંમદ સફલમુસ્તુફા પી.આર. 98.05 ગણિત-100


વોરાફાતીમારસુલમીયાં પી.આર. 96.76


સાણંદવાલાશીફામોહંમદ નીમાન પી.આર. 95.82


પઠાણ નાદિયાબાનુહુસેનખાન પી.આર. 95.53


ચૌધરી કુમકુમરવિન્દર સિંઘ પી.આર. 93.79


મલેક સંજીદાબાનુઐયુબખાન પી.આર. 93.79


મન્સુરી અકસા મોહંમદ અમીન પી.આર. 93.79


સૈયદ સાદ મોહંમદ ઈલ્યાસ પી.આર. 92.22


દિવાનશીફા અબદુલ લતીફ પી.આર. 92.04


વોરામોહંમદ સુફ્રાનશબ્બીરભાઇ પી.આર. 91.50


સુરજવાલાઆનીબ અબદુલ કુદ્દુસ પી.આર. 88.91


શેખરફીફારજબઅલી પી.આર. 88.48


દેથલીવાલા આયેશામોહંમદ ખાલીદ પી.આર. 88.48


ઘાંચીમોહંમદ અદિમજફીરઅબ્બાસ પી.આર. 88.05


સિપાઇ આલિયાબાનુમોહંમદઇલ્યાસ પી.આર. 88.05


કાગદીકરીશ અબદુલ કરીમ પી.આર. 86.72


મેમણ મુબસ્સીરા ઈમરાન પી.આર. 85.80

નંદાસણ, તા.૧૨

નંદાસણ સ્થિત ડો.નાકાદાર ઈન્સ્ટિટ્યૂટ ઓફ નોલેજનું ધો.૧૦ માર્ચ-૨૦૨૪નું શાળાનું પરિણામ ૯૮ ટકા આવેલ છે. શાળાના સ્ટાફ અને સંચાલક મંડળની આયોજનબદ્ધ સતત અને સખત મહેનતના પરિણામે ડો.નાકાદાર ઈન્સ્ટિટ્યૂટ ઓફ નોલેજે ઝળહળતી સફળતા મેળવી છે. જે બદલ અમેરિકા સ્થિત શાળાના ફાઉન્ડર ટ્રસ્ટી ડો.અબ્દુલ રહેમાન એસ.નાકાદાર, પ્રેસિડેન્ટ ડો. સિદ્દીક કડીયાવાલા, કેમ્પસ ડિરેક્ટર અમાનુલ્લાહ શેઠવાલા, વાઈસ પ્રેસિડેન્ટ મોહંમદ સાલેહ નાકાદાર, ટ્રસ્ટી અબ્દુલ કાદર શેઠવાલા, અબ્દુલ વાહીદ નાકાદાર તથા શફીભાઈ બકરાવાલાએ શાળાના બધા જ વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને બિરદાવ્યા હતા. ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમજ ડો.અબ્દુલ રહેમાન એસ. નાકાદારે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં સતત શૈક્ષણિક પ્રગતિ કરી સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપવા માટે આહ્‌વાન કર્યું હતું.

# ધી મોડેલ હાઈસ્કૂલ, કાપોદ્રાનું ધો. ૧૦નું ૧૦૦ ટકા પરિણામ


વાડિયા ફાતેમા સિરાજ-૯૯.૭૨ પીઆર


ઉનીયા ફાઈઝા સાદીક-૯૮.૦૫ પીઆર


દુવાડિયા ફહીમા કાસીમ-૯૭.૯૫ પીઆર


ઉનીયા આલીયા હાસિમ-૯૭.૨૭ પીઆર


પટેલ સઉદા મ. હારીશ-૯૭.૦૨ પીઆર

અંકલેશ્વર, તા.૧૨

ધી મોડેલ હાઈસ્કૂલ, કપોદ્રા અંકલેશ્વર ખાતે ધો.૧૦ એસએસસીનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું. જેમાં નીચે પ્રમાણેના વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. આ પ્રસંગે શાળા ટ્રસ્ટી મંડળ, શાળાના પિન્સિપાલ તથા શિક્ષકોએ પાસ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# કરજણના કલા ગામે આવેલ સૂફીસંત ફૈઝ એકેડેમી સ્કૂલનું ધો. ૧૦નું ૧૦૦ ટકા પરિણામ


પટેલ પ્રણવી રાકેશકુમાર PR 98.65


મલેક કમરજહાં ફિરોજભાઈ PR 97.51


ટાંક આરીફાબેન ફિરોજભાઈ PR 96.51

અંકલેશ્વર, તા.૧૨

ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં કલા ગામે આવેલ સૂફીસંત ફૈઝ એકેડમી સ્કૂલનું માર્ચ-૨૦૨૪ની એસએસસી બોર્ડની પરીક્ષાનું શાળાનું પરિણામ આ વર્ષે ૧૦૦ ટકા પ્રાપ્ત કરી પોતાની યશકલગીમાં વધુ એક પીછાનો ઉમેરો કરી તાલુકાની અગ્ર શાળાઓમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. શાળાએ મેળવેલ અભૂતપૂર્વ સિદ્ધિને સૈયદી સરકાર મુશ્તાકઅલી બાવાસાહેબે તથા શાળાના મેનેજિંગ ટ્રસ્ટી સૈયદ વાહિદઅલી બાવાસાહેબે તથા ફૈઝ ચેરિટેલ ટ્રસ્ટના પ્રમુખ યુનુસભાઈ અમદાવાદી તેમજ મંડળના તમામ ટ્રસ્ટીઓએ દુઆઓ સહિત બિરદાવી હતી. સંચાલક મંડળે શાળાના શિક્ષકોને સહર્ષ અભિનંદન પાઠવ્યા તથા શાળાના આચાર્ય જાફર દીવાનો શિક્ષકોને સહર્ષ અભિનંદન પાઠવ્યા તથા વાલીઓ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ હતી.

### પોલીસ જ બુટલેગર

# મોડાસામાં LCBએ શરાબ સાથે બુટલેગરને દબોચ્યો બે પોલીસકર્મીઓની સંડોવણી બહાર આવી

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લામાં અનેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની બુટલેગરો સાથે ભાઈબંધી હોવાની બૂમો સમયાંતરે ઉઠી રહી છે. વિદેશી દારૂની બદી અટકાવવાની જેના માથે જવાબદારી છે તેમાંથી કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ દારૂના નફામાં થતા બમણા નફાની લાલચમાં બુટલેગરના વહીવટદાર બની જતા હોવાની સાથે બુટલેગરોની ચાલતી લાઈનને સુરક્ષા પણ પુરી પાડતા હોવાની સાથે દારૂની લાઈનો ચલાવી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પોલીસકર્મી મહેશ ઉર્ફે પપ્પુ ગઢવી લોકડાઉનમાં કોમલ નામના પાસવર્ડથી ચાલતી દારૂની લાઈનનો ગાંધીનગર પોલીસે પર્દાફાશ કર્યો હતો.

અરવલ્લી જિલ્લા LCB ટીમે આંબલીયારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધરતા લીંબ ગામમાં નટવરસિંહ અનોપસિંહ ચૌહાણના ખેતરની ઓરડીમાં સાબરકાંઠા તલોદના અણખોલ ગામના રણછોડસિંહ ઉમેદસિંહ ચૌહાણ નામના બૂટલેગરે દારૂનો જથ્થો ઉતારી કટિંગ કરવાની પેરવીમાં હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ તાબડતોડ બાતમી સ્થળે પહોંચી બુટલેગર રણછોડસિંહ ચૌહાણને દબોચી લઈ ઓરડીની અંદર સંતાડેલ વિદેશી દારૂની પેટી નંગ-૨૩ માંથી બોટલ-૧૧૦૪ કિં.રૂ.૧૨૧૪૪૦/-નો જથ્થો જપ્ત કરી LCB PI ડી.બી.વાળાએ રણછોડસિંહ ચૌહાણની આગવી ઢબે પૂછપરછ કરતા બૂટલેગરે વટાણા વેરી નાખ્યા હતા અને દારૂનો જથ્થો ઠાલવવામાં બે પોલીસકર્મીની ભૂંડી ભૂમિકા હોવાનું બહાર આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે ૧.૨૬ લાખનો વિદેશી દારૂ સહિત મુદ્દામાલ જપ્ત કરી બે પોલીસ કર્મી સહિત પાંચ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસકર્મી મહેશ ઉર્ફે પપ્પુ ગઢવી અને મહેશ ડામોર દારૂની લાઈન ચલાવતા હતા ત્યારે આંબલિયાર પોલીસ સ્ટેશનમાં પાંચ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

### બીલીમોરાની સગીર વયની દીકરી અને યુવાન વચ્ચે પ્રેમસંબંધ

# પોલીસ સ્ટેશનમાં થયેલ ઝઘડાનો ખાર રાખી યુવાનને મોતની ધમકી અપાતા બ્રિજ પરથી નીચે ઝંપલાવતા મોત

## સારવાર દરમ્યાન મોત નિપજતા પાંચ આરોપી સામે આત્મહત્યાની દુષ્પ્રેરણા આપ્યાનો ગુનો દાખલ

સુરત, તા.૧૨

નવસારીના બીલીમોરા શહેરમાં રહેતા એક યુવાનની કાકાની સગીર વયની દીકરી એક યુવાનના પ્રેમમાં પડી હતી જેથી પરિવારએ સામેના પક્ષ સાથે પોલીસ સ્ટેશનમાં સમાધાન કરી સગીરાને સમજાવી પોતાના ઘરે લઈ આવ્યા હતા પરંતુ સમાધાન દરમિયાન પોલીસ સ્ટેશનમાં હળવો ઝઘડો થયો હતો જેનો ખાર રાખી સામેના પક્ષે અવારનવાર સગીર યુવતીના કાકાના દીકરાને ફોન ઉપર મારી નાખવાની ધમકી આપી હતી જેના થોડા દિવસો બાદ યુવાનને બીલીમોરા ઓવર બ્રિજ ઉપર રાત્રિના સમયે ઈકો કાર ચાલક મારવા દોડતા યુવાન ગભરાટમાં બ્રિજ નીચેથી કૂદતા ગંભીર રીતે ઘાયલ થયા બાદ સારવાર દરમિયાન મોતને ભેટતા પરિવારે કુલ પાંચ સામે જાનથી મારી નાખવાની ધમકી તથા દષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર નવસારીના ચીખલી તાલુકાના તલાવચોરા ગામમાં રહેતા મીરલ હળપતિની કાકાની સગીર વયની દીકરીને તલાવચોરા ગામમાં રહેતા તુષાર હળપતિ સાથે પ્રેમસંબંધ થતાં પરિવારે સામેના પક્ષ તથા યુવતીને પોલીસ સ્ટેશનમાં સમજાવીને બંનેને છૂટા પાડ્યા હતા. જેમાં પોલીસ સ્ટેશનમાં નાનો ઝઘડો પણ થયો હતો. આ ઝઘડાનો ખાર રાખી સામેના પક્ષના તુષાર રોહિતભાઈ હળપતિ, ભાવેશ રોહિતભાઈ હળપતિ, મધુબેન ભાવેશ હળપતિ દ્વારા મિરલ હળપતિને સતત ફોન કરીને તેના બનેવી કરણ રાઠોડ તેમની માફી માંગે તેવી માંગ કરતા હતા. સાથે જ મિરલને ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા હતા જે બાબતે કરણ રાઠોડએ સામેના પક્ષને જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશન આવી જાઓ ત્યાં આપણે ફરીવાર સમાધાન કરી લઈએ પરંતુ સામેના પક્ષના ત્રણ પૈકી કોઈ પણ પોલીસ સ્ટેશન ન આવતા બીજી વખતના સમાધાનનો પ્રયાસ થયો ન હતો. બીજી તરફ મિરલ હળપતિ ઉપર તુષાર અને ભાવેશ હળપતિ ફોન કરીને સતત જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા જે પ્રકરણમાં ૯મી મેના રોજ રાત્રિના ૯:૩૦ બાદ બીલીમોરા ઓવર બ્રિજ ઉપર મિરલ હળપતિ પોતાના મિત્રના બર્થ ડે પ્રસંગમાં જઈ રહ્યો હતો, તે દરમિયાન એક ગ્રે કલરની ઈકો કારમાં ગૌરવ ઉર્ફે રઘુ ચોટલીયા અને અજાણ્યો એક ઈસમ આવીને મિરલને ફરીવાર ધમકાવ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપતા ગભરાયેલા મિરલ હળપતિએ ઓવર બ્રિજ ઉપરથી નીચે પડ્યો હતો જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેના માથા તેમજ આંખના ભાગે ખૂબ જ ઈજા થઈ હતી જેથી તાત્કાલિક સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. મોતના કારણે લઈને પરિવારે તપાસ કરતા મરનાર મિરલ હળપતિના મોબાઈલમાંથી સામેના પક્ષના ભાવેશ તથા તુષાર હળપતિના ધમકી ભર્યા કોલ રેકોર્ડ મળી આવ્યા હતા, જેને લઈને મરણ જનારના બનેવી કરણ રાઠોડે બીલીમોરા પોલીસ મથકમાં તુષાર રોહિતભાઈ હળપતિ, ભાવેશ રોહિતભાઈ હળપતિ, મધુબેન ભાવેશ હળપતિ, ગૌરવ ઉર્ફે રઘુ ચોટલીયા અને એક અજાણ્યા ઈસમ વિરૂદ્ધ દુષ્પ્રેરણા અને જાનથી મારી નાખવાની ધમકી અંગેની ફરિયાદ આપતા બીલીમોરા પોલીસે પાંચ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળે છે.

# લીંબડીના રોજાસર ગામે લગ્ન પ્રસંગમાં જમણવાર બાદ ૩૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૨

રાજ્યમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે અને સાથો સાથ લગ્ન સીઝન પણ ચાલી રહી છે. આ દરમિયાન સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના રોજાસર ગામે લગ્ન પ્રસંગમાં જમણવાર બાદ ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. બાળકો અને મહિલાઓ સહિત અંદાજે ૩૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા તમામને સારવાર માટે રાણાગઢ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ફુડ પોઈઝનિંગમાં નાના બાળકોને જ વધારે અસર થઈ છે. હાલ તમામની તબિયત સુધારા પર છે. સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના

## નાના બાળકોને વધારે અસર



રોજાસર ગામે લગ્ન પ્રસંગે ગુલાબજાંબુ ખાવાથી ૩૦થી વધુ લોકોને ઝાડા ઉલ્ટીની અસર થતાં દોડધામ મચી ગઈ હતી. બાદમાં તમામને સારવાર અર્થે લીંબડીના રાણાગઢ હોસ્પિટલ ખસેડાયા હતા. આ ઘટનાના પગલે બિમાર લોકોના પરિવારજનોમાં પણ દોડધામ મચી હતી. મોટા ભાગના દર્દીઓ ૧૫ વર્ષથી નીચેના દર્દીઓ હતા. જેમને તાકીદે હોસ્પિટલમાં લઈ જઈ દવા, ઈન્જેકશન અને બાટલા ચઢાવવામાં આવ્યા હતા. હાલમાં તમામ દર્દીઓની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

### બોર્ડ દ્વારા જાહેર કરાયેલ ધો. ૧૨ના પરિણામમાં

# હિંમતનગરના મો. ફરાઝ હરાદવાલાએ ૯૭.૪૪ પર્સન્ટાઈલ સાથે એ-૧ ગ્રેડ મેળવ્યો


(તસવીર : ઈશાક શેઠ હિંમતનગર)

હિંમતનગર,તા.૧૨

હિંમતનગરમાં મો. ફરાઝ હરાદવાલાએ ૯૭.૪૪ પર્સન્ટાઈલ સાથે એ-૧ ગ્રેડ મેળવ્યો છે. એન્જિનિયરીંગમાં પ્રવેશ લઈ દેશની સેવા કરવાનો ધ્યેય. ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૨ની પરીક્ષાના જાહેર થયેલ પરિણામમાં હિંમતનગર પટણી સુન્ની જમાતના હરાદવાલા મો. ફરાઝ અ. હકીમ ઈંગ્લીશ મીડિયમની રૂમી ઈંગ્લીશ સ્કૂલમાં અભ્યાસ કરી ગણિતમાં ૯૭ માર્કસ, ગુજકેટમાં ૧૦૩.૨૫, જેઈઈમાં ૯૪ માર્કસ મેળવી એ-૧ ગ્રેડ હાંસલ કરી કુટુંબ તેમજ સમાજનું નામ રોશન કર્યું છે. મો. ફરાઝે એક વાત ચીતમાં જણાવ્યું હતું. પોતાને સ્પોર્ટસનો શોખ તેમજ આઠ કલાકનું વાંચન મા-બાપ તેમજ પીરો મુરશીદની દુઆ સાથે પપ્પાની ગાઈડલાઈન જે પોતે ઈલેક્ટ્રીકલ એન્જિનિયર અને મમ્મી એમ.એ. કરેલ છે. તેમના સહયોગથી આ તબક્કે પહોંચ્યો છું. ઈન્શાઅલ્લાહ ભવિષ્યમાં એન્જિનિયરીંગમાં પ્રવેશ લઈ દેશની પ્રગતિ માટે યોગદાન આપવાની ઈચ્છા વ્યકત કરી હતી.

### દાવતે ઈસ્લામી ઈન્ડિયા ભરૂચ દ્વારા

# હજ તરબિયતનો કાર્યક્રમ યોજાયો

## ઉમ્માહ ફિઝિયોથેરાપિસ્ટ એસો. (UPTA) દ્વારા નિઃશુલ્ક પ્રિ હજ ફિટનેસ તાલીમ કાર્યક્રમ યોજાયો

ભરૂચ, તા.૧૨

દાવતે ઈસ્લામી ઈન્ડિયા, ભરૂચ દ્વારા આયોજિત હજ તરબિયતનો પ્રોગ્રામ ફૈઝાને મદીના ખાતે અને ઈસ્લામી બહેનો માટે દારૂલ મદીના, મેમણ કોલોની, ભરૂચ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૧૫૦થી વધુ હાજીઓએ ભાગ લીધો હતો. હજ દરમ્યાન પડતી શારીરિક તકલીફો-અડચણો અને હાજીઓની કાર્યક્ષમતા વધારવાના હેતુથી ઉમ્માહ ફીજીયોથેરાપિસ્ટસ્ એસોસિયેશન (UPTA) દ્વારા નિઃશુલ્ક પ્રિ હજ ફિટનેસ તાલીમ કાર્યક્રમ અહમદાબાદથી પધારેલા ડૉ. અલ મુજીબ પઠાણ, નાસીર મન્સુરી, ભરૂચના સિનિયર ફીજીયોથેરાપિસ્ટ ડૉ. અસલમ ખત્રી, ડૉ. અફઝલ ખેપી અને ડૉ. આદિલ શૈખે અને ઈસ્લામી બહેનો માટે અહમદાબાદના ડૉ. અસ્મા વોરા(કારોબારી સભ્ય) અને ભરૂચના ડૉ. અમીરા હાંસલોદ, ડૉ. હકીમા તંદરજાવાલા, ડૉ. મુબસ્સીરા ચૌહાણ, ડૉ. હુમેરા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે દાવત એ ઈસ્લામી ભરૂચના તમામ જિમ્મેદારોએ અથાગ પ્રયત્નો કરી સફળ બનાવ્યું હતું. UPTA સલગ્ન ક્લિનિકમાં કેમ્પથી લઇ હજમાં જાય ત્યાં સુધી આ પ્રોગ્રામ નિઃશુલ્ક રહેશે એવું UPTAના પ્રેસિડેન્ટ ડૉ. સોહેલ કાદરીએ એક અખબાર યાદીમાં જણાવ્યું હતું.

### જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા

# સુરતમાં હવામાન અંગેની ચેતવણી આપતી ચાર એપ્લિકેશનનો ઉપયોગ કરવા અનુરોધ

સુરત, તા.૧૨

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા વિકસિત "MAUSAM APP", "DAMINI APP", "MEGDOOT AGRO APP" અને "PUBLIC OBSERVATION APP" જેવી હવામાન ચેતવણી એપ્લિકેશનનો ઉપયોગ કરવા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે. ભારત સરકારના હવામાન વિભાગ (IMD) તેમજ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા સરકારની MOUSAM મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. જે એપ્લિકેશન દ્વારા લોકો હવામાનની આગાહીઓ, રડાર છબીઓ વગેરે મેળવી શકે છે. આ એપ દ્વારા આગામી હવામાનની ઘટનાઓ વિશે સક્રિયપણે ચેતવણી મળી શકશે. આ એપ્લિકેશનમાં પાંચ સેવાઓ છે. વર્તમાન હવામાન-૨૦૦ શહેરો માટે વર્તમાન તાપમાન, ભેજ, પવનની ગતિ અને દિશા દિવસમાં આઠ વખત અપડેટ કરવામાં આવે છે. સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય/ચંદ્રાસ્ત વિશે પણ માહિતી આપવામાં આવી છે. "DAMINI APP" આકાશમાં તોળાઇ રહેલી આપત્તિ વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે. ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલી "MEGDOOT AGRO APP" જે ખેડૂતોને હવામાનની માહિતીના આધારે પાકની સલાહ તેમજ અન્ય મહત્ત્વપુર્ણ માહિતી પોતાની સ્થાનિક ભાષામાં જ પુરી પાડે છે. એગ્રો મેટ ફિલ્ડ યુનિટ્સ (એએમએફયુ) દ્વારા દર મંગળવાર અને શુક્રવારે ભૂતકાળ અને આગાહી હવામાન માહિતીના આધારે પાક અને પશુધન વ્યવસ્થાપન અંગે જિલ્લાવાર સલાહ આપે છે. તે ખેડૂતોને પાકની વાવણી, જંતુનાશક અને ખાતરનો ઉપયોગ, સિંચાઈના સમયપત્રક અને પ્રાણીઓના રસીકરણ જેવા હવામાન-સંવેદનશીલ નિર્ણયો લેવામાં મદદ કરશે. લોકેશન વાઈસ હવામાનની જાણકારી માટે "PUBLIC OBSERVATION APP" બનાવવામાં આવેલી છે. આ એપ્લિકેશનમાં યુઝર્સ પોતાનો અભિપ્રાય પણ શેર કરી શકે છે. ભારત સરકારના હવામાન વિભાગ દ્વારા વિકસાવવવામાં આવેલી આ મહત્ત્વપૂર્ણ એપ્લિકેશનનો ઉપયોગ કરવાનો અનુરોધ સુરત જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

### વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો

# સુરતમાં રમત-રમતમાં દોઢ વર્ષના બાળકે ઓઈલ પી લેતા સારવાર બાદ મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૨

સુરતમાં ફરી એકવાર વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. સુરતના ગોડાદરા વિસ્તારમાં ફેક્ટરીમાં ૧૫ દિવસ પહેલાં બે બાળકો રમી રહ્યા હતા. ત્યારે દોઢ વર્ષના બાળકે ઓઈલ પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. જો કે, આજે સારવાર દરમિયાન મોત થતાં માતા-પિતાની આંખોમાંથી આંસુ સરી પડ્યાં હતાં. પ્રાપ્ત વિગત મુજબ ગોડાદરા વિસ્તારમાં રહેતા અનિલ રોય પોતાની કંપનીમાં કામ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમની પત્ની શિવકુમારી ઘરેથી બાળકો સાથે બપોરનું ભોજન લઈને કંપનીમાં પહોંચી હતી. રાબેતા મુજબ જયારે પણ કંપનીમાં જતી ત્યારે પતિના કામમાં થોડી મદદરૂપ થતી હતી. ઘટના બની તે દિવસે માતા પોતાના બાળકને લઈને ત્યાં પહોંચી હતી. બે ભાઈઓ એકસાથે ત્યાં રમી રહ્યા હતા. એક બોટલમાં પાણી ભરેલું હતું અને બીજીમાં ઓઈલ ભરેલું હતું. બાળકે રમતાં રમતાં પાણીને બદલે ઓઈલની બોટલ ખોલીને પી લીધું હતું. જેને કારણે તેની તબિયત લથડી હતી. ત્યારબાદ તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. જયાં ૧૫ દિવસ સારવાર બાદ ડોક્ટરે જણાવ્યું હતું કે, એનાં ફેફસાંમાં પાણી જતું રહ્યું હોવાથી ન્યૂમોનિયાની અસર થઈ ગઈ છે. તેના કારણે તમારા બાળકનું મોત થઈ ગયું છે.

# નર્મદા જિલ્લામાં ટોપ-૧૦માં ૯ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું

## ૧૮ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો

જિલ્લામાં પ્રથમ


માછી કબીર આર. P.R.:99.93

જિલ્લામાં દ્વિતીય


દરજી જીતાંશી સી. P.R.:99.91

રાજપીપળા, તા.૧૨

રાજપીપળાની જય અંબે શાળાનું ધોરણ ૧૦નું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જેમાં ૯૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને આ તમામ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા. જેમાંથી ૧૮ વિદ્યાર્થીઓ A-1 ગ્રેડ અને ૩૫ વિદ્યાર્થીઓએ A-2 ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યું. સમગ્ર નર્મદા જિલ્લા પ્રથમ અને દ્વિતીય ક્રમ સાથે ટોપ-૧૦મા પણ ૯ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાના વિદ્યાર્થી માછી કબીર રાકેશભાઈ ૬૦૦માંથી ૫૮૩ ગુણ મેળવી ૯૯.૯૩ પીઆર સાથે સમગ્ર નર્મદા જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતુ. દરજી જીતાંશી ચેતનકુમારે ૬૦૦માંથી ૫૮૨ ગુણ અને ૯૯.૯૧ પીઆર સાથે જિલ્લામાં દ્વિતીય સ્થાને આવી છે. આ પરિણામમાં ૧૮ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ અને ૩૫ વિદ્યાર્થીઓએ A-2 ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો અને નર્મદા જિલ્લામાં ટોપ-૧૦મા જય અંબે શાળાના ૯ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરી શાળા તથા તેમના માતા-પિતા તેમજ સમાજનું નામ રોશન કર્યું હતું. મેનેજમેન્ટ હેડ મહેશભાઈ આહીરે ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓનું પુષ્પગુચ્છ આપી તેમનું સ્વાગત કરી તેમની સફળતાને વધાવી લીધી હતી.

# ભાવનગર ખાતે હજ યાત્રાએ જનાર હાજીઓ માટે રસીકરણ કેમ્પ યોજાયો

ભાવનગર,તા.૧૨

હજ-૨૦૨૪માં પવિત્ર મક્કા મદીના શરીફ જવા માટે ભાવનગર શહેર જિલ્લામાંથી અંદાજે ૫૦૦ હજયાત્રીઓ હજયાત્રાએ જશે. આ હજ યાત્રીઓને આજે ભાવનગરની સરકારી સર.ટી. હોસ્પિટલ ખાતે MENINGOCOCCAL MENINGITIS, ORAL POLIO, SEASONAL INFLUNZA આપવામાં આવી હતી. દરેક હજ યાત્રીકોને



આ રસી લેવી ફરજિયાત છે અને તેનું સર્ટિફિકેટ મેળવવું પણ ફરજિયાત છે. આજે સવારથી બપોરના ૧ વાગ્યા સુધીમાં સર.ટી. હોસ્પિટલ ખાતે યોજાયેલા રસીકરણ કેમ્પને સફળ બનાવવા ભાવનગરની હજ કમિટીના આગેવાનો હાજી હુસેનભાઈ સૈયદ, નાહીનભાઈ કાજી, યુનુસ મકવાણા, કાળુભાઈ બેલીમ, સત્તારભાઈ શેખ (રેડિયેટર), મહેબુબભાઈ માંડવીયા, યુનુસભાઈ ખોખર (સુપ્રીમ), જાવેદભાઈ કુરેશી, હાજી રજાકભાઈ ચોકીયા, સમીરભાઈ નિશાદભાઈ ઈકબાલભાઈ, ઈકબાલ બેલીમ તેમજ આગેવાન કાર્યકરો અને ભાવનગર શહેરની સર.ટી. હોસ્પિટલના ડોકટરો અને સ્ટાફ સહિતનાઓએ સારી જહેમત ઉઠાવી હતી.

# આગામી ૧૬મીએ જામ ખંભાળિયા ખાતે હાજીઓ માટે હજ ટ્રેનિંગ કેમ્પનું આયોજન

જામ ખંભાળિયા, તા.૧૨

ગુજરાત સરકારના ગુજરાત રાજ્ય હજ કમિટી મારફત હજ ૨૦૨૪માં હજ પઢવા જનાર દ્વારકા તથા પોરબંદર જિલ્લાના હાજીઓ માટે આગામી તા.૧૬/૦૫/૨૦૨૪ (ગુરૂવાર)ના રોજ ગુજરાત રાજ્ય હજ કમિટી ગાંધીનગર તથા નેશનલ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા હજ ટ્રેનિંગ તથા મેડિકલ બુકલેટ વિતરણ જામ ખંભાળિયા મુકામે પઠાણ જમાતખાના પઠાણ પાડો પોરબંદર રોડ, નૂરાની મસ્જિદ પાસે, જામ ખંભાળિયામાં રાખવામાં આવેલ છે. આ સાથે ગુજરાત રાજ્ય હજ સમિતિ ગાંધીનગર દ્વારા મોકલવામાં આવેલ કવર નંબરનો પત્ર તથા ફિટનેસ સર્ટિફિકેટની ઝેરોક્ષ, ૨-પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે લાવવા ફિલ્ડ ટ્રેનર ઈરફાન ભંડેરીએ એક યાદીમાં જણાવ્યું છે.

## તેજસ્વી તારલા

### અંકલેશ્વર



અંકલેશ્વર સ્વામી વિવેકાનંદ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ધો. ૧૨ HSC કોમર્સમાં અભ્યાસ કરતી સૈયદ મારીયાહબાનું મહબૂબઅલી ૯૧.૮૮ પીઆર સાથે ઉત્તીર્ણ થતાં શાળાનું તથા મુસ્લિમ સમાજનું નામ રોશન કર્યું હતું.

## ‘સ્કૂલો બાદ અજાણ્યા ઈ-મેઈલ’થી

# અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી : મુસાફરોનું સઘન ચેકિંગ કરાયું

અમદાવાદ, તા.૧૨

દિલ્હી બાદ અમદાવાદની કેટલીક સ્કૂલોને બોમ્બથી ઉડાવી ધમકી મળી હતી ત્યારે આજે ફરી એકવાર અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. કોઈ અજાણ્યા ઈ-મેઈલ આઈડી પરથી આ ધમકી મળી છે જેને પગલે એરપોર્ટ ઓથોરિટી દ્વારા ગ્રાઉન્ડ સ્ટાફ અને એરલાઈન્સ સ્ટાફને તમામ મુસાફરોનું સઘન ચેકિંગ કરવાની કડક સૂચના આપવામાં આવી હતી.

અમદાવાદની સ્કૂલો બાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. કોઈ અજાણ્યા ઈ-મેઈલ આઈડી પરથી એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી છે.

આ પહેલા ડિસેમ્બર, ૨૦૨૩માં અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ પોલીસને મળતા પોલીસ દોડતી થઈ હતી. આ ધમકીભર્યા ઈ-મેઈલ બાદ પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જો કે પ્રાથમિક તપાસમાં એરપોર્ટ પર બોમ્બ હોવાની વાત માત્ર એક અફવા હોવાનું સામે આવ્યું હતું. જો કે, અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવીની ધમકી આપતો એક ઈ-મેઈલ શહેર પોલીસને મળ્યો હતો. આ ઈ-મેઈલ આવ્યા બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમ સાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જો કે, પ્રાથમિક તપાસમાં એરપોર્ટ પર કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. આ મામલે હવે એરપોર્ટ પોલીસે અફવાને લઈને ફરિયાદ નોંધી હતી. જોકે ધમકીને પગલે એરપોર્ટ ઓથોરિટી દ્વારા ગ્રાઉન્ડ સ્ટાફ અને એરલાઈન્સ સ્ટાફને તમામ મુસાફરોનું સઘન ચેકિંગ કરવાની કડક સૂચના આપવામાં આવી હતી જ્યારે થોડા દિવસો પૂર્વ જ દિલ્હી જેવી ઘટનાનું પુનરાવર્તન ગુજરાતમાં થયું હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીના મતદાનના આગલા દિવસે એટલે કે ૬ મે, ૨૦૨૪ના રોજ અમદાવાદની ૩૬ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક બાદ એક સ્કૂલને ઈ-મેઈલ દ્વારા ધમકી મળી હતી. ધમકીવાળી સ્કૂલો પર પોલીસે જઈ ચેકિંગ કર્યું હતું. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે પણ ઘટનાસ્થળે ચેકિંગ કર્યું હતું. જો કે, તપાસમાં પોલીસને કંઈ મળ્યું નહોતું. જો કે, આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઈ-મેઈલ પાકિસ્તાનથી થયો હોવાનો દાવો કર્યો છે. અગાઉ રશિયન ડોમેનનો દાવો પણ કરવામાં આવ્યો હતો.

# સુરત શહેરમાં ૩ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપનાર યુ.પી.ના યુવકની ધરપકડ કરાઈ




સુરત, તા.૧૨

સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપનાર શખ્સને ઉધના પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

થોડા દિવસ પહેલાં અમદાવાદની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ પહેલાં સુરતના એક મોલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનો ઈ-મેઈલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે ફરી એક વખત સુરત પોલીસ કંટ્રોલરૂમમાં ૧૧ મેના રોજ મોડી સાંજે શહેરની ત્રણ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરવાનો મેસેજ મળતા ક્રાઈમ બ્રાન્ચ, SOG અને પોલીસ સહિતની ટીમ દોડતી થઈ હતી. જેમાં પોલીસે આખી રાત કોમ્બિંગ કરી એક યુવકને ઝડપી પાડ્યો હતો. આ યુવક યુપીનો રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. હાલ આ મામલે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ઉધના વિસ્તારમાં રહેતા અશોકસિંગ નામના યુવકે ગઈકાલે સાડા સાત વાગ્યાની આસપાસ પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કર્યો હતો. જેમાં તેણે ધમકી આપી હતી કે, શહેરની અલગ-અલગ જગ્યાએ ૧૧:૫૫ મિનિટે બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવશે. નનામો ફોન આવતાની સાથે જ પોલીસ કંટ્રોલરૂમ દ્વારા સંબંધિત અધિકારીઓને તમામ વિગતો પહોંચતી કરવામાં આવી હતી અને ત્યારબાદ તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. ફોન કરનારે બ્લાસ્ટનો સમય આપ્યો તે પહેલાં તેને ઝડપી પાડવા માટેનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં હતાં. જેમાં સુરત ક્રાઈમ બ્રાન્ચ, એસોજી તેમજ સ્થાનિક પોલીસને કામે લગાડી દેવામાં આવી હતી. ફોન કરનારનું લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું હતું. સાથે-સાથે સ્થાનિક બાતમીદારોની પણ મદદ લેવામાં આવી હતી. જેના આધારે પોલીસે અશોકસિંગ નામના શખ્સની અટકાયત કરી હતી. અશોકસિંગ મૂળ યુપીનો રહેવાસી છે અને સુરતમાં રહી છૂટક મજૂરી કરે છે. આ યુવક દ્વારા જ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

તેની વધુ પુછપરછ કરતા જણાવેલ કે, “સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી કલાક ૨૩/૫૫ વાગે સુરત શહેરમે તીન બોમ્બ બ્લાસ્ટ કરેગે રોક સકો તો રોક લો.” તેવો ફોન કરેલ પરંતુ પૂછપરછ કરતા આરોપીએ જણાવેલ કે, "મારા દ્વારા સુરત શહેર વિસ્તારમાં કોઈપણ જગ્યાએ બોમ્બ મૂકવામા આવેલ નથી, પરંતુ મે લોકોને ડરાવવા અને ભય ફેલાવવા માટે આ ફેક કોલ કર્યો હોવાનું જણાવ્યું હતું.

આ સમગ્ર બનાવમાં ઉધના પોલીસ મથકના પો.ઈન્સ. એન.દેસાઈના માર્ગદર્શન અને સર્વેલન્સ પો.સ.ઈ. એચ.જે.મચ્છરના નેતૃત્વ હેઠળ સર્વેલન્સની ટીમ દ્વારા બોમ્બ બ્લાસ્ટની ધમકી આપનાર ઈસમને પકડી પાડવામાં આવ્યો છે. સુરત ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, કંટ્રોલરૂમમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનારા ફોનને ટ્રેસ કરવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ, એસોજી અને ઉધના પોલીસની ટીમ કામે લાગી ગઈ હતી. ઊંડાણપૂર્વકની તપાસ કરતા જણાવા મળ્યું હતું કે, ઉધના વિસ્તારમાંથી કોલ કરવામાં આવ્યો હતો. ઉધના પોલીસ પણ આખી રાત કોમ્બિંગમાં જોડાઈ હતી. ફોન કરનાર અશોકસિંગની ઓળખ કરી લેવામાં આવી છે. તે મૂળ યુપીનો છે. આ ફોન કરવા પાછળ અન્ય લોકો પણ જોડાયેલા છે કે કેમ? તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. અશોકસિંગની હાલ ધરપકડ કરી લેવામાં આવી છે અને આઈપીસીની કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગરમીને લઈ હીટવેવ વોર્ડ શરૂ કરાયો

### ● હીટ સ્ટ્રોકના દર્દીઓને પ્રાથમિકતા આપી સારવાર મળી રહે તે માટે બનાવાયો વિશેષ વોર્ડ ● ૨૪ કલાક લોકો માટે પાણીની સુવિધા ઉપલબ્ધ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં ધીરે ધીરે ગરમીનો પારો વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરમાં ગરમીનો પારો વધતા લોકો હેરાન પરેશાન થઈ જવા પામ્યા છે. પરંતુ થોડા દિવસથી ગરમીમાં રાહત મળી છે. પરંતુ આગામી દિવસોમાં ગરમીનો પારો વધવાની શક્યતા છે. જેને લઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે હીટ સ્ટ્રોક વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં હીટસ્ટ્રોકની અસર થયેલા દર્દીઓને દાખલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જે લોકોને ચક્કર આવે, ઉલ્ટી થાય, આંખો સામે અંધારપટ છવાઈ જાય, ગભરામણ થાય તે તમામ લોકોએ તાત્કાલિક સારવાર લેવી જોઈએ. કેમકે તેઓને હીટસ્ટ્રોકની અસર થવાની શક્યતાઓ વધારે છે.

આ સમગ્ર બાબતે અમદાવાદ સિવિલ હોસ્પિટલનાં અધિક્ષક ર્ડા. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ગરમીનાં દિવસોમાં લોકો ઘરની બહાર નીકળે છે. ત્યારે તાપમાનનો પારો વધુ હોવાનાં કારણે અને પુરતા પ્રમાણમાં પાણી નહી પીવાનાં કારણે ઘણા લોકો હીટસ્ટ્રોકનો ભોગ બને છે. આવી દર્દીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલમાં આવી રહ્યા છે. આવા લોકોને પ્રાથમિકતા આપી તેઓને સારી સારવાર મળી રહે તે માટે આ વિશેષ વોર્ડ બનાવવામાં આવ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં આવતા દર્દીઓ સાથે તેઓનાં પરિવારજનો પણ આવે છે. તેમજ સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં ઓપીડીમાં દર્દીઓ આવે છે. તેમજ તેઓને લાઈનમાં ઉભા રહી રાહ જોવી પડે છે. એવા દર્દીઓનાં પરિવારજનો માટે ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં જ્યાં દર્દીઓનાં સગા ઉભા હોય તેઓને હોસ્પિટલનાં સ્ટાફ તરફથી પીવાનું પાણી આપવામાં આવે છે. તેમજ ત્યાં કૂલર પણ લગાવવામાં આવ્યા છે. ત્યારે કેટલાક લોકોને એવો ડર હોય છે કે તેઓ લાઈનમાંથી ખસીને પાણી પીવા જશે તો તેઓનો વારો જતો રહેશે જેથી ઘણા દર્દીઓનાં સગા વ્હાલાઓ પાણી પીવા પણ જતા નથી. જે સમસ્યાનાં નિરાકરણ માટે ટ્રોલીમાં પાણી ભરીને લાઈનમાં ઉભેલા દર્દીઓનાં સગા-વ્હાલાને પીવડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે ૨૪ કલાક પાણીની સેવા પણ ઉપલબ્ધ કરાવામાં આવી છે.

# આજથી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ-સાયન્સમાં ગુણ ચકાસણીની કાર્યવાહી શરૂ

### વિદ્યાર્થીઓએ ગુણ ચકાસણી માટે બોર્ડને ઓનલાઈન અરજી કરવાની રહેશે

(સંવાદદતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરાયા બાદ હવે સોમવારથી સાયન્સમાં ગુણ ચકાસણી અને અવલોકન તથા સામાન્ય પ્રવાહમાં ગુણ ચકાસણી માટે સોમવારથી ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ગુજકેટમાં પણ OMRની ચકાસણી માટે સોમવારથી જ ફોર્મ ભરાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહનું પરિણામ એક જ દિવસે જાહેર કરવામાં આવ્યા બાદ હવે ગુણ ચકાસણી માટેની કાર્યવાહી પણ એક જ સાથે શરૂ કરવામાં આવશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સમાં ગુણ ચકાસણી માટે સોમવારથી ઓનલાઈન ફોર્મ ભરાશે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં ઉત્તરવહી અવલોકન માટે પણ સોમવારથી ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ગુણ ચકાસણી માટેની અરજીઓ આવ્યા બાદ વિષય નિષ્ણાંતો પાસે ફરીથી ગુણની ચકાસણી કરાવવવામાં આવશે.

જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં ઉત્તરવહી અવલોકનની અરજીઓ મળ્યા બાદ વિદ્યાર્થીઓને તારીખ અને સ્લોટ ફાળવ્યા બાદ તેમને ઉત્તરવહી અવલોકન માટે બોલાવવામાં આવશે. ત્યારબાદ તેમને ઉત્તરવહી અવલોકન માટે અપાશે. તેમાં પણ જો ગુણમાં ફેરફાર થશે તો વિદ્યાર્થીઓને સુધારેલી માર્કશીટ આપવામાં આવશે. આ સાથે જ ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટની OMRની ચકાસણી માટે પણ સોમવારથી કાર્યવાહી શરૂ કરવામાં આવનાર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલને DEOએ કારણદર્શક નોટિસ ફટકારી

### ● ધોરણ-૯માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા ન હોવાનું જણાતા નોટિસ અપાઈ ● સ્કૂલના ટ્રસ્ટી સામે FIR કેમ ન કરવી તે માટે ખુલાસો કરવા રૂબરૂમાં હાજર રહેવા જણાવાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

શાહીબાગ ખાતે આવેલી રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલને અમદાવાદ શહેર DEO દ્વારા કારણદર્શક નોટિસ ફટકારી હોવાનું સામે આવ્યું છે. આગઉ રૂબરૂ હિયરીંગમાં સ્કૂલ તરફથી વિદ્યાર્થીઓને ધોરણ-૯માં પ્રવેશ આપવાની બાંહેધરી આપ્યા બાદ પ્રવેસ આપ્યો ન હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓને અન્ય સ્કૂલમાં પ્રવેસ લેવા માટે દબાણ કરાતું હોવાનું જણાતા DEOએ નોટિસ ઈશ્યુ કરી ટ્રસ્ટી વિરૂદ્ધ FIR કેમ ન કરવી તે માટે ખુલાસો કરવા રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શાહીબાગ ખાતે આવેલી રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલ અંગે અમદાવાદ શહેર DEOને સોશીયલ મીડિયાનાં માધ્યમથી મળેલી ફરિયાદ અન્વયે શાળાને ૨૩ એપ્રિલ, ૨૦૨૪ના પત્રથી વિદ્યાર્થીઓને અગાઉથી જાણ કર્યા વગર પ્રવેશ ન આપવા બાબતે અને એલ.સી. આપવા બાબતે નોટીસ પાઠવવામાં આવી હતી. જેને લઈને DEO દ્વારા સ્કૂલના સંચાલકોને રૂબરૂ હિયરીંગ માટે પણ બોલાવ્યા હતા. હિયરીંગ વખતે સ્કૂલના સંચાલકોએ રૂબરૂમાં વિદ્યાર્થીઓને પ્રવેસ આપવાની ખાતરી આપી હતી. આમ, સ્કૂલ તરફથી પ્રવેશની બાંહેધરી મળ્યા બાદ મામલો થાળે પડ્યો હતો. જો કે, હવે શાળા દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપી આદેશનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ બાબતે ગરીબ અને મધ્યમ વર્ગનાં વિદ્યાર્થીઓનો પ્રવેશ અટકાવી વાલીઓ અને વિદ્યાર્થીઓને માનસીક ત્રાસ દાયક સ્થિતી ઉભી કરતા હોય તેવું DEOને જણાયું હતું. આ ઉપરાંત આ વિદ્યાર્થીઓને અન્ય ખાનગી શાળાઓમાં પ્રવેશ માટે દબાણ કરી અન્ય ખાનગી શાળાઓ સાથે મીલીભગત કરી અન્ય શાળાઓનો પ્રચાર-પ્રસાર કરતા હોય તેવું પણ ધ્યાન પર આવ્યં હતું. આમ, શાળા દ્વારા આ પ્રકારની પ્રવૃતિઓ કરી શિક્ષણના સેવાકીય પ્રવૃતિઓમાં નફાખોરીનો પ્રયત્ન હોય તેવું જણાતું હોવાનું ધ્યાને આવતા અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલના સંચાલકોને કારણદર્શક નોટિસ ફટકારી છે. જેમાં જણાવાયું છે કે, આ સર્વ બાબતો ખુબજ ગંભીર હોઈ આ મનસ્વી વર્તન બદલ શાળાના ટ્રસ્ટી વિરૂદ્ધ નિયમ અનુસારની FIR કેમ દાખલ ન કરવી તથા શાળાના આચાર્ય તેમજ સંકળાયેલા અન્ય કર્મચારીઓ વિરૂદ્ધ શિસ્ત વિષયક કાર્યવાહી કેમ ના કરવી તે આ નોટીસ મળ્યેથી તાત્કાલીક હાજર રહી રૂબરૂમાં ખુલાશો કરવા જણાવવામાં આવે છે.

## તેજસ્વી તારલા

ધોરણ-૧૦ના પરિણામમાં એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ જમાલપુરની વિદ્યાર્થિનીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.



એફ.ડી.ની વિદ્યાર્થિની અન્સારી કૌશરબાનુ મોહમ્મદ જાવેદે એ-૧ ગ્રેડ સાથે ૬૦૦માંથી ૫૬૦ ગુણ મેળવ્યા છે. તેણીએ શાળામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. પપ્પા મજુરી કામ કરે છે તેણીની સીએ બનવાની ઈચ્છા છે.



એફ.ડી.ની વિદ્યાર્થિની શેખ સુહાનાપરવીન મોહમ્મદ જાવેદે ખુબ ગરીબ અવસ્થામાં સંઘર્ષ કરી ધોરણ-૧૦ના પરિણામમાં સફળતા પ્રાપ્ત કરી છે. પપ્પા ગુજરી ગયા, મમ્મી પણ સાથે નથી રહેતા, કાકા-કાકીએ અભ્યાસ કરાવેલ છે. ત્યારે તેણીએ એ-૧ ગ્રેડ સાથે ૬૦૦માંથી ૫૫૫ ગુણ મેળવી શાળામાં બીજો ક્રમાંક મેળવ્યો છે.



ધોરણ-૧૦ના પરિણામમાં હીરાભાઈ કન્યા વિદ્યાલયની મોમીના સફિયાબાનુ સલામ મોહંમદે સખત પરિશ્રમ અને વાલીના સમર્થનથી ૯૭.૭૩ પી.આર. સાથે એ-૧ ગ્રેડ મેળવી સમાજનું ગૌરવ વધાર્યું છે.



એસએસસી-૨૦૨૪ના પરિણામમાં લાલદરવાજા સ્થિત રિપબ્લિક હાઈસ્કૂલમાં ભણતી ઉમ્મેહાની સરફરાઝ શેખે ૯૭.૬૩ પી.આર. મેળવ્યા છે. ઉમ્મેહાનીએ અથાક પરિશ્રમ થકી તેના માતા અને પિતાનું સ્વપ્ન પૂર્ણ કર્યું છે.



ધોરણ-૧૦ના પરિણામમાં એફ.ડી. રૂશનાઈવાલામાં અભ્યાસ કરતો અમીન રહેમતુલ્લાહ સૈયદ ૯૬.૯૦ પર્સન્ટાઈલ સાથે પાસ થયો છે અને ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવી મુસ્લિમ સમાજ તેમજ શાળા તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે.



અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રી હુસૈનમિયાં શેખના પૌત્રે ગુજરાત બોર્ડની એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૫.૩૯ ટકા લાવી એની સ્કૂલ શ્રી જે.સી. શાહ પ્રકાશ હાઈસ્કૂલમાં ટોપ કર્યો છે.



ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં દેવડીવાલા મોહંમદ અરફાત આશીફે એ-૨ ગ્રેડ સાથે ૯૫.૨૯ પી.આર. મેળવી પરિવારનું નામ રોશન કર્યું છે.



ધોરણ-૧૦ના પરિણામમાં અન્સારી હિનાબાનુ સરફરાઝ અહેમદે એ-૨ ગ્રેડ સાથે ૯૪.૨૯ પી.આર. મેળવ્યા છે.

# NEETચોરી કૌભાંડ : ઘટના બાદ ગુમ થયેલા બે આરોપીઓને પોલીસે દબોચી પાડ્યા

### આરોપીઓની પૂછપરછમાં વધુ ખુલાસો થાય તેવી શકયતા

અમદાવાદ,તા.૧૨

રાજયભરમાં ચકચાર જગાવનાર પંચમહાલના ગોધરાના નીટ પરીક્ષા કૌભાંડ મામલે ગુમ થયેલા વધુ બે આરોપીઓ આરીફ વોરા અને તુષાર ભટ્ટને પોલીસે દબોચી લીધા છે. હાલ આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્યારે પૂછપરછ દરમ્યાન વધુ ખુલાસા થાય તેવી શકયતાઓ છે. ગોધરામાં નીટની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ચોરી કરાવવાનું કૌભાંડ ઝડપાતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. ત્યારે પોલીસ દ્વારા આ મામલે રોય ઓવરસીઝના સંચાલક પરશુરામ રોયની પૂછપરછ બાદ ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાતા ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા. ત્યારે આ જ અગાઉ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરતા વધુ બે આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. મોબાઈલ ફોન અને રોકડ રકમ સાથે પકડાયા બાદ ફરાર આરોપી તુષાર ભટ્ટની પોલીસે અટકાયત કરી છે. તુષાર ભટ્ટને ૭ લાખ રોકડ આપનાર આરીફ વોરાની પણ અટકાયત કરાઈ છે. કૌભાંડ બાદ વડોદરાના પરશુરામની ધરપકડ કરીને ૧૦ દિવસના રિમાન્ડ પોલીસે મેળવ્યા હતા. સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય બે આરોપીઓની અટકાયતને પગલે મહત્વના ખુલાસા થાય તેવી શકયતા છે. પોલીસ અધિક્ષક કચેરી ખાતે બંને આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરાઈ છે ત્યારે આ મામલે અનેક વિગતો બહાર આવે તેવી સંભાવના છે.

## તેજસ્વી તારલા



શેખ મોહંમદ સાલિક મો. ઈરફાને ધોરણ-૧૦ના પરિણામમાં ૯૧.૩૧ પી.આર. સાથે એ-૨ ગ્રેડ મેળવ્યા છે.

# મધર્સ ડે પર સગી માતાની બર્બરતાના વીડિયોથી અરેરાટી વ્યાપી

# દીકરી બૂમો પાડતી રહી અને માતાએ તવિથા વડે ઢોરમાર મારી વારંવાર ગળું દબાવ્યું

### ● ભૂજના માધાપરમાં બાળકીના પિતાએ નોંધાવી ફરિયાદ ● ભૂજના માધાપરમાં બાળકીને માર મારતો વીડિયો વાયરલ, પ્રિયંકા ગોધારા વિરૂદ્ધ પૂર્વ પતિએ નોંધાવી ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

મધર્સ ડેના દિવસે ભુજના માધાપરમાં પોતાની જ બાળકીને હેવાન બનીને માર મારતી માતાનો વીડિયો સામે આવ્યો હતો. વીડિયોમાં જોઈ શકાય છે કે માતા પ્રિયંકા બાળકીને જમીન પર પછાડીને તેને પકડી લે છે, એટલું જ નહીં તેને તવિથાથી ઢોર માર મારી રહી છે. આ હેવાન માતા આટલેથી ન અટકી અને બાળકીનું ગળું દબાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થતાં પ્રિયંકાના પૂર્વ પતિ અને બાળકીના પિતા રાહુલ મહેશ્વરીએ માધાપર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ કરતા સામે આવ્યું કે આ વીડિયો ૨ વર્ષ જૂનો છે. બાળકીનો વાંક માત્ર એટલો જ હતો કે બાળકીના હાથે તેલ ઢોળાઈ ગયું હતું. તેલ ઢોળાઈ જતાં માતા હેવાન બની ગઈ અને પોતાની જ બાળકીને ઢોર માર માર્યો હતો. ત્યારે સમગ્ર મામલે ફરિયાદ નોંધાતા માધાપર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. કચ્છમાં મધર્સ ડે પૂર્વે લાંછન રૂપ ઘટનાનો વીડિયો વાયરલ થતા ચકચાર મચી હતી. માધાપર પોલીસ સ્ટેશન ખાતે પ્રિયંકાના ભૂતપૂર્વ પતિ અને બાળકીના પિતા રાહુલ મહેશ્વરી દ્વારા આઈપીસી ૩૨૩ તેમજ કિશોર ન્યાય અધિનિયમ ૨૦૧૫ કલમ ૭૫ મુજબ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદી પૂર્વ પતિએ જણાવ્યું હતું કે આરોપી પ્રિયંકા માથાભારે હતી અને વારંવાર તેની સાથે ઝઘડા કરતી હતી અને માર પણ મારતી હતી અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી અને તેની સામે પ્રૂફ રાખવા માટે ફરિયાદીએ જ આ વીડિયો ઊતાર્યો હતો. પરંતુ બાળકનું ભવિષ્ય ના બગડે તે માટે કોઈ પણ ફરિયાદ કે વીડિયો બહાર પાડ્યો ના હતો. હાલ પ્રિયંકા જયપુર રાજસ્થાનમાં રહે છે.

# કોટના ગામે મહીસાગર નદીમાં ન્હાવા પડેલ તાંદલજાના બે યુવકોનાં ડૂબી જતાં મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

વડોદરા શહેર નજીક આવેલું કોટના ગામ મહિસાગર નદીના કિનારે આવેલું છે. આ સ્થળે છેલ્લા થોડા સમયથી વડોદરાવાસીઓ માટે પસંદીદા સ્થળ બની ગયું છે. હરણી બોટ દુર્ઘટના બાદ આ સ્થળે બોટીંગ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. જોકે તે પહેલા કોટના સ્થિત મહિસાગર નદીમાં ગેરકાયદેસર રીતે લોકોના જીવ જોખમમાં મુકી બેરોકટોક બોટીંગનો ધંધો ચલાવવામાં આવતો હતો. વડોદરા શહેરના તાંદલજા ખાતે રહેતા પાંચ યુવાનો કોટના ખાતે બપોરના સમયે ન્હાવા માટે પહોંચ્યાં હતા. જ્યાં પાંચેય મિત્રો કાળઝાળ ગરમીમાં નદીના પાણીની મજા માણી રહ્યાં હતા. દરમિયાન ૨૦ વર્ષીય પટેલ જૈનુલ ઈબ્રાહીમ અને ૧૯ વર્ષીય સોહેબ ઈરફાન પઠાણ નદીના ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા હતા. જે જોતા અન્ય મિત્રોએ બુમાબુમ કરતા સ્થાનિકો દોડી આવ્યાં હતા અને નદીમાં ડૂબી ગયેલા બન્ને યુવકોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. લાંબી શોધખોળ બાદ બન્ને મિત્રોને સ્થાનિકોએ નદીમાંથી બહાર કાઢવા તાત્કાલીક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યાં હતા. જો કે ફરજ પરના તબીબો દ્વારા આ બન્ને યુવકોને મૃત જાહેર કરવામાં આવ્યાં હતા.

## અમદાવાદમાં ૩૦૦મી બ્રાન્ચના પ્રારંભ સાથે ઈન્ડેલ મનીનો ગુજરાતમાં પ્રવેશ

અમદાવાદ,તા.૧૨

દેશની અગ્રણી ગોલ્ડ લોન નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (એનબીએફસી) ઈન્ડેલ મનીએ અમદાવાદમાં નરોડામાં તેની ૩૦૦મી બ્રાન્ચના પ્રારંભ સાથે ગુજરાતમાં પ્રવેશ કર્યો છે. કંપનીની સફરમાં આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. જે દેશભરમાં ગ્રાહક-કેન્દ્રીત ગોલ્ડ-લોન ઉકેલો પ્રદાન કરવાના તેના અવિરત પ્રયાસો દર્શાવે છે. એનબીએફસીએ એક જ દિવસે રાજયમાં પાંચ વધુ બ્રાન્ચનું ઉદઘાટન કર્યું હતું. જેમાં અમદાવાદમાં નિકોલ, ધોળકા, બાલાસિનોર અને સુરતમાં હીરાબાગ સામેલ છે.

## અમદાવાદમાં આસુસ એકસકલુઝિવ

અમદાવાદ,તા.૧૨

દેશભરમાં બ્રાન્ડના રિટેલ ફૂટપ્રિન્ટને મજબૂત બનાવવાના એક પગલા તરીકે આસુસ ઈન્ડિયા, તાઈવાનની ટેક જાયન્ટ કંપનીએ આજે અમદાવાદમાં એક એકસકલુઝિવ સ્ટોર લોન્ચ કરવાની જાહેરાત કરી. આ વિશિષ્ટ સ્ટોર ૩૨૫ ચોરસ ફુટમાં ફેલાયેલો છે અને વિવોબુક, ઝેનબુક, રિપબ્લિક ઓફ ગેમર્સ (આરઓજી) લેપટોપ્સ, ગેમિંગ ડેસ્કટોપ્સ, ઓલ-ઈન-વન ડેસ્કટોપ્સ અને એસેસરીઝ જેવા આસુસ ફલેગશીપ ઉત્પાદનો સહિત ઈલેકટ્રોનિકસ અને કમ્પ્યુટર હાર્ડવેરની વ્યાપક શ્રેણીને હોસ્ટ કરવા માટે તૈયાર છે. આ બ્રાન્ડનો અમદાવાદમાં સ્થિત ૭મો એકસકલુઝિવ સ્ટોર છે અને ગુજરાતમાં કુલ ૨૪ એકસકલુઝિવ સ્ટોર્સ છે.

## ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરન્સનો આઈપીઓ બુધવારે ખુલશે

અમદાવાદ,તા.૧૨

બેંગ્લુરૂ સ્થિત ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરન્સ લિમિટેડની સ્થાપના ૨૦૧૭માં ઈન્સ્યોરન્સ ક્ષેત્રના દિગ્ગજ કામેશ ગોયલ દ્વારા કરવામાં આવી હતી. કંપની અગ્રણી ડિજિટલ ફુલ સ્ટેક ઈન્સ્યોરન્સ કંપનીઓમાંની એક છે. જેણે તેની ઈનિશિયલ પબ્લિક ઓફર માટે ઈકિવટી શેર દીઠ રૂા.૨૫૮થી રૂા.૨૭૨ના ભાવે પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની ઈનિશિયલ પબ્લિક ઓફર (આઈપીઓ અથવા ઓફર) બુધવારે, ૧૫ મે, ૨૦૨૪ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને શુક્રવારે, ૧૭ મે, ૨૦૨૪ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૫૫ ઈકિવટી શેર માટે બિડ કરી શકે છે અને ત્યાર બાદ ૫૫ ઈકિવટી શેરના ગુણાંકમાં અરજી કરવાની રહેશે.

# તેલંગાણા આજે ચૂંટણીમાં આકરી ત્રિકોણીય લડાઈ માટે તૈયાર

(એજન્સી) હૈદરાબાદ,તા.૧૨

તેલંગાણા ૧૩ મેના રોજ ૧૭ લોકસભા બેઠકોમાંથી બહુમતી પર તીવ્ર ત્રિકોણીય લડાઈ તરફ આગળ વધી રહ્યું છે.

દક્ષિણના આ રાજ્યમાં સત્તામાં આવ્યાના પાંચ મહિના બાદ કોંગ્રેસને BRS અને BJP તરફથી સખત પડકારનો સામનો કરવો પડી રહ્યો છે.

૩-૪ બેઠકો પર જ કોઈ એક જ પક્ષનું પ્રભુત્વ જણાશે તેને બાદ કરતાં બાકીની બેઠકો પર તે નજીકની ત્રિકોણીય હરીફાઈ હશે.



**કોંગ્રેસ ૨૦૨૩ની સફળતાનું પુનરાવર્તન કરવા માંગે છે**

કોંગ્રેસ નવેમ્બર ૨૦૨૩માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં તેના પ્રભાવશાળી પ્રદર્શનનું પુનરાવર્તન કરવા માંગે છે, બીજી બાજુ , ભાજપ કર્ણાટક પછી દક્ષિણ ભારતમાં પક્ષ માટે બીજા મુખ્ય રાજ્ય તેલંગાણામાં સારો દેખાવ કરવા માટે કોઈ કસર છોડી રહી નથી. ૧૦ વર્ષ સુધી રાજ્યમાં શાસન કર્યા પછી કોંગ્રેસ સામે સત્તા ગુમાવવા છતાં અને ઘણા મુખ્ય નેતાઓ ભાજપ અને કોંગ્રેસ તરફ વળ્યા પછી શ્રેણીબદ્ધ આંચકા મળ્યા હોવા છતાં, BRS જમીન પર મજબૂત દેખાય છે. પાર્ટી પ્રમુખ અને પૂર્વ મુખ્ય પ્રધાન કેસી રાવની બસ યાત્રા દરમિયાન મોટી ભીડ ને જોતા પાર્ટી તેના નુકસાનમાંથી પુનઃબેઠી થઈ રહી હોય તેવું લાગે છે.

**બીજેપી પીએમ મોદી પર મદાર રાખી રહી છે**

ભાજપ ૨૦૧૯માં જીતેલી ચારમાંથી ત્રણ બેઠકો પર મજબૂત દેખાય છે અને ઓછામાં ઓછા ચાર મતવિસ્તારોમાં કોંગ્રેસ અને BRS સાથે તેનો ક્સોક્સની લડાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફેક્ટરના આધારે ભગવા પાર્ટીએ ૧૦ બેઠકોનો લક્ષ્યાંક રાખ્યો છે. પીએમ મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને અન્ય નેતાઓએ વ્યાપક પ્રચાર કર્યો છે. કોંગ્રેસ પાર્ટી પાંચ મતવિસ્તારોમાં તેના પ્રતિસ્પર્ધીઓથી આગળ દેખાય છે અને અન્ય મતવિસ્તારોમાં સખત પડકારનો સામનો કરી રહી છે.

**BRS મજબૂત જણાઈ રહી છે**

BRS, જેણે છેલ્લા બે મહિના દરમિયાન તેના પાંચ વર્તમાન સાંસદોને બે પ્રતિસ્પર્ધીઓ સામે ગુમાવ્યા હતા, તે બે મતવિસ્તારમાં મજબૂત જણાય છે. રસપ્રદ વાત એ છે કે છેલ્લા કેટલાક સપ્તાહો દરમિયાન BRSમાંથી નેતાઓની હિજરતથી કોંગ્રેસ અને ભાજપ બંનેને ફાયદો થયો છે.

એક વર્તમાન સાંસદ, એક વર્તમાન ધારાસભ્ય, વર્તમાન ધારાસભ્યની પુત્રી કોંગ્રેસ માટે લોકસભાના ઉમેદવારોમાં સામેલ છે. એ જ રીતે, બીજેપીએ વર્તમાન સાંસદ અને વર્તમાન સાંસદના પુત્રને બીઆરએસમાંથી પક્ષપલટો કર્યા બાદ તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસ અને બીઆરએસના ઉમેદવારોની યાદીમાં પૂર્વ સાંસદો અને બીઆરએસના પૂર્વ રાજ્ય ધારાસભ્યો પણ સામેલ છે. જ્યારે ભાજપે તેના ચાર વર્તમાન સાંસદોમાંથી ત્રણને જાળવી રાખ્યા હતા, ત્યારે કોંગ્રેસે નવા ચહેરાઓની શોધ કરવી પડી હતી કારણ કે ૨૦૧૯માં જીતેલા ત્રણેય સાંસદો વિધાનસભામાં ચૂંટાયા હતા. એ. રેવન્ત રેડ્ડી, જે અગાઉની ચૂંટણીમાં મલકાજગીરી મતવિસ્તારમાંથી ચૂંટાયા હતા, તેઓ મુખ્યમંત્રી બન્યા છે. ક્રમશ : નાલગોંડા અને ભોંગિરમાંથી ચૂંટાયેલા ઉત્તમ કુમાર રેડ્ડી અને કોમાતિરેડ્ડી વેંકટ રેડ્ડી મંત્રી બન્યા છે. આ ત્રણેય હવે પાર્ટી આ બેઠકો જાળવી રાખે તે માટે તમામ પ્રયાસો કરી રહ્યાં છે.

**મુખ્ય સ્પર્ધકો**

નોમિનેશનની દોડમાં કેટલાક ઉચ્ચ ડ્રામા પણ જોવા મળ્યા હતા. બીઆરએસ દ્વારા વારંગલ લોકસભા સીટ પરથી ઉમેદવાર તરીકે નામ આપવામાં આવેલ કદીયમ કાવિયા તેના પિતા અને વર્તમાન બીઆરએસ ધારાસભ્ય કદીયમ શ્રીહરિ સાથે કોંગ્રેસમાં જોડાવા માટે હરીફાઈમાંથી ખસી ગઈ હતી. મુખ્ય પ્રતિસ્પર્ધીઓમાં, કેન્દ્રીય મંત્રી અને રાજ્ય ભાજપના વડા, જી કિશન રેડ્ડી સિકંદરાબાદથી ફરીથી ચૂંટણી લડવા માંગે છે. તે બીઆરએસ ધારાસભ્ય ટી પદ્મા ગૌડ અને કોંગ્રેસના ઉમેદવાર ડી નાગેન્દ્ર સાથે ત્રિકોણીય હરીફાઈમાં ઉતરશે. તાજેતરની વિધાનસભાની ચૂંટણીઓમાં, નાગેન્દર ખૈરતાબાદ મતવિસ્તારમાંથી BRS ટિકિટ પર ચૂંટાયા હતા, પરંતુ તેમણે સાંસદની ટિકિટ મેળવવા માટે કોંગ્રેસમાં પક્ષપલટો કર્યો હતો. બીજેપીના રાષ્ટ્રીય મહાસચિવ બંદી સંજય કુમાર, જેઓ સતત બીજી ટર્મ માટે કરીમનગરથી લડી રહ્યા છે, તેમનો BRS ઉમેદવાર વિનોદ કુમાર સામે ક્સોકસનો મુકાબલો છે. કોંગ્રેસ પાર્ટીએ વી રાજેન્દ્ર રાવને મેદાનમાં ઉતાર્યા છે. મહબૂબનગરમાં ૨૦૧૯ની લડાઈનું પુનરાવર્તન થશે. બીજેપીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડી કે અરુણા, જેઓ અગાઉની ચૂંટણીમાં ઉપવિજેતા રહ્યા હતા, તેઓ ફરીથી મ્જ્જીના વર્તમાન સાંસદ મન્ને શ્રીનિવાસ રેડ્ડી સામે ટકરાશે.

આ જ જિલ્લામાં આવતા રેવંત રેડ્ડી વામશીચંદ રેડ્ડીની જીત માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. મલકાજગીરીમાં, જે ભારતનો સૌથી મોટો મતવિસ્તાર છે, ભાજપના ઇટાલા રાજેન્દ્ર કોંગ્રેસ પક્ષના સુનિતા રેડ્ડી અને મ્જ્જીના આર લક્ષ્મા રેડ્ડી સામે ક્સોકસની લડાઈમાં છે. મહબૂબનગરની જેમ આ સીએમ રેવન્ત રેડ્ડી માટે પણ પ્રતિષ્ઠાનો જંગ છે, જેઓ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પણ છે. બીઆરએસ ચીફ કેસીઆરના હોમ ડિસ્ટ્રિક્ટ મેડકમાં, પાર્ટી સીટ જાળવી રાખવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. તેણે ભૂતપૂર્વ અમલદાર વેંકટરામી રેડ્ડીને મેદાનમાં ઉતાર્યા છે. પૂર્વ ધારાસભ્ય રઘુનંદન રાવ ભાજપના ઉમેદવાર છે. કોંગ્રેસ, જેણે નિલમ મધુને મેદાનમાં ઉતાર્યા છે, તે ૧૯૮૯ પછી એક મતવિસ્તારમાં તેની પ્રથમ જીતની શોધમાં છે, જેનું પ્રતિનિધિત્વ એક સમયે દિવંગત વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કર્યું હતું. ખમ્મામમાં, BRSના વર્તમાન સાંસદ નમા નાગેશ્વર રાવ અને કોંગ્રેસના ઉમેદવાર રામસહાયમ રઘુરામ રેડ્ડી વચ્ચે સીધી લડાઈ થવાની ધારણા છે. નાગરકુર્નૂલમાં, પૂર્વ IPS અધિકારી આરએસ પ્રવીણ કુમાર, જેમણે તાજેતરમાં BRSમાં જોડાવા માટે BSP છોડી દીધી છે, તેઓ કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લુ રવિ અને ભાજપના ઉમેદવાર પી. ભરત પ્રસાદ સામે ટકરાશે જેમણે તેમના પિતા અને વર્તમાન સાંસદ પી રામુલુ સાથે BRSમાંથી ભગવા પાર્ટીમાં પ્રવેશ કર્યો.

**હૈદરાબાદ LS સીટ**

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી, જે હૈદરાબાદથી સતત પાંચમી ટર્મ માટે ફરીથી ચૂંટણી લડવા માંગે છે, તેનો સામનો બીજેપીના માધવી લતા સાથે થાય છે જે સીધો મુકાબલો હોઈ શકે છે. કોંગ્રેસ પાર્ટીએ અહીંથી સમીર વલીઉલ્લાહને મેદાનમાં ઉતાર્યા છે. BRSએ પ્રચંડ બહુમતી સાથે રાજ્યમાં સત્તા જાળવી રાખ્યાના થોડા મહિનાઓ પછી યોજાયેલી ૨૦૧૯ની ચૂંટણીઓમાં, દ્બઝઈની પાર્ટીએ ૯ બેઠકો મેળવી, ૪૧.૩ ટકા મત મેળવ્યા. ભાજપે ૧૯.૫ ટકા વોટ શેર સાથે ચાર બેઠકો જીતી હતી. તેલંગાણામાં ભગવા પાર્ટીનું આ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું.

કોંગ્રેસને ત્રણ બેઠકો મળી હતી પરંતુ ૩૦.૨ ટકા મત મળ્યા હતા. AIMIMએ હૈદરાબાદ સીટ જાળવી રાખી છે.

**૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીનું પરિણામ**

નવેમ્બર ૨૦૨૩માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓમાં, કોંગ્રેસ પાર્ટીએ છેલ્લા ૧૦ વર્ષથી રાજ્યમાં શાસન કરી રહેલા BRS પાસેથી સત્તા પડાવી લેવા માટે નાટકીય રીતે તેના પ્રદર્શનમાં સુધારો કર્યો. ૧૧૯ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસને ૬૪ બેઠકો મળી હતી અને ૩૯.૪૦ ટકા મત મળ્યા હતા. BRSએ ૩૭.૩૫ ટકા વોટ શેર સાથે ૩૯ બેઠકો જીતી હતી. કોંગ્રેસના સહયોગી સીપીઆઈએ ૦.૩૪ ટકા વોટ શેર સાથે ચૂંટણી લડેલી એકમાત્ર બેઠક જીતી હતી. ભાજપે ૨૦૧૮ની સરખામણીમાં તેનો વોટ શેર લગભગ બમણો કર્યો છે. તેને ગત વિધાનસભા ચૂંટણીમાં માત્ર ૬.૯૮ ટકાની સામે ૧૩.૯૦ ટકા વોટ મળ્યા છે. ભગવા પાર્ટીએ પણ તેની બેઠકોની સંખ્યા એકથી આઠ સુધી નોંધપાત્ર રીતે સુધારી છે. AIMIM, જેણે તેની સાત બેઠકો જાળવી રાખી, તેણે ૨.૨૨ ટકા વોટ શેર મેળવ્યો, જે ૨૦૧૮ માં ૨.૭૧ ટકા હતો. **(સૌ.: સિયાસત.કોમ)**

# ઉત્તરપ્રદેશ પોલીસે મતદાનના દિવસે બૂથ પર હુમલો કર્યો હતો અને તેમના ID કાર્ડ છીનવી લીધા અને મતદારોને માર માર્યો હતો : સંભલમાં મુસ્લિમોનો આક્ષેપ

## ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીને ભારે મતદાન કરનાર મુસ્લિમ બહુમતી ધરાવતા ગામોમાં આ હુમલા થયા હતા

(એજન્સી) તા.૧૨

ઉત્તરપ્રદેશના સંભલ સંસદીય ક્ષેત્રના મનસૂરપુર ગામની પ્રાથમિક શાળામાં ૧૮ વર્ષીય મોહમ્મદ જમાલ તેના જીવનમાં પહેલીવાર મતદાન કરવા માટે કતારમાં ઊભા હતા. જમાલ અને અન્ય પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, અચાનક, લગભગ ૧૦ SUV મતદાન કેન્દ્રની બહાર આવી. લગભગ ૩૦-૪૦ પોલીસ અધિકારીઓ બહાર નીકળ્યા, કેન્દ્રમાં પ્રવેશ્યા, મતદારો પાસેથી ઓળખ પત્ર અને વોટિંગ સ્લિપ છીનવી લીધી અને ફાઈબરના દંડા અને લાકડાના લાઠીઓ વડે હુમલો કર્યો હતો. ૭ મેના દિવસે લોકસભા ચૂંટણી માટે ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું હતું.

મતદારો પોલીસના હુમલાથી બચવા માટે બહાર દોડી આવતાં ગણતરીની મિનિટોમાં મતદાન કેન્દ્ર નિર્જન થઈ ગયું હતું. ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા સંભલના અસમૌલી વિધાનસભા મતવિસ્તારમાં કેટલાક મુસ્લિમ ગામોમાં મતદાન કેન્દ્રો પર સમાન હુમલાના અહેવાલો મળ્યા છે. આ ગામોમાં શાસક ભારતીય જનતા પાર્ટી પરંપરાગત રીતે તેના વિરોધી સમાજવાદી પાર્ટીથી પાછળ રહી ગઈ છે. ૨૦૧૯માં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર સ્વર્ગસ્થ શફીકુર રહેમાન બાર્કે ૧.૭૫ લાખ મતોથી આ બેઠક જીતી હતી. બર્કના પૌત્ર ઝિયા ઉર રહેમાન સંભલના સમાજવાદી પાર્ટીના ઉમેદવાર છે. રહેમાન અને બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર ચૌધરી સૌલત અલીએ પુષ્ટિ કરી કે સંભાલ મતવિસ્તારના મુસ્લિમ ગામોમાં આવા હુમલાઓ કરવામાં આવ્યા હતા. રહેમાને જણાવ્યું હતું કે તે પોલીસમાં ફરિયાદ નોંધાવવાની તેમજ કાનૂની કાર્યવાહી કરવાની યોજના ધરાવે છે. ઉત્તરપ્રદેશના પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે, જો પોલીસને તેના વિશે કોઈ ફરિયાદ મળશે તો તે મામલાની તપાસ કરશે. પોલીસકર્મીઓએ શાહબાઝપુરમાં મતદારો પર હુમલો કર્યો હતો અને ઓવરી ગામમાં એક મતદાન કેન્દ્ર પર હુમલો કર્યો હતો, પ્રત્યક્ષદર્શીઓ આ આક્ષેપ સાથે હુમલાને વીડિયો પર કેપ્ચર કરવામાં સફળ રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશ સરકાર અને મુખ્ય પ્રધાન આદિત્યનાથના કાયદો અને વ્યવસ્થા મોડેલની પ્રશંસા કર્યાના અઠવાડિયા પછી આ બન્યું હતું. સંભલ જિલ્લાના ચાર ગામોમાં મોટાભાગના મુસ્લિમ મતદારોએ જણાવ્યું હતું કે, તેઓ મતદાન કરવા માટે મતદાન કેન્દ્ર પર પાછા ફર્યા હતા, પરંતુ જમાલ જેવા કેટલાક પાછા આવ્યા નથી. ઈન્ઝમામુલ-હક મંસૂરપુરના બૂથ પર સમાજવાદી પાર્ટીના પોલિંગ એજન્ટ હતા, તેમણે કહ્યું કે ૨૯૦૬ મતદારોના આ ગામમાં ૭ મેના રોજ ૧૬૪૧ મત પડ્યા હતા જે ૫૬.૫% છે. ભારતના ચૂંટણી પંચ પાસે ઉપલબ્ધ બૂથ-સ્તરના ડેટા અનુસાર ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી દરમિયાન મન્સૂરપુરમાં નોંધાયેલા ૬૩.૬% અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૫૯.૦૯% મતદાન કરતાં આ ઓછું હતું. મન્સૂરપુરના પૂર્વ ગ્રામ પ્રધાન જાવેદ અખ્તરે જણાવ્યું હતું કે, પોલીસે આવી હિંસા માત્ર મુસ્લિમ ગામોમાં જ કરી છે. તેનું આયોજન કરવામાં આવ્યું હતું અને જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક તેમાં સામેલ છે. નજીકના ખાસપુરમાં ઠાકુર ગામમાં લોકોએ ૭ મેના રોજ કોઈપણ અવરોધ વિના મતદાન કર્યું હતું. મન્સૂરપુરથી લગભગ ૪ કિ.મી. દૂર ઓવરી ૪,૫૦૦ મતદારોનું ગામ છે, જેમાંથી મોટાભાગના મુસ્લિમ છે. ૭ મેના રોજ સવારે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ, ૭૦ વર્ષીય બાનો, જુનિયર હાઈસ્કૂલ, નિયુક્ત મતદાન કેન્દ્ર પર જઈ રહી હતી, તેણીએ ખાકી કપડામાં પુરૂષોને જોયા અને આ પોલીસે તેઓને માર માર્યો. તેઓ તેમની કારમાંથી બહાર નીકળ્યા અને તેમાંના એકે આવીને મારી પરચી છીનવી લીધી. મોહમ્મદ અનીશે જણાવ્યું હતું કે સંભલના ઓવરી ગામમાં પોલીસ અધિકારીઓ દ્વારા પોલિંગ બૂથની અંદર તેની પર હુમલો કરવામાં આવ્યો હતો. આ વીડિયો ટ્વીટ કરનારાઓમાં પત્રકાર સ્વાતિ ચતુર્વેદીનો પણ સમાવેશ થાય છે. વીડિયોમાંના એક પોલીસ અધિકારીએ નામનો બેજ પહેર્યો હતો જેમાં



'બલબન સિંઘ' લખેલું હતું. ઉત્તરપ્રદેશ પોલીસના ડેટાબેઝ મુજબ ૪૩ વર્ષીય સિંહ ૨૦૦૦માં પોલીસ ફોર્સમાં જોડાયા હતા અને ૨૦૧૮થી આગ્રા કમિશનરેટમાં પોસ્ટેડ છે. ઈન્સ્પેક્ટર સિંહે ગ્રામીણો પર હુમલાના આરોપોને નકારી કાઢ્યા છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ત્રણ કલાક બાદ બપોરે ૧.૩૦ વાગ્યે પોલીસ અધિકારીઓ ઓવરી પરત ફર્યા હતા. તેઓએ કથિત રીતે મુસ્તગીરને પકડી લીધો હતો. આ બે અધિકારીઓએ મને કારમાં માર માર્યો હતો. આલમ, મુસ્તગીર અને તેમની બહેન શબાનાએ જણાવ્યું કે મતદાનના દિવસે તેમના ગામમાં ઉત્તર પ્રદેશ પોલીસની હિંસાને કારણે મતદાન કરી શક્યા નથી. નજીકના શાહબાઝપુર અને મુબારકપુર ગામોમાં ૩૦-૪૦ પોલીસ અધિકારીઓએ સવારે ૧૦થી ૧૧ વાગ્યાની વચ્ચે મતદાન કેન્દ્રો પર હુમલો કર્યો, મહિલાઓ સહિત મતદારોને માર માર્યો અને મતદાર માહિતીની સ્લિપ અને આધાર કાર્ડ છીનવી લીધા હતા. હુમલાથી તેના ગામમાં ભયનો માહોલ હોવા છતાં, સકીના બપોરના સમયે બૂથ પર ફરી મતદાન કરવા ગઈ હતી. તેણીએ કહ્યું કે, જો તેઓ મારા હાથ કાપી નાખે, તો પણ મે મારા પગથી મતદાન કર્યું હોત. પ્રાદેશિક ઈન્ટર કોલેજની પાછળ રહેતા ૩૫ વર્ષીય મુખ્તિયારે સ્ક્રોલને જણાવ્યું કે પોલીસે હુમલા દરમિયાન તેના ભાઈ શાહબીર અલી, ૨૦ અને તેના ભત્રીજા, ૧૯ વર્ષીય મોહમ્મદ અરબાઝની પણ અટકાયત કરી હતી અને તેઓને હજુ સુધી છોડવામાં આવ્યા નથી. ચૂંટણી પંચના બૂથ-સ્તરના ડેટા અનુસાર અખિલેશ યાદવની આગેવાની હેઠળની સમાજવાદી પાર્ટીને ૨૦૨૨ની યુપી વિધાનસભાની ચૂંટણી દરમિયાન શાહબાઝપુરમાં ૮૧% વોટ શેર મળ્યો હતો, જે તેને ઓવારીમાં મળેલા ૭૨% વોટ શેર કરતા વધુ હતો. ૨૦૨૨માં સમાજવાદી પાર્ટીએ સારૂં પ્રદર્શન ન કર્યું હોય તેવા નજીકના ગામોમાં પોલીસ હુમલાના કોઈ અહેવાલ નથી. ઉદાહરણ તરીકે, ગમનપુરામાં મતદાન શાંતિપૂર્ણ હતું, જ્યાં હિંદુ સૈનીઓ અને મુસ્લિમોની મિશ્ર વસ્તી છે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમના ૪૮% મતો ભાજપને અને ૩૪% સમાજવાદી પાર્ટીને આપ્યા હતા, ઠાકુરના ખાસપુરમાં ભાજપે ૨૦૨૨માં ૬૦% મતો જીત્યા હતા જ્યાં સમાજવાદી પાર્ટી બહુજન સમાજ પાર્ટીના ૪૧% કરતા ૪૪% પર આગળ હતી. પરંતુ મન્સૂરપુર અને મુબારકપુરમાં જ્યાં સમાજવાદી પાર્ટીએ ૨૦૨૨માં ૬૪% અને ૬૯% મત મેળવ્યા હતા, તે મતદારોએ તેમના મતદાન કેન્દ્રોની અંદર પોલીસ અધિકારીઓ દ્વારા હુમલો કરવાનો આક્ષેપ કર્યો હતો. સમાજવાદી પાર્ટીના ઉમેદવાર ઝિયા ઉર રહેમાને જણાવ્યું હતું કે, પોલીસના હુમલા મુસ્લિમ મતદારોને નિશાન બનાવવાનું કાવતરૂં હતું. મને એકએવું હિન્દુ ગામ બતાવો જ્યાં આવા હુમલા થયા હોય. વહીવટીતંત્ર સંભલમાં અમારો વોટ શેર ૪૦% સુધી લાવવા માંગે છે. બહુજનસમાજ પાર્ટીના ચૌધરી સૌલત અલીએ જણાવ્યું કે, તેમને ૭ મેના રોજ કુંડારકી બ્લોકના મદનાપુર, ખાસમુડાપડે, અહમદપુર અને સક્તૂનંગલા જેવા ગામોમાં પોલીસ હુમલાના અહેવાલો મળ્યા હતા. આ મુસ્લિમ મતદારોને આતંકિત કરવા માટે કરવામાં આવ્યું હતું, જે રીતે આ કરવામાં આવ્યું હતું, તે આયોજિત હુમલો લાગે છે. **(સૌ.: સ્ક્રોલ.ઈન)**

# મોદીના દ્વેષપૂર્ણ ભાષણોને લીધે મુસ્લિમો પ્રત્યે સહાનુભૂતિની લહેર; પીઢ રાજકારણીઓ પણ મુસ્લિમ આરક્ષણની હિમાયત કરી રહ્યા છે

## ૨૦૨૪ની ચૂંટણીઓમાં સાંપ્રદાયિક લાગણીઓનો લાભ લેવાના મોદીના પ્રયાસોની ઊંધી અસર થઈ રહી છે અને પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓ પણ મુસ્લિમ આરક્ષણ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી રહ્યા છે

(એજન્સી) તા.૧૨

મોદીના દ્વેષપૂર્ણ ભાષણોએ મુસ્લિમો પ્રત્યે સહાનુભૂતિની લહેર ફેલાવી છે, જેના કારણે પીઢ રાજકારણીઓ ખુલ્લેઆમ મુસ્લિમ આરક્ષણની હિમાયત કરે છે. મુસ્લિમોના સંદર્ભમાં કોંગ્રેસ પર મોદીના અવિરત હુમલાઓ વર્ષોથી મોદીની થીમ રહી છે, પરંતુ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી દરમિયાન લોકો સંતૃપ્તિના તબક્કે પહોંચી ગયા હોય તેવું લાગે છે. એક સમયે જે મુદ્દે તેઓને સમર્થન મેળવવાની વ્યૂહરચના હતી તે હવે ભાજપ માટે પ્રતિકૂળ બની ગઈ છે અને પીઢ રાજકારણીઓમાં પણ મુસ્લિમો પ્રત્યે સહાનુભૂતિ પેદા થઈ છે જેઓ પહેલીવાર મુસ્લિમ આરક્ષણના સમર્થનમાં બોલી રહ્યા છે.



મોદી સરકાર હેઠળ મોંઘવારી, બેરોજગારી, આર્થિક કટોકટી અને ભ્રષ્ટાચાર જેવા નિર્ણાયક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને આ ચૂંટણીઓમાં વિપક્ષ પ્રચાર કરી રહ્યો છે. આ મુદ્દાઓના જવાબમાં, ભાજપે ૮૦% હિંદુ બહુમતીથી વિપરીત, ભારતની વસ્તીવિષયકના આશરે ૧૫% હિસ્સો ધરાવતી મુસ્લિમ વસ્તી સામે ધ્રુવીકરણનો પ્રયાસ કર્યો છે. જો કે, તેમની આ યુક્તિ નોંધપાત્ર રીતે પડઘો પાડવામાં નિષ્ફળ ગઈ છે. અને લોકો તેમના રોજિંદા જીવનને અસર કરતા નોંધપાત્ર મુદ્દાઓ વિશે વધુ ચિંતિત છે. આ ઉપરાંત ઘણા દિગ્ગજ રાજકારણીઓએ મુસ્લિમો વિરૂદ્ધ મોદીના નફરત અભિયાન ટીકા કરી રહ્યા છે અને મુસ્લિમ આરક્ષણ માટે પણ હાકલ કરી રહ્યા છે.

મધ્ય પ્રદેશના ધારમાં એક રેલી દરમિયાન, મોદીએ કોંગ્રેસ પર ક્રિકેટ ટીમની પસંદગીમાં લઘુમતીઓની તરફેણ કરવાનો, ધાર્મિક પૂર્વગ્રહ કરવાનો આરોપ લગાવ્યો. આ આરોપથી ઘણા મુસ્લિમ ક્રિકેટરોને આશ્ચર્ય થયું જેમણે ધાર્મિકતાને બદલે યોગ્યતાના આધારે ટીમમાં સ્થાન મેળવ્યું હતું. નોંધનીય છે કે, બિન-મુસ્લિમ ભારતીય ક્રિકેટરોએ પણ આવા વિભાજનકારી મુદ્દામાં સામેલ થવાની અનિચ્છા દર્શાવીને મોદીના આ નિવેદન પર ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું.

એ જ રેલી દરમિયાન મોદીએ આપેલું અન્ય એક વિવાદાસ્પદ નિવેદન કોંગ્રેસને કાશ્મીરમાં કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરતા અટકાવવા માટે અને અયોધ્યામાં રામમંદિર પર "બાબરી તાળા" લગાવવામાં આવે તેવા સંજોગોને ટાળવા માટે ભાજપને મત આપવા કહ્યું હતું. આ ઉશ્કેરણીજનક ભાષા, ખાસ કરીને બાબરી તાળાને લગતી, જાહેર ભાવનાઓ સાથે તીવ્ર વિપરીત હતી, કારણ કે તાજેતરના સર્વેક્ષણો દર્શાવે છે કે આ ચૂંટણીમાં મતદારો માટે રામ મંદિરનો મુદ્દો ટોચની પ્રાથમિકતા નથી. ગૃહ પ્રધાન અમિત શાહે લખનૌમાં તેમના સંબોધન દરમિયાન આવા જ વિભાજનકારી નિવેદનો આપ્યા હતા.

મોદીની આ ટિપ્પણી પછી અગ્રણી રાજકીય હસ્તીઓએ પ્રતિક્રિયાઓ આપી હતી. આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન વાયએસ જગન મોહન રેડ્ડીએ ખાતરી આપી હતી કે મુસ્લિમો માટે ૪% મુસ્લિમ અનામત ચાલુ રાખવામા આવશે. ભાજપના સાથી ચંદ્રબાબુ નાયડુએ પણ આંધ્ર પ્રદેશમાં ૪% મુસ્લિમ અનામતનું વચન પણ આપ્યું હતું. લાલુ પ્રસાદ યાદવ અને શરદ પવાર જેવા દિગ્ગજ રાજકારણીઓએ પણ તેમના પર ભાર મૂક્યો હતો, અને મુસ્લિમ આરક્ષણ માટે સમર્થન વ્યક્ત કર્યું હતું અને મોદીના સાંપ્રદાયિક નિવેદનની નિંદા કરી હતી. લાલુ પ્રસાદ યાદવે જણાવ્યું હતું કે મુસ્લિમો માત્ર અનામત જ નહીં પરંતુ સંપૂર્ણ આરક્ષણ માટે પાત્ર છે. શરદ પવારે ચોક્કસ સમુદાયને વારંવાર ટાર્ગેટ કરવા બદલ મોદીની ટીકા કરી હતી અને કહ્યું હતું કે લોકોનો જાહેર અભિપ્રાય આવી વિભાજનકારી યુક્તિઓ સમજી રહ્યો છે.

# ચંદ્રબાબુ નાયડુએ મુસ્લિમો માટે ૪% ક્વોટાનું રક્ષણ કરવાનું વચન આપ્યું; YSRCP સરકાર દ્વારા રદ કરાયેલી તમામ યોજનાઓ ફરી શરૂ કરવામાં આવશે

## ટીડીપીના વડાએ મુખ્ય પ્રધાન જગન મોહન રેડ્ડી પર રાયલસીમા પ્રદેશ સાથે દગો કરવાનો આરોપ મૂક્યો છે

(એજન્સી) તા.૧૨

તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના રાષ્ટ્રીય અધ્યક્ષ એન.ચંદ્રબાબુ નાયડુએ શનિવારે કહ્યું હતું કે તેઓ મુસ્લિમ લઘુમતીઓ માટે ૪% અનામત ચાલુ રાખશે અને તેમના કલ્યાણ માટેના તમામ કલ્યાણ અને વિકાસ કાર્યક્રમોને ફરીથી ચાલુ કરશે, જે YSR કોંગ્રેસ પાર્ટી દ્વારા રદ કરવામાં આવ્યા હતા. મુરાકમ્બટ્ટુ જંક્શન ખાતે 'પ્રજા ગલમ' ચૂંટણી સભાને સંબોધતા શ્રી નાયડુએ મુસ્લિમ લઘુમતીઓને આરક્ષણ વિરૂદ્ધ YSRCP નેતાઓના જૂઠાણા પર વિશ્વાસ ન કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, YSRCP સાંસદોએ નવી દિલ્હીમાં NRC અને CAAને ટેકો આપ્યો હતો, પરંતુ આંધ્રપ્રદેશમાં રહીને બિલો વિરૂદ્ધ ખોટું અભિયાન ચલાવ્યું હતું. વાયએસઆરસીપીના વડાએ સામાજિક ન્યાયના નામે પછાત વર્ગોને છેતર્યા છે.

ટીડીપી રાયલસીમા ક્ષેત્રમાં તમામ સમુદાયોને ધારાસભ્ય અને સાંસદની ટિકિટ આપવા માટે પ્રતિબદ્ધ હતી, પરંતુ YSRCPએ પ્રદેશમાં ઘણા પ્રભાવશાળી મ્ઝ સમુદાયોને એક પણ ટિકિટ આપી નથી. શ્રી નાયડુએ કહ્યું કે YSRCPએ પ્રદેશમાં પ્રબળ બલિજા સમુદાયને એક પણ MLAની ટિકિટ આપી નથી.

આંધ્રપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન નિષ્ફળ ગઈ છે. મુખ્યમંત્રીએ વિકાસની શરૂઆત કરવા, રસ્તાઓ બનાવવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અને શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલો બનાવવાની જરૂર છે. ટીડીપી વડાએ 'એપી લેન્ડ ટાઈટલિંગ એક્ટ' વિશે વાત કરતા કહ્યું કે આ અધિનિયમના જોખમો ઘણા



છે. શ્રી નાયડુએ કહ્યું કે, મારો જન્મ અને ઉછેર ચિત્તૂર જિલ્લામાં થયો હતો. હું ચિત્તૂર જિલ્લાનો ધારાસભ્ય પણ છું. તેમણે ચિત્તૂર જિલ્લાના લોકોને તમામ ૧૪ વિધાનસભા બેઠકો એનડીએને આપવા અપીલ કરી હતી. રાયલસીમા પ્રદેશમાં પીવાના અને સિંચાઈના પાણીની કટોકટીનો ઉલ્લેખ કરતા, શ્રી નાયડુએ ગોદાવરીના પાણીને ચિત્તૂર જિલ્લામાં લાવવા ઉપરાંત તમામ સિંચાઈ પરિયોજનાઓને ઝડપી બનાવવાનું વચન આપ્યું હતું.

શ્રી નાયડુએ ચિત્તૂર જિલ્લાને શૈક્ષણિક હબમાં પરિવર્તિત કરવાનું વચન પણ આપ્યું હતું. જ્યારે તેમનું ભાષણ સમાપ્ત થઈ રહ્યું હતું ત્યારે ચિત્તૂરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો અને ભીંજાઈ જવા છતાં શ્રી નાયડુએ કહ્યું કે આ વરસાદ એક આવકારદાયક સંકેત છે અને તે રાજ્યમાં YSRCP શાસનનો અંત લાવશે. ચિત્તૂરથી ટીડીપીના સાંસદ ઉમેદવાર દગ્ગુમલ્લા પ્રસાદ રાવ, ધારાસભ્ય ઉમેદવાર ગુરજલા જગન મોહન અને પૂર્વ ધારાસભ્ય સી.કે. બાબુ પણ આ સભામાં હાજર રહ્યા હતા.

# JNUના વીડિયોમાં છેડછાડ કરવામાં આવી છે : ફોરેન્સિક રિપોર્ટ પછી સ્મૃતિ ઈરાનીની સહાયક શિલ્પી તિવારી શંકાના દાયરામાં

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

શિલ્પી તિવારી માનવ સંસાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીની નજીકની સહાયક હોવાનું કહેવાય છે. દિલ્હી સરકાર દ્વારા કમિશ્ડ ફોરેન્સિક રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે તેના ટ્વિટર એકાઉન્ટમાં પોસ્ટ કરવામાં આવેલા JNUના વીડિયો 'ડોક્ટરેડ' છે અને તેણી વિવાદમાં આવી ગઈ છે.

ફોરેન્સિક અહેવાલમાં, ઓછામાં ઓછા ત્રણ શંકાસ્પદ વિડિયો મળ્યા છે, તેમાં તિવારી સાથે જોડાયેલા એકને ઊ ૨ તરીકે લેબલ કરવામાં આવ્યું છે. રેકોર્ડિંગ Q1 અને Q2માં જોવા મળેલી લિપ સિંકમાં વિસંગતતાઓ છે. તે મૂળ રેકોર્ડ કરેલા વિડિયોનો ભાગ નથી અને તેથી સાંભળેલી વાતચીત અધિકૃત નથી અને તે વક્તાઓ દ્વારા બોલવામાં આવેલ સાચી વાત રજૂ કરતી નથી.

આ અહેવાલ જણાવે છે કે : રેકોર્ડિંગ ઊર સોશિયલ મીડિયા www.twitter.comમાં યુઝર એકાઉન્ટ 'શિલ્પી તિવારી' સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળ્યું છે. નિષ્કર્ષ એ છે કે આ રેકોર્ડિંગ્સ Q1 અને Q2 અધિકૃત નથી કારણ કે તેના ઑડિઓ અને વિડિયો સ્ટ્રીમ્સ વિવિધ સ્રોતોમાંથી છે, આ રેકોર્ડિંગ્સને સાચી ઘટનાઓના પ્રતિનિધિત્વ તરીકે પ્રદર્શિત કરવાના હેતુ સાથે મર્જ કરવામાં આવ્યા છે.

ટ્રુથલેબ્સે ફોરેન્સિક ઑડિયો-વિડિયો પ્રમાણીકરણ અભ્યાસ હાથ ધર્યો હતો. દિલ્હી સરકારે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટની આગેવાની હેઠળની તપાસના ભાગરૂપે ૧૮ ફેબ્રુઆરીએ પાંચ વીડિયો અને ૨૨ ફેબ્રુઆરીએ વધુ બે વીડિયો સબમિટ કર્યા હતા. હકીકતમાં, રિપોર્ટમાં કહ્યું છે કે, Q5 તરીકે લેબલ થયેલ અન્ય એક વિડિયો સાચી અને સંપૂર્ણ ઘટનાનું પ્રતિનિધિત્વ કરતું નથી. એચઆરડી મંત્રાલયે આ પ્રશ્નોના જવાબમાં તિવારીથી પોતાને દૂર કરતાં કહ્યું છે કે તેણીએ ખાનગી ધોરણે ઈરાનીને "સહાય" કરી હોય



શકે છે. તેણી ખાનગી રીતે એચઆરડી મંત્રીને મદદ કરી શકે છે પરંતુ તેને કોઈ સત્તાવાર કામ આપવામાં આવ્યું નથી. મંત્રાલયે તેણીને અગાઉ હોદ્દાની ઓફર કરી હતી પરંતુ તેણીએ ક્યારેય કોઈ હોદ્દો/નિમણૂક સ્વીકારી ન હતી.

તિવારીએ તેણીને મોકલવામાં આવેલા પ્રશ્નોનો જવાબ આપ્યો ન હતો. તેમજ તેણીએ અનેક ફોન કોલ્સ અને મેસેજનો જવાબ આપ્યો ન હતો. Q1, એ ૩૮-સેકન્ડનો યુટ્યુબ વિડિયો છે, જે કન્હૈયાના એવા "વિશિષ્ટ" ફૂટેજનો દાવો કરે છે જેમાં તે રાષ્ટ્રવિરોધી નારા લગાવે છે. ૨૩-સેકન્ડ લાંબા વિડિયો Q2ની સામગ્રીમાં પણ આ પુનરાવર્તિત વિક્ષેપને કારણે અસ્પષ્ટ દેખાય છે પરંતુ લેબનો રિપોર્ટ એવું અવલોકન કરે છે કે ઑડિઓ અને વિડિયો સ્ટ્રીમ્સ મીડિયા મેનીપ્યુલેશન ટૂલ્સનો ઉપયોગ કરીને એકસાથે મર્જ કરવામાં આવ્યા હતા.

### સંગેમરમરનો પથ્થર એક ઐતિહાસિક ખનીજ સમાન

# ગુજરાતના સંગેમરમરને મળ્યો GI ટેગ

## ટેગ મળતા અંબાજીના માર્બલની વેલ્યુ વધી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

સંગેમરમરનો પથ્થર એક ઐતિહાસિક ખનીજ સમાન જ માનવામાં આવે છે આ સંગેમરમરથી દેશ વિદેશમાં મોટા સ્મારકો બન્યા છે. ગુજરાતભરમાં આ સંગેમરમર એટલે કે માર્બલ ખાણો માત્ર અંબાજીમાં આવેલી છે. ત્યારે આ કિંમતી સંગેમરમરને જીઆઈ ટેગ મળ્યું છે. અંબાજીમાં ૩૦ ઉપરાંત ખાણોમાંથી સફેદ સંગેમરમરનો પથ્થર નીકળે છે. અંબાજીની ખાણોમાંથી નીકળતા આ સફેદ માર્બલના પથ્થરની મોટી વિશેષતાઓ છે. આ પથ્થર મજબૂતીમાં હાર્ડ અને કેલ્શિયમ માત્રામાં ભરપૂર છે. અંબાજી પંથકમાં એવું મનાય છે કે, આ માર્બલની ખાણો ૧૦૦૦થી ૧૨૦૦ વર્ષ પુરાણી છે, ને આજે પણ ધરતીના પેટાળમાં સંગેમરમરનો પથ્થર એટલે કે માર્બલનો પથ્થરનો ખજાનો ધરબાયેલો પડ્યો છે. ઉદ્યોગકારો આ પથ્થરને જાણે બરફીના ચોસલા પાડીને નીકાળતા હોય તેમ આધુનિક મશીનથી આ માર્બલના બ્લોક નીકાળતા હોય છે. ગુજરાત કે દેશ જ નહિ પણ વિદેશોમાં પણ અંબાજીના આ માર્બલની ભારે બોલબાલા છે. અંબાજીના આ પથ્થરથી અનેક મંદિરોના પણ નિર્માણ થયા છે. તાજેતરમાં અંબાજીના સફેદ આરસપહાણમાં જે સિલિકોન ઓક્સસાઈડ કેલ્શિયમ ઓક્સસાઈડ જેવા તત્વો હોવાને કારણે અંબાજી માર્બલને GI ટેગ ભારત સરકાર દ્વારા પ્રાપ્ત થયો છે. જેમ ઉચ્ચ ક્વોલિટીવાળા સોનાના દાગીનામાં હોલમાર્ક હોય છે તેમ અંબાજીના માર્બલને હજારો વર્ષ બાદ GI ટેગ એટલે કે જીઓ ગ્રાફિકલ ઈન્ડીકેશન સર્ટિફિકેટ મળ્યું છે. આ ટેગ સાચા માર્બલની ખરાઈના પુરાવાઓ આપે છે. આ GI (જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન) ટેગ મળતા અંબાજીના માર્બલની વેલ્યૂ મોટા માર્કેટમાં ઘણી ઉંચી થઈ છે. સાથે અંબાજીનો માર્બલ ઉચ્ચ ગુણવત્તાસભર હોવાનું પણ આ GI ટેગ સાબિત કરી બતાવે છે.

### વડોદરાના ફતેગંજ વિસ્તારની ઘટના

# ટેરેસ પરથી કૂદવા જતા સગીરને પોલીસે સમયસૂચકતાથી બચાવી લીધો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

ફતેગંજ વિસ્તારમાં આપઘાત કરવા માટે ત્રીજા માળે ચડી ગયેલા સગીર પોલીસની સમયસૂચકતાથી બચી જતાં પરિવારજનોના જીવમાં જીવ આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ૧૨.૧૪ વાગે પોલીસ કંટ્રોલરૂમને એક મેસેજ મળ્યો હતો કે, મારો પુત્ર મને હેરાન કરી રહ્યો છે. તાત્કાલિક પોલીસને મોકલો. ફતેગંજ પીઆઈ એએમ ગઢવીએ આ મેસેજને પગલે તાત્કાલિક હેકો નિલેશભાઇ અને ટીમને મોકલી હતી.

પોલીસ સ્ટેશનની નજીકમાં જ ત્રણ માળના મકાનમાં આ બનાવ બન્યો હતો. પોલીસ પહોંચી ત્યારે સગીર પુત્રએ ત્રીજા માળનો દરવાજો તેમજ ટેરેસનો દરવાજો બંધ કરી દીધો હતો. જેથી પોલીસે દરવાજો તોડ્યો હતો.આ વખતે સગીર ટેરેસની પાળી પરથી કૂદી પડવા તૈયાર હતો. જેથી એક પોલીસ જવાને તેને વાતોમાં પરોવી બીજાએ છેલ્લી ઘડીએ પકડી લેતાં તે બચી ગયો હતો. માનસિક અસ્વસ્થ સગીરને થોડી ઈજા પહોંચી હોવાથી સારવાર માટે મોકલ્યો હતો.

### કોંગ્રેસના ગેનીબેને ચૂંટણી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો

# તમે જે પાઘડી બાંધી છે તેની લાજ નહીં જવા દઉ

## દીકરીઓને ભણાવવા પર ભાર મૂકી સમાજને સ્વનિર્ભર બનાવાની વાત કરી

અમદાવાદ, તા.૧૨

વાવના ધારાસભ્ય અને બનાસકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ફરી એકવાર ચૂંટણીમાં જીતનો વિશ્વાસ વ્યકત કર્યો છે. અવસર હતો ઠાકોર સમાજના સમૂહલગ્નોત્સવનો. જ્યાં ગેનીબેન ઠાકોરે સમાજનો આભાર વ્યકત કરતા કહ્યું કે સમાજે રૂપિયા અને વોટ બંને આપ્યા, મારા કરવા કરતા સમાજે મારા માટે ઘણું કર્યું છે. ત્યારે વિશ્વાસ વ્યકત કર્યો કે તમે જે પાઘડી બંધાવી તેની લાજ નહીં જવા દઉ. તો સમાજનું પોતાના પર ઋણ હોવાનો સ્વીકાર કરતા કહ્યું કે ચૂંટણી દરમિયાન ૪૦૦ સભા થઈ પરંતુ હજુ તાકાત છે અને પાવર પણ છે તે પોતાની નહીં પણ સમાજની તાકાત છે. આ તકે ગેનીબેન ઠાકોરે ઠાકોર સમાજને સ્વનિર્ભર બનાવવા હાંકલ કરી હતી. આટલું જ નહીં દીકરીઓના શિક્ષણ પર પણ ભાર મૂક્યો છે. ઠાકોર સમાજના સમૂહલગ્નોત્સવમાં વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે એક વિચાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, મારી જિંદગી હવે પછી શિક્ષણ પાછળ સમર્પિત કરી દઈશ. ઠાકોર સમાજમાં છેલ્લા ૩૦ વર્ષથી ભેગું કરીએ છીએ અને ફરી પાછું વેરાઈ જાય છે. છતાં હજુ એને હાર નહીં સ્વીકારીએ. ઠાકોર સમાજમાં હવે હજાર બે હજાર ના વાપરી શકે તેવું કોઈ કુટુંબ નહિ હોય. ઠાકોર સમાજના સમુહ લગ્નમાં અમારે કોઈની સામે ભીખ માગવાની નથી. ગેનીબેન ઠાકોરે અપીલ કરતાં જણાવ્યું કે, તમામ સમાજો સાથે રાખીને સમાજના પ્રસંગો કરવા જોઈએ. વાલ્મિકી સમાજના સમુહ લગ્નમાં હું ને શંકરભાઈ હતા પરંતુ અમે બંને મહેમાન હતાં. મહેમાનો ગમે ત્યાં જઈ શકે બોલાવે ત્યાં જઈ શકીએ. સમાજને સ્વનિર્ભર બનાવવો જોઈએ. તમારી દીકરીઓને સારી રીતે ભણાવી જોઈએ. વાલીઓ દ્વારા બાળકીને ભણવા માટે મોકલો છો ત્યારે ભાડાની વ્યવસ્થા કે પછી સાધનની વ્યવસ્થા કરાવો.

# NEETચોરી કૌભાંડ : ઘટના બાદ ગુમ થયેલા બે આરોપીઓને પોલીસે દબોચી પાડ્યા

## આરોપીઓની પૂછપરછમાં વધુ ખુલાસો થાય તેવી શકયતા

અમદાવાદ,તા.૧૨

રાજયભરમાં ચકચાર જગાવનાર પંચમહાલના ગોધરાના નીટ પરીક્ષા કૌભાંડ મામલે ગુમ થયેલા વધુ બે આરોપીઓ આરીફ વોરા અને તુષાર ભટ્ટને પોલીસે દબોચી લીધા છે. હાલ આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્યારે પૂછપરછ દરમ્યાન વધુ ખુલાસા થાય તેવી શકયતાઓ છે. ગોધરામાં નીટની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ચોરી કરાવવાનું કૌભાંડ ઝડપાતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. ત્યારે પોલીસ દ્વારા આ મામલે રોય ઓવરસીઝના સંચાલક પરશુરામ રોયની પૂછપરછ બાદ ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાતા ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા. ત્યારે આ જ અગાઉ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરતા વધુ બે આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. મોબાઈલ ફોન અને રોકડ રકમ સાથે પકડાયા બાદ ફરાર આરોપી તુષાર ભટ્ટની પોલીસે અટકાયત કરી છે. તુષાર ભટ્ટને ૭ લાખ રોકડ આપનાર આરીફ વોરાની પણ અટકાયત કરાઈ છે. કૌભાંડ બાદ વડોદરાના પરશુરામની ધરપકડ કરીને ૧૦ દિવસના રિમાન્ડ પોલીસે મેળવ્યા હતા. સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય બે આરોપીઓની અટકાયતને પગલે મહત્વના ખુલાસા થાય તેવી શકયતા છે. પોલીસ અધિક્ષક કચેરી ખાતે બંને આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરાઈ છે ત્યારે આ મામલે અનેક વિગતો બહાર આવે તેવી સંભાવના છે.

# નઈમબેગ મિર્ઝાએ ગુજરાત શોટગન શૂટિંગ સ્પર્ધામાં ગોલ્ડમેડલ મેળવ્યો



અમદાવાદ, તા.૧૨

નઈમબેગ મિર્ઝાએ ગુજરાત રાજ્ય શોટગન શૂટિંગ સ્પર્ધામાં ડબલ ટ્રેપ માસ્ટર કેટેગરીમાં ફરી એકવાર "સુવર્ણ પદક" જીતી તેમના પદકોમાં વધુ એક ઉમેરો કર્યો છે. મિર્ઝા આ જ વર્ષમાં યોજાયેલ અમદાવાદ જિલ્લા શોટગન શૂટિંગ સ્પર્ધામાં પણ સુવર્ણ પદક જીતી ચૂક્યા છે. ગત વર્ષે તેઓ રાયફલ શૂટિંગમાં પણ કાંસ્ય પદક જીતી ચૂકયા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી પદની જવાબદારી અને ચૂંટણીની ભારે વ્યસ્તતા વચ્ચે અમદાવાદ જિલ્લા અને ગુજરાત રાજ્ય એમ બે સુવર્ણ પદક જીતવા એ એક મોટી ઉપલબ્ધિ છે. તેઓ પૂર્વ સાંસદ ઈર્શાદબેગ મિર્ઝાના પુત્ર નઈમ મિર્ઝા તેમના પિતા દ્વારા બનાવેલ પગદંડી પર ચાલી, રાજકીય અને સામાજિક કાર્યોમાં સતત અગ્રેસર રહે છે. આવી પ્રતિભા એ મુસ્લિમ સમાજના તમામ યુવાઓ માટે પ્રેરણાસ્રોત છે.

### ધો.૧૨ વિ.પ્ર.માં નાપાસ થયા બાદ

# ઘર છોડીને ચાલ્યો ગયેલ વિદ્યાર્થી કોલકાતાના ગુરૂદ્વારામાંથી મળી આવતા પરિવારજનોને હાશકારો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

૧૨ વિજ્ઞાન પ્રવાહમાં નાપાસ થયા બાદ ઘર છોડીને ચાલ્યો ગયેલો વિદ્યાર્થી કોલકત્તાના ગુરૂદ્વારામાંથી મળી આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં રહેતા દિપકભાઈનો એકનો એક પુત્ર ધોરણ ૧૨ સાયન્સના પરિણામમાં બે વિષયમાં નાપાસ થતા અચાનક તે ઘરેથી ટ્યુશન ક્લાસમાં જવાનું કહી નીકળી ગયો હતો. બાદમાં ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મૂકાયા હતા અને આ બાબતની જાણ પોલીસને કરી હતી. જો કે, આ અંગે પરિવારજનોએ સંબંધીઓને ફોન કરતા કોઈપણ જગ્યાએથી પુત્રની ભાળ મળી નહોતી.

નાપાસ થતાં ઘર છોડી દેનાર યુવક મકરપુરાની સ્કૂલમાં અભ્યાસ કરતો હતો અને ધોરણ ૧૨ સાયન્સમાં બે વિષયમાં નાપાસ થતાં પોતે ઘર છોડીને ચાલ્યો ગયો હતો.

ત્યારબાદ પોલીસને જાણ કરાતા તપાસમાં તેનું એક્ટિવા રેલવે સ્ટેશનથી મળી આવતા રેલવે સ્ટેશનના સીસીટીવી ચેક કરતા પશ્ચિમ એક્સપ્રેસમાં બેસીને મુંબઇ તરફ ગયો હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. બાદમાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન વિદ્યાર્થી મુંબઇથી ટ્રેનમાં બેસીને કોલકત્તા પહોંચી ગયો હતો. જ્યાં તે ગુરૂદ્વારામાં રહેવા ગયો હતો. જ્યાં તેણે કોઇને તેની મમ્મીનો નંબર આપ્યો હતો અને ફોન કરવા કહ્યું હતું. જેથી તેઓએ વિદ્યાર્થીની મમ્મીને ફોન કર્યો હતો. જેથી પરિવારજને જાણ થતાં મકરપુરા પોલીસ સાથે કોલકત્તાના ગુરૂદ્વારામાં પહોંચી ગયા હતા અને વિદ્યાર્થીને પરત વડોદરા લાવવા કાર્યવાહી શરૂ કરી હતી.

# ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે MES સ્કૂલ ખાતે કારકિર્દી સેમિનાર યોજાયો



ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે કારકિર્દી માર્ગદર્શન સેમીનારનું આયોજન એમ.ઈ.એસ. હાઇસ્કૂલ, યાકુતપુરા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કેરિયર ગાઈડ સૈયદ મોહમ્મદ અલીએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. **(તસવીર : અતિક શેખ, વડોદરા)**

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

શિફા ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે કારકિર્દી માર્ગદર્શન સેમીનારનું આયોજન એમ. ઈ.એસ. હાઈસ્કુલ, યાકુતપુરા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે કેરિયર ગાઈડ સૈયદ મોહમ્મદ અલી ખાસ ઉપસ્થિત રહ્યા હતા જેમને વિદ્યાર્થીઓને. ધોરણ ૧૦ અને ૧૨ પછી શું કરવું, ક્યા ક્યા અભ્યાસક્રમો છે અને કેવી રીતે પ્રવેશ મેળવી શકાય છે. તેમજ ક્યા કોર્સની હાલ માંગ વધુ છે જેમાં અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ પોતાનું ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકે છે તે અંગે પણ માહિતી આપી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના જનરલ સેક્રેટરી ચિરાગ શેખે આ વર્ષે ઉત્તીર્ણ થનાર ધોરણ ૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓને અભિનંદન આપી આવકાર્યા હતા. સાથે જ વિદ્યાર્થીઓને આજે આપણા સમાજમાં બાળકોને એજ્યુકેશન આપવું કેટલું જરૂરી છે અને બાળકોને કેવી રીતે એક સફળ ભવિષ્ય તરફ લઈ જઈ શકાય છે તે અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે સૈયદ મોહમ્મદ અલી, બરોડા મુસ્લિમ ડોક્ટર્સ એસોસિએશનના પ્રમુખ ડો. મોહમ્મદ હુસૈન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના જનરલ સેક્રેટરી ચિરાગ શેખ, એમ. ઈ. એસ હાઈકુલના સેક્રેટરી નીસારમિયાં મલેક, એડવોકેટ શાહનવાઝ પઠાણ, માજી કાઉન્સિલર આઈ. ડી.પટેલ, હેલપિંગ હેન્ડના સેક્રેટરી ડો. સલીમ ઉમરજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

# વીરપુર તાલુકાના દાંતલા ગામના આર્મી જવાન નિવૃત્ત થતાં શાહી સ્વાગત કરાયું



વીરપુર તાલુકાના દાંતલા ગામના મુકેશભાઈ અમરાભાઈ ખાંટ આર્મીમાંથી નિવૃત્ત થઈ માદરે વતનમાં તરત પરત ફરતા વીરપુર ખાતે ડીજેના તાલે બાઈક રેલી સાથે દાંતલા ગામની ફરતે પ્રદક્ષિણા કરી શ્રદ્ધાસુમન અર્પણ કરી ત્યારબાદ ગામમાં બહેનો દ્વારા સામૈયા અને વાજતે-ગાજતે "વીરતિલક" કરાયું હતું. દેશસેવામાં ૨૨ વર્ષ પૂરા કરી પોતાના માદરે વતન દાંતલા પરત ફરતા ગ્રામજનો, સ્નેહીઓ, શાળા પરિવાર, સામાજિક અને રાજકીય આગેવાનો દ્વારા ઉમળકાભેર ફૂલહાર, શાલ, વિવિધ મોમેન્ટો આપી સન્માનિત કરી અભિનંદન આપ્યા હતા. **(તસવીર :- નબીજી શેખ, વીરપુર)**

# નડિયાદ : લીંબાસી રોડ ઉપર બાઈક પરથી પડી ગયેલ યુવક પર આઈસર ફરી વળતાં મોત

નડિયાદ, તા.૧૨

માતર તાલુકાના લીંબાસી રોડ ઉપર ખાડો આવતા મોટરસાઈકલ પાછળ બેઠેલ યુવક પડી ગયો હતો. આ યુવક પર આઈસર ગાડી ફરી વળતાં તેનું ગંભીર ઈજા થતાં મોત નિપજયું હતું. મળતી માહિતી મુજબ માતર તાલુકાના ગાયત્રીનગર તાબે મરાલામાં રહેતા વીરલ રમેશભાઈ બેલદાર આજે સવારે મોટરસાઈકલ લઈને લીંબાસી માલાવાડા ચોકડી પરથી શાકભાજી લઈ પરત ઘરે જતા હતા. આ દરમિયાન પાડોશમાં રહેતા નિલેશ મેલાભાઈ ભોઈ ચાલતા જતા હોય તેમને મોટરસાઈકલ પર બેસાડી તેઓ લીંબાસી રોડ ઉપરથી પસાર થતા હતા. ત્યારે ઓટો પાર્ટ્સની દુકાન સામે આગળ જતી સીએનજી ગેસ વાહનની ઓવરટેક કરી આઈસર ગાડી આગળ નીકળવા જતી હતી. ત્યારે રોડ પર પડેલા ખાડામાં મોટરસાઈકલ પડતા બાઈક પર બેઠેલ નિલેશભાઈ નમીને રોડ ઉપર પડી ગયા હતા. જેથી પાછળથી આવેલ આઈસર ગાડીના ટાયર નિલેશભાઈ ઉપર ફરી વળતાં માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક નાસી ગયો હતો. આ બનાવ સંદર્ભે વિરલ રમેશભાઈ બેલદાર ઓડએ લીંબાસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# કોટના ગામે મહીસાગર નદીમાં ન્હાવા પડેલ તાંદલજાના બે યુવકોના ડૂબી જતાં મોત

(સંવાદદાતા દ્વારા)



**(તસવીર : અતિક શેખ, વડોદરા)**

વડોદરા, તા.૧૨

વડોદરા શહેર નજીક આવેલું કોટના ગામ મહિસાગર નદીના કિનારે આવેલું છે. આ સ્થળે છેલ્લા થોડા સમયથી વડોદરાવાસીઓ માટે પસંદીદા સ્થળ બની ગયું છે. હરણી બોટ દુર્ઘટના બાદ આ સ્થળે બોટીંગ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. જોકે તે પહેલા કોટના સ્થિત મહિસાગર નદીમાં ગેરકાયદેસર રીતે લોકોના જીવ જોખમમાં મુકી બેરોકટોક બોટીંગનો ધંધો ચલાવવામાં આવતો હતો. વડોદરા શહેરના તાંદલજા ખાતે રહેતા પાંચ યુવાનો કોટના ખાતે બપોરના સમયે ન્હાવા માટે પહોંચ્યાં હતા. જયાં પાંચેય મિત્રો કાળઝાળ ગરમીમાં નદીના પાણીની મજા માણી રહ્યાં હતા. દરમિયાન ૨૦ વર્ષીય પટેલ જૈનુલ ઈબ્રાહીમ અને ૧૯ વર્ષીય સોહેબ ઈરફાન પઠાણ નદીના ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા હતા. જે જોતા અન્ય મિત્રોએ બુમાબુમા કરતા સ્થાનિકો દોડી આવ્યાં હતા અને નદીમાં ડૂબી ગયેલા બન્ને યુવકોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. લાંબી શોધખોળ બાદ બન્ને મિત્રોને સ્થાનિકોએ નદીમાંથી બહાર કાઢવા તાત્કાલીક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યાં હતા. જો કે ફરજ પરના તબીબો દ્વારા આ બન્ને યુવકોને મૃત જાહેર કરવામાં આવ્યાં હતા. આ મામલે કોટના ગામના સરપંચ નિતીન ઠક્કરે જણાવ્યું હતું કે, લોકો ગરમીના સમયમાં અહીંયા ન્હાવા માટે આવે છે. ગ્રામજનો જ્યારે તેમને રોકે છે, ત્યારે તેમની સાથે ઉગ્ર વર્તન કરી, અમને રોકવા માટે તમારી પાસે કોઈ પરિપત્ર છે ? તેવા સવાલો કરી ઘર્ષણ કરે છે. આ સ્થળ પર સાવચેતીના ભાગરૂપે બોર્ડ લગાડવામાં આવ્યાં હતા, જે પણ ઉખાડી કાઢવામાં આવ્યાં છે. પોલીસ સ્થળ પર હાજર હોય છે, પરંતુ તેમનુ પણ અહીં આવતા લોકો સાંભળતા નથી. આજે જે બનાવ બન્યો તેમાં ગ્રામજનોએ જ આ યુવકને નદીમાંથી બહાર કાઢ્યાં છે.

### વડોદરા સહિત રાજ્યભરમાં ચકચાર જગાવનાર

# હરણી લેક દુર્ઘટનામાં આરોપીઓને જામીન બાદ મારૂં વડોદરા બચાવો સમિતિ અન્ય એક ફરિયાદ દાખલ કરશે

## ચૂંટણી પૂરી થતાં જ આરોપીઓને જામીન મળી ગયા તે ચિંતા ઉપજાવે છે : મારૂં વડોદરા બચાવો સમિતિ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

સમગ્ર દેશને હચમચાવી નાંખનાર વડોદરા હરણી લેકઝોન બોટ દુર્ઘટના મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે અને હાલમાં ૧૪ આરોપીઓના જામીન મંજૂર થયા છે. ત્યારે આ ગોઝારી ઘટનામાં મૃતક બાળકીના વાલીઓ એકત્રિત થઈ આ બાબતે વિરોધ કરવાના હતા. પરંતુ હવે મારૂં વડોદરા બચાવો સમિતિ દ્વારા આ બાબતે અધિકારીઓ અને પદાધિકારીઓ સામે કાર્યવાહી માટે તજ્ઞો તૈયાર કરવામાં આવ્યો છે અને સોમવારે આ બાબતે ફરિયાદ દાખલ કરીશું તેમ જણાવવામાં આવ્યું છે. આ અંગે મારૂં વડોદરા બચાવો સમિતિના મહેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, આજે એકત્રિત થવાનું એટલું જ કારણ છે કે ૧૮ જાન્યુઆરીના રોજ સમગ્ર શહેર અને રાજયમાં હચમચાવી મૂકે તેવી હરણી બોટ દુર્ઘટના બની હતી. આ સમગ્ર ઘટનામાં આરોપીઓને જે જામીન મળ્યા છે તે એક ચિંતા પ્રગટ કરે તેવી બાબત છે. આ જામીન નીચલી કોર્ટે મંજુર કર્યા છે. આ લોકોને જામીન મળ્યા છે તે એક કાનૂની પ્રક્રિયા છે અને કેસ હજુ ચાલ્યો નથી. આ મામલે સોમવારે અને અન્ય એક ફરિયાદ દાખલ કરીશું જેમાં સમગ્ર વડોદરા અને ગુજરાત હચમચી જશે. ચૂંટણી બાદ આરોપીઓના જામીન મંજુર થયા છે, કેમ ચૂંટણી પહેલા ન થયા. સુનાવણી બાકી હતી તો ચૂંટણી પહેલા જામીન કેમ ન આપ્યા, શુ ચૂંટણી પહેલા પ્રચારમાં કંઈ અસર પડત. શુ ઈલેકશન કમિશન ભાજપ પ્રેરિત છે. આ તમામ બાબતો સામે આવી જેમાં કાગનું બેસવું અને ડાળ પડવા જેવી સ્થિતિ થઈ છે. આ બાબતે ન્યાય તંત્ર તટસ્થ છે અને જે અર્બન સમિતિની રચના કરી તપાસ સોંપી છે, તેના પર અમને ભરોસો છે. બહાર જે મગરો ફરે છે તે આવરી લેવા જોઈએ અને પોલીસે પણ હરણી બોટ કાંડમાં ખૂબ સારી કામગીરી કરી છે અને ૨૭૦૦ પાનાની ચાર્જશીટ રજુ કરી છે. જે બાબતે ખૂબ પોલીસ ખાતાને અમે સેલ્યુટ કરીયે છીએ. આ બાબતે મારૂ વડોદરા બચાવો સમિતિએ તજ્ઞો તૈયાર કર્યો છે અને જે મોટા મગર બહાર ફરે છે તે બાબતે ને લઇ સોમવારે ફરિયાદ દાખલ થઈ જશે.

**અમારા બાળકો અલ્લાહની પનાહમાં જતા રહ્યા છે...અન્ય કોઈ ન જાય તે માટે સહકાર આપજો : મૃતક બાળકના પિતા અલ્તાફભાઈ**

આ અંગે મૃતક બાળકના વાલી અલ્તાફભાઈએ જણાવ્યું હતું કે, અમને એવું હતું કે ચૂંટણી બાદ આરોપીઓને જામીન મળી ગયા છે. પરંતુ અમને ભરોસો છે કે ન્યાયતંત્ર કામ કરશે અને બધા જ પૂરાવા અમે જોયા છે. અધિકારીઓ સંડોવાયેલા છે તે તમામ સામે કાર્યવાહી થશે અને નામ ખુલશે. અમારા તો બાળકો જતા રહ્યા છે, પરંતુ બીજાના ન જાય તે માટે સહકાર આપજો. આજે અમે વિરોધ કરવાના હતા, પરંતુ અમને આ બાબતે અન્ય કેસ કરવાના છે. અમને ન્યાય પાલિકા પર ભરોસો છે .

# ભિવંડી ખાતે મોકલેલ પાર્સલમાંથી બ્રાન્ડેડ કપડાં કાઢી પથ્થરો ભરી દેનાર ચાર ડિલિવરી બોય ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)




વડોદરા, તા.૧૨

વડોદરાના પેન્ટાલુન શો રૂમ દ્વારા મહારાષ્ટ્રના ભિવંડી ખાતે મોકલેલા બ્રાન્ડેડ કપડાના પાર્સલમાંથી રૂા.૬૪ હજારના કપડાઓની ચોરી કરનાર ડિલીવરી કંપનીમાં કામ કરતાં ચાર શખ્સોને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ચોરીના કપડા અને રકમ મળી ૩૫ હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસને સુપરત કરાયા છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરી કરી રહી હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે, પંદર દિવસ પહેલાં જીએસએફસીના ગેટ સામેની ડિલીવરી સર્વિસ નામની કુરીયર સર્વિસમા ડિલીવરી બોય તરીકે નોકરી કરતા ચાર શખ્સોએ ભેગા મળી ગોરવા ગેંડા સર્કલ ખાતેની પેંટાલુસ નામની કપડાની દુકાનમાંથી કપડાના પાર્સલો કાઢી લીધા હતા. ત્યારબાદ પાર્સલોમાંથી સ્ત્રી પુરૂષોના કપડાઓ ચોરી કર્યા હતા. આ ચારેય શખ્સો હાલ દશરથ ગામ પાણીની ટાંકી પાસે ચોરી કરેલા કપડા ભરેલી થેલીઓ સાથે ઊભા રહી કપડાઓ વેચવા જવાની તૈયારીમાં છે. જેના આધારે જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ તાત્કાલિક દશરથ ગામ ખાતે પહોંચી ગઈ હતી અને ચાર શખ્સોએ પોલીસ જોઇને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ક્રાઈમ બ્રાન્ચે નીરજ ઉર્ફે નીલુ પ્રવીણભાઇ યાદવ, મયંક મહેંદ્રસિંહ રાઠોડ, ભાવિક રાજુભાઇ ભીલ તથા આશિષ અશોકભાઈ પટેલને ઝડપી પાડ્યા હતા. તેઓની પૂછપરછ દરમિયાન તેઓ પાર્સલ ડિલીવરી કંપનીમાં કામ કરતા હોવાનું અને ગોરવા ગેંડા સર્કલ ખાતેની પેન્ટાલુંન નામની કપડાની દુકાનમાથી ડિલીવરી માટે લીધેલા કપડાના બોક્ષ પાર્સલ ખોલી તેમાંથી કપડાઓની ચોરી કરી ફરી પાર્સલ બોક્ષને સેલોટેપ મારેલાની કબુલાત કરી હતી. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચે ખાતરી કરી હતી કે, ડિલીવરી કંપની તરફથી વડોદરાની પેન્ટાલુન કંપની ખાતેથી બ્રાન્ડેડ કપડાઓના ૨૭ બોક્ષ મહારાષ્ટ્રના ભિવંડી ખાતે ડિલીવરી કંપની દ્વારા ૨૯ એપ્રિલના રોજ મોકલી આપ્યા હતા. ભિવંડી ખાતે બોક્ષ ખોલતાં તેમાં કપડાઓની જગ્યાએ પથરા નીકળ્યા હતા. જેથી ડિલીવરી કંપનીએ ખાત્રી કરતાં ડિલીવરી કંપનીમાં કામ કરતા ચાર તથા અન્ય બે મળી ૬ શખ્સોએ પાર્સલોમાંથી રૂા.૬૪ હજારના કપડાઓની ચોરી કર્યાનું જણાયું હતું. જેની ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચે કપડા અને રોકડ મળી ૩૫ હજારના મુદ્દામાલ અને આરોપી ગોરવા પોલીસને સોંપવામાં આવ્યા છે.

# આજે ચોથા તબક્કામાં કયા રાજ્યની કઈ-કઈ બેઠકો માટે મતદાન

## આંધ્રપ્રદેશ : લોકસભાની તમામ ૨૫ બેઠકો અને ૧૭૫ વિધાનસભા બેઠકો પર એક જ તબક્કામાં મતદાન થશે

અરાકુ, શ્રીકાકુલમ (ટીડીપી), વિઝિયાનગરમ (વાયએસઆરસીપી), વિશાખાપટ્ટનમ (YSRCP), અનાકાપલ્લે (YSRCP), કાકીનાડા (YSRCP), અમલાપુરમ (YSRCP), રાજમુન્દ્રી (YSRCP), નરસાપુરમ (YSRCP), એલુરૂ (YSRCP), માછલીપટ્ટનમ (જેએસપી), વિજયવાડા (ટીડીપી), ગુંટુર (ટીડીપી), નરસરાઓપેટ (YSRCP), બાપટલા (YSRCP), ઓંગોલ (YSRCP), નંધાલ (YSRCP), કુર્નૂલ (YSRCP), અનંતપુર (YSRCP), હિન્દુપુર (YSRCP), કડપા (YSRCP), નેલ્લોર (YSRCP), તિરૂપતિ (YSRCP), રાજમેટ (YSRCP), ચિત્તૂર (YSRCP).

**બિહાર : ૪૦માંથી પાંચ મતવિસ્તાર**

દરભંગા (BJP), ઉજિયારપુર (BJP), સમસ્તીપુર (LJP), બેગુસરાય (BJP), મુંગેર (JDU)

**જમ્મુ અને કાશ્મીર : ૧**

શ્રીનગર (J&K NC)

**ઝારખંડ : ૧૪ બેઠકોની ૪ મતવિસ્તાર**

સિંઘભૂમ (કોંગ્રેસ), ખુંટી (ભાજપ), લોહરદગા (ભાજપ), પલામૌ (ભાજપ)

**મધ્યપ્રદેશ : ૮ મતવિસ્તાર અને આ સાથે રાજ્યની તમામ મતવિસ્તારમાં મતદાન પૂર્ણ થઈ ગયું હશે.**

દેવાસ (ભાજપ), ઉજ્જૈન (ભાજપ), મંદસોર (ભાજપ), રતલામ (ભાજપ), ધાર (ભાજપ), ઈન્દોર (ભાજપ), ખરગોન (ભાજપ), ખંડવા (ભાજપ)

**મહારાષ્ટ્ર : ૪૮ સીટોમાંથી ૧૧ સીટો**

નંદુરબાર (ભાજપ), જલગાંવ (ભાજપ), રાવેર (ભાજપ), જાલના (ભાજપ), ઔરંગાબાદ (એઆઈએમઆઈએમ), માવલ (શિવસેના), પૂણે (ભાજપ), શિરૂર (એનસીપી), અહમદનગર (ભાજપ), શિરડી (શિવસેના), બીડ (ભાજપ)

**ઓડિશા : ૨૧ મતવિસ્તારોમાંથી ૪ મતવિસ્તાર; ૧૪૭ બેઠકોમાંથી ૨૮ વિધાનસભા બેઠકો પર પણ એકસાથે મતદાન થશે.**

કાલાહાંડી (ભાજપ), નબરંગપુર (બીજેડી), બેરહામપુર (બીજેડી), કોરાપુટ (કોંગ્રેસ)

**તેલંગાણા : તમામ ૧૭ બેઠકો પર એક જ તબક્કામાં ચૂંટણી થશે.**

આદિલાબાદ (ભાજપ), પેદ્દાપલ્લી (બીઆરએસ), કરીમનગર (ભાજપ), નિઝામાબાદ (ભાજપ), ઝહીરાબાદ (બીઆરએસ), મેડક (બીઆરએસ), મલકાજગીરી (કોંગ્રેસ), સિકંદરાબાદ (ભાજપ), હૈદરાબાદ (એઆઈએમઆઈએમ), ચેવેલ્લા (કોંગ્રેસ), મહબૂબનગર (BRS), નાલગોંડા (કોંગ્રેસ), નાગરકર્નૂલ (BRS), ભોંગિર (કોંગ્રેસ), વારંગલ (કોંગ્રેસ), મહબૂબાબાદ (BRS), ખમ્મામ (BRS)

**ઉત્તરપ્રદેશ : ૮૦ બેઠકોમાંથી ૧૩ બેઠકો**

શાહજહાંપુર (ભાજપ), ખેરી (ભાજપ), ધારુહારા (ભાજપ), સીતાપુર (ભાજપ), હરદોઈ (ભાજપ), મિસરીખ (ભાજપ), ઉન્નાવ (ભાજપ), ફર્રૂખાબાદ (ભાજપ), ઈટાવા (ભાજપ), કન્નૌજ (ભાજપ), કાનપુર (ભાજપ), અકબરપુર (ભાજપ), બહરાઈચ (ભાજપ)

**પશ્ચિમ બંગાળ : ૪૨ બેઠકોમાંથી ૮ મતવિસ્તાર**

બહેરામપુર (કોંગ્રેસ), કૃષ્ણનગર (TMC), રાણાઘાટ (BJP), બર્ધમાન પૂર્વા (TMC), બર્ધમાન-દુર્ગાપુર (BJP), આસનસોલ (TMC), બોલપુર (TMC), બીરભૂમ (TMC)

# કોંગ્રેસ જાતિ આધારિત વસ્તી ગણતરી પરથી દેશનો એક્સ-રે કરાવશે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૧૨

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું કે તેમની પાર્ટી જાતિ આધારિત વસ્તી ગણતરી દ્વારા દેશનો 'એક્સ-રે' કરશે. તેમણે કહ્યું કેભારતીય જનતા પાર્ટી (BJP)એ ટેમ્પોવાળા અબજોપતિઓ પાસેથી મળેલી 'નોટોની ગણતરી' કરી રહી છે. ત્યારે અમારી સમાનતા સુનિશ્ચિત કરવા માટે જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવશે. રાહુલ ગાંધીએ દરેક વર્ગના લોકો માટે સમાન હિસ્સો સુનિશ્ચિત કરશે. તેમણે પાર્ટીની એક જાહેરાત પણ શેર કરી જે જાતિ આધારિત વસ્તી ગણતરીના મુદ્દે સરકાર પર હુમલો કરે છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસના અન્ય નેતાઓએ કહ્યું છે કે વડા પ્રધાને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) અથવા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા અદાણી અને અંબાણીએ તેમને કાળું નાણું મોકલ્યું હતું કે કેમ તે અંગે તપાસ કરવાનો આદેશ આપવો જોઈએ. કોંગ્રેસે વડાપ્રધાનને સામાજિક-આર્થિક વસ્તી ગણતરી કરવા અને તેમના મંતવ્યો જણાવવા પણ કહ્યું છે. તેના ઢંઢેરામાં, પક્ષે જાતિઓ અને પેટાજાતિઓ અને તેમની સામાજિક-આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે દેશવ્યાપી સામાજિક-આર્થિક અને જાતિ આધારિત વસ્તી ગણતરી હાથ ધરવાનું વચન આપ્યું છે.

# ઈડીએ ઝારખંડના મંત્રી આલમગીર આલમને મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું

(એજન્સી) રાંચી,તા.૧૨

ઝારખંડના મની લોન્ડરિંગ કેસના તપાસમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ગ્રામીણ વિકાસમંત્રી આલમગીર આલમને ૧૪ મેના રોજ તેમની ઝોનલ ઓફિસ સમક્ષ હાજર થવા માટે સમન્સ આપ્યું છે.

બુધવારે અગાઉ, EDના અધિકારીઓએ રાંચીમાં ગ્રામીણ વિકાસ મંત્રાલયની ઓફિસમાં પ્રવેશ કર્યો હતો અને વ્યાપક શોધ હાથ ધરી હતી. નોંધનીય છે કે, આવું પ્રથમ વખત થયું છે જ્યારે EDના સભ્યો સરકારી મંત્રાલયમાં પ્રવેશ્યા હોય. શોધ દરમિયાન, EDને મંત્રી આલમગીર આલમના પ્રાઈવેટ સેક્રેટરી સંજીવ લાલના ખંડમાંથી ૧.૭૫ લાખ રૂપિયાની નવી ચલણી નોટો અને ૨૮,૦૦૦ રૂપિયાની જૂની ૫૦૦ રૂપિયાની નોટો મળી આવી હતી.

સંઘીય એજન્સીએ ગયા અઠવાડિયે સંજીવ લાલના ફ્લેટમાંથી રૂ.૩૨ કરોડથી વધુની રોકડ જપ્ત કર્યા હતા અને તેમની ઘરકામ મદદનીશની ધરપકડ કરી હતી. આ શોધ દરમિયાન સંજીવ લાલની પણ ધરપકડ કરવામાં આવી હતી જે હાલમાં EDની કસ્ટડીમાં છે.

ED ઝારખંડના ગ્રામીણ વિકાસ વિભાગના અન્ય ઉચ્ચ અધિકારીઓ ધરપકડ કરે તેવી શક્યતા છે કારણ કે તપાસ એજન્સીએ કોર્ટમાં સબમિટ કરેલી તેમની રિમાન્ડ નોંધમાં આરોપ મૂક્યો હતો કે તે વિભાગના 'ઉપરથી નીચે સુધીના અધિકારીઓ' મની લોન્ડરિંગમાં સામેલ હતા.

EDના સૂત્રોએ જાહેર કર્યું કે, 'તપાસ દરમિયાન, કેટલાક IAS અધિકારીઓ અને રાજકારણીઓની ભૂમિકા અત્યંત શંકાસ્પદ તરીકે ઉભરી આવી છે.' સૂત્રોના જણાવ્યા અનુસાર, માત્ર ત્રણ મહિનામાં ૩૫.૨૩ કરોડ રૂપિયા કમિશન ઉત્પન્ન થયું હતું. સંજીવ લાલની દેખરેખ હેઠળ પ્રભાવશાળી લોકો પાસે આ પૈસા પહોંચેવવામાં આવતા હતા. ટેન્ડરોની વ્યવસ્થા કરવા અને કમિશન વસૂલવા માટે પણ એન્જિનિયરોની સિન્ડિકેટ સાથે મળીને નાણા એકત્ર કરવામાં આવ્યા હતા.

કોન્ટ્રાક્ટરો પાસેથી વસૂલ્યા બાદ સરકારમાં ઉચ્ચ હોદ્દા ધરાવતા લોકોને નિશ્ચિત ટકાવારીથી પૈસા આપવામાં આવતા હતા.

૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ઈડીએ ગ્રામીણ વિકાસ વિભાગના મુખ્ય એન્જિનિયર વીરેન્દ્ર રામ સાથે સંબંધિત કુલ ૨૪ સ્થળો પર દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ૧૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. દરોડા દરમિયાન ૧.૫૦ કરોડ રૂપિયાના દાગીના અને લગભગ ૩૦ લાખ રૂપિયાની રોકડ રકમ પણ મળી આવી હતી.

# લાલુ યાદવે પટણાના પીએમ મોદીના રોડ શોને નુક્કડ નાટક ગણાવતા કટાક્ષ કર્યો

(એજન્સી) તા.૧૨

લોકસભાની ચૂંટણી માટે તમામ પાર્ટીઓ જોરશોરથી પ્રચાર કરી રહી છે. રાજકીય પક્ષો પોતાના દરેક દાવ ખેલી રહ્યા છે. ચૂંટણી વાયદા અને વિવાદાસ્પદ નિવેદનો દ્વારા રાજકારણ ગરમાય રહ્યું છે. એકંદરે રાજકીય પીચ પર જોરશોરથી બેટિંગ ચાલી રહી છે. આ વચ્ચે બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને RJD સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા છે અને તેમને ૨૦૧૪ના તેમના ભાષણમાં આપેલા વાયદાની યાદ અપાવી છે. આ સાથે જ તેમણે દાવો કર્યો છે કે, છેલ્લા ત્રણ તબક્કાના મતદાનમાં બિહારની જનતાએ ભાજપને રસ્તા પર લાવી દીધુ છે. લાલુ યાદવે રવિવારે ટ્વીટ કરતા કહ્યું કે, તમે ૨૦૧૪માં કહ્યું હતું કે, હું સુગર મિલ ખોલીશ અને આ મિલમાંથી બનેલી ખાંડની જ ચા પીઈશ. ૧૦ વર્ષ વીતી ગયા, શું થયું તમારા વાયદાનું? જે વડાપ્રધાન પોતાના વચન મુજબ રાજ્યમાં એક નાની સુગર મિલ નથી ખોલાવી શકતા જે વડાપ્રધાન વિશેષ રાજ્યના દરજ્જાથી લઈને ૧૦ વર્ષોમાં પોતોના મોટા-મોટા વાયદામાંથી એક પણ વાયદો નથી પૂરો કરી શકતા જે વડાપ્રધાન ભરેલા મંચ પરથી પોતાના જ સહયોગી પક્ષના મુખ્યમંત્રી દ્વારા હાથ જોડીને આજીજી કરવા છતાં પણ ૧૦૦ વર્ષો જૂની અને ઐતિહાસિક પટના યુનિવર્સિટીને સેન્ટ્રલ યુનિવર્સિટીનો દરજ્જો પણ નથી આપી શક્યા. આવી સ્થિતિમાં વડાપ્રધાન રોડ તો શું ભલે ગલી-ગલી ફરીને નુક્કડ નાટક કરે, તેનાથી બિહારને શું ફાયદો થશે? લાલુ યાદવે આગળ લખ્યું બિહારી બડબડાટ કરનાર નથી. બિહારના લોકો સારી રીતે જાણે છે કે, બિહારમાંથી ૪૦માંથી ૩૯ સાંસદો લઈને બિહારના બદલે ગુજરાતમાં જ કર્યું અને તમામ રોકાણ માત્ર ગુજરાતમાં જ લઈ ગયા, જ્યારે બિહારમાં લાંબા સમયથી NDA સરકાર છે. ફરી ૫ વર્ષ બાદ ચૂંટણી ટાણે બિહારની મુલાકાતે આવે છે. ૩ તબક્કામાં બિહારે ભાજપને રસ્તા પર લાવી જ દીધુ છે, હવે બાકી રહેલ ૪ તબક્કામાં ગલી-ગલીમાં ઘુમાવી દેશે. આ બિહાર છે બિહાર. લાલુ યાદવે પીએમ મોદી પર એવા સમયે પ્રહારો કર્યા છે, જ્યારે તેઓ આજે બિહારની રાજધાની પટનામાં એક વિશાળ રોડ શો કરવા જઈ રહ્યા છે. એટલું જ નહીં RJD નેતા તેજસ્વી યાદવ પણ પીએમ મોદીના બિહાર પ્રવાસ પર નિશાન સાધી રહ્યા છે. પીએમ મોદી આજથી બિહારના બે દિવસીય પ્રવાસ પર છે. પ્રથમ દિવસે સાંજે પટનામાં રોડ શો કરશે. બીજા દિવસે ૧૩ મેના રોજ સવારે લગભગ ૯:૦૦ વાગ્યે પટના શહેર સ્થિત ગુરૂદ્વારામાં જવાનો કાર્યક્રમ છે, જ્યાં તેઓ માથું ટેકવશે. પીએમની બિહાર મુલાકાત પર તેજસ્વીએ કહ્યું કે, જો તેમના રૂટ પર પટના યુનિવર્સિટી નથી તો તેને ચોક્કસપણે સામેલ કરવી જોઈએ. કાકા (નીતિશ કુમાર)એ કહ્યું હતું કે, પટના યુનિવર્સિટીને સેન્ટ્રલ યુનિવર્સિટીનો દરજ્જો આપશે. કમ સે કમ મોદીજીએ તો ૧૦ વર્ષમાં આટલું જ આપી દીધું હોત. બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો તો દૂર વિશેષ પેકેજની વાત તો દૂર કમ સે કમ પટના યુનિવર્સિટીને જ કેન્દ્રીય યુનિવર્સિટીનો દરજ્જો આપી દીધો હોત. તેજસ્વીએ કહ્યું કે, બિહારના ચૂંટણી પરિણામો અંગે ભાજપ ડરી ગઈ છે. જેના કારણે પીએમને બિહાર આવવું પડી રહ્યું છે. તેઓ ડરી ગયા છે કે, બિહાર આ વખતે ચોંકાવનારા પરિણામો આપી રહ્યું છે. બિહાર મુદ્દાની વાત કરી રહ્યું છે. બિહાર પોતાનો અધિકાર અને હક માગી રહ્યું છે અને વડાપ્રધાને જવાબ આપવો પડશે કે તેમણે ૧૦ વર્ષ સુધી બિહાર સાથે સાવકુ વર્તન કેમ કર્યું?

# કર્ણાટક સરકાર પાસેથી મુસ્લિમ OBC ક્વોટા અંગે સ્પષ્ટતા માંગતું NCBC

**નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસના અધ્યક્ષ હંસરાજ આહિરે મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં કર્ણાટક સરકાર પાસેથી સ્પષ્ટતા માંગવાના એક કારણ તરીકે UG અને PG મેડિકલ કોર્સના એડમિશન ડેટામાં મુસ્લિમોના વધુ પડતા પ્રતિનિધિત્વ મુદ્દે સ્પષ્ટતા માંગી હતી**

(એજન્સી) તા.૧૨

મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસ (NCBC)ના અધ્યક્ષ હંસરાજ આહીરે મુસ્લિમ અન્ય પછાત વર્ગો (OBC) ક્વોટા અંગે કર્ણાટક સરકાર પાસેથી સ્પષ્ટતા માંગવામાં કમિશનના બિન-રાજકીય વલણ પર ભાર મૂક્યો હતો. પૂર્વ કેન્દ્રીય મંત્રી આહિરે પુનરોચ્ચાર કર્યો કે પંચની એકમાત્ર ચિંતા ઓબીસી અધિકારોનું રક્ષણ અને ન્યાયી અમલીકરણ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કર્ણાટક સરકાર સાથે કમિશનનો પત્રવ્યવહાર છેલ્લા ૭થી ૮ મહિનાથી ચાલુ છે, જે ફક્ત મુખ્ય સચિવ પર નિર્દેશિત છે અને રાજકીય નેતૃત્વને નહીં. જ્યારે આ મુદ્દો ઉઠાવવાના સમય વિશે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે આહિરે ભૂતકાળના નિર્ણયો પર ધ્યાન આપવાને બદલે વર્તમાન ડેટા પર કમિશનના ધ્યાન પર ભાર મૂક્યો. તેમણે સમગ્ર મુસ્લિમ સમુદાયને પછાત તરીકે કેવી રીતે વર્ગીકૃત કરવામાં આવ્યો છે તે અંગે સ્પષ્ટતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કમિશનની ચિંતા ધર્મની નહીં પણ જાતિ સાથે છે. આ મુદ્દાએ ચાલી રહેલી લોકસભા ચૂંટણી દરમિયાન રાજકીય વિવાદને વેગ આપ્યો છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર મુસ્લિમોને અનામત આપવા માટે દલિતો અને ઓબીસીના અધિકારોને નુકસાન પહોંચાડવાનો આરોપ મૂક્યો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. આહિરે કર્ણાટક સરકાર પાસેથી સ્પષ્ટતા માંગવાના એક આધાર તરીકે UG અને PG મેડિકલ અભ્યાસક્રમોના પ્રવેશ ડેટામાં મુસ્લિમોના વધુ પડતા પ્રતિનિધિત્વ તરફ ધ્યાન દોર્યું. પંચની તપાસ OBC ક્વોટા હેઠળના લાભોની વાજબી ફાળવણી અંગેની ચિંતાઓથી ઉદ્ભવે છે. મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણના મુદ્દા અંગે આહિરે વલણ લેવાનું એમ કહીને ટાળ્યું હતું કે, પંચ ફરિયાદો અને અરજીઓ મળવા પર જ હસ્તક્ષેપ કરી શકે છે. તેમણે રાજ્ય સરકારો દ્વારા ભલામણ કરાયેલ ઓબીસીની કેન્દ્રીય સૂચિ સાથે સંબંધિત મુદ્દાઓ પર કમિશનના ધ્યાન પર ભાર મૂક્યો હતો. 'અમે રાજ્ય સરકારો દ્વારા ભલામણ કરાયેલ ઓબીસીની કેન્દ્રીય સૂચિના મુદ્દાઓ જોઈએ છીએ. હું તેના પર બોલી શકું છું, પરંતુ મારી પાસે મહારાષ્ટ્રની વર્તમાન સૂચિ સામે વાંધો ઉઠાવવાનું કોઈ કારણ નથી,' તેમણે કહ્યું. OBC જૂથોએ ચિંતા વ્યક્ત કરી છે કે, તમામ મરાઠાઓને કુણબી જાતિ પ્રમાણપત્ર આપવાથી તેમના ક્વોટા પર અતિક્રમણ થશે અને તેમના રાજકીય પ્રતિનિધિત્વને અસર થશે. આહિરે જાતિની વસ્તી ગણતરી પર ટિપ્પણી કરવાનો એમ કહીને ઈનકાર કર્યો કે, તે સરકારના નીતિવિષયક વિશેષાધિકારમાં આવે છે.

# 'જો સોનિયા ગાંધી રામ મંદિરનું શુદ્ધિકરણ કરશે તો શું હિંદુઓ ચૂપ રહેશે?' કોંગ્રેસ નેતાની 'શુદ્ધિકરણ' ટિપ્પણી પર આસામના મુખ્યમંત્રી સરમા

(એજન્સી) તા.૧૨

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ શનિવારના રોજ મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેની રામ મંદિરની શુદ્ધિકરણ ટિપ્પણીની ટીકા કરી, તેમના નિવેદનને ખતરનાક ગણાવ્યું. કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના ધર્મ વિશે અને શું તેઓ રામ મંદિરની મુલાકાત માટે અધિકૃત છે તે અંગે પ્રશ્ન ઉઠાવતા સરમાએ કહ્યું, નાના પટોલેએ ખૂબ જ ખતરનાક નિવેદન આપ્યું છે. સોનિયા ગાંધીનો ધર્મ શું છે અને શું સોનિયા ગાંધી રામ મંદિરના શુદ્ધિકરણનું કામ કરે તો શું હિંદુઓ ચૂપ રહેશે. આ લોકો એટલા માટે તે બોલી રહ્યા છે કારણ કે, ચૂંટણીનો સમય છે પરંતુ જો તેઓ આવું કરવાનો પ્રયત્ન કરશે તો તેમને જેલમાં ધકેલી દેવામાં આવશે. પટોલેએ તેમની ટિપ્પણીથી વિવાદ ઊભો કર્યો હતો કે, જ્યારે કેન્દ્રમાં ઈન્ડિયા જૂથ સત્તામાં આવશે ત્યારે રામ જન્મભૂમિ મંદિરને શુદ્ધ કરવામાં આવશે. એક નિવેદનમાં નાના પટોલેએ કહ્યું, ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવ્યા પછી અમે અયોધ્યામાં રામ મંદિરનું શુદ્ધિકરણ કરવા જઈ રહ્યા છીએ. શંકરાચાર્ય આનો વિરોધ કરી રહ્યા હતા (પ્રાણ પ્રતિષ્ઠા), ચારેય શંકરાચાર્ય રામ મંદિરનું શુદ્ધિકરણ કરશે. તેમાં રામ દરબારની સ્થાપના કરવામાં આવશે. ત્યાં ભગવાન રામની મૂર્તિ નથી, પરંતુ રામ મંદિર નિર્માણમાં નરેન્દ્ર મોદીએ પ્રોટોકોલ વિરુદ્ધ કામ કર્યું છે. આ પહેલાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ પટોલેની તેમની ટિપ્પણી બદલ ટીકા કરી હતી અને કહ્યું હતું કે, આ કોંગ્રેસ પાર્ટીના તે લોકો છે જેમણે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું આપીને ભગવાન રામના અસ્તિત્વને પડકાર્યું હતું. તેઓએ રામ સેતુના અસ્તિત્વને પણ પડકાર્યું હતું. એફિડેવિટ આપીને તેઓ પ્રશ્ન પૂછતા હતા કે રામ કાલ્પનિક છે કે વાસ્તવિક. અયોધ્યાના ઐતિહાસિક મંદિરમાં શ્રી રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા ૨૨ જાન્યુઆરીએ યોજાઈ હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂજારીઓના જૂથની આગેવાની હેઠળ વૈદિક વિધિઓ કરી હતી.

# દિલ્હીના ચાંદની ચોક લોકસભા મતવિસ્તારના શકુર બસ્તી વિસ્તારમાં તોડફોડનો ભય યથાવત્

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

નવ વર્ષથી આ મતવિસ્તારની મહિલાઓ કોઈપણ ક્ષણે બુલડોઝર દ્વારા તેમના ઘરો ધરાશાયી થઈ જશે તેવા ભયમાં જીવી રહી છે, જ્યારે અહીંના મોટાભાગના રહેવાસીઓ પાણી, શૌચાલય, પુનર્વસન સહિતની પૂરતી સુવિધાઓના અભાવને લઈને હંમેશા ચિંતિત રહે છે. આ વિસ્તારમાં ઘરો અને વધુ સારી આરોગ્ય સુવિધાઓ ગુમાવી છે. આ શકુર બસ્તી વિધાનસભા છે જ્યાં લગભગ ૧૦,૦૦૦ ઝુગ્ગીઓ વસ્તી સાથેની એક વિશાળ વસાહત, જ્યાં નાના નિવાસ એકમોને રેલવે સત્તાવાળાઓ દ્વારા હટાવવાની આશંકા છે, કારણ કે, જમીનને કાયમી આશ્રયસ્થાનોમાં ફેરવવાની યોજના છે. દિલ્હીના ઉત્તર પશ્ચિમ દિલ્હી જિલ્લામાં સ્થિત, શકુર બસ્તી વિધાનસભા બેઠક ચાંદની ચોક સંસદીય મત વિસ્તાર હેઠળ આવે છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે દિલ્હીની તમામ સાત સંસદીય મતવિસ્તારોમાંથી જીત મેળવી હતી. વિધાનસભા ખંડ, જેમાં ૧૯૯૩ અને ૨૦૦૮ની વચ્ચે કોંગ્રેસ અને ભાજપના દરેક ધારાસભ્યો બે સત્ર માટે પ્રતિનિધિત્વ ધરાવતા હતા, ૨૦૧૫માં વિધાનસભા ચૂંટણીમાં તે બેઠક આમ આદમી પાર્ટી (AAP) પાસે ગઈ હતી. જો કે, આગામી ચૂંટણીમાં તે ફરીથી ભાજપમાં જશે. વૈવિધ્યસભર વસ્તીવિષયક સાથે, શકુર બસ્તીમાં આયોજિત વિસ્તારો, નિયમિત વસાહતો, ઓછી આવકવાળી વસાહતો અને ઝૂંપડપટ્ટીના સમૂહનો સમાવેશ થાય છે. આ વિસ્તાર રાણી બાગ, હર્ષ વિહાર, લોક વિહાર અને જ્વાલા હેરી જેવા છૂટક હબમાં વેપારીઓની મોટી વસ્તી ધરાવે છે. આ વિધાનસભાની મુખ્ય ચિંતાઓમાં એવા લોકોનું પુનર્વસન છે કે, જેમણે ડિમોલિશન દરમિયાન ઘરો અને પીવાના પાણીનો પૂરતો પુરવઠો ગુમાવ્યો. સારી ગટર યોજના અને અવિરત પાણી પુરવઠો એ પણ એવા મુદ્દા છે જે શકુર બસ્તીના રહેવાસીઓ નવી સરકાર દ્વારા ઉકેલવા માંગે છે.

# સંદેશખાલી વીડિયો વિવાદમાં TMCએ NCW ચીફ રેખા શર્મા વિરુદ્ધ ચૂંટણી પંચને ફરિયાદ કરી : 'ભાજપ સાથે ખતરનાક મિલીભગત'

(એજન્સી) કોલકાતા, તા.૧૨

તૃણમૂલ કોંગ્રેસે મુખ્ય ચૂંટણી કમિશનરને ઔપચારિક ફરિયાદ કરી છે, જેમાં રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)ના અધ્યક્ષ રેખા શર્મા અને સ્થાનિક ભાજપ નેતાઓ સામે ફોજદારી કાર્યવાહીની માંગ કરી છે. સંદેશખાલીની ઘણી મહિલાઓએ TMCના નેતાઓ સામે જાતીય સતામણીની ફરિયાદો દાખલ કરવા માટે છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ કર્યા પછી આ ફરિયાદ આવી છે. ફરિયાદમાં સંદેશખાલી અને વ્યાપક મતદારો સામે બનાવટી, છેતરપિંડી, બનાવટી, ફોજદારી ધાકધમકી અને ગુનાહિત કાવતરાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. TMCએ આક્ષેપ કર્યો હતો કે, આ અઠવાડિયાની શરૂઆતમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરાયેલા બહુવિધ કથિત વીડિયોમાંથી આ આરોપો ઉદ્ભવ્યા છે જ્યાં સંદેશખાલીની મહિલાઓએ દાવો કર્યો હતો કે, સ્થાનિક ભગવા પક્ષના નેતાએ તેમને કોરા કાગળો પર સહી કરાવી હતી જે પાછળથી જાતીય શોષણની ફરિયાદ તરીકે ભરવામાં આવી હતી. ફરિયાદ પાછી ખેંચવાના પ્રયત્નો કથિત રીતે સ્થાનિક ભાજપના સભ્યો, ખાસ કરીને એક પ્રિયલી દાસ તરફથી વધુ ડરાવવા અને ધમકીઓ સાથે મળ્યા હતા. TMCએ ચૂંટણી સંસ્થાને તેની ફરિયાદમાં જણાવ્યું હતું, અહીં એ ઉલ્લેખનીય છે કે, બળાત્કારની ખોટી ફરિયાદ નોંધાવવા બળજબરીપૂર્વક કોરા કાગળ પર સહી લેવાનું આવું કૃત્ય માત્ર કાયદા અને સત્તાનો દુરૂપયોગ જ નથી, પરંતુ તે બનાવટી, છેતરપિંડી, છેતરપિંડી, ફોજદારી ધાકધમકી અને ગુનાહિત કાવતરૂં છે.

### પરિવારના ૬ સભ્યો હોસ્પિટલમાં દાખલ

# મેગી ખાવાથી ૧૦ વર્ષના બાળકનું મોત નિપજ્યું

**આ તમામ લોકોએ મેગી ખાધી હતી, ત્યારબાદ બધાને ઝાડા-ઉલ્ટી થવા લાગ્યા હતા : આ ઘટના બાદ ચકચાર મચી ગઈ**

પીલીભીત, તા.૧૨

ઉત્તર પ્રદેશના પીલીભીતથી અત્યારે મોટા સમાચાર સામે આવ્યા છે. આ સમાચારે બધાને હેરાન કરી દીધા છે. અહીં ૧૦ વર્ષના બાળકનું મેગી ખાવાથી મોત થયું છે, તો બીજી તરફ પરિવારના અન્ય સભ્ય પણ હોસ્પિટલમાં દાખલ છે. આજકાલ બાળકોથી માંડીને લગભગ દરેક ઉંમરના બાળકોને મેગી ખાવી ગમે છે. આ જલદીથી તૈયાર થઇ જનાર આ એક ટેસ્ટી જંક ફૂડ છે. પરંતુ પીલીભીતમાં મેગી ખાવાથી એક જ પરિવારના ૬ સભ્યો બિમાર થઇ ગયા છે. આ સાથે જ એક ૧૦ વર્ષના બાળકનું મોત થયું હતું. મળતી માહિતી મુજબ, આ તમામ લોકોએ મેગી ખાધી હતી, ત્યારબાદ બધાને ઝાડા-ઉલ્ટી થવા લાગ્યા હતા. આ ઘટના બાદ ચકચાર મચી ગઈ છે. જોકે સારવાર બાદ તમામ સ્વસ્થ થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે આ ઘટના હજારા વિસ્તારના રાહુલ નગરમાં બની હતી. મેગી ખાધા પછી પરિવારના તમામ સભ્યોની તબિયત બગડવા લાગી, ત્યારબાદ તમામ લોકોને સારવાર માટે હોસ્પિતલમાં લઇ જવામાં આવ્યા હતા. પરંતુ સારવારમાં સુધારો ન થતાં CHC પૂરનપુરમાં લઇ જવામાં આવ્યા. સારવાર બાદ તમામ સાજા થઇ ગયા છે. પરંતુ ૧૦ વર્ષના બાળકના મોતથી લોકોમાં હડકંપ મચી ગયો છે.

# TMCએ નવો સ્ટિંગ વીડિયો જાહેર કર્યા બાદ સંદેશખાલીમાં ભાજપ અને TMC વચ્ચે અથડામણ

**તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ એક નવો વીડિયો બહાર પાડ્યો છે જેમાં ઉત્તર ૨૪ પરગણાના સંદેશખાલીથી ભારતીય જનતા પાર્ટી (BJP)ના મંડલ પ્રમુખ અને ભાજપના સ્થાનિક નેતા ગંગાધર કોયલ કથિત રીતે એમ કહેતા જોઈ શકાય છે કે, સંદેશખાલીમાં લગભગ ૫૦ બૂથમાં અશાંતિ ઊભી કરવા માટે તેમને ઓછામાં ઓછી ૫૦ પિસ્તોલ અને ૬૦૦ કારતૂસની જરૂર પડશે**

(એજન્સી) તા.૧૨

રવિવારે સંદેશખાલીમાં ટીએમસી અને બીજેપી કાર્યકર્તાઓ વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં મોટાભાગની મહિલાઓ હતી, ટીએમસીના કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો કે, તેઓ નકલી વીડિયો બનાવી રહ્યા છે. સંદેશખાલી પોલીસ સ્ટેશનનો પણ ઘેરાવ કરવામાં આવ્યો હતો. ટીએમસી દ્વારા ૪ મેના રોજ જાહેર કરાયેલા કથિત સ્ટિંગ વીડિયોમાં તેમણે દાવો કર્યો હતો કે, સંદેશખાલીમાં ભાજપ દ્વારા અશાંતિ ઊભી કરવાનું કાવતરૂં રચવામાં આવ્યું હતું અને ભાજપે ટીએમસી નેતાઓની ધરપકડ કરવા માટે ગામની મહિલાઓને બળાત્કારની નકલી ફરિયાદો નોંધાવવા માટે ચૂકવણી કરી હતી. X પર ટીએમસીના પ્રવક્તા રિજુ દત્તા દ્વારા અપલોડ કરવામાં આવેલા ૪૬ મિનિટના વીડિયોમાં કોયલને કથિત રીતે દારૂના જથ્થાની વિગતો અને ચૂંટણીઓ માટે જરૂરી ભંડોળની વિગતો શેર કરતા જોઈ શકાય છે. તેમણે કહ્યું હતું કે, દરેક બૂથ માટે રૂ.૫૦૦૦ સાથે ૫૦ બૂથ માટે રૂ.૨.૫ લાખ રૂપિયા દારૂની વ્યવસ્થા કરવાનો ખર્ચ થશે. લગભગ ૩૦% સ્ત્રીઓ અને ૭૦% પુરૂષો દારૂનું સેવન કરે છે. આ લઘુત્તમ જરૂરિયાત છે. સંદેશખાલી વિસ્તાર ફેબ્રુઆરીમાં હેડલાઈન્સમાં આવ્યો હતો જ્યારે ગામડાની મહિલાઓએ જાતીય શોષણ અને જમીન પચાવી પાડવાના આરોપો સાથે ટીએમસીના નેતા અને તેના સહાયકોની ધરપકડની માંગ સાથે હિંસક વિરોધ પ્રદર્શન કર્યું હતું. શાહજહાંની કલકત્તા હાઈકોર્ટના આદેશ પર ૨૯ ફેબ્રુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને સોંપવામાં આવ્યો હતો. જો કે, ૪ મેના રોજ કથિત સ્ટિંગ વીડિયો બહાર પાડવામાં આવ્યો હતો જેમાં કોયલ કથિત રીતે કહેતા હતા કે ત્યાં કોઈ બળાત્કાર થયો નથી અને જાતીય હુમલાની ખોટી ફરિયાદો નોંધાવવા માટે મહિલાઓને પૈસા ચૂકવવામાં આવ્યા હતા. ઓછામાં ઓછી ૭૨ મહિલાઓને ચૂકવણી કરાવામાં એવી હતી. તેણે અગાઉ દાવો કર્યો હતો કે, આ મહિલાઓને રૂ.૨૦૦૦ ચૂકવવામાં આવ્યા હતા. કોયલે પહેલા જ સીબીઆઈમાં ફરિયાદ નોંધાવી છે કે, આ વીડિયો ડોક્ટેડ છે અને સીબીઆઈ તપાસની માંગ કરી છે. બીજેપીએ શુક્રવારે એક્સ પર એક વીડિયો શેર કર્યો હતો જેમાં એક મહિલા જે સ્ટિંગ વીડિયોમાં દર્શાવવામાં આવી હતી, તે આરોપ લગાવતી જોવા મળી હતી કે, તેને નિવેદનો આપવા માટે ધમકી આપવામાં આવી હતી અને સ્ટિંગ વીડિયો સાથે છેડછાડ કરવામાં આવી હતી. આ વીડિયોની સ્વતંત્ર રીતે તેની અધિકૃતતાની ખાતરી થઈ શકી નથી. રવિવારે સંદેશખાલીમાં ભાજપ કાર્યકર્તાઓ સાથે ફરી હિંસા ફાટી નીકળી હતી, જેમાં મોટાભાગે મહિલાઓનો સમાવેશ થતો હતો, પક્ષના બસિરહાટ લોકસભા ઉમેદવાર રેખા પાત્રાએ ટીએમસી કાર્યકર દિલીપ મલિક પર હુમલો કર્યો હતો અને સંદેશખાલી પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સંદેશખાલીના ટીએમસી ધારાસભ્ય સુકુમાર મહતોની હાજરીમાં ભાજપના મહિલા કાર્યકરોએ મલિકને માર માર્યો હતો અને તેમનો શર્ટ ફાડી નાખ્યો હતો. મલિકને બચાવવાનો પ્રયાસ કરનારા ટીએમસીના કેટલાક અન્ય કાર્યકરોનો પણ પીછો કરવામાં આવ્યો હતો અને લાકડીઓ વડે માર મારવામાં આવ્યો હતો.

ભાજપે કહ્યું કે, TMC નેતાઓ અમને બદનામ કરવા માટે નકલી વીડિયો બનાવી રહ્યા છે. જો તેઓ મહિલાઓને સ્પર્શ કરે છે, તો મહિલાઓને પણ વળતો પ્રહાર કરવાનો અધિકાર છે.

# ડાબેરી-કોંગ્રેસ ગઠબંધન અંગે મોહમ્મદ સલીમને મોટો ભરોસો : દાવો કર્યો કે ગઠબંધન વધુ સારૂં કામ કરશે

**સલીમ પોતે મુર્શિદાબાદ લોકસભા સીટ પરથી ઉમેદવાર તરીકે ભાજપ અને ટીએમસી વિરૂદ્ધ ગઠબંધનની જવાબદારી સંભાળી રહ્યા છે**

(એજન્સી) તા.૧૨

CPI (M) પોલિટબ્યુરોના સભ્ય અને પાર્ટીના રાજ્ય સચિવ મો. સલીમે દાવો કર્યો હતો કે, બંગાળમાં ડાબેરી-કોંગ્રેસનું જોડાણ આ વખતે ૨૦૨૧ રાજ્યની ચૂંટણીઓ અને ૨૦૧૯ની સંસદીય ચૂંટણી દરમિયાન કરવામાં આવેલા સમાન પ્રયાસોની તુલનામાં વધુ સારૂં કામ કરશે કારણ કે ચૂંટણી સંધિ ટોપ-ડાઉનને બદલે નીચેથી ઉપરની તરફ એમ 'વૈજ્ઞાનિક ઢબે' કરવામાં આવી હતી. સલીમ પોતે મુર્શિદાબાદ લોકસભા બેઠક પરથી ઉમેદવાર તરીકે ભાજપ અને ટીએમસી સામે ડાબેરી-કોંગ્રેસ ગઠબંધનનું નેતૃત્વ કરી રહ્યા છે જયા ચૂંટણી ત્રીજા તબક્કાના મતદાન દરમિયાન ૮ મેના રોજ યોજાઈ હતી. અને જો થઈ રહેલ જમીની ગણગણાટને માનવામાં આવે અને, ઉત્તર બંગાળની ૧૦ બેઠકો પર ગઠબંધન જે રીતે ચાલી રહ્યું છે તે માનવામાં આવે છે, તો સલીમની વાતને સમર્થન આપવા જેવુ છે. રાજ્યની ૪૨ સંસદીય બેઠકોમાંથી, કોંગ્રેસ ૩૦ મતવિસ્તારોમાં ડાબેરીઓને સમર્થન આપી રહી છે જ્યારે બાકીની ૧૨ બેઠકો પર ઊલટું થઈ રહ્યું છે. ડાબેરી મોરચો જે ૩૦ બેઠકો પર ચૂંટણી લડી રહ્યો છે તેમાંથી ૨૩ ઉમેદવારો સીપીઆઈ(એમ)ના છે જ્યારે બાકીના ફ્રન્ટ પાર્ટનર્સ CPI, ફોરવર્ડ બ્લોક અને ઇજી વચ્ચે વહેંચવામાં આવ્યા છે. તે ૨૩ CPI(M) ઉમેદવારોમાંથી પ્રચંડ સંખ્યા એવા ૨૦ ઉમેદવારો સંસદીય ચૂંટણીમાં નવા ચહેરા છે. સલીમે મીડિયા સાથેની એક મુલાકાતમાં કહ્યું અનુભવ એ શ્રેષ્ઠ શિક્ષક છે, અને ઉમેર્યું, ૨૦૨૩ની પંચાયત ચૂંટણીઓ અને તેના બે વર્ષ પહેલાની રાજ્યની ચૂંટણીઓમાંથી લેવામાં આવેલા પગલાંએ નેતાઓ અને પાયાના કાર્યકરોને શીખવ્યું છે કે કટ્ટર જમણેરીઓ અને રાજ્યના સ્યુડો-સેક્યુલરના ભ્રષ્ટ વહીવટ સામે લડત આપવાનો એકમાત્ર રસ્તો કેન્દ્રની ડાબી બાજુએ ચૂંટણી વ્યવસ્થા છે. 'સંગઠિત રહીશું તો ટકી જઈશું અને વિભાજિત થઈશું તો નાશ પામીશું,' ગઠબંધનના પગલા પાછળ સલીમનો તર્ક અસ્પષ્ટ હતો. ૨૦૧૯ અને ૨૦૨૧ની બંને ચૂંટણી આવૃત્તિઓમાં રાજ્યમાં ડાબેરીઓનો સંપૂર્ણ રકાસ થયો હોવાને કારણે કેટલાક રાજકીય પંડિતો દાબેરીઓનો મૃત્યુઘંટ વાગી ગયો હોવાનું માનવ લાગ્યા હતાં પરંતુ, ગ્રામીણ સંસ્થાની ચૂંટણીઓ દરમિયાન ડાબેરી-કોંગ્રેસના જોડાણે બંગાળના નોંધપાત્ર વિસ્તારોમાં આશ્ચર્યજનક પુનરાગમન કર્યું હતું. બીજેપી અને તૃણમૂલને પોતપોતાના નંબર બે સ્પોટ પરથી અને અમુક જગ્યાએ તો નંબર વન પરથી પણ હટાવવામાં સફળ રહ્યા. સલીમે કહ્યું 'જેઓ બંગાળ અને બાકીના દેશમાં ડાબેરીઓનું રામનામ સત્ય લખવાનો પ્રયાસ કરી રહ્યા હતા, હું તેમને કહું છું કે તેઓએ ઉતાવળ કરી નાખી હશે. 'પુનરુત્થાન' હાલમાં અમારો કીવર્ડ છે.' ૨૦૨૧ના જોડાણના ભાગીદારોમાંથી એક હોવા છતાં, ISF, તેને 'અનાદરજનક બેઠક ઓફર'ના આધારે ગઠબંધન માંથી બહાર નીકળી ગયું, સૌપ્રથમ તમામ ડાબેરી ઘટકોને એકજુટ કરવાની જટિલ પ્રક્રિયા અને પછી, રાજ્ય કોંગ્રેસના નેતાઓ સાથે અંતિમ બેઠક-વહેંચણીની ફોર્મ્યુલાને ચૂંટણી પહેલા ચૂપચાપ રીતે પૂરી કરવાની જટિલ પ્રક્રિયા મુખ્યમથકમાં બંધબારણે થઈ જેના કારણે દરવાજા પાછળ શું રાંધઈ રહ્યું હતું તેની માહિતી બહુ ઓછા લોકોને હતી આ દરમ્યાન ફોન કોલ્સ પણ ગુપ્ત રાખવામાં આવ્યા હતાં સલીમે જણાવ્યું. ''સંબંધિત બેઠકો પર પક્ષોની સંગઠનાત્મક શક્તિ અને ઉમેદવારોની જીતની ક્ષમતાના આધારે ફોર્મ્યુલા ડેટા આધારિત હતી. બંને ભાગીદારોના શ્રેષ્ઠ હિતમાં કોણે ક્યાંથી ચૂંટણી લડવી જોઈએ તે અમે કાળજીપૂર્વક નક્કી કર્યું હતું.'' તેમણે ઉમેર્યું હતું કે ડાબેરી નેતૃત્વએ પાયામાંથી ઉદ્ભવતા જોડાણની સ્વયંસ્ફુરિત ઈચ્છાને જ મંજૂરી આપી હતી. નેતાએ કહ્યું. ''કોંગ્રેસ સાથે સીટ એડજસ્ટમેન્ટ એરેન્જમેન્ટ એટલા માટે નથી થઈ કે કોઈ વ્યક્તિ કે પાર્ટી ઈચ્છે છે, પરંતુ તે લોકોની ઈચ્છા હતી. અમારા પાયાના કાર્યકર્તાઓ નેતાઓને તેના સમર્થકોની નાડીની જેમ સમાન આવર્તનમાં પડઘો પાડતા જોઈને ખુશ છે.''

# ભારતીય સેનાએ જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં LoC પર શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોન પર પ્રહાર કર્યો

(એજન્સી) તા.૧૨

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) નજીક શનિવારે મોડી રાત્રે સેનાના જવાનોએ એક શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોન પર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાન તરફ પાછા ફરતા પહેલા ડ્રોન થોડા સમય માટે ભારતીય ક્ષેત્ર પર ઉડી રહ્યું હતું. રાજૌરી સેક્ટરમાં LoC પર પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યું હતું. કેરી સેક્ટરમાં વિસ્તારની વ્યાપક શોધ કરવા છતાં જમીન પર કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળી ન હતી. અધિકારીઓએ રાષ્ટ્રવિરોધી તત્ત્વો ભારતીય વિસ્તારમાં હથિયારો અને માદક દ્રવ્યોની દાણચોરી કરવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા હોવાની ચિંતા દર્શાવી હતી પરંતુ ખાતરી આપી હતી કે, સુરક્ષા દળો આવા પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. શનિવાર અને રવિવારની વચ્ચેની રાત્રે પૂંચ જિલ્લાના અલ્લાહપીર વિસ્તાર નજીક આકાશમાં ઝબકતા પ્રકાશ સાથે ઉડતી વસ્તુ જોવા મળી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, પોલીસે સુરક્ષા દળો સાથે મળીને વિસ્તારની શોધખોળ કરી હતી પણ જમીન પર કશું મળ્યું નહીં.

દરમિયાન, પંજાબના અમૃતસર જિલ્લામાં બોર્ડર સિક્યોરિટી ફોર્સે (બીએસએફ)ને ચાઇના નિર્મિત ડીજેઆઇ મેવિક ૩ ક્લાસિક ડ્રોન ખેતરમાં મળી આવ્યું હતું. ૧૨મી મે, ૨૦૨૪ના રોજ અમૃતસર જિલ્લાના સરહદી વિસ્તારમાં ડ્રોનની હાજરી અંગે બીએસએફની ગુપ્તચર શાખા દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે બીએસએફના જવાનોએ તરત જ શંકાસ્પદ વિસ્તારમાં વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન, સૈનિકોએ અમૃતસર જિલ્લાના હવેલિયન ગામમાં ખેતરમાં સફળતાપૂર્વક એક ડ્રોન કબજે કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, આ ડ્રોનની ઓળખ ચીનના ડીજેઆઈ મેવિક ૩ ક્લાસિક તરીકે કરવામાં આવી છે. બીએસએફની ગુપ્તચર શાખાના વિશ્વસનીય ઈનપુટ અને બીએસએફ સૈનિકોની સમયસર કાર્યવાહીએ ફરી એકવાર સરહદ પારથી ગેરકાયદેસર ડ્રોનના પ્રવેશને રોકવાની તેમની પ્રતિબદ્ધતા સાબિત કરી છે. બે દિવસમાં આવી બીજી ઘટના બની છે. અગાઉન એક ડ્રોન શંકાસ્પદ હેરોઈનનું પેકેટ લઈ જતા પકડાયું હતું. બીએસએફના નિવેદન અનુસાર, આ ઘટના ૧૧ મેના રોજ રાત્રિના સમયે બની હતી, જ્યારે સુરક્ષા દળોએ અમૃતસરના સરહદી વિસ્તારમાં ડ્રોનની હિલચાલ જોઈ હતી. સૈનિકોએ ડ્રોનની હિલચાલ પર નજર રાખી અને સંભવિત ડ્રોપિંગ ઝોનને કોર્ડન કરી લીધું હતું. BSF સૈનિકોએ અમૃતસર જિલ્લાના હવેલીયન ગામમાં એક ખેતરના ખેતરમાં સરહદ સુરક્ષા વાડની આગળ શંકાસ્પદ હેરોઈનના ૧ પેકેટ સાથે ૧ નાનું ડ્રોન સફળતાપૂર્વક રિકવર કર્યું હતું. આ પેકેટનું કુલ વજન- ૪૯૮ ગ્રામ હતું અને તેના પર પીળી એડહેસિવ ટેપ લપેટી હતી અને પેકેટ સાથે ૧ ટોર્ચ અને ૧ નાયલોનની લૂપ જોડાયેલી મળી આવી હતી. પ્રાપ્ત થયેલ ડ્રોન ક્વાડકોપ્ટર છે મોડલ- DJI Mavic ૩ ક્લાસિક, મેડ ઈન ચાઈના છે.

# અનુપ્રિયા પટેલની સીટ સપાએ સોગથી મારી! ભાજપના સાંસદને ટિકિટ આપી; રોબર્ટ્સગંજ બેઠક માટે પણ ઉમેદવારની જાહેરાત કરવામાં આવી

(એજન્સી) તા.૧૨

સમાજવાદી પાર્ટીએ મિર્ઝાપુર લોકસભા સીટ પરથી પોતાનો ઉમેદવાર બદલ્યો છે. આ સીટ પર સપાએ ભદોહીથી બીજેપી સાંસદ રમેશ બિંદને મેદાનમાં ઉતાર્યા છે. અગાઉ સપાએ અહીં રાજેન્દ્ર બિંદને પોતાના ઉમેદવાર બનાવ્યા હતા. અહીં રાજેન્દ્ર બિંદનો મુકાબલો એનડીએ ગઠબંધન પાર્ટી અપના દળ એસની અનુપ્રિયા પટેલ સાથે થશે. આ સિવાય સમાજવાદી પાર્ટીએ રોબર્ટ્સગંજ લોકસભા સીટ પરથી છોટે લાલ ખારવારને પોતાના ઉમેદવાર બનાવ્યા હતા. સપાએ ૨૦૦૯માં મિર્ઝાપુર લોકસભા સીટ જીતી હતી. મિર્ઝાપુર લોકસભા બેઠક મોદી યુગની શરૂઆતથી અપના દળની અનુપ્રિયા પટેલ પાસે છે. તેઓ NDAનો ભાગ છે અને છેલ્લા દસ વર્ષથી મોદી સરકારમાં મંત્રી છે. આ પહેલા વર્ષ ૨૦૦૯માં સપાના બાલકુમાર પટેલ આ સીટ પરથી જીત્યા હતા. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં સપાના બાલકુમાર પટેલે મિર્ઝાપુર લોકસભા બેઠક પરથી ૨,૧૮,૮૯૮ મત મેળવ્યા હતા. બીએસપીના અનિલકુમાર મૌર્ય બીજા ક્રમે છે. તેમને ૧,૯૯,૨૧૬ મત મળ્યા. ત્રીજા ક્રમે રહેલા બીજેપીના અનુરાગ સિંહને ૧,૩૯,૬૮૬ વોટ મળ્યા. ચોથા ક્રમે કોંગ્રેસ પાર્ટીના રમેશ દુબેને ૫૬,૧૮૫ વોટ મળ્યા. વર્ષ ૨૦૧૪માં અનુપ્રિયા પટેલે BSPના સમુદ્ર બિંદને બે લાખથી વધુ મતોથી હરાવ્યા હતા. આ ચૂંટણીમાં સપાના સુરેન્દ્રસિંહ પટેલ ચોથા અને કોંગ્રેસના લલિતેશપતિ ત્રિપાણી ત્રીજા ક્રમે રહ્યા હતા. ગયા વર્ષે યોજાયેલી ચૂંટણીમાં અનુપ્રિયા પટેલે SP (BSP સમર્થિત) રામચરિત્ર નિષાદને લગભગ ૨.૫ લાખ મતોથી હરાવ્યા હતા.

અરબ સાગરમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાતા

# રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે આગામી ૪ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી

અમદાવાદ,તા.૧૨

રાજયમાં એક તરફ કાળઝાળ ગરમીએ દેકારો બોલાવ્યો છે. અનેક સ્થળોએ છેલ્લા એકાદ સપ્તાહથી પારો ૪૦ ડિગ્રીની પાર જોવા મળી રહ્યો છે તો બીજી તરફ હવામાન વિભાગ દ્વારા અનેક સ્થળોએ સાઈલોનિક સરક્યુલેશન સક્રિય થતા આગામી ૪ દિવસ ગાજવીજ અને ભારે ભવનની સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ પ્રમાણે રાજયમાં પવનની ગતિ ૪૦થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની રહેશે. આજે વલસાડ, નવસારી, ડાંગ, દાદરા અને નગર-હવેલી, દમણ, દાહોદ અને છોટાઉદેપુરમાં વરસાદ થવાની શક્યતાઓ છે. જયારે આવતીકાલે વલસાડ, નવસારી, ડાંગ, સુરત, નર્મદા, દાદરા અને નગર-હવેલી, ભરૂચ,મહીસાગર અને ૧૫મી મેના રોજ અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે. ૧૬મી મેના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, ગીર સોમનાથ, અમરેલી,

## બે દિવસ બાદ તાપમાનમાં જોવા મળશે ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો

વરસાદની આગાહી કરવામાં આવી છે. અરબ સાગરમાં સર્જાયેલ સાયકલોનિક સરક્યુલેશનને પગલે આગામી ૪ દિવસ રાજયના વિવિધ સ્થળોએ વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા

અમદાવાદમાં ૧૪ મેના રોજ થંડરસ્ટ્રોમની આગાહી તેમજ ૧૫મી મેના રોજ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી પાંચ દિવસમાં તાપામાનનો પારો ઘટવાની શક્યતાઓ દર્શાવાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે દમણ, છોટાઉદેપુર, પંચમહાલ, વડોદરા, મહીસાગર, દાહોદ, આણંદમાં વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગ પ્રમાણે ૧૪મી મેના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, અમદાવાદ, નર્મદા, ભાવનગરમાં વરસાદ થઈ શકે છે. હજુ પણ આગામી ત્રણ દિવસ ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે. ત્યાર બાદ મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના પ્રદેશ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છમાં બેથી ત્રણ ડિગ્રી મહત્તમ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા સાથે વરસાદનાં એંધાણ રહેલાં છે.

ક્ષત્રિય અગ્રણી પી.ટી. જાડેજાની ઓડિયો ક્લિપ વાયરલ

# ક્ષત્રિય સમાજની સંકલન સમિતિને ગદ્દાર કહી ખુલ્લી પાડવાની ધમકી આપી

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં મતદાન પૂર્ણ થતા જ નવો ફણગો ફૂટ્યો છે. સમાજના વટ માટે લડતા હવે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના સભ્યોની અંદરો અંદર વિવાદ શરૂ થયો છે. સમિતિમાં વિવાદ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. સંકલન સમિતિમાં અંદરો અંદરની લડાઈ શરૂ થઈ છે. પદ્મિનીબા વાળા બાદ પી.ટી.જાડેજાએ સંકલન સમિતિ પર અનેક સવાલ ઉઠાવ્યા છે. આ વચ્ચે હવે પી.ટી.જાડેજાની ઓડિયો ક્લીપ વાયરલ થઈ છે.

આજે પી. ટી. જાડેજાએ મીડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, મેં મારી નારાજગી વ્યક્ત કરી હતી, પરંતુ સંકલન સમિતિમાંથી મેં રાજીનામું આપ્યું નથી અને ૧૪ વ્યક્તિની સંકલન સમિતિના ગ્રૂપમાં આ ઓડિયો ક્લિપ મૂકી હતી. જેમાંથી કોણ ફૂટ્યું તેની તપાસ માટે સાયબર ક્રાઈમમાં ફરીયાદ કરીશ તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સંકલન સમિતિમાંથી રાજીનામું

## હું ખુલ્લેઆમ આવું છું, મારે કોઈના બાપની જરૂર નથી

આપવાનું મેં કહ્યું હતું. પરંતુ મેં રાજીનામું આપ્યું નથી અને આપવાનો પણ નથી. હજારો યુવાનો મારા સમર્થનમાં આવ્યા હતા. પરંતુ સંકલન સમિતિ મારા સમર્થનમાં આવી નહોતી. જેથી મેં મારી નારાજગી વ્યક્ત કરી હતી. ઓડિયો ક્લિપ ૧૪ વ્યક્તિઓને કમિટીના ગ્રૂપમાં મૂકી હતી પરંતુ તેમાંથી કોણ ફૂટ્યું એ તપાસનો વિષય છે. જેમ કે, હું સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરીશ અને તે ગદ્દાર કોણ છે તે જાણવાનો પ્રયત્ન કરીશ. એક જ ગદ્દાર છે તેવા સંકલન સમિતિમાંથી મને ફોન આવેલા છે. પી.ટી. જાડેજાના કુલ છ ઓડિયો ફરતા થયા છે, પ્રથમ ઓડિયોમાં પી.ટી. સંકલન સમિતિને ધમકી આપતા કહે છે કે થાય તે કરી લેજો, હું ખુલ્લેઆમ આવું છું, મારે કોઈના બાપની જરૂર નથી. સમાજને પૂછીશ કે સમિતિ મને સ્વીકારતી નથી તમે તો સ્વીકારો છોને ?

બીજા ઓડિયોમાં ૧૧ વર્ષથી સંકલન સમિતિ દરેક જિલ્લામાં જાય છે અને તેમાં ૧૦૦-૧૫૦ લોકો એકઠા કરી શક્યા છો, હજારો લાખો લોકો તમે એકઠા નથી કરી શક્યા હું કરીશ જયારે ત્રીજા ઓડિયોમાં કહે છે કે, આ મારી વ્યથા છે, તમે સમાજ માટે છો કે નહીં, હું સમાજ માટે મરવા તૈયાર જ છું.

ચોથા ઓડિયોમાં પૂછે છે કે, એક વાતનો જવાબ આપો, તમે કરવા કેમ નથી માગતાં, મહિલા સહિત પાંચ હોદ્દેદારોના પ્રૂફ છે, તમે શું કર્યું છે, મને મજબૂર ન કરો, નહીંતર પર્દાફાશ કરીશ, આવી સંકલન સમિતિ ન હોય. પાંચમાં ઓડિયોમાં સમાજ આગ બબૂલા છે, તેને રોકવો મુશ્કેલ છે, મારે તમારી જરૂરિયાત નથી, હું સંકલન સમિતિનો પર્દાફાશ કરીશ, ૭૦ સંસ્થાની સમિતિ એકસાથે હોય તો ધારે એ કરી શકે, પરંતુ તમે કંઈ કરી શકો તેમ નથી, આ વાત સમાજ કે સરકાર જાણતી નથી, હું જાણું છું. તા છઠ્ઠા ઓડિયોમાં પી.ટી. જાડેજાએ કહ્યું હતું કે, એક વાત તમને કરું છું, મને માફ કરજો, સંકલન સમિતિ એટલે સમાજ અને સમાજ એટલે સંકલન સમિતિ, ગદ્દાર ન થતાં, હું તમારો પર્દાફાશ કરીશ, તમે ગદ્દાર છો. ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે, કોઈપણ સમાજનું જ્યારે સંગઠન થાય અને તે સમાજ એકતા બતાવે ત્યારે સામે પક્ષે સંગઠનને નબળું પાડવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. પી.ટી. જાડેજાએ સંજોગોવસાત ટેન્શનમાં હોય અને બિનજરૂરી વ્યક્તિઓ દ્વારા તેમને ફોન કરી પરેશાન કરવામાં આવતા હોય તેને લીધે તેઓ બોલ્યા. પરંતુ તે સંસ્થાનો આંતરિક પ્રશ્ન હતો અને તે બે દિવસ પહેલા જ પૂર્ણ થઈ ગયો છે. પી.ટી. જાડેજા સાથે વાત થઈ ગઈ છે તેઓએ રાજીનામું આપ્યું નથી અને સંકલન સમિતિ એક જ છે.

કાછડિયાના 'થેન્ક્યુ'ના સવાલ પર સુતરિયાનો ખુલ્લો પત્ર

# "મેં તમને અનેકવાર થેન્ક્યુ કહેલું છે જે તમે ભૂલી ગયા, આ પત્રથી યાદ કરાવું છું"

## ટિકિટ કપાવાનું કારણ આપ જાણો છો તે લોકો સુધી પહોંચાડશો તેવી આશા : સુતરિયા

અમદાવાદ, તા.૧૨

ભાજપમાં પડેલી આંતરિક તિરાડો હવે ધીરે ધીરે બહાર આવી રહી છે. ત્યારે અમરેલીમાં ભાજપનો આંતરીક વિખવાદ સપાટી પર આવી ગયો છે. નારણ કાછડિયાએ અમરેલીના ભાજપના ઉમેદવાર ભરત સુતરિયા પર કરેલ આક્ષેપો સામે ભરત સુતરિયાએ જવાબ આપ્યો છે. ભરત સુતરિયાએ નારણ કાછડિયાને ખુલ્લો પત્ર લખ્યો છે. ભરત સુતરિયાએ થેંક્યૂના સવાલમાં થેંક્યૂનો રસપ્રદ રીતે જવાબ આપ્યો છે. તાજેતરમાં નારણ કાછડિયાએ નિવેદન આપ્યું હતું. કાછડિયાએ ભરત સુતરિયાને ટિકિટ આપવા મુદ્દે સવાલ ઉઠાવ્યા હતા. કાછડિયાએ કહ્યું હતું કે, જેને થેંકયુ બોલતા નથી આવડતું તેને પક્ષે ટિકિટ આપી છે. ત્યારે ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાએ સાંસદ નારણ કાછડીયાને પત્ર લખ્યો છે. નારણ કાછડીયાએ થેંક્યૂ બોલતા નથી આવડતુંના કટાક્ષ સામે ભરત સુતરીયાએ લેખિતમાં જવાબ આપ્યો છે. સુતરિયાએ પત્રમાં શું લખ્યું... જ્યારે જ્યારે તમે મને ખૂબ અભિનંદન પાઠવ્યા ત્યારે ત્યારે મેં તમને થેંક્યુ કહેલું. જે આપને ભુલાઈ ગયેલ હોય તેવું લાગી રહ્યું છે આથી આ પત્રથી આપને યાદ કરાવવા માગું છું. જ્યારે હું લાઠી તાલુકા ભાજપ મહામંત્રી બન્યો ત્યારે મેં આપ સાહેબને થેંક્યુ કહ્યું હતું. વર્ષ ૨૦૨૧ ના વર્ષમાં જ્યારે હું લાઠી તાલુકા પંચાયતનો પ્રમુખ બન્યો ત્યારે પણ મેં આપને થેંક્યુ કહ્યું હતું. ૨૦૨૧ માં જિલ્લા પંચાયતની ટીકીટ મળી ત્યારે પણ મેં આપને થેંક્યુ કહ્યું હતું. ૨૦૨૩ ના વર્ષમાં જિલ્લા પંચાયતનો પ્રમુખ બન્યો ત્યારે પણ મેં આપ સાહેબને થેંક્યુ કહ્યું હતું. તમે મારા માર્ગદર્શક તરીકે જેટલી વાર અભિનંદન આપ્યા એટલી વાર મેં તમને થેંક્યુ કહ્યું છે. દેશમાં લોકસભા (સાંસદ) ની ચુંટણી હોય ત્યારે ઉમેદવાર નક્કી કરવાનું કામ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહ મંત્રી અમિત શાહ તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી.નડ્ડા અને પાર્લામેન્ટ્રી બોર્ડ કરતું હોય છે. આપ જે આક્ષેપ લગાવો છો, આ પરથી સ્વાભાવિક રીતે સ્પષ્ટ સાબિત થાય છે કે આપ પાર્લામેન્ટ્રી બોર્ડનુ પણ અપમાન કરી રહ્યા છો. નારણ કાછડીયા આપ સારી રીતે જાણો છો આપની ટિકિટ કપાવવાનું કારણ શું છે ? આપ સત્યથી પરિચિત જ છો, જે સત્ય હકીકત છે તે લોકો સુધી પહોંચાડશો તેવી આશા. ફરી એકવાર અને આખરી વાર ...થેંક્યુ, નારણભાઈ કાછડીયા મતદાન પૂરું થતા જ અમરેલીના નારણ કાછડીયાએ ભાજપ માટે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. ભાજપના કાર્યકર્તા ૩૫-૩૫ વર્ષથી કામ કરતો હોય અને પાર્ટીના ઝંડા લગાવતો હોય.. નારા લગાવતો હોય.. અને તમે કાલે સવારે લઈ આવો એ સ્ટેજ પર બેસે અને સિનિયર કાર્યકર્તા સામે બેઠો હોય તે કેટલા અંશે વ્યાજબી કહેવાય?" વધુમાં તેમણે કહ્યું કે, ભાજપના કોઈ પણ કાર્યકર્તાને સાઈડલાઈન કરીને કોઈને પદ કે હોદ્દો આપવો. જે કાલે સવારે આવ્યા હોય. તેમના માટે તો ક્યારે સ્વીકારી ન શકીએ. વિપક્ષ પાસે કશું જ નથી છતાં આપણને હંફાવે છે. અમરેલી લોકસભા બેઠક પર દોઢ લાખ મત ઓછા પડ્યા હતા. ઉમેદવાર સિલેક્શન કરીને મતદારોનો દ્રોહ કર્યો છે. અમરેલીમાં બહુ બધા ઉમેદવાર લાયક લોકો હતા. જે 'થેંક્યૂ' પણ નો બોલી શકે એને ટિકિટ આપી છે.

# દાંડીના દરિયામાં ન્હાવા પડેલ છ જણા ડૂબ્યા : બેને બચાવાયા, ચાર લાપતા

સુરત, તા.૧૨

આજે રવિવારની રજા હોવાથી લોકો નવસારીના દાંડીના દરિયાકાંઠે અનેક લોકો ફરવા અને ન્હાવા આવ્યા હતા. આ દરમિયાન છ લોકો દાંડીના દરિયામાં ડૂબ્યા હતા. આ તમામે બૂમાબૂમ કરી હતી. ત્યારબાદ પોલીસ જવાનો અને હોમગાર્ડ તાત્કાલિક દોડી આવ્યા હતા અને બે પુરૂષોને બચાવી લીધા હતા. જોકે અન્ય ચાર લોકોની શોધખોળ હજુ ચાલી રહી છે. તરવૈયાઓ આ તમામને શોધી રહ્યા છે. જેમાં એક મહિલા, એક યુવતી અને બે પુરૂષોનો સમાવેશ થાય છે. મળતી માહિતી અનુસાર, દરિયામાં ગુમ થયેલા લોકો ખડસૂપાના રહેવાસી છે. રવિવારની રજા હોય અને



ગરમી હોય નવસારી ઉપરાંત આસપાસના જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં સહેલાણીઓ દાંડીના દરિયાકિનારે ફરવા માટે પહોંચ્યા હતા. જો કે, બપોરના સમયે સહેલાણીઓના ડૂબી જવાની ઘટના બનતા જલાલપોર પોલીસે સલામતીના ભાગરૂપે અન્ય સહેલાણીઓને દરિયાકિનારેથી દૂર કરી દીધા હતા. રજામાં ફરવા આવેલા ત્રણ પરિવારના ૭ લોકો દરિયાના પાણીમાં ગરકાવ થઈ જતા બૂમાબૂમ કરી મૂકી હતી. પોલીસ જવાનો અને હોમગાર્ડે ૩ લોકોને ઉગારી લીધા હતા. જયારે રાજસ્થાનથી ફરવા આવેલા ૩ લોકો સહિત ૪ લોકો લાપતા થતા શોધખોળ હાથ ધરવામાં આવી છે. ફાયરબ્રિગેડ અને સ્થાનિક તરવૈયાઓ બોટની મદદથી શોધખોળ કરી રહ્યા છે. તો બીજી તરફ પોલીસે સલામતીના ભાગરૂપે દરિયાકાંઠા પરથી અન્ય પ્રવાસીઓને દૂર કર્યા હતા.

### દરિયામાં મોટી ભરતી હોવાના કારણે લોકો ડૂબ્યા : પૂર્વ સરપંચ

વધુમાં દાંડીના પૂર્વ સરપંચ પરિમલ પટેલે જણાવ્યું હતું કે, અત્યારે દરિયામાં મોટી ભરતી છે. ભરતીના પાણીમાં પ્રવાસીઓ અંદર જાય છે, એ લોકોને પાણીનું ખ્યાલ નથી આવતું. આજે જે ઘટના બની છે એ ઘટના પણ ભરતીનું પાણી વધુ હોવાના કારણે બની છે. સરકાર અહીં એક બોર્ડ લગાવે કે દરિયાના પાણીમાં અંદર સુધી કોઈ જાય નહીં જેથી જાનહાનિ થાય નહીં.

કઠિન પરિશ્રમનો બીજો કોઈ વિકલ્પ નથી એમ સાબિત કરી બતાવતી મુસ્લિમ સમાજની દીકરી

# લારીમાં ફૂટ વેચનાર મહેબુબભાઈની પુત્રી મુસ્કાને ૧૨ સાયન્સમાં કેશોદ કેન્દ્રમાં પ્રથમ સ્થાન મેળવ્યું

## મુસ્કાને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બી ગ્રુપમાં ૯૨.૨૦ પર્સન્ટાઈલ મેળવ્યા

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૨

"સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી. ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી" આ પંક્તિને સાર્થક કરતી પ્રેરક ઘટના જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે બની છે. જેમાં કેશોદ ખાતે રહીને અભ્યાસ કરતી મુસ્કાન મહેબુબભાઇ કટારીયા નામની તેજસ્વી વિદ્યાર્થીનીએ ધોરણ ૧૨ સાયન્સ વિજ્ઞાન પ્રવાહ B ગ્રુપમાં ૯૨.૨૦ પીઆર મેળવી કેશોદ કેન્દ્રમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરતા સમગ્ર મુસ્લિમ સમાજ, શાળા, પરિવાર અને શહેરનું ગૌરવ વધાર્યું છે. મુસ્કાન કટારીયાએ મેળવેલી



"જિનકે હૌંસલે બુલંદ હો સફલતા ઉનકે કદમ ચુમતી હૈ" આ પંક્તિને કેશોદની સામાન્ય મુસ્લિમ પરિવારની દીકરી મુસ્કાન કટારિયાએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તમ પરિણામ થકી સાર્થક કરી બતાવી છે. પ્રસ્તુત પ્રથમ તસવીર કેશોદ મુસ્લિમ સમાજ દ્વારા મુસ્કાનનું સન્માન કરાયું તે વેળાની જ્યારે બીજી તસવીરમાં પિતા સાથે મુસ્કાન દશ્યમાન થાય છે. (તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

ચાલુ રાખી શકી હતી . મુસ્કાનના પરિવારમાં માતા પિતા અને એક બહેન છે બહેનના લગ્ન થઈ ચૂક્યા છે. મુસ્કાનનો પરિવાર કેશોદના લીમડા ચોક ખાતે દેવાજીના ડેલા પાસે એક રૂમનાં નળિયાવાળા નાનકડા મકાનમાં રહે છે અને જાત મહેનત પર વિશ્વાસ રાખે છે. અલ્લાહ પર ભરોસો અને આત્મવિશ્વાસ તેમની મૂડી છે. સીમિત આર્થિક પરિસ્થિતિ તેમના લક્ષ્ય કે ગોલ પ્રાપ્ત કરવામાં અવરોધ રૂપ બનતી નથી. મુસ્કાન કટારીયાની સિદ્ધિથી પ્રેરિત થઈને સમસ્ત કેશોદ મુસ્લિમ સમાજ દ્વારા પણ તેનું સન્માન કરવામાં આવ્યું છે. શીલ્ડ અને સન્માન પત્ર એનાયત કરીને કેશોદના મુસ્લિમ

## અલ્લાહ પર ભરોસો અને આત્મવિશ્વાસ તેની મૂડી, મુસ્કાનની સિદ્ધિથી પ્રેરિત થઈ કેશોદ મુસ્લિમ સમાજ દ્વારા સન્માન કરાયું

સિદ્ધિથી તેના પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે . ખૂબ જ સામાન્ય પરિવારમાંથી આવતી મુસ્કાન કટારીયાએ અથાગ મહેનત અને દ્રઢ નિશ્ચયથી સફળતા મેળવી છે જે ખરેખર ધન્યવાદને પાત્ર છે. ખૂબ જ સીમિત સાધનો હોવા છતાં અને મર્યાદિત આર્થિક પરિસ્થિતિ હોવા છતાં મુસ્કાન કટારીયાએ ગમે તેવી વિષમ પરિસ્થિતિનો પ્રતિકાર કરીને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ અંગે 'ગુજરાત ટુડે'ના સંવાદદાતાએ મુસ્કાન કટારીયાનો સંપર્ક સાધતા તેણે કહ્યું કે " દરરોજ આઠથી નવ કલાક નિયમિત વાંચન કરતી હતી. સોશિયલ મીડિયાથી સદંતર દૂર રહી હતી. બલ્કે તેની પાસે મોબાઈલ જ નથી. મુસ્લિમ સમાજના બાળકો ખાસ કરીને યુવતીઓ વિશે મુસ્કાન કટારીયા કહ્યું કે જેને ભણવાનો શોખ હોય, લગન હોય અને કંઈક બનવાની તમન્ના હોય તેમને પ્રોત્સાહન મળવું જોઈએ. તેમ જણાવતા મુસ્કાન કટારીએ કહ્યું કે હવે તે નીટના પરિણામની રાહ જોઈ રહી છે. ત્યારબાદ આગળ શું અભ્યાસ કરવો તે વિશે નક્કી કરશે. જો કે તેની ઈચ્છા મેડિકલ લાઈનમાં જવાની છે. અને નીટમાં સારો સ્કોર આડશે તો મેડિકલ લાઈનમાં જવા માટે ઉત્સુક છે. તેણે વધુમાં કહ્યું કે ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય પણ તેનો ઉકેલ આવે છે અને જેને ભણવું છે તેને કોઈ વસ્તુ અટકાવી શકતી નથી. તેના માતા પિતાએ તેને ભણાવવા માટે ખૂબ જ મહેનત કરી છે. મુસ્કાન કેશોદની પીવીએમ એન્ડ ક્રિષ્ના સાયન્સ સ્કૂલમાં અભ્યાસ કરે છે. મુસ્કાનના પિતા મહેબૂબભાઈ હસનભાઈ કેશોદ શહેરમાં આજે પણ ફ્રુટની લારી ચલાવી ગુજરાન ચલાવે છે. મહેબૂબભાઈ કટારીયાએ કહ્યું કે નાનપણથી જ મુસ્કાન ભણવામાં ખૂબ જ હોશિયાર હતી. તેને ભણવાનો ખૂબ જ શોખ હતો અને તે સંપૂર્ણ લગનથી અભ્યાસ - વાંચન કરે છે તેથી મેં તેને આગળ ભણાવવાનો નિર્ણય કર્યો હતો. અને સિમિત આર્થિક પરિસ્થિતિ હોવા છતાં પણ મુસ્કાનના અભ્યાસમાં અવરોધ ન આવે તે માટે ખાસ તકેદારી રાખી છે. મુસ્કાનના અભ્યાસ માટે સ્કોલરશીપ તેમજ શાળા પરિવાર, ટ્રસ્ટીઓ દ્વારા ફીમાં કંસેશન વગેરે પ્રકારના સહયોગથી મુસ્કાન સફળતાપૂર્વક અભ્યાસ સમાજે મુસ્કાન કટારીયાની જ્વલંત સફળતાને બિરદાવી છે.





મોહંમદી તાલીમ કમિટી, ધોળકા સંચાલિત

મનસુરી એમ.આઈ. કુપ્પીવાલા ગર્લ્સ હાઈસ્કૂલ, ધોળકા

શૈક્ષણિક વર્ષ : 2023- 2024

• S.S.C. બોર્ડ પરિણામ - 82.56

પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી - 106 પાસ થયેલ વિદ્યાર્થીની સંખ્યા -102 શાળાનું કુલ પરિણામ = 96.22 %



પ્રથમ નંબર
મીરઝા સોહાફાતેમા શાહીદ બેગ
મેળવેલ ગુણ : 564
P.R. : 98.99
ટકા : 94 %
ગ્રેડ : A1



દ્વિતીય નંબર
મનસુરી હુમેરાબાનું ફૈયાઝ હુસેન
મેળવેલ ગુણ : 553
P.R. : 97.95
ટકા : 92.16 %
ગ્રેડ : A1



તૃતીય નંબર
મીરઝા રેહનુમાબાનું ઉસ્માન બેગ
મેળવેલ ગુણ : 546
P.R. : 97.15
ટકા : 91.0 %
ગ્રેડ : A1

ગ્રેડ મુજબ પરિણામ

| A1 | A2 | B1 | B2 | C1 | C2 |
|---|---|---|---|---|---|
| 05 | 19 | 42 | 26 | 09 | 01 |

શુભેચ્છક

પ્રમુખ : મનસુરી અલ્લારખાભાઈ હબીબભાઈ (પેટ્રોલપંપ વાલા)
સેક્રેટરી : શેખ ઉસ્માનગની ગુલામરસુલ (અલાદ)
આચાર્ય : બુખારી રેહાનાબેન નવાજુનભાઈ
શિક્ષિકા બહેનો : ધાંચી નિલોફરબાનું ગુલામનબી, મોમીન ઈસરતબેન સાબીરહુસેન, પઠાણ રૂબીનાબેન વલીઉલ્લાખાન, શેરસીયા શબાનાબાનું માહમદ

મોહંમદી તાલીમ કમિટી, ધોળકા

મોહંમદી તાલીમ કમિટી, ધોળકા સંચાલિત

મોહંમદી કોન્વેન્ટ હાઈસ્કૂલ, ધોળકા

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ (SSC) ● શાળાનું SSCનું પરિણામ : ૫૮.૦૮ ટકા

ધોરણ ૧૨ (સાયન્સ) 2023 2024માં ટકાવારીના આધારે ત્રીજા ક્રમે આવેલ વિદ્યાર્થી



પ્રથમ ક્રમાંક
પાનારા મોહંમદ માહીર ઈબ્રાહીમભાઈ
મેળવેલ ગુણ 525 / 600
P.R. : 94.12
87.5%



દ્વિતીય ક્રમાંક
અન્સારી સોહેબ અખ્તર સૌકત અલી
મેળવેલ ગુણ : 521/ 600
P.R. : 93.45
86.83%



તૃતીય ક્રમાંક
મોમીન મોહંમદ ફરીદ અબ્દેરહેમાન
મેળવેલ ગુણ 514 / 600
P.R. 92.22
85.66%



ટકાવારીના આધારે ત્રીજા ક્રમે
પઠાણ કાસીફખાન ઐયુબખાન
433 મેળવેલ ગુણ
P.R.57.18
66.61%

શુભેચ્છક

પ્રમુખ : મનસુરી અલ્લારખાભાઈ હબીબભાઈ (પેટ્રોલ પંપવાલા)
સેક્રેટરી : શેખ ઉસ્માનગની ગુલામ રસુલ (અલાદ)
આચાર્ય : મોમીન ઉસ્માનગની એ.
માધ્યમિક વિભાગના શિક્ષકો : ઝેડ.આઈ. ઘાંચી, એચ.એ. મનસુરી, આર.એ. સંઘરિયાત, એસ.યુ. મનસુરી, આઈ.એ. મોમીન, એસ.એસ.મલેક, એમ.એ. મનસુરી, એમ.એન. સૈયદ

મોહંમદી તાલીમ કમિટી, ધોળકા




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS